BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ
## સેમેસ્ટર : 01
## SKTMJ -101 /SKTMN-101
## સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય



As per NEP - 2020

B.A. (Hons.)



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

# SKTMN-101 / SKTMN-101

# સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય


| નિર્દર્શન: | |
|---|---|
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષયસમિતિ:** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. યોગિની એચ. વ્યાસ | એસોસિએટ પ્રોફેસર તથા અધ્યક્ષ, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર |
| ડૉ. મનસુખ કે. મોલિયા | પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. પ્રફુલ્લકુમાર વી. જોશી | એસોસિએટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. રાખી જૈન | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શન (વિષય)** | |
| ડૉ. દિલીપ સી. પટેલ | પ્રોફેસર(CAS), સંસ્કૃત અને ભારતીય વિદ્યા વિભાગ, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ. |
| ડૉ. નરેન્દ્રકુમાર એલ. પણ્ડ્યા | આચાર્ય, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજ, વેરાવળ. |
| ડૉ. અલકા આર. ત્રિવેદી | સંસ્કૃત વિભાગાધ્યક્ષ, વિવેકાનન્દ કોલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ. |
| ડૉ. મધુસૂદન એમ. વ્યાસ | અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, શ્રી કે.આર.કટારા આર્ટ્સ કોલેજ,શામળાજી. |
| **લેખન** | |
| ડૉ. રવીન્દ્રકુમાર વી. ખાંડવાળા | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, શ્રી એચ.કે.આર્ટ્સ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. લલિતકુમાર પટેલ | એસોસિએટ પ્રોફેસર(સાહિત્ય), અનુસ્નાતક વિભાગ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ. |
| ડૉ. મહેશકુમાર અંબાલાલ પટેલ | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર. |
| ડૉ. સંજય એન. પંડ્યા | અધ્યાપક, સંસ્કૃત વિભાગ, આર્ટ્સ કોલેજ, શામળાજી. |



**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2024**



## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય

SKTMN-101

## વિભાગ-૧ પદ્ય સાહિત્ય : મહાકાવ્યનું સ્વરૂપ અને પંચમહાકાવ્ય

---

એકમ : 1

મહાકાવ્ય: સ્વરૂપ, વિકાસ, લક્ષણો

---

એકમ : 2

કુમારસંભવ

---

એકમ : 3

રઘુવંશ

---

એકમ : 4

કિરાતાર્જુનીય

---

એકમ : 5

શિશુપાલવધ અને નૈષધીયચરિત

---

એકમ 1

# મહાકાવ્ય, સ્વરૂપ, વિકાસ અને લક્ષણો

**રૂપરેખા**

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 મહાકાવ્યનું સ્વરૂપ અને તેના વિકાસક્રમની રૂપરેખા**

**1.3 'મહાકાવ્ય'નું સ્વરૂપ નિશ્ચિત કરનાર આચાર્યો અને અન્ય ગ્રંથો**

**1.4 મહાકાવ્યનાં લક્ષણો**

**1.5 અલંકૃત મહાકાવ્યનાં લક્ષણો**

**1.6 તમારો પ્રગતિ ચકાસો**

## 1.0 ઉદ્દેશ

- એકમ-1નો ઉદ્દેશ મહાકાવ્યનાં લક્ષણો જાણવાનો છે. આ એકમના અધ્યયનથી તમે નીચેની બાબતો જાણી અને સમજી શકશો.
- સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય' શબ્દનો અર્થ ખૂબ વ્યાપક છે. જેને વિભિન્ન ભેદો અને પ્રભેદોને આધારે સમજી શકાશે.
- રામાયણ, મહાભારત જેવાં બે આર્ષ મહાકાવ્યોથી પ્રશિષ્ટ યુગના મહાકાવ્યોનું જુદાપણું અને વિશેષતાઓનો ખ્યાલ આવશે.
- 'મહાકાવ્ય' સંસ્કૃત સાહિત્યનું લોકપ્રિય અને અત્યંત ખેડાયેલ સાહિત્યસ્વરૂપ હોવાથી અહીં તમને મહાકાવ્યનાં લક્ષણોની ચર્ચા પણ તેનાં વિકસતા સ્વરૂપની સાથે સમજવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

સંસ્કૃત સાહિત્ય એક અગાધ મહાસાગર સમાન છે. વિભિન્ન કાવ્યસ્વરૂપોમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય-સર્જન થયેલું છે. સંસ્કૃત સાહિત્યમાં વિભિન્ન કાવ્યના સાત દૃષ્ટિએ પ્રકારો દૃષ્ટિગોચર થાય છે.

1. શૈલીની દૃષ્ટિએ
2. ભાષાની દૃષ્ટિએ
3. ઈન્દ્રિય-માધ્યમની દૃષ્ટિએ
4. અર્થની દૃષ્ટિએ
5. બન્ધની દૃષ્ટિએ
6. ઉદ્ભવની દૃષ્ટિએ અને
7. વિષયની દૃષ્ટિએ

હવે, શૈલીની દૃષ્ટિએ જોઈએ તો, આચાર્ય દંડીએ કાવ્યના ગદ્ય, પદ્ય અને મિશ્ર એમ ત્રણ પ્રકાર પાડ્યા છે. ભાષાની દૃષ્ટિએ દંડીએ જ કાવ્યના પુનઃ ચાર ભેદ દર્શાવ્યા છે. (1) સંસ્કૃત (2) પ્રાકૃત (3) અપભ્રંશ અને (4) મિશ્ર. ઈન્દ્રિય-માધ્યમથી દૃષ્ટિએ ભારતીય આચાર્યોએ કાવ્યનાં દશ્ય કાવ્ય અને શ્રવ્ય એવા બે વિભાગ કર્યા છે. અર્થની દૃષ્ટિએ કરવામાં આવેલું કાવ્યવિભાજન, અર્થમાં રહેલા ચમત્કારના તારતમ્ય ઉપર આધારિત છે. ધ્વનિકાવ્ય વગેરે આના જ પ્રભેદ છે. બન્ધની દૃષ્ટિએ વામનાચાર્યે કાવ્યાલંકાર સૂત્રવૃત્તિમાં કાવ્યના નિબદ્ધ અને અનિબદ્ધ એવાં બે પ્રભેદ સ્વીકાર્યા છે.આચાર્ય ભામહે પણ આ નિબદ્ધ અર્થાત્ કાવ્ય અંતર્ગત સર્ગબદ્ધ, અભિનેયાર્થ આખ્યાયિકા અને કથા - એમ ચાર ભેદ તથા અનિબદ્ધ અર્થાત્ મુક્તક એમ વર્ગીકરણ કર્યું છે. ઉદ્ભવની દૃષ્ટિએ મહાકાવ્યનું બે રીતે વિભાજન કરવામાં આવે છે. 1. આર્ષ મહાકાવ્ય અને 2. વિદગ્ધ મહાકાવ્ય.

ઉપર્યુક્ત વર્ગીકરણમાં શૈલીની દૃષ્ટિએ કરેલાં વિભાજન અંતર્ગત વિચાર કરીએ તો, કાવ્યના મુખ્ય બે સ્વરૂપો છે : 1. દશ્યકાવ્ય અને 2. શ્રાવ્યકાવ્ય.

- દશ્યકાવ્યમાં રૂપક, નાટકનો સમાવેશ થાય છે.
- શ્રવ્યકાવ્યમાં મહાકાવ્ય, ખંડકાવ્ય, કથા, આખ્યાયિકા ચમ્પૂ વગેરે કાવ્યભેદોનો સમાવેશ થાય છે.

દશ્યકાવ્યની રચના રંગમંચને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી છે, શ્રવ્યકાવ્યમાં પદ્ય, ગદ્ય, ગદ્ય-પદ્ય મિશ્ર એમ ત્રણેય પ્રકારના કાવ્યો સમાવિષ્ટ છે.

પદ્યકાવ્ય અંતર્ગત 'મહાકાવ્ય'નું સ્થાન વિશિષ્ટ છે. સંસ્કૃત સાહિત્યની એ વિશેષતા રહી છે કે તેમાં સાહિત્યનું સર્જન પહેલાં થાય છે અને એ સર્જન અંગેના લક્ષણોની વિચારણા થાય એ પૂર્વે તો તે સર્જન પ્રૌઢત્વને પામી લે છે. હવે, આ દૃષ્ટિથી વિચાર કરીએ તો જણાય છે કે પૂર્વે સર્જન પામેલાં સંસ્કૃત મહાકાવ્યોને જ ધ્યાનમાં રાખીને પરવર્તી આલંકારિકોએ મહાકાવ્યના લક્ષણ નિર્ધારિત કર્યા છે, જેમાં ભામહ, દંડી, વામન, વિશ્વનાથ, રુદ્રટ આદિ કાવ્યશાસ્ત્રીઓએ મહાકાવ્યના સ્વરૂપની જે વ્યાખ્યાઓ કરી છે તે એમની પૂર્વે થઈ ગયેલા અશ્વઘોષ, કાલિદાસ આદિના મહાકાવ્યોને ધ્યાનમાં રાખીને કરેલી છે. આ ઉપરાંત અગ્નિપુરાણ, ઈશાનસંહિતા, હેમચંદ્રાચાર્ય, વાગ્ભટ્ટ, વિદ્યાનાથ આદિએ પણ મહાકાવ્યનાં સ્વરૂપ અંગે વિચારણા કરેલી છે.

## 1.2 મહાકાવ્યનું સ્વરૂપ અને તેનાં વિકાસક્રમની રૂપરેખા :

મેકડોનલ મુજબ મહાભારત એ લોકમહાકાવ્ય અથવા તો પ્રખ્યાત મહાકાવ્ય છે, રામાયણ એ અનુકૃત મહાકાવ્ય કે આલંકારિક મહાકાવ્ય છે અને એ પછીના મહાકાવ્યો 'અલંકૃત મહાકાવ્યો' છે. જ્યારે ડૉ. દાસગુપ્તા જેવાં ભારતીય વિદ્વાનોએ આ મતનું ખંડન કરીને એવું જાહેર કર્યું છે કે રામાયણ, મહાભારત એ 'વિરાટ' મહાકાવ્ય છે અને ત્યારબાદના મહાકાવ્યો 'લઘુ' મહાકાવ્યો છે. આ લઘુમહાકાવ્યો કલાત્મક છે અને ખરેખર તો વિરાટ શૃંગારિક મહાકાવ્યો એ અલંકૃત મહાકાવ્યો છે.

'મહાકાવ્ય'ને મુખ્યત્વે બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. (1) આર્ષ મહાકાવ્ય (2) વિદગ્ધ મહાકાવ્ય કે અલંકૃત મહાકાવ્ય. તેને કલાત્મક કે અનુકૃત મહાકાવ્ય

પણ કહેવામાં આવે છે.

આર્ષ મહાકાવ્ય પણ બે પ્રકારના ગણાવાયાં છે,

(1) પૂર્ણ વિકસિત અને (2) અર્ધવિકસિત

અલંકૃત મહાકાવ્યને છ ભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

1. શાસ્ત્રીય – પ્રારંભિક અને ઉત્તરકાલીન બે પ્રભેદો
2. પૌરાણિક
3. ઐતિહાસિક – ચરિત કાવ્ય અને પ્રશસ્તિ કાવ્ય બે પ્રભેદો
4. રોમાંચક
5. રૂપક કથાત્મક
6. સ્વચ્છંદતાવાદી – નાટકીય, ગીતાત્મક અને મનોવૈજ્ઞાનિક એમ ત્રણ પ્રભેદો.

રામાયણ અને મહાભારતને 'આર્ષ મહાકાવ્યો' 'Epic of Growth' કહેવામાં આવે છે. અધ્યાયમાં આવતાં સર્ગનું નામ, વર્ણનો, વસ્તુની પસંદગી, પાત્રસૃષ્ટિ, નાયકની પસંદગી, રસવૈવિધ્ય, પ્રધાનરસ વગેરે દૃષ્ટિએ આ બંને આર્ષ મહાકાવ્યમાંથી પ્રશિષ્ટ મહાકાવ્યોએ પ્રેરણા લીધી છે.

મહાકાવ્યો પોતપોતાના યુગની ચેતનાને ઝીલી વિકાસ પામતા રહ્યાં છે. આથી તેની રચના પ્રક્રિયા અને સ્વરૂપની અંદર પણ તે તે યુગને અનુરૂપ ફેરફારો થતાં રહ્યાં છે. મહાકવિઓ પ્રતિભાશાળી હોવાને કારણે રૂઢિગત પરંપરામાં પરિવર્તનો કરી નવો માર્ગ કંડારતા રહ્યા છે. માટે જ 'મહાકાવ્ય'ના કોઈ સુનિશ્ચિત, સર્વકાલીન, માન્ય એવાં લક્ષણો નિર્ધારિત કરી શકાતા નથી. આ જ કારણે ભામહ જેવાં કાવ્યશાસ્ત્રીથી પ્રારંભી રુદ્રટ જેવાં અલંકારિકો સુધી મહાકાવ્યના લક્ષણોમાં વિવિધતા અને પરિવર્તનો જોવા મળે છે.

## 1.3 'મહાકાવ્ય'નું સ્વરૂપ નિશ્ચિત કરનાર આચાર્યો અને અન્ય ગ્રંથો

મહાકાવ્યની વ્યાખ્યા કરનાર સૌ પ્રથમ ભરતમુનિ છે. ત્યારબાદ વિષ્ણુધર્મોત્તરપુરાણ, ભામહ, દંડી, રુદ્રટ, ભોજ, અગ્નિપુરાણ, ઈશાનસંહિતા, હેમચંદ્ર, વાગ્ભટ્ટ, વિદ્યાનાથ અને અંતે આવે છે વિશ્વનાથ. આ બધામાં પણ સૌથી વધુ યુક્તિપૂર્વક મહાકાવ્યની વ્યાખ્યા કોઈએ કરી હોય તો તે છે પાંચમી સદીમાં થઈ ગયેલા આચાર્ય ભામહ. એમના પછી છઠ્ઠી સદીમાં મહાકાવ્યની સંપૂર્ણ કહી શકાય એવી વ્યાખ્યા આચાર્ય દંડીએ આપી.

જો કે, આ અનેક વ્યાખ્યાઓમાંથી સૌથી વધુ પ્રચલિત થયેલી વ્યાખ્યાઓ વિશે વિચારીએ તો આચાર્ય ભામહે 'કાવ્યાલંકાર'માં આપેલી વ્યાખ્યા, આચાર્ય દંડીએ 'કાવ્યાદર્શ'માં નિર્દેશેલી વ્યાખ્યા અને વિશ્વનાથે 'સાહિત્યદર્પણ'માં સૂચવેલી વ્યાખ્યાઓ વધુ પ્રચલિત અને સ્વીકાર્ય બની છે. આ ત્રણેય ગ્રંથોમા નિર્દિષ્ટ મહાકાવ્યની વ્યાખ્યાઓ ક્રમાનુસાર જોઈએ તો,

### 1.3.1 'કાવ્યાલંકાર'માં આચાર્ય ભામહે નિર્દેશેલાં મહાકાવ્યનાં લક્ષણો :

सर्गबन्धो महाकाव्यं महताच महच्च यत् ।
अग्राम्यशब्दमर्थ्यञ्च सालङ्कारं सदाश्रयम् ।।

मंत्रदूतप्रयाणाजिनायकाभ्युदयैश्च यत् ।
पञ्चभिः संधिभिर्युक्तं नातिव्याख्येयमृद्धिमत् ।।
चतुर्वर्गाभिधानेडपि भूयसार्थोपदेशकृत् ।
युक्तं लोकस्वभावेन रसैश्च सकलैः पृथक् ।।
नायकं प्रागुपन्यस्य वंशत्रीर्यश्रुतादिभिः ।
न तस्यैव वधं बूयादन्योत्कर्षाभधित्सया ।।
यदि काव्यशरीरस्य न स व्यापतियेष्यते ।
न चाभ्युदयभाक्तस्य मुधदौ ग्रहणस्तवो ।।

- (કાવ્યાલંકાર, 1/19 થી 23)

આચાર્ય ભામહે મુખ્યત્ત્વે મહાકાવ્યમાં આવશ્યક લક્ષણો તરીકે સર્ગબદ્ધતા, મહાન અને ગંભીર વિષય, ઉદાત્ત નાયક, ચતુવર્ગનું પ્રતિપાદન, નાયકનો અભ્યુદય, સદાશ્રયત્વ, પંચસન્ધિ, લોકસ્વભાવ અને વિવિધ રસોની પ્રતીતિ, સમૃદ્ધિ (ચન્દ્રોદય, ઋતુવર્ણન) વગેરેને ગણાવ્યાં છે. આનો અર્થ એ થયો કે ભામહે ઉપર્યુક્ત લક્ષણોમાં સર્ગોની સંખ્યા વિશે, વર્ણ્ય વિષયોની સૂચિ, પાત્રોના ગુણોની યાદી, છંદ અને કાવ્યના આરંભ અંગેની કોઈ વિગતો આશીર્વાદ, નમસ્કાર અને વસ્તુનો નિર્દેશ વગેરેનો કોઈ ઉલ્લખ કરેલો નથી.

**1.3.2** આચાર્ય ભામહ બાદ આચાર્ય દંડીએ કાવ્યાદર્શ નામના ગ્રંથમાં મહાકાવ્યનાં સ્વરૂપ અંગે લક્ષણો દર્શાવ્યાં છે. તેમણે પૂર્વેના શાસ્ત્રો અને પૂર્વે થઈ ગયેલા પ્રયોગોને ધ્યાનમાં લઈ મહાકાવ્યના સમન્વયાત્મક અને વિશ્લેષણાત્મક લક્ષણો આપ્યાં છે. દંડીએ આ રીતે મહાકાવ્યની રચના સંદર્ભે નૂતન પથ પ્રદર્શિત કર્યો છે, જેમ કે-

**'કાવ્યાદર્શ'માં આચાર્ય દંડી દ્વારા નિર્દિષ્ટ મહાકાવ્યનાં લક્ષણો :**

सर्गबन्धो महाकाव्यमुच्यते तस्य लक्षणम् ।
आशीर्नमस्क्रि यावस्तुनिर्देशो वापि तन्मुखम् ।।

इतिहासकथोद्भूतमितरद्धा सदाश्रयम् ।
चतुर्वर्गफलोपेतं चतुरोदात्तनायकम् ।।

नगरार्णवशैलर्तुचन्द्रार्कोदयवर्णनैः ।
उद्यानसलिलक्रीडामधुपानरतोत्सवैः ।।

विप्रलम्भौर्विवाहैश्च कुमारोदयवर्णनैः ।
मन्त्रदूतप्रयाणाजिनायकाभ्युदयैरपि ।।

अलङ्कृतमसङ्क्षिप्तं रसभावनिरन्तरम् ।
सर्गैरनतिविस्तीर्णैः श्रव्यवृत्तैः सुसन्धिभिः ॥

सर्वत्र भिन्नवृत्तान्तैरुपेतं लोकरञ्जकम् ।
काव्यं कल्पान्तरस्थायि जायते सदलङ्कृति ॥

न्यूनमप्यत्र यैः कैश्चिदङ्गैः काव्यं न दुष्यति ।
यद्युपात्तेषु सम्पत्तिराराधयति तद्विदः ॥

गुणतः प्रागुपन्यस्य नायकं तेन विद्विषाम् ।
निराकरणमित्येष मार्गः प्रकृतिसुन्दरः ॥

वंशवीर्यश्रुतादीनि वर्णयित्वा रिपोरपि ।
तज्जयान्नायकोत्कर्षकथनं च घिनोति नः ॥

- (કાવ્યાદર્શ, 1/14-22)

દંડીએ રજૂ કરેલાં લક્ષણો મુજબ મહાકાવ્ય સર્ગબદ્ધ હોવું જોઈએ. એનો આરંભ આશીર્વાદ, નમસ્કાર અને સ્તુતિ તથા કથાવસ્તુના નિર્દેશથી થયેલો હોવો જોઈએ. વસ્તુ ઐતિહાસિક કે સજ્જન વ્યક્તિના જીવન પર આધારિત હોવું જોઈએ. સદાશ્રયત્વ અને ચતુવર્ગ એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિના વર્ણનની વાત ભામહની જેમ દંડી પણ કરે છે. દંડીએ મહાકાવ્યમાં વર્ણવવા યોગ્ય વિષયની સૂચિ પણ આપી છે, જેનો ભામહે માત્ર સંકેત કર્યો હતો.

આચાર્ય દંડી પોતે રજૂ કરેલાં લક્ષણોને અંતિમ ગણતા નથી. કંઈક અંશે ઓછું-વત્તું પણ ચાલે પણ તેઓની એક શરત છે કે મહાકવિ જે કંઈ રજૂ કરે તે વિદ્વાનોના ચિત્તને આકર્ષનારું હોય એવું તથા જકડી રાખે એવું હોવું જરૂરી છે.

આચાર્ય દંડીએ રજૂ કરેલાં લક્ષણોમાં જ થોડો-ઘણો સુધારો-વધારો કરીને એમનાં પછી અગ્નિપુરાણ, હેમચંદ્રાચાર્ય, વિશ્વનાથ દ્વારા મહાકાવ્યના લક્ષણો નિર્ધારિત કરવામાં આવ્યા છે. દંડીએ નિર્દેશેલાં લક્ષણોથી ઉત્તરવર્તી મહાકાવ્યો ખૂબ પ્રભાવિત થયેલાં જણાય છે. રાજદરબારના કવિઓએ મોટેભાગે અર્થ અને કામને નજર સામે રાખીને મહાકાવ્યનું સર્જન કરવા માંડ્યું. પરિણામે મહાકાવ્યમાં રામાયણ, મહાભારત જેવાં આર્ષ મહાકાવ્યો અને કાલિદાસનાં રઘુવંશ અને કુમારસંભવ જેવાં મહાકાવ્યોમાં જોવા મળતી રસાળતા, સરળતા અને મહત્તા વગેરે ગુણોનું વિસ્મરણ થવા લાગ્યું. કાવ્યશાસ્ત્રીય લક્ષણગ્રંથોને ધ્યાનમાં રાખીને જ મહાકાવ્યનું સર્જન શરૂ થઈ ગયું, જેને લીધે મહાકાવ્યમાં સહજતાને બદલે કૃત્રિમતા વધી ગઈ.

**1.3.3.** આચાર્ય દંડી પછી રુદ્રટ, અગ્નિપુરાણકાર, પ્રતાપરુદ્રયશોભૂષણ, હેમચન્દ્રાચાર્ય દ્વારા પણ મહાકાવ્યનાં લક્ષણો વધ-ઘટ કરીને નિર્ધારિત કરવામાં આવ્યાં. ત્યારબાદ આચાર્ય કુન્તક અને આચાર્ય વિશ્વનાથે પણ તેમની પૂર્વેના આચાર્યોના મતોનો

સમાહાર કરીને કેટલાક નવા લક્ષણો ઉમેરીને મહાકાવ્યની સમન્વયાત્મક વ્યાખ્યા પ્રસ્તુત કરી છે.

**'સાહિત્યદર્પણ'માં આચાર્ય વિશ્વનાથે સૂચવેલાં મહાકાવ્યનાં લક્ષણો :**

सर्गबन्धो महाकाव्यं तत्रैको नायकः सुर ।
सद्वंशः क्षत्रियोवाऽपि धीरोदात्तगुणान्वितः ।।

एकवंशभवा भूपाः कुलजा बहवोडपति वा ।
शृङ्गारवीरशान्तानामेकोङ्गी रस इष्यते ।।

अङ्गानि सर्वेडपि रसाः सर्वे नाटकसन्धयः ।
इतिहासोद्भवं वृत्तमन्यद् वा सज्जनाश्रयम् ।।
चत्वारस्तस्य वर्गाः स्युस्तेष्वकं च फलं भवेत् ।।

आदौ नमस्क्रियाशीर्वा वस्तुनिर्देशो एव वा ।
क्वचित्रिन्दा खलादीनां सतां च गुणकीर्तनम् ।।

एकवृत्तमयैः पद्यैरवसानेडन्यवृत्तकैः ।
नातिस्वल्पा नातिदीर्घाः सर्गा अष्टाधिका इह ।।

नानावृत्तमयः क्वापि सर्गः कश्चन दृश्यते ।
सर्गान्ते भाविसर्गस्य कथायाः सूचनं भवेत् ।।

सन्ध्यासूर्येन्दुरजनीप्रदोषध्वान्तवासराः ।
प्रातर्मध्याह्नमृगयाशैलर्तुवनसागराः ।।

सम्भोगविप्रलम्भौ च मुनिस्वर्गसुराध्वराः ।
रणप्रयाणोपममन्त्रपुत्रोदयादयाः ।।

वर्णनीया यथायोग्यं साङ्गोपाङ्गे अमी इह ।
कवेर्वृत्तस्य वा नाम्ना ंनायकस्येतरस्य वा ।।

नामास्य सर्गोपादेयकथया सर्गनाम तु ।
अस्मिन्नार्षे पुनः सर्गा भवन्त्याख्यानसंज्ञकाः ।।

- (સાહિત્યદર્પણ, 6/315 થી 325)

આચાર્ય વિશ્વનાથ મુજબ મહાકાવ્ય સર્ગબદ્ધ હોવું જોઈએ. તેમાં નાયક દેવતા અથવા તો સદ્‌વંશનો ક્ષત્રિય ધીરોદાત્ત રાજા હોવો જોઈએ. શૃંગાર, વીર કે શાંત મુખ્ય રસ હોય અને બાકીના રસો ગૌણ હોવા જોઈએ. કથાનક ઐતિહાસિક કે પછી લોક

પ્રસિદ્ધ સજ્જન વિષયક હોય, વગેરે લક્ષણો મુખ્યત્વે પૂર્વેના આચાર્યોએ પ્રસ્તુત કરેલાં લક્ષણોને જ પરિવર્ધિત કરેલા જણાય છે. જોકે, વિશ્વનાથે રજૂ કરેલાં લક્ષણોનું જ નિર્વહણ આધુનિક મહાકાવ્યના સર્જકો સાંપ્રત સમયમાં કરી રહ્યાં છે.

## 1.4 મહાકાવ્યનાં લક્ષણો :

હવે ભામહ, દંડી અને વિશ્વનાથે આપેલાં મહાકાવ્યનાં લક્ષણો તથા અન્ય કાવ્યશાસ્ત્રીય ગ્રંથોમાં નિર્દિષ્ટ લક્ષણોને ધ્યાનમાં રાખીને મહાકાવ્યમાં કયા કયા તત્ત્વો હોવા જોઈએ તથા તેનું બાહ્ય અને આંતરિક માળખું કેવું હોવું જોઈએ તે અંગેની વિચારણા નીચે મુજબ છે, જેમ કે -

1. **સર્ગ :** 'સર્ગ' એટલે અહીં 'વિભાગ' એવો અર્થ સમજવો જરૂરી છે. દંડી મુજબ મહાકાવ્યમાં અનેક સર્ગો હોવા જરૂરી છે. વિશ્વનાથ મુજબ આઠથી ઓછા સર્ગો ન હોવા જોઈએ. ઈશાનસંહિતા મુજબ ત્રીસથી વધુ ન હોવા જોઈએ. સર્ગનું નામાભિધાન તે સર્ગમાં આવતા કથાવસ્તુ મુજબ હોવું જોઈએ. પ્રત્યેક સર્ગમાં એક જ છંદનો ઉપયોગ થવો જોઈએ. સર્ગાન્તે વૃત્તમાં પરિવર્તન થવું જોઈએ. પ્રત્યેક સર્ગમાં ત્રીસથી ઓછા નહીં અને બસોથી વધુ નહીં એ પ્રમાણે શ્લોકની સંખ્યા હોવી જોઈએ.

2. **આરંભ :** પ્રાયઃ કાવ્યશાસ્ત્રીઓ માને છે કે મહાકાવ્યની શરૂઆત આશીર્વાદથી, નમસ્કાર કરીને અથવા તો કથાવસ્તુનો નિર્દેશ કરતાં શ્લોકથી થવી જોઈએ.

3. **શીર્ષક :** મહાકાવ્યનું શીર્ષક કવિ કે નાયકના આધારે અથવા મુખ્ય ઘટના આધારિત આપવું જોઈએ.

4. **વસ્તુ (કથાવસ્તુ) :** મહાકાવ્યનું કથાવસ્તુ ઐતિહાસિક અથવા કોઈ મહાપુરુષના જીવનને લગતું હોવું જોઈએ. વસ્તુનો વિકાસ નાટકમાં આવતી સંધિઓની સહાયથી પણ થઈ શકે છે.

5. **નાયક :** 'સાહિત્યદર્પણ' મુજબ મહાકાવ્યનો નાયક એક જ હોય તો દેવ અથવા ધીરોદાત્ત શ્રેષ્ઠકુળનો ક્ષત્રિય હોવો જોઈએ. જો એક કરતાં વધુ નાયકો હોય તો તે બધાં એક જ શ્રેષ્ઠ કુળમાં જન્મેલાં હોવાં જોઈએ.

   નાયકના વધનું ચિત્ર મહાકાવ્યમાં ન થવું જોઈએ, પણ તેના અભ્યુદયનું વર્ણન થયેલું હોવું જોઈએ. ભામહ મુજબ નાયકને વંશ, વીર્ય આદિથી બળવાન શત્રુ પર વિજય પ્રાપ્ત કરતો ચિત્રિત કરવો જોઈએ.

6. **વર્ણનો :** મહાકાવ્યમાં વર્ણનવૈવિધ્ય અત્યંત અપેક્ષિત છે. તેમાં મુખ્યતઃ સમુદ્ર, ઋતુ, સૂર્યોદય, ચંદ્રોદય, સંધ્યા, રાત્રિ, પ્રદોષ, અંધકાર, વન, પર્વત આદિ નૈસર્ગિક તત્ત્વો, નગર, ઉદ્યાન, સલિલક્રીડા, મધુપાન, રતિક્રીડા, વિરહ, વિવાહ, કુમારજન્મ, મંત્ર, દૂત, સૈન્ય, યુદ્ધ, યજ્ઞ, નાયકનો અભ્યુદય, વગેરેનાં વર્ણનો તથા સજ્જનપ્રશંસા, દુર્જનનિંદા, તપસ્વી આદિ વર્ણનો પણ હોવા જોઈએ.

7. **રસ :** વિશ્વનાથ મુજબ મહાકાવ્યમાં મુખ્ય રસ શૃંગાર, વીર કે શાંત હોવો જોઈએ અને ગૌણ રસ તરીકે કરુણ, હાસ્ય, ભયાનક અને બીભત્સ હોય ભામહ તો કહે છે, મહાકાવ્યમાં રસભાવ નિરંતર જળવાવો જોઈએ.

8. **અલંકાર :** દંડી અને ભામહ મુજબ મહાકાવ્ય અલંકારોથી અલંકૃત હોવું જોઈએ.

9. **વૃત્ત :** મહાકાવ્યમાં વિશ્વનાથ મુજબ સર્ગને અંતે છંદમાં પરિવર્તન કરવું જોઈએ તે જુદાં જુદાં સર્ગ જુદા જુદા છંદના હોવા જોઈએ. દંડી કહે છે કે વૃત્તો 'શ્રવ્ય' એટલે કે કર્ણમધુર હોવા જોઈએ.

10. **સંધિ :** ભામહ મુજબ મહાકાવ્ય પાંચ સંધિથી યુક્ત હોવું જોઈએ. દંડીએ પણ મહાકાવ્ય 'સુસંધિ'થી યુક્ત હોય એમ અપેક્ષા રાખી છે.

11. **ચતુવર્ગફલપ્રાપ્તિ :** ચતુવર્ગફલપ્રાપ્તિ એટલે ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાંથી એકની પ્રાપ્તિ મહાકાવ્યનાં ફળરૂપે દર્શાવવી જોઈએ. ભામહ, દંડી અને વિશ્વનાથ ત્રણેય આચાર્યોએ આ લક્ષણ દર્શાવ્યું છે.

12. **'મહાકાવ્ય'** 'કલ્પ' એટલે યુગો પછી એવું ને એવું સત્ત્વશીલ, જીવંત રહેવું જોઈએ.

13. **રુદ્રટે કાવ્યાલંકાર ગ્રંથ**માં મહાકાવ્યની વિસ્તૃત વ્યાખ્યા આપી છે. તેની વ્યાખ્યામાં રામાયણ, મહાભારત વગેરે ગ્રંથો આવી જાય છે. તથા પ્રાકૃત અને અપભ્રંશના કાવ્યોનો પણ સમાવેશ થઈ જાય છે. રુદ્રટે મહાકાવ્યમાં સર્ગબદ્ધ અને નાટકીય તત્ત્વોથી યુક્ત કથાનો સ્વીકાર કર્યો છે. વર્ણનોમાં લૌકિક અને અલૌકિક વર્ણનોનો સ્વીકાર કર્યો છે. રુદ્રટ રસાત્મકતાને જ મુખ્ય માને છે. રુદ્રટ ઉત્પાદ્ય મહાકાવ્યોનો પણ સ્વીકાર કરે છે. એટલે કે કથાવસ્તુ કવિ દ્વારા કલ્પિત પણ હોઈ શકે છે.

(રુદ્રટ, કાવ્યાલંકાર અધ્યાય સોળ)

આ ઉપરાંત હેમચંદ્રાચાર્યે પણ મહાકાવ્યની વ્યાખ્યા આપી છે. તેમણે મુખ્ય કથા સાથે અવાંતર કથાઓનો સ્વીકાર કર્યો છે.

## 1.5 અલંકૃત મહાકાવ્યનાં લક્ષણો

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં મહાકવિ કાલિદાસ રચિત 'રઘુવંશ' અને 'કુમારસંભવ', ભારવિરચિત 'કિરાતાર્જુનીય', માઘરચિત 'શિશુપાલવધ' અને શ્રીહર્ષચરિત 'નૈષધીયચરિત'ના એમ પાંચ મહાકાવ્ય તરીકે વિશેષ પ્રસિદ્ધ પામ્યાં છે.

સંસ્કૃતમાં કાલિદાસથી હર્ષ સુધીની કાવ્ય પરંપરા ધીમે ધીમે અલંકૃત કાવ્ય તરફ આગળ વધે છે. આ મહાકાવ્યોનો વિદગ્ધ કે અલંકૃત મહાકાવ્ય તરીકે વિકાસ નીચે પ્રમાણે સમજાવી શકાય.

1. કાવ્યના બે પ્રકારો છે. વસ્તુનિષ્ઠ અને આત્મનિષ્ઠ, આર્ષ મહાકાવ્યો વસ્તુનિષ્ઠ છે. વિદગ્ધ કે અલંકૃત મહાકાવ્યો વ્યક્તિનિષ્ઠ છે.

2. મહાકાવ્યમાં શૈલીની નૈસર્ગિકતાને બદલે ધીમેધીમે પાંડિત્ય પ્રદર્શન વધતું જાય છે.

3. અલંકૃત મહાકાવ્યમાં વ્યાકરણના નવા નવા પ્રયોગો, અઘરા શબ્દોના પ્રયોગો, દીર્ઘ સમાસો, ભાષાનું પ્રાવીણ્ય વધતું જાય છે. ભારવિ, માઘ અને શ્રીહર્ષમાં આ વિશેષતાઓ વિશેષ જોવા મળે છે.

4. કાવ્યત્વ ધીમે ધીમે કૃત્રિમ બનતું જાય છે. શૃંગારરસ અધિક માત્રામાં હોવાને લીધે તેમાં સામંતશાહીની વિલાસિતા પણ જણાય છે.

5. કવિના પોતાના વ્યક્તિત્ત્વની છાપ પણ અલંકૃત મહાકાવ્યોમાં જોવા મળે છે.

6. આર્ષ મહાકાવ્યોમાં નીતિબોધ અને તત્ત્વબોધ મુખ્ય છે. અલંકૃત મહાકાવ્યોમાં સૌંદર્ય-બોધ વધારે છે. આથી મહાભારત અને રામાયણમાં પ્રકૃતિ-સૌંદર્ય અને નારી સૌંદર્ય ગૌણ છે. અલંકૃત મહાકાવ્યોમાં નારી વર્ણનો વિશેષ પ્રાપ્ત થાય છે.

7. અલંકૃત મહાકાવ્યોમાં ભાષા, અલંકારો, છંદ વગેરેના વિશેષ પ્રયોગો છે.

8. વિદગ્ધ કવિ પાત્રોના વ્યક્તિત્વને સુંદર બનાવવા માટે તેના ઉપકરણો, સ્વભાવ, પહેરવેશ, ઘરેણા વગેરે તરફ વધુ ધ્યાન આપે છે.

9. આર્ષ મહાકાવ્યોમાં પ્રસંગોને રોચક કે રસાત્મક બનાવવાનું લક્ષ્ય નથી. વિદગ્ધ મહાકાવ્યોમાં ઘટનાઓ ગૌણ બની જાય છે. કથાવસ્તુ એકદમ પાતળું હોય છે. કાવ્યોનું કથાનક એકદમ ઓછું હોવાથી વર્ણનો, રસ, શબ્દની ચમત્કૃતિઓ ભાષાના વિવિધ અલંકારો વગેરેમાં કવિની શક્તિનો વિશેષ વ્યય થાય છે.

10. અલંકૃત મહાકાવ્યોમાં ચિત્રાત્મક શૈલી હોવાને લીધે વર્ણ્ય વિષયને વધારે સુંદર બનાવવા માટે અલંકારોનો વધારે વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

11. અલંકૃત મહાકાવ્યોમાં યુગચેતના, રાજનૈતિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિનું ચિત્રણ પ્રાપ્ત થાય છે.

12. અલંકૃત મહાકાવ્યોમાં ઈશ્વરની સ્તુતિ પણ કલાત્મક રીતે થાય છે. વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન વધતું જાય છે.

આ રીતે રામાયણ અને મહાભારત કરતાં પ્રશિષ્ટ મહાકાવ્યો અલગ પડે છે. કાલિદાસમાં નૈસર્ગિકતા તથા ઉત્તમ કવિત્વ બંને જળવાય છે. ભારવિ, માઘ અને હર્ષમાં અલંકૃત મહાકાવ્યોના લક્ષણો ઉત્તરોત્તર વધતા જાય છે. સંક્ષિપ્ત કથાનક, પાંડિત્ય પ્રદર્શન, કૃત્રિમતા, શબ્દચમત્કૃતિ, શૃંગાર રસની સ્વાભાવિકતાને બદલે કામશાસ્ત્રના જ્ઞાન અને અભ્યાસ વગેરે કામકલાનો અભ્યાસ વગેરે અલંકૃત મહાકાવ્યોનાં લક્ષણો ગણી શકાય.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

1. સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્ય'ના વિભિન્ન પ્રકારો વિશે ચર્ચા કરો.

........................................................

........................................................

........................................................

........................................................

........................................................

2. મહાકાવ્યનું સ્વરૂપ અને તેના વિકાસક્રમની રૂપરેખા વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. મહાકાવ્યનાં લક્ષણો વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## બહુવૈકલ્પિક પ્રશ્નો

1. શૈલીની દૃષ્ટિએ આચાર્ય દંડીએ કાવ્યના કેટલા પ્રકાર પાડ્યા છે ?
   (A) 3 (B) 5
   (C) 7 (D) 2
2. ઉદ્ભવની દૃષ્ટિએ મહાકાવ્યનું વિભાજન કઈ રીતે કરાયું છે ?
   (A) બે (B) ત્રણ
   (C) ચાર (D) સાત
3. રૂપક, નાટકનો સમાવેશ શેમાં થાય છે ?
   (A) દૃશ્યકાવ્ય (B) શ્રવ્યકાવ્ય
   (C) મિશ્રકાવ્ય (D) એકેય નહીં
4. રામાયણ, મહાભારત કયા પ્રકારના મહાકાવ્યો કહેવાય છે ?
   (A) અલંકૃત (B) આર્ષ
   (C) લઘુ (D) વિદગ્ધ

5. આચાર્ય ભામહે મહાકાવ્યના લક્ષણો કયા ગ્રંથમાં દર્શાવ્યા છે ?

   (A) કાવ્યાદર્શ (B) કાવ્યપ્રકાશ

   (C) કાવ્યાલંકાર (D) સાહિત્યદર્પણ

6. આચાર્ય દંડીએ મહાકાવ્યનાં લક્ષણો કયા ગ્રંથમાં દર્શાવ્યા છે ?

   (A) કાવ્યપ્રકાશ (B) કાવ્યાલંકાર

   (C) સાહિત્યદર્પણ (D) કાવ્યાદર્શ

7. આચાર્ય વિશ્વનાથે મહાકાવ્યનાં લક્ષણો કયા ગ્રન્થમાં દર્શાવ્યા છે ?

   (A) કાવ્યાલંકાર (B) સાહિત્યદર્પણ

   (C) કાવ્ય પ્રકાશ (D) કાવ્યાદર્શ

8. મહાકાવ્યમાં ............ થી ઓછા સર્ગો ન હોવા જોઈએ.

   (A) આઠ (B) છ

   (C) સાત (D) નવ

9. મહાકાવ્યનો નાયક ............. પ્રકારનો હોવો જોઈએ.

   (A) ધીર (B) ધીરોદાત્ત

   (C) ધીર અધીર (D) ધીરોદ્ધત

10. ચતુર્વર્ગફલપ્રાપ્તિ એટલે શું ?

   (A) ચાર ધર્મોની પ્રાપ્તિ (B) ચાર વર્ણોની પ્રાપ્તિ

   (C) ચાર આશ્રમોની પ્રાપ્તિ (D) ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ

★

એકમ 2

# કુમાર સંભવ

**રૂપરેખા**

**2.0 રૂપરેખા**

**2.1 પ્રસ્તાવના**

**2.2 'કુમારસંભવ' મહાકાવ્યનો સર્ગવાર સાર (કથાનક)**

**2.3 મહાકાવ્યનું કલ્પાન્તર સ્થાયિત્વ અને કવિનું જીવનદર્શન**

**2.4 તમારી પ્રગતિ ચકાસો**

## 2.0 ઉદ્દેશ

- આ એકમમાં તમે મહાકવિ કાલિદાસરચિત 'કુમારસંભવ' મહાકાવ્યનો પરિચય પ્રાપ્ત કરશો. પાંચ મહાકાવ્યો પૈકી 'કુમારસંભવ' એક 'આદર્શ મહાકાવ્ય' છે.
- મહાકવિ કાલિદાસે શિવ-પાર્વતીના પૌરાણિક કથાનકને આ મહાકાવ્યમાં ખૂબ કલાત્મક રીતે પ્રસ્તુત કર્યું છે, જેનો તમને પરિચય થશે.
- 'કુમારસંભવ' મહાકાવ્યનો અભ્યાસ કેળવીને કાલિદાસનું ભવ્ય જીવનદર્શન પણ જાણવા-સમજવા મળશે.
- કાલિદાસે આ મહાકાવ્યમાં શિવ જેવા પરમ યોગી અને પાર્વતી જેવી કઠોર તપશ્ચર્યા કરનારી તપસ્વિનીના ચરિત્રનું નિરૂપણ કરીને તથા તેમનાં દ્વારા તેજસ્વી કુમાર કાર્તિકેયના જન્મની કથાનો સુંદર વિનિયોગ સાધ્યો છે, જે સમગ્ર માનવજાત માટે ઉપકારક છે.

## 2.1 પ્રસ્તાવના

રામાયણ (બાલકાંડ), મહાભારત (વનપર્વ) તથા શિવપુરાણમાં આવતાં શિવ વિષયક કથાનકનો આધાર લઈને મહાકવિ કાલિદાસે 'કુમારસંભવ' મહાકાવ્યનું સર્જન કર્યું છે. જોકે, આ ગ્રંથોમાંથી પ્રેરણા લઈ યથાતથ વર્ણન કરવાને બદલે કાલિદાસે વસ્તુગ્રથનમાં ઘણી મૌલિકતા દર્શાવી છે.

કાલિદાસે શિવ-પાર્વતી વિષયક આ મહાકાવ્યમાં પ્રકૃતિનો અનેક રીતે ઉપયોગ કર્યો છે. પંચમહાકાવ્યોમાં કુમારસંભવનું વિશિષ્ટ સ્થાન છે. ઉમાશંકર જોશીએ આને 'વિવાહ યજ્ઞનું કાવ્ય' કહી નવાજ્યું છે.

## 2.1 'કુમારસંભવ' મહાકાવ્યનો સર્ગવાર સાર (કથાનક) :

કુમારસંભવ મહાકવિ કાલિદાસ દ્વારા રચાયેલું મહાકાવ્ય છે. જેમાં ભગવાન શિવ અને પાર્વતીના વિવાહ અને ત્યારબાદ કુમાર કાર્તિકેયનો જન્મ અને તારકાસુરના વધની

કથા આલેખાયેલી છે. કુમારસંભવની સર્ગસંખ્યાની બાબતમાં વિવિધ મત પ્રવર્તે છે. કેટલાક તેને આઠ સર્ગનું તો કેટલાંક તેને નવ સર્ગનું મહાકાવ્ય માને છે. કેટલાંક વિદ્વાનો સત્તર સર્ગનું કે બાવીસ સર્ગનું પણ ગણે છે પણ સર્વમતમતાંતરો છતાં આઠ સર્ગ સુધીનું મહાકાવ્ય મહાકવિ કાલિદાસનું જ છે. એમાં કોઈ શંકા નથી. જો કે અહીં 17 સર્ગનો સારાંશ આપવામાં આવ્યો છે.

### પ્રથમ સર્ગ : ઉમોત્પત્તિ અથવા પાર્વતી પ્રાદુર્ભાવ

કુમાર સંભવનો પ્રથમ સર્ગ ઉમોત્પત્તિ અથવા પાર્વતી પ્રાદુર્ભાવ તરીકે ઓળખાય છે. આ સર્ગની મુખ્ય કથાવસ્તુમાં હિમાલયવર્ણન, પાર્વતીનો જન્મ તથા શિવનું હિમાલય આગમન છે.

પ્રથમ સર્ગમાં સૌપ્રથમ હિમાલય પર્વતનું વર્ણન આવે છે. હિમાલયને પૃથ્વીના માનદંડ સમો દર્શાવી કવિએ તેની ભવ્યતાનું આલેખન કર્યું છે. હિમાલય સદાય બરફથી આચ્છાદિત રહેતો હોવા છતાં બરફ તેનાં સૌંદર્યને નષ્ટ નથી કરી શકતો. વાદળોથી પણ ઉંચા શિખરો, ગુફામાં ભરાયેલો અંધકાર, પવન દ્વારા વાંસમાંથી નીકળતો કર્ણપ્રિય ધ્વનિ, હાથીઓ, દેવદાસના વૃક્ષો તથા હાથીના ગંડસ્થળ ચીરનારા સિંહોનું વર્ણન હિમાલયની ભવ્યતામાં વધારો કરે છે. હિમાલય મેરુ પર્વતનો મિત્ર છે. તથા મેના તેમની ધર્મપત્ની છે. સમય પસાર થતા મેના મૈનાક નામના પુત્રને જન્મ આપે છે. પૂર્વજન્મમાં દક્ષ પ્રજાપતિની પુત્રી તથા શિવની પત્ની સતી પતિના અપમાનને સહન ન કરી શકતા પોતાનો દેહ ત્યજી દઈને મેનાના ઉદરમાં પુનર્જન્મ માટે આવે છે. આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ તથા શંખનાદભર્યા વાતાવરણમાં દિવ્ય કાંતિયુક્ત મુખવાળી પુત્રીનો હિમાલયને ત્યાં જન્મ થાય છે. પર્વતની પુત્રી હોવાથી તેનું નામ પાર્વતી રાખવામાં આવ્યું. ચંદ્રની જેમ પાર્વતી પણ દિન-પ્રતિદિન મોટી થવા માંડી. સતીના મૃત્યુ પછી હિમાલયના શિખર પર તપ કરવાના હેતુથી શિવ પધારે છે. શિવજીની સેવામાં હિમાલય પાર્વતી તથા બે સખીને નિયુક્ત કરે છે. ત્યારબાદ પાર્વતી નિયમિત રીતે શિવની પૂજા કરવા જાય છે.

### દ્વિતીય સર્ગ : આ સર્ગનું નામ 'બ્રહ્મસાક્ષાત્કાર' અથવા 'બ્રહ્માભિગમન' છે.

આ સર્ગનું મુખ્ય કથાનક બ્રહ્મા પાસે ગમન, બ્રહ્માની સ્તુતિ, દેવોની દુર્દશા તથા બ્રહ્માનો ઉપદેશ છે.

તારકાસુર નામનો દૈત્ય તપ કરીને બ્રહ્મા પાસે વરદાન મેળવે છે. વરદાન મળતા નિરંકુશ બનેલો દૈત્ય દેવોને પરેશાન કરે છે. કારણ કે, વરદાનથી શક્તિશાળી બનેલા તારકાસુરને દેવો મારી શકે તેમ નથી. તારકાસુરના ત્રાસથી ત્રાસેલા દેવો ઈન્દ્રને આગળ કરીને બ્રહ્માના ધામમાં જાય છે. દેવો બ્રહ્માની સ્તુતિ કરે છે. બ્રહ્મા પોતાના ધામમાં આવેલા દેવોની સ્તુતિ શાંતિથી સાંભળી આવવા માટેનું પ્રયોજન પૂછે છે. દેવતાઓ તારકાસુરના ત્રાસ વિશે બ્રહ્માને જણાવે છે. બ્રહ્મા તેમનાં પરાભવનું કારણ પૂછે છે ત્યારે દેવોના ગુરુ બૃહસ્પતિ તારકાસુર દ્વારા ત્રણે લોક પર કરતાં ત્રાસને વર્ણવે છે. તથા દેવો માટે સેનાપતિની રચના કરવા જણાવે છે. તેના ઉત્તરમાં બ્રહ્મા સેનાપતિનું સર્જન કરવાની ના પાડે છે અને કહે છે કે, તારકાસુરે મારી પાસેથી જ વરદાન મેળવ્યું છે. તેથી હું તેનો વધ કરું એ યોગ્ય નથી, પરંતુ મહાદેવ શિવના વીર્યથી સર્જાયેલ પુત્ર જ તમારો સેનાપતિ બની શકે. આ માટે તમે શિવને પાર્વતી તરફ આકર્ષિત કરો. કારણ કે, પાર્વતી જ શિવના પુત્રની માતા બનવા યોગ્ય છે, અન્ય કોઈ નહિ. જેમ ચુંબક વડે લોખંડ આકર્ષાય

તેમ કરો. આથી, ઈન્દ્રે આ કાર્ય માટે કામદેવને યાદ કર્યા અને કામદેવ હાથ જોડીને ઈન્દ્ર સમક્ષ ઉપસ્થિત થયો.

**તૃતીય સર્ગ : આ સર્ગ મદનદહન અથવા મદનનિગ્રહના નામે ઓળખાય છે.**

કામદેવની ઈન્દ્ર તરફ ગર્વોક્તિ, કામદેવનું તપોભૂમિમાં આગમન, વસંતની પ્રવૃત્તિ અને અંતે શિવ દ્વારા કામદેવનું દહન એ મુખ્ય કથાનક છે. શિવ પાર્વતી તરફ આકર્ષિત થાય એ હેતુથી જ દેવરાજ ઈન્દ્રએ કામદેવને યાદ કર્યો એટલે કામદેવ ઈન્દ્રના દરબારમાં ઉપસ્થિત થયો. ઈન્દ્રએ કામદેવને પોતાની નજીક સ્થાન આપ્યું. આથી, અનુગ્રહિત થયેલા કામદેવે ઈન્દ્રને પોતાને લાયક કામ સોંપવા કહ્યું. ગર્વના મદમાં કામદેવે એવું પણ કહી નાખ્યું કે આ જગતમાં જે અન્ય કોઈથી પરાજિત ન થાય તેને હું જીતી બતાવું. પછી એ પિનાક ધનુષ્ય ધારણ કરનારા ભગવાન શિવ જ કેમ ન હોય. ઈન્દ્રએ આ તક ઝડપી લઈ કામદેવને ઉમા તરફ શિવને આકર્ષિત કરવાનું કામ સોંપ્યું. ઈન્દ્રની આજ્ઞા મળતા કામદેવ હિમાલયના શિખર પર પહોંચ્યા, જ્યાં ભગવાન શિવ તપ કરતા હતા. મિત્રતાના કારણે ઋતુઓનો રાજા વસંત પણ તેનો સહાયક બન્યો. વસંતનું તપોભૂમિ પર આગમન થતાની સાથે જ જડતા તથા શુષ્કતાથી ભરેલી તપોભૂમિ પ્રેમના ભાવોથી વ્યાપ્ત થઈ ગઈ. અકાળે આવેલી વસંત ઋતુએ કામદેવનું કામ સરળ કરી દીધું. ત્યારબાદ કામદેવ પોતાની પત્ની રતિને લઈ તપોભૂમિમાં પ્રવેશ્યો તેથી સમગ્ર તપોભૂમિ પ્રેમની ક્રીડામાં મસ્ત બની ગઈ.

નંદીએ ગણોને વશ કર્યા અને શાંતિ જાળવી રાખવા જણાવ્યું. આ સમયે નંદીનું ધ્યાન ચૂકાવી કામદેવ રતિને લઈને સમાધિસ્થલમાં દાખલ થયો. આવા મનમોહક વાતાવરણમાં પણ ધ્યાનમાં મગ્ન એવા યોગીઓનો પણ ઈશ્વર શિવને કામદેવે જોયા. શિવનું એ દિવ્ય યોગીરૂપ જોઈને તેને પોતાનું કાર્ય નિષ્ફળ જવાનો ડર લાગ્યો પરંતુ એટલામાં જ અત્યંત રૂપવતી પાર્વતી કે જે રતિને પણ સુંદરતામાં શરમાવે એવી હતી. તેણે નંદીની અનુમતિ મેળવી શિવના સમાધિસ્થાનમાં પ્રવેશ કર્યો. પાર્વતીએ પૂજા માટે શિવને પ્રણામ કરી કમળ કાકડીની માળા અર્પણ કરી. ભક્તો તરફના વાત્સલ્યને લીધે પણ શિવે તે લેવા હાથ લંબાવ્યો. તકનો લાભ લઈ કામદેવે પોતાના પુષ્પથી બનેલા ધનુષ્ય પર સંમોહન નામનું બાણ ચડાવ્યું કામદેવની આવી ચેષ્ટાથી યોગીઓના સ્વામી મહાદેવ શિવજી પણ જેમ ચંદ્રના ઉદયથી સમુદ્ર ક્ષોભ પાસે એમ ક્ષોભ પામ્યા અને બિંબફળ જેવા અધરવાળા ઉમાના મુખ પર સાભિલાષ પોતાના ત્રણ નેત્રો ફેરવ્યા. પાર્વતીએ પણ પરિસ્થિતિને સમજી લઈ સહજ લજ્જાને પ્રદર્શિત કરી. પરંતુ શિવજી ક્ષણવારમાં જ પોતાના મનમાં થયેલા વિકારને પામી ગયા અને મનને વશમાં લઈ તેમણે ચારેબાજુ નજર ફેરવી ત્યારે બાણ મારવા તત્પર થયેલા કામદેવને જોયો. તપમાં વિઘ્ન આવતા શિવના ત્રીજા નેત્રમાંથી ભયાનક અગ્નિ નીકળ્યો અને ક્ષણવારમાં જ કામદેવને આ અગ્નિએ ભસ્મ કરી નાંખ્યો. સ્ત્રીસંગનો ત્યાગ કરવા મહાદેવ પોતાના ભૂત આદિ ગણોની સાથે ક્ષણનો વિલંબ કર્યા વગર અંતર્ધાન થયા. અત્યંત તીવ્ર આઘાતથી રતિ બેભાન બની ગઈ. પાર્વતીએ પોતાના દેહના સૌંદર્યને નિરર્થક ગણ્યું. તેના પિતા હિમાલય આવીને પાર્વતીને બે વિશાળ બાહુઓમાં ઉપાડી ઘરે ચાલ્યા ગયા.

## ચતુર્થ સર્ગ : આ સર્ગનું નામ 'રતિવિલાપ' છે.

રતિનું આક્રંદ, વસંતની ઉપસ્થિતિ, રતિનો દેહત્યાગ માટે પ્રયત્ન અને અંતે દેવવાણી દ્વારા રતિને આશ્વાસન વગેરે વિષયો ચોથા સર્ગમાં આવે છે. કામના દહનસમયે રતિ બેભાન થઈ ગઈ હતી. જે એક રીતે એના ઉપરનો ઉપકાર જ હતો. કારણ કે તે પ્રિય પતિનું દુઃખ નજરોનજર જોઈ ન શકત. પરંતુ જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેણે હૃદયદ્રાવક વિલાપ કર્યો. જ્યારે કામદેવનો મિત્ર વસંત વસંત ત્યાં પ્રગટ થાય છે ત્યારે તેનો વિલાપ વધુ તીવ્ર બને છે. દુઃખની પરાકાષ્ઠાએ પહોંચેલી રતિ પતિના માર્ગે મૃત્યુને પામવા માંગે છે અને સતી થવા તૈયાર થાય છે. પરંતુ આકાશવાણી તેને આશ્વાસન આપે છે કે શિવ અને પાર્વતીના વિવાહ બાદ તેનું તેના તેના પતિ સાથે પુનર્મિલન થશે. આથી આકાશવાણીના આધારે રતિ સતી થવાનું માંડી વાળે છે.

## પાંચમો સર્ગ : આ સર્ગનું નામ તપઃ ફલોદય છે.

આ સર્ગના મુખ્ય પ્રસંગો માતા મેના દ્વારા ઉમાને તપ કરવા જતા અટકાવી ઉમાનું ઉગ્ર તપ કરવું. બ્રહ્મચારીનું તપોવનમાં આગમન તથા ઉમાનું સ્વાગત, બ્રહ્મચારી દ્વારા શિવની નિંદા ઉમાનો પ્રત્યુત્તર તથા બ્રહ્મચારીરૂપે શિવજીનું પ્રગટ થવું છે.

કામદેવને પોતાની નજર સમક્ષ ભસ્મીભૂત થઈ ગયેલો જોઈ પાર્વતીને પોતાનું રૂપ નિરર્થક લાગ્યું અને આથી પાર્વતીએ શિવને તપ દ્વારા પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો. પાર્વતીની માતા મેનાએ તેને રોકવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો, પરંતુ દૃઢ નિશ્ચયવાળી પાર્વતી પિતાની અનુમતિ લઈ પાછળથી તેના જ નામથી પ્રસિદ્ધ થનારા શિખર પર ગઈ. ઉનાળામાં તેણે ચારે તરફ અગ્નિ પ્રગટાવી મસ્તક પર રહેલા સૂર્યને અનિમેષ નિહાળી ઉગ્ર પંચાગ્નિ તપ કર્યું. શિયાળામાં હિમ જેવા ઠંડા પાણીમાં કંઠપર્યંત ઊભા રહી તથા ચોમાસામાં વાદળના ઝાપટા સહન કરી પાર્વતીએ ઉગ્ર તપ કર્યું. કેવળ તૂટેલા પાંદડા ખાઈને તપ કરવું એ અત્યંત ઉગ્ર ગણાય પરંતુ પાર્વતીએ તો પાંદડા પણ ખાવાના છોડી દીધા. આથી પુરાણવિદોએ તેને 'અપર્ણા' કહ્યાં. ઉગ્ર તપથી પ્રસન્ન થયેલા શિવ પાર્વતીની પરીક્ષા કરવા બ્રહ્મચારીનું રૂપ ધારણ કરી તપોવનમાં આવ્યા. પાર્વતીએ તેમનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કર્યું. બ્રહ્મચારી પાર્વતીને આવું ઉગ્ર તપ કરવાનું પ્રયોજન પૂછે છે. પાર્વતીની સખીઓ બ્રહ્મચારીને પાર્વતીનો શિવને પતિ તરીકે મેળવાનો આશય કહે છે. બ્રહ્મચારી શિવની નિંદા કરે છે અને પાર્વતીને આવી હઠ છોડી દેવા સમજાવે છે. બ્રહ્મચારી શિવને ત્રણ નેત્રોવાળા વિરુપ, દિગંબર, જેનો જન્મ ખબર નથી તેવા ઘરડા બળદ પર આરૂઢ થનારા સ્મશાનમાં રહેનારા તથા પતિ તરીકે અયોગ્ય કહે છે. પાર્વતી પોતાના પ્રિયતમના અપમાનનો સચોટ દલીલોથી રદિયો આપે છે અને કહે છે કે શિવનું જે પણ સ્વરૂપ હો એ પ્રેમના રસથી મારા માટે પ્રિય જ છે. આટલું કહી પાર્વતી ત્યાંથી ચાલી જવા તૈયાર થાય છે. ત્યાં શિવ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે અને પાર્વતીનો હાથ પકડી કહે છે કે, "હું તારા તપથી ખરીદાયેલો દાસ છું."

## છઠ્ઠો સર્ગ : આ સર્ગનું નામ "ઉમાપ્રદાન" છે.

શિવને પોતાના તપથી પ્રસન્ન થયેલા જોઈ પાર્વતીનો શોક દૂર થાય છે, તથા તે પોતાની સખીઓ દ્વારા કહેવડાવે છે કે મારા પિતા પાસે તમે મને કન્યાદાન રૂપે

મેળવો. શિવ તથાસ્તુ કહી ત્યાંથી ચાલ્યા જાય છે અને સપ્તર્ષિઓ તથા અરૂંધતીને બોલાવે છે અને પોતાનું માંગુ નાખવા હિમાલયની પાસે મોકલે છે. સપ્તર્ષિઓ તથા અરૂંધતી હિમાલયના નગર ''ઔષધિપ્રસ્થ'' પહોંચે છે. ત્યાં હિમાલય તેમનું આદરપૂર્વક સ્વાગત કરે છે. ઋષિઓ તથા અરૂંધતી હિમાલય પાસે શિવ માટે તેની પુત્રીનો હાથ માંગે છે. હિમાલય તથા મેના તેમાં સહમતિ દર્શાવે છે. પાર્વતી પણ માત્ર કમળની પાંખડીઓ ગણી મૌન દ્વારા જ સ્ત્રી સહજ લજ્જા પામી પોતાની અનુમતિ આપે છે. સપ્તર્ષિઓ શુભમુહર્ત નક્કી કરી હિમાલયને લગ્નની તૈયારીઓ કરાવે છે. શિવજી આતુરતાપૂર્વક લગ્નની રાહ જોવા માંડે છે.

**સાતમો સર્ગ : આ સર્ગ ''ઉમાપરિણય'' નામે પ્રસિદ્ધ છે.**

હિમાલય દ્વારા પુત્રીના લગ્નની જોરજોરથી તૈયારીઓ, ઉમાનો શૃંગાર, શિવનો શણગાર જાનપક્ષ તથા ઔષધિપ્રસ્થમાં શિવપાર્વતીનું લગ્નગ્રંથિથી જોડાવું એ મુખ્ય કથાનક છે.

હિમાલયે પોતાની પુત્રીના વિવાહ માટે આખા 'ઔષધિપ્રસ્થ' નગરને સ્વર્ગની જેમ શણગાર્યું. પાર્વતી મંગળસ્થાનથી વિશુદ્ધ અંગોવાળી બની તથા પાર્વતીએ વધુને શોભે એવો ઉત્તમ શણગાર રચ્યો. જાનમાં બ્રહ્મા, વિષ્ણુ, દેવો, સપ્તર્ષિઓ, શિવગણો તથા ભૂતપ્રેતો જોડાયા. શિવે નંદી પર બેસીને જાન પ્રસ્થાન કર્યું. ઔષધિપ્રસ્થ નગરમાં જાનનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. નગરની સ્ત્રીઓ દ્વારા વરરાજાની પ્રશંસા થવા લાગી. શિવના સસરા હિમાલયે જાનનું સામે જઈ સ્વાગત કર્યું. વર અને વધૂના હસ્તમેળાપની તથા વિવાહની વિધિ કરવામાં આવી અને શિવ-પાર્વતી લગ્નગ્રંથિથી એક થયા.

**આઠમો સર્ગ : આ સર્ગ ''ઉમાસુરત વર્ણન''ના નામે પ્રસિદ્ધ છે.**

શ્વસુર ગૃહે શિવનો નિવાસ, ઉમાની સાથે અનેક સ્થળો પર ભ્રમણ અને પ્રણયક્રીડાનું વર્ણન આ સર્ગની મુખ્ય ઘટનાઓ છે.

**નવમો સર્ગ : આ સર્ગ ''કૈલાસગમન''ના નામે પ્રસિદ્ધ છે.**

આ સર્ગમાં દેવો અગ્નિને કબૂતરનું રૂપ ધારણ કરીને શિવના મહાલયમાં મોકલે છે. શિવ કબૂતર રૂપે આવેલા અગ્નિ પર પ્રથમ ક્રોધિત થાય છે, પરંતુ અગ્નિ દેવતાઓના કાર્ય માટે આવેલો છે. એવું જાણી પોતાનું વીર્ય તેમાં સ્થાપિત કરે છે. તથા અગ્નિને શાપ આપે છે. અગ્નિ શિવના તેજને સહન કરી શકતો નથી.

**દસમો સર્ગ : આ સર્ગ ''કાર્તિકેય ઉત્પત્તિ''ના નામે પ્રસિદ્ધ છે.**

શિવના તેજને સહજ ના કરી શકવાના કારણે અગ્નિ દેવસભામાં ઈન્દ્રવાસે પહોંચે છે. ઈન્દ્ર શાંત થવા અગ્નિને ગંગા પાસે જવા કહે છે. અગ્નિ શિવનું તેજ ગંગાને આપે છે. ગંગા પણ આ તેજ સહન કરી શકતી નથી. આથે તે સ્નાન માટે આવેલી છ કૃતિકાઓને આ તેજ આપે છે. તેનાથી ગર્ભવતી બનેલી કૃતિકાઓ તે સહન ન કરી શકતા બાળકને ત્યાં મૂકીને ચાલી જાય છે.

**અગિયારમો સર્ગ : આ સર્ગ ''બાલક્રીડા'' નામે પ્રસિદ્ધ છે.**

શિવ અને પાર્વતી વિમાન માર્ગે વિહરતી વખતે પોતાના વીર્યથી ઉત્પન્ન થયેલા બાળકને જુએ છે. છ દિવસના તે પુત્રને છ મુખ છે. શિવ અને પાર્વતી તેમના પુત્રની બાલક્રીડાઓથી આનંદિત થાય છે.

**બારમો સર્ગ : આ સર્ગનું નામ 'કુમારાભ્યર્થન' છે.**

આ સર્ગમાં દેવો શિવ-પાર્વતી પાસે તેમના પુત્ર કાર્તિકેયને દેવસેનાના સેનાપતિ તરીકે લઈ જવા માટે પ્રાર્થના કરે છે.

**તેરમો સર્ગ : આ સર્ગ 'કુમારાભિષેક'ના નામે પ્રસિદ્ધ છે.**

દેવો કાર્તિકેયનો સેનાપતિ તરીકે અભિષેક કરે છે.

**ચૌદમો સર્ગ : આ સર્ગ 'દેવસેના પ્રયાણ' તરીકે પ્રસિદ્ધ છે.**

કાર્તિકેયની આગેવાનીમાં દેવો તારકાસુરને મારવા પ્રયાણ કરે છે.

**પંદરમો સર્ગ : આ સર્ગ દેવાસુરસૈન્યસંઘટ્ટ નામે પ્રસિદ્ધ છે.**

આ સર્ગમાં દેવસેના તથા અસુરોની સેના સામસામે યુદ્ધ માટે ગોઠવાય છે.

**સોળમો સર્ગ : આ સર્ગનું નામ 'સુરાસુરસૈન્ય સંગ્રામ' છે.**

આ સર્ગમાં દેવો અને દાનવોના યુદ્ધનું વર્ણન છે.

**સત્તરમો સર્ગ : આ સર્ગ 'તારકદૈત્યેશ્વરવધ'ના નામે પ્રસિદ્ધ છે.**

આ સર્ગમાં અન્તે કાર્તિકેય પોતાના પરાક્રમો વડે તારકાસુરનો વધ કરે છે.

## 2.3 મહાકાવ્યનું કલ્પાન્તરસ્થાયિત્વ અને કવિનું જીવનદર્શન :

આમ તો કુમારસંભવ ભગવાન શિવ અને જગન્માતા પાર્વતીના દિવ્યપ્રેમની ગાથા ગાતું 'મહાકાવ્ય' છે. આ મહાકાવ્યમાં પ્રેમનું પવિત્ર માંગલ્યકારી સ્વરૂપ વર્ણવાયું છે. માનવીય પ્રેમ તો ભૌતિક આકર્ષણવાળો તથા વાસનામય હોય છે. જ્યારે દૈવી પ્રેમ કાર્તિકેયને જન્મ આપીને તેના દ્વારા તારકાસુરનો વધ થાય એવા હેતુસર થવાનાં હતાં. આમ, શિવ પાર્વતીનો વિવાહ સંસારના અનિષ્ટ કે અમંગળના નાશ માટે થવાનો હતો. દક્ષયજ્ઞમાં પોતાનું શરીર ત્યજીને સતીએ પાર્વતીના રૂપે પુનર્જન્મ ધારણ કર્યો હતો. આમ પાર્વતી શિવની અર્ધાંગિની બનવા જ સર્જાઈ હતી.

### 2.3.1 ધર્મથી અવિરુદ્ધ કામનું નિરૂપણ :

જ્યાં સુધી પાર્વતી પોતાના રૂપથી શિવજી મેળવવા માંગતી હતી ત્યાં સુધી તેને સફળતા મળી નહીં. 'निनिन्द रुपं हृदयेन पार्वती' એ રૂપની મનમાં ને મનમાં નિંદા કરી. તેને હવે પોતાના રૂપની નિષ્ફળતા સમજાઈ.

**इयेष सा कर्तुमवन्ध्यरुपतां**

**समाधिमास्थाय तपोभिरात्मनः ।**

તેણે તપ દ્વારા પોતાના રૂપને સફળ બનાવવાનું વિચાર્યું. કવિ ટાગોર કહે છે તેમ આ વખતે ગૌરીએ બાળ સૂર્ય જેવાં લાલ વસ્ત્રથી પોતાની કાયા શણગારી નહીં. કાનમાં આમ્રમંજરી કે વેણીમાં નવકર્ણિકાર પુષ્પો ખોસ્યા નહીં. તેણે તો કઠોર મૌજી મેખલાથી શરીરે વલ્કલ બાંધ્યું અને ધ્યાનસ્થ થઈને પોતાના અણિયાળાં નેત્રના ખૂણા કાળા પાડી નાંખ્યા. વસન્તસખા પંચશર મદનનો પરિત્યાગ કરી, કઠોર કલેશને જ તેણે પ્રેમનો સહાય બનાવ્યો. જે ઉમાને ત્યજીને શિવ જતાં રહ્યા, તે ઉમાનાં દર્શને સમગ્ર તપોવનમાં તપસ્વીઓ આવવા માંડ્યાં. 'न धर्मवृद्धेषु वयः समीक्ष्यते ।' એમ કાલિદાસને કહેવું પડ્યું.

### 2.3.2 પ્રેમ એટલે આત્માનું સૌંદર્ય :

જે શિવ પાર્વતીને ત્યજીને ત્યાંથી જતા રહ્યા હતા. એ જ શિવ પાર્વતી જ્યારે તપઃવૃત્ત થઈ ત્યારે સ્વયં આવ્યા. ટાગોર લખે છે. "જે ત્રિલોચને વસન્તપુષ્પોથી શણગારેલી ગૌરીને એક મુહૂર્તમાં તરછોડી નાંખી હતી. તે દિવસની શશિલેખા માફક ઉદય પામી. પાર્થિત (શિવ)ને તે સૌંદર્યે વિચલિત કર્યો નહિ, કૃતાર્થ કરી દીધો. તેની અંદર લજ્જા, આશંકા કે આઘાત-સંક્ષોભ રહ્યો નહિ, તે સૌંદર્યના બંધનને આત્માને સાદર પસંદ કરી લીધું. તેમાં તેને પોતાનો પરાજય લાગ્યો નહીં. ધર્મે જ્યારે મહાદેવના મનને પાર્વતી તરફ ખેંચ્યું તે પહેલાનાં અપરાધથી ભય પામેલા કામના દિલમાં પણ ઉત્સાહ પ્રગટ્યાં. 'ધર્મ જ્યાં બે હૃદયને એકત્ર કરે છે ત્યાં મદનનો કોઈ વિરોધ કરતું નથી.'

બ્રહ્મચારી શિવની નિંદા કરે છે. શિવ કદરૂપા છે, બેડોળ છે, તે નિર્ધન છે, સ્મશાનમાં રહેનાર છે વૃદ્ધ પ્રેમને ધન-દોલત એશ-આરામ કે સુખ સમૃદ્ધિ સાથે શી લેવા દેવા છે ? ટાગોરનાં શબ્દોમાં પ્રેમના મંત્રબળથી જે સૌંદર્ય સૃષ્ટિ કલ્પે છે. તેનો બાહ્ય સૌંદર્યના નિયમ પ્રમાણે ઠીકમેળ બેસી શકતો નથી. ઉમા ઉત્તર દે છે. ममात्र भावैकरसं मनः स्थितम् । મારું મન તો તેમનામાં જ ભાવૈકરસ થઈ રહેલું છે. "એ રસ અંતરનો રસ છે. તેથી જ તેમાં બીજી ત્રીજી વાત ચાલી શકતી નથી. અંતર આ સ્થળે બાહ્ય ઉપર વિજય મેળવે છે. પ્રેમ જ્યારે ધર્મથી સ્વીકૃત થાય છે. धर्माविरुद्धः कामोऽस्मि - એવું ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે તે મુજબ ધર્મથી અવિરુદ્ધ અને પ્રેમમાં અનન્યતા આત્માનું સૌંદર્ય પ્રગટાવે છે.

### 2.3.3 આમ, કુમારસંભવને કેન્દ્રમાં રાખીને કાલિદાસની પ્રણય વિભાવના સ્પષ્ટ કરીએ તો, જણાય કે -

1. પ્રેમ ધર્મથી અવિરુદ્ધ હોવો જોઈએ.
2. પ્રેમ આત્માનું સૌંદર્ય પ્રગટાવે છે.
3. દૈહિક વાસના એ જ પ્રેમ નથી.
4. સ્થૂળ ઉપભોગમાં રચાતો પ્રેમ સ્થાયી નથી.
5. પ્રેમથી વ્યક્તિનું જ નહિ, સમષ્ટિનું પણ કલ્યાણ થાય છે.
6. પ્રેમ ભૌતિક-સુખ, સમૃદ્ધિ, દેહનું સૌંદર્ય સુખસગવડ કે લોકો શું કહેશે એવું વિચારતો નથી.

### 2.3.4 પ્રકૃતિ અને માનવસંબંધ

'કુમારસંભવ'માં ઉપમાના સ્વામી કાલિદાસે પ્રકૃતિનો ઉપયોગ પ્રચુર માત્રામાં કર્યો છે. અલંકારોના ઉપમાન તરીકે, પ્રસંગની પશ્ચાદ્ભૂમિ (બેક ગ્રાઉન્ડ) તરીકે, માનવમનના ભાવોમાં સમ-સંવેદના અનુભવતા જીવંત તત્ત્વ તરીકે પણ કાલિદાસે પ્રકૃતિનો વિનિયોગ સાધ્યો છે. કાલિદાસની કવિતામાં હિદુસ્તાનની પ્રકૃતિ સજીવ થઈ ઊઠી છે, માટે વિદ્વાનો કાલિદાસને પ્રકૃતિના સૌંદર્યના ઉદ્ગાતા તરીકે ઓળખાવે છે.

કાલિદાસે ભારતીય સંસ્કૃતિના આદર્શોને શબ્દદેહ આપ્યો છે. કુમારસંભવમાં શાશ્વતપ્રેમ, કામપુરુષાર્થ અને સમષ્ટિના કલ્યાણની ભાવનાનું સાર્થક નિરૂપણ થયેલું છે, માટે તેને વિશ્વકવિતામાં શ્રેષ્ઠ મહાકાવ્યોમાંનું એક ગણવામાં આવે છે.

---

### 2.4 તમારી પ્રગતિ ચકાસો.

---

1. 'કુમારસંભવ' મહાકાવ્યનાં પહેલા, બીજા અને ત્રીજા સર્ગનો સાર લખો.

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

2. 'કુમારસંભવ'ના પંચમ સર્ગ તપઃ ફલોદયનો સારાંશ

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

3. 'કુમારસંભવ'માં અભિવ્યક્ત કાલિદાસનું જીવન દર્શન

.......................................................

.......................................................

.....................................................

.....................................................

.....................................................

4. કાલિદાસની પ્રણયવિભાવના

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

## બહુવૈકલ્પિક પ્રશ્નો

1. 'કુમારસંભવ'માં કોના જન્મની કથા આલેખાઈ છે ?
(A) કાર્તિકેય (B) ગણેશ (C) લવ (D) કુશ

2. 'કુમારસંભવ'માં નાયક-નાયિકા કોણ છે ?
(A) રામ-સીતા (B) લક્ષ્મી-નારાયણ
(C) શિવ-પાર્વતી (D) ઈન્દ્ર-શચિ

3. 'કુમારસંભવ'માં મુખ્ય રસ કયો છે ?
(A) વીર (B) કરુણ (C) શૃંગાર (D) હાસ્ય

4. 'કુમારસંભવ'માં કાર્તિકેય કયા રાક્ષસનો વધ કરે છે ?
(A) તારકાસુર (B) ચંડ-મુંડ (C) ભસ્માસુર (D) બકાસુર

5. 'કુમારસંભવ'માં પ્રારંભે કયા પર્વતને પૃથ્વીનો માન દંડ કહ્યો છે ?
(A) ગિરનાર (B) વિન્ધ્યાચલ (C) મેરુ (D) હિમાલય

6. 'રતિવિલાપ' કુમારસંભવનો કેટલામો સર્ગ છે ?
(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) પહેલો

7. રતિના પતિનું નામ શું છે ?
(A) ધર્મદેવ (B) કામદેવ (C) વસન્ત (D) ઈન્દ્ર

8. શિવ પાર્વતીની કસોટી કરવા શેનું રૂપ ધારણ કરીને આવે છે ?

(A) બ્રહ્મચારી (B) બટુક (C) રાજા (D) સંન્યાસી

9. ઉમાના માતા-પિતા કોણ છે ?

(A) રામ-સીતા (B) હિમાલય-મેના

(C) ઈન્દ્ર-શચિ (D) મેરુ-મેના

10. શિવની નિંદા કોણ કરે છે ?

(A) બટુક બ્રહ્મચારી (B) કામદેવ (C) બ્રહ્માજી (D) પાર્વતી

★

એકમ 3

# રઘુવંશ

રૂપરેખા

3.0 ઉદ્દેશ

3.1 પ્રસ્તાવના

3.2 'રઘુવંશ' મહાકાવ્યનો સર્ગશઃ સારાંશ

3.3 'રઘુવંશ'નું કલ્પાંતર સ્થાયિત્વ અને કાલિદાસનું જીવનદર્શન

3.4 ઉપસંહાર

3.5 તમારી પ્રગતિ ચકાસો

## 3.0 ઉદ્દેશ

- આ એકમમાં મહાકવિ કાલિદાસના બીજા મહાકાવ્ય 'રઘુવંશ'ના કથાનકથી પરિચિત થશો. પંચમહાકાવ્યોમાં 'રઘુવંશ' મહાકાવ્ય પણ આદર્શ મહાકાવ્ય ગણાય છે. કારણ કે, મહાકાવ્યનાં તમામ લક્ષણો આ મહાકાવ્યમાં બરાબર બંધ બેસે છે એટલે નહિ પણ મહાકાવ્યનાં લક્ષણો નિર્ધારિત કરનાર કાવ્યશાસ્ત્રીઓએ 'રઘુવંશ'ને નજર સમક્ષ રાખીને આદર્શ મહાકાવ્યનાં સ્વરૂપની વિચારણા કરી છે.
- વાલ્મીકિની રામકથાને કાલિદાસે પોતાની અદ્વિતીય કવિપ્રતિભાથી 'રઘુવંશ'માં નવીન સ્વરૂપે પ્રસ્તુત કરી છે. તેનો પરિચય તમને થશે.

## 3.1 પ્રસ્તાવના

કાલિદાસે રઘુવંશ મહાકાવ્યના સર્જન દ્વારા ઉત્તમ જીવનદર્શન આપ્યું કે, દિલીપ જેવા પ્રતાપી રાજાથી પ્રારંભાયેલો આ મહાન વંશ છેવટે અત્યંત ભોગવિલાસી રાજા અગ્નિવર્ણને કારણે ક્ષીણ થઈ ગયો.

સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે આ મહાકાવ્યનો પરિચય એટલા માટે પણ જરૂરી છે કે, તેમાં કાલિદાસની અદ્વિતીય કાવ્યપ્રતિભાના તો દર્શન થાય છે જ, સાથે સાથે યુગો સુધી ઉપયોગી થઈ શકે એવું જીવનદર્શન પણ પ્રાપ્ત થાય છે.

## 3.2 'રઘુવંશ' મહાકાવ્યનો સર્ગશઃ સારાંશ (કથાનક) :

**સર્ગ - 1 વસિષ્ઠાશ્રમાભિગમન :**

वागर्थाविवसंपृक्तौ वागर्थ प्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वती परमेश्वरौ ।।

એ રીતે વાણી અને અર્થની જેમ જોડાયેલાં જગતનાં માતાપિતા એવા શિવ અને પાર્વતીને પ્રણામ કરીને કવિ મહાકાવ્યની શરૂઆત કરે છે. શરૂઆતમાં કવિ ક્યાં સૂર્યથી ઉત્પન્ન થયેલો વંશ અને ક્યાં મારી અલ્પવિષયોને જાણકારી બુદ્ધિ ? હું તો નાની હોડીથી મહાસાગરને તરવાની કોશિશ કરું છું. એમ કહીને પોતાની નમ્રતા બતાવે છે. વાલ્મીકિ જેવા પૂર્વેના મહાકવિઓએ રઘુના વંશનું વર્ણન કર્યું હોવાથી સોયમાં દોરો પ્રવેશે તેમ પોતે પ્રવેશ કરી શકશે. એટલે કે મહાકાવ્ય લખી શકશે. એવા આત્મવિશ્વાસ સાથે કવિ મહાકાવ્યની શરૂઆત કરે છે. પ્રથમ સર્ગમાં કવિ રઘુવંશના રાજાઓની લાક્ષણિકતાઓ વર્ણવીને રઘુવંશની ભવ્યતાનો ખ્યાલ આપે છે. સૂર્યવંશની શરૂઆત વૈવસ્વતઃ મનુથી થઈ. તેમાં ઈક્ષ્વાકુ રાજા થઈ ગયો. આ વંશમાં દિલીપ નામનો પ્રતાપી રાજા હતો. સુદક્ષિણા તેની મુખ્ય રાણી હતી. રાજા નિઃસંતાન હોવાથી રાણી સાથે વસિષ્ઠ નામના કુલગુરુના આશ્રમે ગયો. વસિષ્ઠે રાજાને કહ્યું કે રાજા એક વખત સ્વર્ગમાંથી પાછો ફરતો હતો ત્યારે કલ્પવૃક્ષના છાંયડામાં ઊભેલી નંદિની ગાયને પ્રણામ કરવાનું ચૂકી ગયો હતો. સુદક્ષિણાને મળવાની ઉતાવળમાં રાજાનું ધ્યાન કામધેનુ ગાય તરફ ન ગયું. આથી તે ગાયના શાપના લીધે રાજાને સંતાન ન હતું. રાજાએ તેનો ઉપાય કરવા આશ્રમમાં રહેલી કામધેનુની પુત્રી નંદિની ગાયની સેવા કરવી જોઈએ.

### સર્ગ - 2 નંદિનીવરપ્રદાન :

દિલીપ રાજાએ નંદિની ગાયની સેવા કરવાનો સંકલ્પ લઈને રાણી સુદક્ષિણા સાથે વસિષ્ઠના આશ્રમમાં નિવાસ કર્યો. બીજા દિવસથી રાજા અને રાણી નંદિની ગાયની સેવા કરવા લાગ્યા. રાજા સવારથી સાંજ સુધી ગાયને ચરાવવા લઈ જતો અને તેની પાછળ પાછળ સતત ફરતો. એ રીતે એકવીસ દિવસ સુધી રાજાએ ગાયની સેવા કરી. ચોવીસમા દિવસે રાજા હિમાલય પર્વતની શોભા નિહાળતો હતો ત્યારે ગાય પર કુંભોદર નામના સિંહે હુમલો કર્યો. સિંહ ભગવાન શિવનો સેવક હોવાથી રાજા શસ્ત્ર પ્રહાર ન કરી શક્યો. સિંહે રાજાને મનુષ્યની વાણીમાં ગાયને છોડી જતા રહેવા કહ્યું. રાજા દિલીપે ગાયને બચાવવા પોતાની જાત આપવાની તૈયારી કરી. સિંહે રાજાને નિશ્ચયમાંથી ડગાવવાની કોશિશ કરી પણ દિલીપે ગુરુની ગાયને બચાવવા પોતાની જાતને ગાય પાસે મૂકી દીધી. એ વખતે ચમત્કાર થયો. સિંહ અદૃશ્ય થઈ ગયો અને નંદિની ગાયે રાજાને કહ્યું કે તેણે રાજાની પરીક્ષા કરવા સિંહ સર્જ્યો હતો. નંદિની ગાયના વરદાનથી ગુરુની આજ્ઞા લઈને દિલીપે નંદિની ગાયના દૂધનો પ્રસાદ લીધો. આથી સુદક્ષિણા રાણી ગર્ભવતી બની.

### સર્ગ - 3 રઘુરાજ્યાભિષેક :

સુદક્ષિણા ગર્ભવતી બની ત્યારે તેની વિશેષ કાળજી લેવામાં આવી. સુદક્ષિણાની બધી ઇચ્છાઓ દિલીપે પૂરી કરી. સુદક્ષિણાએ શુભ અવસરે પુત્રને જન્મ આપ્યો. શાસ્ત્રોક્ત સંસ્કાર કરીને તેનું રઘુ એવું નામ પાડવામાં આવ્યું. રઘુ ધાત્રીની દેખરેખ નીચે મોટો થવા માંડ્યો. તેની ગ્રહણશક્તિ સારી હતી. ગુરુઓએ તેને ધનુર્વિદ્યા સહિત સર્વ વિદ્યાઓ ભણાવી. દિવસો જતાં રઘુ યુવાન બન્યો. દિલીપે રૂપવતી રાજકન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. દિલીપે 99 અશ્વમેધ યજ્ઞો પૂરા કર્યા પછી સોમા આશ્વમેઘ યજ્ઞનો પ્રારંભ કર્યો. રઘુને અશ્વની રક્ષણની જવાબદારી સોંપવામાં આવી. ઈન્દ્રે અદૃશ્ય રૂપે આવીને અશ્વને ચોરી લીધો પણ નંદિની ગાયની કૃપાથી રઘુ ઈન્દ્રને જોઈ ગયો અને તેણે ઈન્દ્રનો પીછો કર્યો. રઘુ અને ઈન્દ્ર વચ્ચે ભીષણ યુદ્ધ થયું. ઈન્દ્રે રઘુ પર વજ્રનો પ્રહાર કર્યો પણ

રઘુએ તેને પણ છાતી પર ઝીલી લીધા. આથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે અશ્વ સિવાય બીજું ગમે તે વરદાન માંગવા કહ્યું ત્યારે પિતા દિલીપને આ યજ્ઞનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ રઘુએ મેળવ્યા. દિલીપે રઘુને રાજ્ય સોંપીને વનવાસ સ્વીકાર્યો.

## સર્ગ-4 રઘુનો દિગ્વિજય :

રઘુએ આદર્શ રાજ્ય વ્યવહાર કર્યો અને લોકપ્રિયતા મેળવી. એ પછી તે ચતુરંગિણી સેના લઈને દિગ્વિજય કરવા નીકળ્યો. સૌ પ્રથમ તેણે પૂર્વ દિશા જીતી લીધી. ત્યાં બંગ દેશને જીતીને કવિશા નદી ઓળંગી તેણે કલિંગ દેશને જીત્યો. એ પછી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યો. દક્ષિણના પાંડવ રાઊજાઓને તેણે હરાવ્યા. ત્યારપછી તેણે સહ્યાદ્રિ પર્વતને ઓળંગીને અપરાંત અને કેરળના રાજાઓને હરાવ્યા. પછી તેણે પારસિક દેશના રાજાઓને હરાવ્યા. યવનો તેને શરણે આવ્યા. હિમાલય પર્વત પરના પર્વતાળ પ્રદેશના રાજાઓને જીતીને લૌહિત્યા નામની નદીને પાર કરીને રઘુએ પ્રાગજયોતિષપુર અને કામરૂપના રાજાઓને પણ જીતી લીધા. રઘુએ પાછા ફરીને દિગ્વિજય કર્યા પછી રાજધાનીમાં પ્રવેશી વિશ્વજીત નામનો યજ્ઞ કરીને તેની તમામ સંપત્તિનું દાન કરી દીધું અને પોતાના માટે માત્ર માટીનાં વાસણો જ રાખ્યાં.

## સર્ગ - 5 અજસ્વયંવરાભિગમન :

એ સમયે વરતન્તુ નામના ઋષિનો કૌત્સ નામનો શિષ્ય ગુરુદક્ષિણા માટે ચૌદ કરોડ સુવર્ણમુદ્રાઓ માંગવા રઘુ પાસે આવ્યો. તેણે રઘુની નિર્ધન અવસ્થા જોઈને બીજા રાજાઓ પાસે જવાની ઇચ્છા વ્યક્ત કરી. રઘુએ કૌત્સને વચન આપ્યું કે તે ગુરુદક્ષિણા માટે તેને વ્યવસ્થા કરી આપશે. આથી કૌત્સ રઘુની યજ્ઞશાળામાં રોકાયો. રઘુએ કુબેર પર ચડાઈ કરવાનો નિર્ણય કર્યો, પરંતુ તે જ રાત્રે કુબેરે રઘુના કોષાગાર પર સુવર્ણમુદ્રાઓની વૃષ્ટિ કરાવી. કૌત્સે ગુરુદક્ષિણા જેટલી મુદ્રાઓ લઈ લીધી અને રઘુને ઉત્તમ પુત્ર પ્રાપ્ત થવાના આશીર્વાદ આપ્યા. કુબેરે વર્ષાવેલી સોના મહોરો રસ્તામાં પડી રહી. પરંતુ તે વધારાની સોના મહોરો લોકોએ ન લીધી. આ પછી રઘુને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું નામ અજ પાડવામાં આવ્યું. અજ યુવાન બન્યો ત્યારે રઘુએ તેને વિદર્ભ દેશના રાજા ભોજની બહેન ઈન્દુમતીના સ્વયંવરમાં મોકલ્યો. અજે સેના સાથે નર્મદા નદીના કિનારે રસ્તામાં પડાવ નાંખ્યો ત્યારે એક મદોન્મત્ત હાથી છાવણીમાં પ્રવેશ્યો. બધાને નાસભાગ કરતા જોઈએ અજે હાથીને શાંત પાડવા બાણથી સહેજ પ્રહાર કર્યો. ત્યાં આશ્ચર્ય થયું. હાથી અદૃશ્ય થઈ ગયો અને એક દિવ્ય પુરુષ અજની સામે ઊભો રહ્યો. મતંગઋષિના શાપને લીધે હાથી બનેલો ગંધર્વરાજ પ્રિયદર્શનનો પુત્ર પ્રિયંવદ શાપમુક્ત થયો. પ્રિયંવદે ઋષિને વિનંતી કરતાં મતંગઋષિને દયા આવી. તેણે કહ્યું હતું કે ઈક્ષ્વાકુવંશના રાજકુમાર અજનું તીર વાગતાં પ્રિયંવદ ફરી પાછો ગંધર્વ બની જશે. પશુની યોનિમાંથી મુક્ત થયેલા પ્રિયંવદે અજને ‘સંમોહનાસ્ત્ર’ની ભેટ આપી.

## સર્ગ - 6 ઈન્દુમતી સ્વયંવર

રાજકુમારી ઈન્દુમતી સુનન્દા નામની દાસી સાથે સ્વયંવર સભામાં પ્રવેશી. સ્વયંવર મંડપમાં અનેક રાજાઓ હતા. તેઓ ઈન્દુમતીને મેળવવા વિવિધ શૃંગારિક ચેષ્ટાઓ કરતા હતા. ત્યાં ઈન્દુમતીને પાંડ્ય, મગધ, અંગ, અવંતી, અનુપ, શૂરસેન વગેરે દેશના રાજાઓ ઉપસ્થિત હતા. ઈન્દુમતી આગળ વધી. છેવટે અજની પાસે આવી. અજ તેને

પહેલી નજરે જ ગમી ગયો. તેણે અજના ગળામાં વરમાળા પહેરાવી. બધાએ ઈન્દુમતીની પસંદગી વખાણતા કહ્યું કે ચંદ્રની સાથે ચાંદની જોડાય, સુવર્ણ સાથે રત્ન જોડાય એવો આ સંયોગ છે.

## સર્ગ - 7 અજપાણિગ્રહણ :

રાજમહેલમાં અજ-ઈન્દુમતીના વિવાહ થયા. રાજાભોજે બહેન ઈન્દુમતીને કરિયાવર આપ્યો. અજ-ઈન્દુમતી અયોધ્યા જવા રવાના થયાં. ત્યાં ઈન્દુમતીને મેળવ્યા વિના પાછા ફરેલા નિરાશ રાજાઓએ અજનો રસ્તો રોક્યો. બંને પક્ષો વચ્ચે યુદ્ધ થયું. અજે સંમોહનાસ્ત્રથી સર્વ રાજાઓને હરાવ્યા. અયોધ્યાના નગરજનોએ અજ અને ઈન્દુમતીનું ભવ્ય સ્વાગત કર્યું.

## સર્ગ - 8 અજવિલાપ :

અજનો રાજ્યાભિષેક કરીને રઘુએ વનમાં જવાનું નક્કી કર્યું. પુત્રના આગ્રહને લીધે નગરની  બહાર જ સન્યાસી જેવું જીવન ગાળવાનું શરૂ કર્યું. છેવટે યોગ સમાધિ દ્વારા શરીરનો ત્યાગ કર્યો. ઈન્દુમતીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'દશરથ' પાડવામાં આવ્યું.

એક વખત અજ અને ઈન્દુમતી ઉપવનમાં વિહાર કરતાં હતાં. એવામાં આકાશમાર્ગે જતાં નારદજીની વીણા ઉપરથી ઊડીને પુષ્પમાળા ઈન્દુમતીના દેહ પર પડી. તે સાથે જ ઈન્દુમતીનું મૃત્યુ થયું. અજે ઈન્દુમતીના મૃત્યુથી અત્યંત શોક પામીને વિલાપ કર્યો. આ વિલાપ 'અજવિલાપ' તરીકે સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં જાણીતો છે. અજને સાંત્વના અપાવવા વસિષ્ઠે એક શિષ્યને મોકલ્યો. તેણે આવીને ઈન્દુમતીના પૂર્વજન્મની હકીકત જણાવી. ઈન્દુમતી પૂર્વજન્મમાં હરિણી નામની દેવાંગના હતી. ઈન્દ્રની આજ્ઞાથી તે તૃણબિંદુ નામના ઋષિને ચલિત કરવા ગયેલી. તેથી ગુસ્સે થયેલા ઋષિએ તેને પૃથ્વીલોકમાં સ્ત્રી બનવાનો શાપ આપેલો. હરિણીએ પોતાના અપરાધ માટે માફી માંગી ત્યારે ઋષિએ સ્વર્ગનાં ફૂલનાં દર્શનથી તે સ્વર્ગમાં પાછી ફરશે તેવો અનુગ્રહ કર્યો. આ રીતે ઈન્દુમતી સ્વર્ગની અપ્સરા હતી. એ જાણીને અજને શોક હળવો થયો. અજે દશરથ યુવાન બન્યા ત્યાં સુધી શોકને સહી લીધો. પછી દશરથને ગાદી સોંપીને તેણે ગંગાયમુના સંગમે અનશન કરીને દેહત્યાગ કર્યો.

## સર્ગ - 9 મૃગયાવર્ણન :

દશરથ રાજાએ કોશલ, મગધ અને કેકય દેશની રાજકુમારીઓ કૌશલ્યા, સુમિત્રા સાથે લગ્ન કર્યા. એકવાર દશરથ રાજા મૃગયા રમવા ગયા ત્યારે તેણે એક તાપસકુમાર નદીમાં પાણીનો ઘડો ભરતો હતો. તે અવાજને હાથીની ગર્જના સમજીને શબ્દવેધી બાણ છોડ્યું. તાપસકુમારની ચીસ સાંભળીને રાજા તેની પાસે દોડ્યો. તાપસકુમારે દશરથને તેના માતાપિતા પાસે આ ઘટનાની જાણ કરવા મોકલ્યા. તાપસના માતા-પિતા પુત્રના મરણથી શોકાતુર થયાં અને તેણે દશરથને શાપ આપ્યો કે તું  વૃદ્ધાવસ્થામાં પુત્રના શોકથી મૃત્યુ પામીશ. તે બંને પણ મૃત્યુ પામ્યા. દશરથ રાજા તેમનો અગ્નિ સંસ્કાર કરીને રાજધાનીમાં પાછા ફર્યા.

### સર્ગ - 10 રામાવતાર :

દશરથને ઘણાં વર્ષો સુધી પુત્ર ન થયો. તેમણે ઋષ્યશૃંગ વગેરે ઋષિઓની આજ્ઞાથી પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યારે યજ્ઞકુંડમાંથી ખીર ભરેલું સુવર્ણપાત્ર લઈને એક પુરુષ બહાર નીકળ્યો. દશરથે તે ખીર ત્રણે રાણીઓને આપી. આ ત્રણે રાણીઓ સગર્ભા બની. ભગવાન વિષ્ણુએ રાક્ષસરાજ રાવણને મારવા પૃથ્વી પર આવવાનું વચન આપ્યું હતું. તેથી તેઓ કૌશલ્યાના પુત્ર રામ તરીકે પૃથ્વી પર ઉતર્યો.

### સર્ગ - 11 સીતાવિવાહ દર્શન :

જ્યારે રામ નાના હતા ત્યારે વિશ્વામિત્ર ઋષિ દશરથ પાસે આવ્યા. તેણે આશ્રમના રક્ષણ માટે યજ્ઞની રક્ષા કરવા રામ લક્ષ્મણને પોતાની સાથે લઈ જવા રાજાને વિનંતી કરી. દશરથે વિશ્વામિત્ર સાથે રામ-લક્ષ્મણને મોકલ્યા. તેમણે તાડકા નામની રાક્ષસીનો વધ કર્યો. આ ઉપરાંત યજ્ઞમાં વિઘ્નો પહોંચાડતા મારીચ, સુબાહુ વગેરે રાક્ષસોની સેનાનો નાશ કર્યો. સામે વિશ્વામિત્ર સાથે સીતાના સ્વયંવરમાં જતી વખતે ગૌતમ ઋષિના શાપથી પથ્થર બનેલી અહલ્યાનો ઉદ્ધાર કર્યો. સીતા સ્વયંવરમાં રામે શિવ ધનુષ્યનો ભંગ કર્યો. આથી સીતાએ રામને વરમાળા પહેરાવી. દશરથ રાજા મિથિલા આવ્યા. રામસીતાની સાથે લક્ષ્મણ-ઉર્મિલા, ભરત-માંડવી અને શત્રુઘ્ન-શ્રુતકીર્તિના પણ લગ્ન પણ થયા. દશરથ ચારે પુત્રો અને પુત્રવધુઓ સાથે પાછા ફરતા હતા ત્યારે તેમને રસ્તામાં પરશુરામ મળ્યા. શિવધનુષ્ય તૂટવાને લીધે પરશુરામ નારાજ થયા હતા. તેમણે રામને કહ્યું કે તું મારા આ ધનુષ્ય પર બાણ ચડાવ અથવા શરણે આવ. રામે પરશુરામના ધનુષ્ય પર બાણ ચડાવીને તેમનો પરલોક નષ્ટ કર્યો અને તેમને ચિરંજીવ બનાવ્યા. પરશુરામ તપ કરવા ચાલ્યા ગયા.

### સર્ગ - 12 રાવણવધ :

દશરથ રાજાએ રામનો રાજા તરીકે અભિષેક કરવાનો વિચાર કર્યો પરંતુ કૈકેયીએ દશરથ રાજા પાસે બે વરદાનોમાં રામને ચૌદ વરસનો વનવાસ અને ભરતને રાજ્ય આપવાનું વરદાન માંગ્યું. રામ વનવાસમાં જવા નીકળ્યા. સીતા અને લક્ષ્મણ પણ તેમની સાથે ચાલી નીકળ્યાં. પુત્રના વિયોગમાં દશરથ જીવી ન શક્યા. મોસાળથી પાછા ફરેલા ભરતને માતાનાં વ્યવહારથી ખૂબ દુઃખ થયું. તે રામને પાછા લાવવા ચિત્રકૂટ ગયા. ભરત રામની પાસેથી તેમની પાદુકાઓ લઈને પાછા ફર્યા અને રામના પ્રતિનિધિ તરીકે રાજ્ય કરવા લાગ્યા. રામ ચિત્રકૂટથી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યાં. ત્યાં તેમણે વિરાધ નામના રાક્ષસનો વધ કર્યો. પંચવટીમાં રાવણની બહેન શૂર્પણખા લક્ષ્મણની સાથે લગ્ન કરવા આવી પરંતુ લક્ષ્મણે તેના નાક, કાન, કાપીને કદરૂપી બનાવી. રામે જંગલમાં ખર, દૂષણ, ત્રિશિરા વગેરે રાક્ષસોનો સંહાર કર્યો. ગુસ્સે થયેલા રાવણે કપટ કર્યું. મારીચ મૃગનું રૂપ ધારણ કરીને રામ લક્ષ્મણને દૂર લઈ ગયો ત્યારે રાવણે સીતાનું અપહરણ કર્યું. રાવણે સીતાની મદદે આવેલા જટાયુને હણી નાખ્યા. રામ અને લક્ષ્મણ જટાયુની પાસેથી સમાચાર સાંભળીને આગળ નીકળ્યા. તેમણે કબંધ નામના રાક્ષસને શાપથી મુક્ત કર્યો. સુગ્રીવની સાથે મિત્રતા કરી. આમ વાલીનો વધ કરીને સુગ્રીવને કિષ્કિંધાનો અધિપતિ બનાવ્યો. હનુમાન સમુદ્ર પાર કરીને લંકા ગયા. ત્યાં સીતાને અશોકવાટિકામાં મળીને રામનો સંદેશો કહ્યો. હનુમાને આક્ષયકુમારનો વધ કર્યો અને લંકાદહન કર્યું. સીતાની પાસેથી નિશાનીરૂપે ચૂડામણિ લઈને હનુમાન રામ પાસે પાછા

આવ્યા. રામે વાનરોની મદદથી સમુદ્ર પર સેતુબંધ બાંધીને લંકાની આસપાસ ઘેરો ઘાલ્યો. રામ અને રાવણ વચ્ચે ભીષણ યુદ્ધ જામ્યું. રામે મેઘનાદ, કુંભકર્ણ અને રાવણનો સંહાર કર્યો. રામે વિભિષણને લંકાનું રાજ્ય સોંપ્યું સીતાએ અગ્નિપરીક્ષા દ્વારા પોતાની શુદ્ધતા સાબિત કરી. રામ, લક્ષ્મણ અને સીતા પુષ્પક વિમાનમાં બેસીને પાછા ફર્યા.

**સર્ગ -13 દંડકા પ્રત્યાગમન :**

પુષ્પક વિમાનમાં બેસીને રામ અને સીતા પાછા ફરતાં હતાં. રામે સીતાને વાનર સેનાએ બાંધેલો પુલ બતાવ્યો. રસ્તામાં જનસ્થાન, માલ્યવાન પર્વત, પંચવટી, ઋષિઓના આશ્રમો, ચિત્રકૂટ પર્વત, મંદાકિની નદી, વૃક્ષો, ગંગા-યમુનાનો સંગમ વગેરે સ્થળોનું રામે સીતાની આગળ વર્ણન કર્યું. છેવટે સરયૂ નદીના કિનારે પુષ્પક વિમાન ઊતર્યું ત્યારે વસિષ્ઠ, ભરત, મંત્રીઓ અને પ્રજાજનોએ રામનું સ્વાગત કર્યું. શત્રુઘ્ને નગરની બહાર શિબિરો ઊભી કરી હતી.

**સર્ગ-14 સીતાપરિત્યાગ :**

રામનો રાજ્યાભિષેક વિધિ થયો. પછી રામ રાજધાનીમાં પ્રવેશી રામની સાથે આવેલા વાનર અને રાક્ષસોના મુખ્ય મુખ્ય અતિથિઓ થોડો સમય રોકાયા. સમય જતાં સીતા સગર્ભા બન્યાં. તેમણે રામની પાસે ભાગીરથીના કાંઠા પરના તપોવનનાં દર્શન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. એ સમયે રામને રાક્ષસરાજ રાવણને ત્યાં રહેલી સીતા વિશે લોકો વિવિધ વાતો કરે છે તેવી જાણ થઈ. રામે લોક નિંદા સાંભળીને સીતાના ત્યાગનો નિર્ણય લીધો અને લક્ષ્મણને સીતાને જંગલમાં લઈ જઈને વાલ્મીકિના આશ્રમ પાસે ત્યજીને પાછા આવવાની આજ્ઞા કરી. લક્ષ્મણ સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે લઈ ગયો અને ત્યાં સીતાને હકીકતની જાણ કરી. સીતાએ આ ઘટનાથી શોકાતુર થઈને રામને સંદેશો મોકલ્યો કે લોકાવાદથી ડરીને તમે અગ્નિ પરીક્ષાથી શુદ્ધ થયેલી પત્નીનો ત્યાગ કરો છો તે તમને યોગ્ય નથી. લક્ષ્મણના ચાલ્યા ગયા પછી કરુણ વિલાપ કરતાં સીતાની પાસે વાલ્મીકિ આવ્યા. તેમણે સીતાને પોતાના આશ્રમમાં નિવાસ આપ્યો. સીતાએ સંતાનોને જન્મ આપ્યા પછી શરીર ત્યજવાનો અને બીજા જન્મમાં રામને પતિ તરીકે પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. સીતાના ત્યાગથી રામ અત્યંત દુઃખી હતાં. તેમણે કઠોર હૈયાથી રાજ્ય કર્યું. અશ્વમેઘ યજ્ઞમાં સીતાની સુવર્ણ પ્રતિમા સ્થાપીને યજ્ઞ કર્યો. વાલ્મીકિના આશ્રમમાં સીતાને રામના આ વ્યવહારની જાણ થતા તેને થોડું સાંત્વન મળ્યું.

**સર્ગ - 15 શ્રી રામસ્વર્ગારોહણ**

રામે લવણાસુરનો વધ કરવા શત્રુઘ્નને મોકલ્યો. તે વાલ્મીકિના આશ્રમ પાસેથી પસાર થયો. તે સમયે સીતાએ લવ-કુશને જન્મ આપ્યો. શત્રુઘ્ન લવણાસુરનો વધ કરીને અયોધ્યા પાછો ફર્યો પણ તેણે સીતાના પુત્રો અંગેની વાત રામને ન જણાવી. રામે શૂદ્રમુનિ શંબૂકનો વધ કર્યો. પછી તેમણે અશ્વમેઘ યજ્ઞનો આરંભ કર્યો. ઋષિમુનિઓ સાથે વાલ્મીકિ પણ લવ-કુશ સાથે યજ્ઞમાં ગયા. વાલ્મીકિએ શીખવાડેલા રામાયણનું ગાન લવ-કુશે રામની સમક્ષ કર્યું. વાલ્મીકિએ લવ-કુશને રામના પુત્રો તરીકે સ્વીકાર કરવાનું જણાવ્યું. તેમણે પવિત્ર સીતાનો રામ સ્વીકાર કરે તેવું પણ કહ્યું. રામ પ્રજાજનોને વાંધો ન હોય તો સીતાને સ્વીકારવા તૈયાર થયા. સીતાએ ધરતીને તેના ઉદરમાં સમાવી

લેવાની વિનંતી કરી. સીતા ધરતીમાં સમાઈ ગયા પછી રામે રાજ્યનું વિભાજન કરીને તેનો વહીવટ ભાઈઓ તથા પુત્રોને સોંપીને સ્વર્ગમાં પ્રસ્થાન કર્યું.

### સર્ગ -16 કુમુદવતી પરિણય

રામે કરેલી વહેંચણી મુજબ કુશને દક્ષિણનું રાજ્ય મળ્યું. તેણે કુશાવતી રાજધાની વસાવી. એકવાર કુશને અયોધ્યાની અધિષ્ઠાત્રી દેવીનાં દર્શન થયાં. રામના વૈકુંઠગમન પછી અયોધ્યાની દુર્દશાનો ખ્યાલ તેણે આપ્યો અને અયોધ્યાનો પુનરુદ્ધાર કરવાની વિનંતી કરી. કુશ અયોધ્યા પાછો ફર્યો. તેણે અયોધ્યાનો જીર્ણોદ્ધાર કર્યો. એકવાર જલવિહાર કરતાં કુશનું સોનાનું દિવ્ય કડું કુમુદ નામનો નાગ લઈ ગયો. કુશે ગુસ્સે થઈને ગરુડાસનનો પ્રયોગ કર્યો. કુમુદ નાગ કુશને સોનાનું કડું પાછું આપી ગયો. તેણે કુશની સાથે તેની બહેન કુમુદવતી પરણાવી.

### સર્ગ - 17 અતિથિવર્ણન :

કુશની રાણી કુમુદવતીએ ‘અતિથિ’ નામના પુત્રને જન્મ આપ્યો. એક વખત કુશ દુર્જય નામના દૈત્ય સામે યુદ્ધ કરવા માટે ઈન્દ્રની સહાય કરવા ગયો. તેણે દુર્જયનો વધ કર્યો અને તે પણ લડતાં લડતાં વીરગતિ પામ્યો. કુમુદવતી સતી ગઈ. કુશના મૃત્યુ બાદ અતિથિ ગાદી પર આવ્યો. તેણે અયોધ્યાની સમૃદ્ધિ અને ભવ્યતામાં વધારો કર્યો.

### સર્ગ - 18 વંશાનુક્રમ

અતિથિએ નિષધ દેશના રાજા અર્થપતિની પુત્રી સાથે લગ્ન કર્યા. તેણે નિષધ નામના પુત્રને જન્મ આપ્યો. અતિથિએ નિષધ યુવાન થયો ત્યારે તેને રાજ્ય સોંપી દીધું. અતિથિ યજ્ઞયાગ, દાનપુણ્ય કરતાં કરતાં સ્વર્ગે ગયો. નિષધ પછી ઓગણીસ રાજાઓ થયા. છેલ્લા રાજા ધ્રુવસિંહને સિંહે મારી નાંખ્યો. ધ્રુવસિંહ પછી તેના છ વર્ષના પુત્ર સુદર્શનને ગાદીએ બેસાડવામાં આવ્યો. સુદર્શન યુવાન થતાં પ્રધાનોએ તેનાં લગ્ન કરાવ્યાં.

### સર્ગ - 19 અગ્નિવર્ણશૃંગાર

સુદર્શને શત્રુઓનો સંહાર કર્યો અને રાજ્યને સુરક્ષિત કર્યું. તે વૃદ્ધ થયો ત્યારે તેણે પુત્ર અગ્નિવર્ણને ગાદી સોંપી દીધી અને નૈમિષારણ્યમાં ચાલ્યો ગયો. અગ્નિવર્ણ વિલાસી અને ભોગવિલાસમાં મોજ માણનારો રાજા હતો. પ્રજાજનો તેના દર્શન કરવા ઈચ્છે ત્યારે તે અંતઃપુરની બારીમાંથી એક પગ કાઢીને બતાવી દેતો હતો. આમ છતાં તે ઉત્તમ કલાકાર હતો. નર્તકીઓ નૃત્ય કરતી ત્યારે તે મૃદંગ વગાડતો. નૃત્યમાં નાની ક્ષતિ હોય તો પણ તે જાણી લેતો. તે સુરા અને સુંદરીઓના અતિશય સેવનથી દુર્બળ અને રોગી બન્યો. તે અકાળે અવસાન પામ્યો ત્યારે મંત્રીઓએ તેની સગર્ભા રાણીને ગાદી પર બેસાડી. આ રીતે મહાન સૂર્યવંશ એવા રઘુવંશનો અંત આવ્યો. કાલિદાસે રઘુવંશનો ભવ્ય ઈતિહાસ તેના ગૌરવવંત ઉદય અને છેવટે ભોગ અને વિલાસી રાજા દ્વારા તેના અંતનું સૂચન કરીને મહાકાવ્યનું સમાપન કર્યું છે.

## 3.3 રઘુવંશનું કલ્પાન્તર સ્થાયિત્વ અને કાલિદાસનું જીવનદર્શન

મહાકાવ્યમાં સર્વ લક્ષણો હોય પણ તેમાં યુગે યુગે પ્રેરણા આપે તેવાં તત્ત્વો ન

હોય તો એ મહાકાવ્ય અમર ન બની શકે. રઘુવંશમાં ચિરંજીવ હોવાનું તત્વ છે, કેમ કે-

1. સૂર્યવંશના રાજાઓએ ભારતીય સંસ્કૃતિના આદર્શોનું પાલન કર્યું છે. ભારતીય સંસ્કૃતિ ધર્મ અને ત્યાગપ્રધાન છે. રઘુવંશના રાજાઓના વ્યક્તિત્વ અને જીવનચરિત્રમાં ભારતીય સંસ્કૃતિનાં આદર્શો મૂર્તિમંત છે.
2. દિલીપરાજા ગાયને બચાવવા પોતાની જાત સમર્પીને દયા અને શરણાગત વત્સલતાનો આદર્શ સ્થાપે છે. રઘુ દિગ્વિજય કરીને લખલૂટ સંપત્તિ ભેગી કરીને સર્વસ્વનું દાન આપી દે છે. તે નિર્ધન હોવા છતાં આંગણે આવેલ અતિથિનો સત્કાર કરીને તેને 14 કરોડ સોનામહોરની વ્યવસ્થા કરી દઈને, દાનવીરતા તથા ગૃહસ્થ ધર્મ, ક્ષત્રિયધર્મનો આદર્શ સ્થાપે છે. રામ 'રઘુકુલ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાય પર બચન ન જાઈ'ના આદર્શને સ્થાપીને પ્રતિજ્ઞાપાલન કરે છે. સીતા તેનો વિના કારણે ત્યાગ કરનાર રામને માટે કહે છે કે -

**भूम्यो यथा मे जननान्तरेऽपि**

**त्वमेव भर्ता न च विप्रयोगः ।**

સીતાનો આ સંદેશો સમગ્ર ભારતીય નારીઓનો આદર્શ છે.

3. કાલિદાસે પ્રથમ સર્ગમાં રઘુવંશના રાજાઓના ગુણ દર્શાવ્યા છે, તેમાં ભારતીય સંસ્કૃતિના ભવ્ય આદર્શો પ્રતિબિંબિત થાય છે.
4. કાલિદાસે અનેક સ્થળોએ વિચારમૌક્તિકો વિખેરીને તેમનું જીવનદર્શન વણી લીધું છે.

**आज्ञा गुरुणां ह्यविचारणीया ।**

જેવા વાક્યો, રસભરી શૈલી, ચમત્કૃતિવાળા અલંકારો તો આ બધા સાથે છે જ.

## 3.4. ઉપસંહાર

રઘુવંશે કાલિદાસની ખ્યાતિ "દીપશિખા" સમાન સ્થાપી છે क इह रघुकार न रमते ઉક્તિ પ્રચલિત બની છે. એમ. આર. કાલે નોંધે છે કે "It is in the Raghuvansam as in the sakuntala that Kalidasa is seen at this best. The poem has been most popular in India from very early times and has woked an unending chorus of praise from the learned and beginners alike." રઘુવંશ પર પચાસ જેટલી ટીકાઓ લખાઈ છે. તે તેની લોકપ્રિયતાનો પુરાવો છે. ડૉ. એસ. કે. ડે. એ લખ્યું છે કે કાલિદાસ અહીં તો એક પુરાણકથા કરે છે, પણ રોમહર્ષણ ચારુતાથી આપણને એક નૂતન વાતાવરણમાં લઈ જાય છે, પણ આ ઓજસ્વી અને અદ્‌ભુત પરિવેશમાં તે સદાય વાસ્તવવાદી બન્યા સિવાય વાસ્તવદર્શી બની રહે છે. પદાર્થો, દૃશ્યો, પાત્રો, ભાવો, ઘટનાઓ, વિચારો આ બધા જ રૂપાંતરિત થઈને શાશ્વત કીર્તિ અને કાવ્યશ્રમમાં ગોઠવાઈ જાય છે.

ડૉ. જી. સી. ઝાલાના મતે "કુમારસંભવ" એક મહાકાવ્ય તરીકે ગણના અને માન્યતા પામ્યું છે. તે છતાં ભારતીય કાવ્યમીમાંસાની મહાકાવ્યની વ્યાખ્યા અનુસાર "રઘુવંશ" એ સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય છે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો : બહુ વૈકલ્પિક પ્રશ્નો

1. રઘુવંશ મહાકાવ્યના રચયિતા કોણ છે ?

   (A) કાલિદાસ (B) ભારવિ (C) માઘ (D) બાણ

2. રઘુવંશ કેટલા સર્ગથી યુક્ત છે ?

   (A) બાર (B) પંદર (C) સત્તર (D) ઓગણીસ

3. દિલીપરાજા અને સુદક્ષિણા રાણી પુત્ર પ્રાપ્તિ માટે કયા ઋષિના આશ્રમે જાય છે?

   (A) વાલ્મીકિ (B) વસિષ્ઠ (C) કશ્યપ (D) વેદવ્યાસ

4. કામધેનુ ગાયની પુત્રીનું નામ શું છે ?

   (A) ગાયત્રી (B) સાવિત્રી (C) નંદિની (D) ગોકર્ણ

5. રઘુકુળનો પ્રારંભ કયા રાજાથી થાય છે ?

   (A) રઘુ (B) અજ (C) રામ (D) દિલીપ

6. રઘુકુળનો અંત કયા રાજાથી થાય છે ?

   (A) દિલીપ (B) અજ (C) કુશ (D) અગ્નિવર્ણ

7. રઘુવંશમાં મુખ્ય પુરુષાર્થ કયો છે ?

   (A) ધર્મ (B) અર્થ (C) કામ (D) મોક્ષ

8. રઘુવંશના દ્વિતીય સર્ગનું નામ શું છે ?

   (A) વસિષ્ઠ બ્રહ્માભિગમન (B) નંદિની વરપ્રદાન

   (C) રઘુનો દિગ્વિજય (D) ઈન્દુમતી સ્વયંવર

9. રઘુવંશનો કુમુદવતી પરિણય નામનો સર્ગ કયો છે ?

   (A) પાંચમો (B) પંદરમો (C) સોળમો (D) બારમો

10. રઘુવંશના કયા સર્ગમાં રઘુવંશના રાજાઓની લાક્ષણિકતાઓ વર્ણવીને રઘુવંશની ભવ્યતાનો ખ્યાલ આપ્યો છે.

    (A) બીજો (B) પ્રથમ (C) ચોથો (D) ત્રીજો

★

એકમ 4

# કિરાતાર્જુનીયમ્

**રૂપરેખા**


**4.0 ઉદ્દેશ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 કિરાતાર્જુનીયમ્નો સર્ગવાર સારાંશ (કથાનક)**

**4.3 ભારવિની કાવ્ય વિશેષતા**

**4.4 'કિરાતાર્જુનીયમ્'માં ભારવિનું જીવનદર્શન**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**


## 4.0 ઉદ્દેશ

- આ એકમમાં કવિ ભારવિકૃત 'કિરાતાર્જુનીયમ્' મહાકાવ્યનો પરિચય મેળવશો.
- કવિ ભારવિની કાવ્ય વિશેષતાને સમજવામાં આ એકમ આપને ઉપયોગી સાબિત થશે.
- 'બૃહત્ત્રયી'માં જેનો સમાવેશ થાય છે તે ત્રણ મહાકાવ્યો પૈકીના એકનો અહીં સર્ગવાર પરિચય પ્રાપ્ત કરશો.

## 4.1 પ્રસ્તાવના

'બૃહત્ત્રયી' તરીકે પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના ત્રણ મહાકાવ્યો-કિરાતાર્જુનીયમ્, શિશુપાલવધ અને નૈષધીયચરિતમાં 'કિરાત'નું એક આગવું સ્થાન છે. પ્રસ્તુત મહાકાવ્યમાં કુલ 18 સર્ગો અને 1040 શ્લોકો છે. મહાભારતના વનપર્વમાંથી આ કથાનક લેવામાં આવ્યું છે.

ભારતની આ એકમાત્ર કૃતિ 'કિરાતાર્જુનીયમ્'ની એક વિશેષતા એ છે કે, તેમાં પ્રથમ સર્ગના પ્રથમ શ્લોકમાં 'શ્રી' મંગળવાચક શબ્દથી પ્રારંભ કરી પ્રત્યેક સર્ગના અંતિમ શ્લોકમાં **'લક્ષ્મી'** શબ્દનો ઉલ્લેખ કરી મંગલથી જ તેની પૂર્ણતા થતી બતાવી છે. આ શૈલીથી ભારવિનું આ મહાકાવ્ય **'લક્ષ્મ્યઙ્ક'** પણ કહેવાય છે. જ્યારે શિશુપાલવધમાં માઘે દરેક સર્ગને અંતે 'શ્રી' શબ્દ પ્રયોજ્યો હોવાથી તે **'શ્ર્યઙ્ક'** (શ્રી + અંક) કહેવાય છે.

## 4.2 કિરાતાર્જુનીયમ્નો સર્ગવાર સારાંશ (કથાનક) :

દ્યૂતમાં પરાજય પામ્યા હોવાથી યુધિષ્ઠિર દ્રૌપદી અને અન્ય ભાઈઓ સાથે દ્વૈતવનમાં આવી નિવાસ કરે છે. એકવાર યુધિષ્ઠિર દુર્યોધનના રાજ્ય શાસનના સમાચાર જાણવા

માટે એક વનેચરને મોકલે છે. બ્રહ્મચારીના વેશમાં ગયેલો વનેચર હસ્તિનાપુરથી પરત આવી સર્વવૃત્તાન્ત યુધિષ્ઠિરને કહે છે. આ પ્રસંગથી 'કિરાતાર્જુનીયમ્'નો પ્રથમ સર્ગ આરંભાય છે.

**સર્ગ : 1** - બ્રહ્મચારીના વેશમાં રહેલા વનેચરના આગમથી મહાકાવ્યનો આરંભ થાય છે. તે યુધિષ્ઠિરને પ્રણામ કરીને દુર્યોધન નીતિપૂર્વક રાજ્યનું શાસન કરી રહ્યો છે, તેમ દુર્યોધને અપનાવેલી રાજનીતિની સવિસ્તર માહિતી આપે છે. તે કહે છે કે, દુર્યોધન કપટથી જીતેલા રાજ્યને નીતિથી જીતવા માટે સદાચારપૂર્ણ વ્યવહાર પ્રજા સાથે કરી રહ્યો છે. એ દુર્યોધન તમારું સદા હિત ઈચ્છે છે.

યુધિષ્ઠિર વનેચરનો સઘળો વૃત્તાંત સાંભળી તેનો યોગ્ય સત્કાર કરી વિદાય આપે છે. વનેચરે કહેલો સમગ્ર વૃત્તાન્ત તે દ્રૌપદી તથા ભાઈઓને કહે છે. દ્રૌપદી આ બધું સાંભળીને ખૂબ વ્યથિત થાય છે અને યુધિષ્ઠિરની નિર્બળ નીતિની કડક આલોચના કરે છે અને પાંડવોની દયનીય દશાનું વર્ણન કરે છે. દ્રૌપદી એટલી હદે ઉશ્કેરાય છે કે તે શરતનો ભંગ કરી પાંડવોને શીઘ્ર યુદ્ધ કરવા પ્રેરે છે.

**સર્ગ : 2** - દ્રૌપદીના ઉત્તેજિત કરે એવા વચનો સાંભળીને પાંચ પાંડવોમાં ભીમ યુધિષ્ઠિરને દંડનીતિ અપનાવવા કહે છે. ભીમ યુદ્ધની અનિવાર્યતા અને પોતાની પ્રતિજ્ઞા પર અટલ રહે છે. એટલીવારમાં ભગવાન મહર્ષિ વ્યાસ પધારે છે એમનું પાંડવો યથાયોગ્ય સ્વાગત કરે છે અને ઉચ્ચ આસન આપે છે.

**સર્ગ : 3** - યુધિષ્ઠિરની નીતિપ્રિયતાને વ્યાસમુનિ વખાણે છે. વ્યાસમુનિ કહે છે કે ભીષ્મ, કર્ણ, દ્રોણ જેવા યોદ્ધાઓને પરાજિત કરવા માટે દિવ્ય અસ્ત્ર પ્રાપ્ત કરવા જોઈએ કારણ કે યુદ્ધ તો થવાનું જ છે. તેઓ અર્જુનને એક મંત્રનો ઉપદેશ કરી ઈન્દ્રને પ્રસન્ન કરવાનું સૂચવે છે. વ્યાસમુનિ એક યક્ષને અર્જુન સાથે મોકલે છે, જે ઈન્દ્રકીલ પર્વત ઉપર તપ કરવા માટે પહોંચાડે છે.

**સર્ગ : 4** - આ સર્ગમાં શરદઋતુનું સુંદર વર્ણન મળે છે. યક્ષ માર્ગનું નિદર્શન કરતો કરતો શરદનું વર્ણન કરે છે અને એમ અર્જુનની સાથે હિમાલય ઉપર આવી પહોંચે છે.

**સર્ગ : 5** - અર્જુન હિમાલય જોઈને પ્રસન્નચિત્ત બને છે તેથી યક્ષ હિમાલયની ભવ્યતા અને ગૌરવનું વર્ણન કરે છે. તે હિમાલય ઉપર સ્થિત ઈન્દ્રકીલ પર્વતના સૌંદર્યનું મનોહર વર્ણન કરે છે. છેવટે તે યક્ષ અર્જુનને શસ્ત્ર ધારણ કરી તપ કરવાનું જણાવી અદશ્ય થઈ જાય છે.

**સર્ગ : 6** - અર્જુન આ ઈન્દ્રકીલ પર્વત ઉપર એક સુંદર ઉપર્યુક્ત સ્થાન પસંદ કરી તપ કરવા તૈયાર થાય છે. તે મનને એકાગ્ર કરી ઈન્દ્રિયોને વશમાં રાખી તપ આદરે છે. અર્જુન પોતાના સૌમ્ય અને સહજ આચરણથી ઈન્દ્રકીલ પર્વત પર વસતા ઋષિઓના હૃદય જીતી લે છે. અર્જુનનો બાહ્ય દેખાવ પણ હવે મુનિઓ જેવો થઈ જાય છે.

અર્જુનના તપથી ઈન્દ્રકીલના રક્ષકો ડરી જાય છે અને ઈન્દ્ર પાસે જઈ સર્વ હકીકત બયાન કરે છે. ઈન્દ્ર અર્જુનની પરીક્ષા કરવા ગંધર્વો-અપ્સરાઓને મોકલે છે.

**સર્ગ : 7** - ગંધર્વો અને અપ્સરાઓ હાથી, ઘોડા, રથ અને સેવકો સાથે ઈન્દ્રકીલ પર્વત પર પ્રયાણ કરે છે. માર્ગમાં ખૂબ તાપ લાગે છે. માટે તેઓ પડાવ નાંખે છે. આ

આખા સર્ગમાં અપ્સરાઓની વિલાસપૂર્ણ ચેષ્ટાઓ અને શિબિરના સંનિવેશનાં વર્ણનો છે. આ બધાંને લીધે ઈન્દ્રકીલ પર્વત જાણે કે કોઈ નગરરૂપે ભાસે છે.

**સર્ગ : 8** - આ સર્ગમાં માયાવી મહેલોમાં આરામ કરવાને બદલે અપ્સરાઓ વનવિહાર કરવા જાય છે. આથી અહીં કવિ જલક્રીડા આદિ શૃંગારિક વર્ણનો કરવાની સુંદર તક ઝડપી લે છે.

**સર્ગ : 9** - આ સર્ગના પ્રારંભે સંધ્યાનું વર્ણન છે. સૂર્યાસ્ત પછી થતા ચંદ્રોદય, અપ્સરાઓની અને ગંધર્વોની વિહારક્રીડાનું વર્ણન છે તો વળી સુરાપાન અને સુરતક્રીડાનું વર્ણન પણ છે અને અંતે પ્રભાતનું વર્ણન છે.

**સર્ગ : 10** - અહીં અપ્સરાઓ પોતાનું મુખ્ય કાર્ય પ્રારંભે છે. છ ઋતુઓ તેમને સહાય કરવા આવે છે. ગંધર્વો વીણાગાન આરંભે છે. વાતાવરણ ઉન્માદક બને છે અને તેનો લાભ લઈ અપ્સરાઓ અર્જુનને વિચલિત કરવા નૃત્ય અને કામુક ચેષ્ટાઓ કરે છે પણ આ બધું વ્યર્થ જાય છે. તેઓ નિષ્ફળ થઈ સ્વર્ગમાં ઈન્દ્ર પાસે પરત ફરે છે.

**સર્ગ : 11** - અર્જુન તેના તપમાંથી ડગ્યો નથી. એ જાણી સ્વયં ઈન્દ્ર મુનિવેશે અર્જુન પાસે આવે છે. અર્જુનને શસ્ત્રધારી જોઈ આશ્ચર્ય પામે છે. અર્જુન પોતાના તપનો હેતુ જણાવે છે. તેને દૃઢ નિશ્ચયવાળો જોઈ ઈન્દ્ર પોતાનું રૂપ પ્રગટ કરે છે અને તપ વડે શિવજીને પ્રસન્ન કરવા સાલહ આપી પાછા ફરે છે.

**સર્ગ : 12** - શિવને પ્રસન્ન કરવા માટે અર્જુન પુનઃનિર્ભય બની કઠોર તપશ્ચર્યા આદરે છે. અર્જુનને તપમાં રત જોઈ 'મૂક' નામનો દાનવ વરાહનું રૂપ લઈને કપટથી તેને મારવા જઈ રહ્યો છે ત્યારે હું પણ કિરાત = ભીલનો વેષ ધારણ કરી મારા ગણો સાથે ત્યાં જઉં છું. થોડા સમયમાં તમે અર્જુનના પરાક્રમને જોશો, આમ કહીને શિવ પોતાના ગણો સાથે ઇન્દ્રકીલ પર્વત ઉપર આવી પહોંચે છે.

**સર્ગ : 13** - અર્જુન આ વરાહનું રૂપ ધારણ કરી આવેલા મૂક દાનવને નિહાળી તર્ક-વિતર્ક કરે છે. સતત શિવના પિનાક ધનુષમાંથી અને અર્જુનના ગાંડીવ ધનુષમાંથી એક સાથે બાણો છૂટે છે. વરાહ ઘાયલ થાય છે. જમીન ઉપર ઢળી પડી મૃત્યુ પામે છે. અર્જુન અને શિવનો દૂત બંને પોતપોતાના બાણ લેવા આવે છે. બાણ વાગવાની બાબતમાં બંને વચ્ચે ઉત્તેજનાપૂર્ણ વાદ-વિવાદ થાય છે.

**સર્ગ : 14** - શિવનો સેવક પરત ફરે છે. શિવને સર્વ હકીકત જણાવે છે. શિવ મનમાં પ્રસન્ન છે પણ બહારથી અર્જુન પર આક્રમણ કરવાનો આદેશ પોતાની સેનાને આપે છે. કિરાત (શિવ)ની સેના બાણોનો વરસાદ વરસાવે છે સામે અર્જુન પણ વળતો પ્રહાર કરે છે. અર્જુનના બાણોથી કિરાત સેના નાસી છૂટે છે. કેટલાંક મૂર્છિત પણ થઈ જાય છે.

**સર્ગ : 15** - શિવના ગણોમાં નાસભાગ મચી જાય છે. તેથી કુમાર કાર્તિકેય યુદ્ધ કરવા આવે છે. કાર્તિકેયના સૈનિકો પણ હતાહત થઈ જાય છે. વળી પાછું શિવ અને અર્જુન વચ્ચે યુદ્ધ થાય છે.

**સર્ગ : 16** - કિરાતની શૂરવીરતા જોઈ અર્જુનને સંશય થાય છે. તે પ્રસ્વાપન શસ્ત્ર દ્વારા સેનાને મૂર્છિત કરી દે છે. અંધકાર છવાય છે. શિવના લલાટમાંથી નીકળેલી તેજોરેખાથી પ્રકાશ થઈ જાય છે. પછી અર્જુન નાગપાશ ફેંકે છે, તો કિરાત ગરુડાસ્ત્ર ફેંકે છે. અર્જુન આગ્નેયાસ્ત્ર પ્રયોજે છે, તો કિરાત વરુણાસ્ત્ર છોડે છે. આમ, અર્જુનના

મૂલ્યવાન અસ્ત્રો ખૂટી પડે છે. તેમ છતાં હિંમત હાર્યા વિના સ્વપરાક્રમ બતાવે છે.

**સર્ગ : 17** - કિરાત (શિવ) અહીં પોતાનું ભયંકર રૂપ ધારણ કરે છે. અર્જુનનું કવચ નાશ પામે છે. અર્જુન તલવાર અને છેવટે પથ્થરોથી પ્રહાર કરે છે પણ તે બધું નિરર્થક નીવડે છે.

**સર્ગ : 18** - છેવટે અર્જુન બાહુયુદ્ધ કરવા તત્પર બને છે. આથી આખો ઈન્દ્રકીલ પર્વત હચમચી ઊઠે છે. શિવ અર્જુનને જોવા, જમીન પર પટકવા ઉદ્યત થાય છે, ત્યાં તો અર્જુન બળપૂર્વક બંને હાથ વડે કિરાતનાં ચરણ પકડી લે છે અને શિવ તો આશુતોષ હોવાથી શીઘ્ર પ્રસન્ન થાય છે અને અર્જુનને ભેટે છે.

શિવ પોતાનું મૂળરૂપ પ્રગટ કરે છે. આ જોઈ અર્જુન ગદ્‌ગદિત બની જાય છે. શિવની કૃપાથી અર્જુન પોતાના ગુમાવેલા શસ્ત્ર અસ્ત્ર પાછા મેળવે છે. તેની પર જળ અને પુષ્પની વૃષ્ટિ થાય છે. સૌ દેવો શિવની સ્તુતિ કરે છે અને અર્જુનને આશિષ આપે છે.

અર્જુન ભક્તિભાવથી શિવને વંદન સ્તુતિ કરે છે અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરાવનાર દિવ્ય અસ્ત્રની યાચના કરે છે. પશુપતિ શિવ પાશુપતાસ્ત્ર પ્રદાન કરે છે. ધનુર્વેદ તેને યુદ્ધવિદ્યા આપે છે. ઈન્દ્ર આદિ અમોઘ શસ્ત્ર આપે છે. યુધિષ્ઠિર આદિ તેનું અભિવાદન કરી સત્કારે છે. આ રીતે અહીં 'કિરાતાર્જુનીયમ્'નું કથાનક પૂર્ણ થાય છે.

આ રીતે ભારવિએ પાંડવોના જીવનમાંથી કેવળ એક નાની ઘટનાનો આધાર લઈને તેમાં કેટલાંક મહત્ત્વપૂર્ણ વર્ણનો ઉમેરીને મહાકાવ્યનું સ્વરૂપ આપ્યું છે.

## 4.3 ભારવિની કાવ્યવિશેષતા

મહાકવિ કાલિદાસ તેમની ઉપમાઓ માટે પ્રસિદ્ધ છે. તેમ મહાકવિ ભારવિ તેમના 'અર્થગૌરવ' માટે અપ્રતિમ ગણાય છે - 'भारवेर्डर्थगौरवम् ।' આ મહાકાવ્યના પ્રથમ અને દ્વિતીય સર્ગમાં દ્રૌપદી, ભીમ અને યુધિષ્ઠિરની ઉક્તિઓમાં અર્થની ગરિમા, સંપૂર્ણ રીતે દૃષ્ટિગોચર થાય છે.

પ્રસિદ્ધ ટીકાકાર મલ્લિનાથે ભારવિની શૈલીને 'નાળિયેરના ફળ' સાથે સરખાવી છે. 'नारिकेल फलसंमित वचो भारवेः ।' ભારવિની કવિત્વશક્તિ પણ અનન્ય છે. પાંચમા સર્ગમાં ઉડેલા કમળપરાગની કનક (સુવર્ણ) ના છત્ર સાથે કરેલી સરખામણીથી પ્રસન્ન થઈ સંસ્કૃતના કાવ્યરસિકોએ મહાકવિ ભારવિને 'આતપત્રભારવિ'નું બિરુદ આપી નવાજ્યા છે.

મહદ્‌અંશે મહાકાવ્યનાં તમામ લક્ષણો કિરાતાર્જુનીયમાં સિદ્ધ થાય છે. ભારવિએ મહાકાવ્યની રચનાશૈલી અને પરંપરામાં એક નવી કેડી કંડારી છે. મહાકાવ્યનું સ્વરૂપ ભારવિમાં ઉચ્ચ સિદ્ધિને પામ્યું છે.

## 4.4 'કિરાતાર્જુનીયમ્'માં ભારવિનું જીવનદર્શન :

ભારવિની વાણીમાં એના અનુભવની સચ્ચાઈનો રણકો બોલે છે. તેથી જ તો તે કહે છે -

'इदमीदृगनीदगाशयः प्रसन्नं वक्तुमुपतक्रमेत कः' કાવ્યમાં કવિનું દર્શન કાવ્યના દેહથી જ પ્રગટ થતું હોય છે. આ કાવ્યને (દેહને) પામી શકાય છે પણ તે દેહની અંદરના આત્માને પામવો થોડો મુશ્કેલ છે. આ મહાકાવ્યના અંતે અર્જુને કિરાતને ચરણે પડવા નહીં પણ તેમને પછાડવા ચરણ પકડ્યા, તો પણ શિવે અર્જુન પર કૃપા કરી એટલે જ તો શિવ ભોળાનાથ કહેવાય છે. ડૉ. નાણાવટી આ સંદર્ભે લખે છે 'શિવ તત્ત્વ હંમેશા મનુષ્યના કલ્યાણને માટે તત્પર હોય છે. સત્કર્મ ભૂલથી કે વિરોધી ભાવથી કર્યું હોય તો પણ એ સત્પરિણામી જ નીવડે છે. એ સિદ્ધાંત ભૌતિક શાસ્ત્રના નિયમ જેવો અફર છે. ભૂલથી પણ ચાંપ દાબો એટલે બત્તી થાય જ. ગીતા કહે છે તેમ 'न हि कल्याण कृत्कस्चित् दुर्गतिं तात गच्छति' કલ્યાણ કરનાર કોઈ દુર્ગતિ પામતો નથી, પણ કલ્યાણકૃત બનવા જેટલો પુરુષાર્થ તો કરવો પડે.

(કવિલોક, પંચમહાકાવ્ય વિશેષાંક, પૃ. 93)

'આ કાવ્યમાં મનુષ્યનું કર્તવ્ય અને ઈશ્વરનું કર્તવ્ય - એ બે વચ્ચેનો વિરોધ અને સમન્વય દર્શાવવાનો કવિનો આશય છે. મનુષ્ય પોતાના પ્રયત્નથી જે નિર્માણ કરે તે જ ઈશ્વર તેને આપે છે પણ તે મેળવવા માટે મનુષ્યે ઈશ્વર સાથે ઝઘડવું પડે છે. ઈશ્વર સાથે લડ્યા વિના અનુગ્રહ પણ મળતો નથી."

(તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશી)

"छठ्ठी शताब्दी में मोक्ष-सम्बन्धी विचारों की आड में राष्ट्र में जो शिथिलता आ गई थी, उसे दूर करना ही भारवि के किरातार्जुनीयम् लेखन का उद्देश्य है ।"

(डॉ. केशवनारायण वारवे)

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. 'બૃહત્ ત્રયી'માં કયા કયા મહાકાવ્યોનો સમાવેશ થાય છે ?

   .......................................................

   .......................................................

   .......................................................

   .......................................................

   .......................................................

2. 'કિરાતાર્જુનીય'ના એકથી આઠ સર્ગનો સારાંશ લખો.

   .......................................................

   .......................................................

..........................................................

..........................................................

..........................................................

3. 'કિરાતાર્જુનીય'નો 9 થી 18 સર્ગનો સારાંશ આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

4. ભારવિનું જીવનદર્શન

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

5. ભારવિની કાવ્ય-વિશેષતા

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

## બહુવૈકલ્પિક પ્રશ્નો

1. કિરાતાર્જુનીય કેટલા સર્ગનું મહાકાવ્ય છે ?

(A) 18 (B) 20 (C) 7 (D) 10

2. ભાવરિએ કયા ગ્રંથમાંથી મહાકાવ્ય રચવાની પ્રેરણા લીધી છે ?
   (A) રામાયણ (B) મહાભારત (C) ભાગવતપુરાણ (D) રઘુવંશ

3. અર્જુન પાસે કિરાતનું રૂપ ધારણ કરીને કોણ આવે છે ?
   (A) શિવ (B) વિષ્ણુ (C) બ્રહ્મા (D) ઈન્દ્ર

4. કયો દાનવ અર્જુનને મારવા આવે છે ?
   (A) તારકાસુર (B) મૂક (C) બકાસુર (D) ધેનુકાસુર

5. પાંડવોને દિવ્યાસ્ત્રો એકત્ર કરવાની સલાહ કોણ આપે છે ?
   (A) ભીષ્મ (B) દ્રોણાચાર્ય (C) કૃપાચાર્ય (D) વ્યાસમુનિ

6. શિવને પ્રસન્ન કરવાની ઈન્દ્ર કોને સલાહ આપે છે ?
   (A) યુધિષ્ઠિર (B) ભીમ (C) અર્જુન (D) કૃષ્ણ

7. ભારવિ પોતાની કઈ કાવ્ય વિશેષતા માટે પ્રસિદ્ધ છે ?
   (A) ઉપમા (B) અર્થગૌરવ (C) પદલાલિત્ય (D) પ્રાસાદિકતા

8. ભારવિને કયું બિરુદ મળેલું છે ?
   (A) દીપશિખા (B) ઘંટામાઘ (C) આતપત્ર (D) મહર્ષિ

9. કયું મહાકાવ્ય 'લક્ષ્મ્યંક' તરીકે ઓળખાય છે ?
   (A) રઘુવંશ (B) કુમારસંભવ (C) કિરાતાર્જુનીય (D) નૈષધીયચરિત

10. 'કિરાતાર્જુનીય'નોમાં કુલ કેટલા શ્લોકો છે ?
    (A) 1100 (B) 1234 (C) 1040 (D) 1050

★

એકમ 5

# નૈષધીયચરિત અને શિશુપાલવધ

## રૂપરેખા

5.0 ઉદ્દેશ

5.1 પ્રસ્તાવના

5.2 'નૈષધીયચરિતમ્'નો સર્ગશઃ સારાંશ (કથાનક)

5.3 મહાકવિ ભારવિનો જીવનસંદેશ

5.4 'શિશુપાલવધ' મહાકાવ્યનો સર્ગવાર કથાસાર

5.5 મહાકવિ માઘનું જીવનદર્શન

5.6 તમારી પ્રગતિ ચકાસો

## 5.0 ઉદ્દેશ

- વિદ્યાર્થી મિત્રો ! પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં 'બૃહત્ત્રયી'માં જેમનો સમાવેશ થાય છે, એમાંથી એક 'કિરાતાર્જુનીય' મહાકાવ્યનો સર્ગવાર પરિચય તમે એકમ-4માં મેળવ્યો. હવે, આ એકમમાં બાકીના બે મહાકાવ્યો 'નૈષધીયચરિત' અને 'શિશુપાલવધ'નો પરિચય મેળવવાનો છે.
- અલંકૃત મહાકાવ્યોમાં આ બંને મહાકાવ્યોનું વિશિષ્ટ સ્થાન હોવાથી એનો પરિચય જરૂરી છે.
- શ્રીહર્ષ અને માઘ જેવાં પ્રતિભાસંપન્ન મહાકવિઓએ પણ મહાકાવ્યના સ્વરૂપને વિકસિત કરવા જે યોગદાન આપ્યું છે, તે જાણવું જરૂરી છે.
- આ એકમમાં તમને પંડિતયુગના ત્રણ પંડિતકવિઓ ભારવિ, શ્રીહર્ષ અને માઘ પૈકી શ્રીહર્ષ અને માઘની કાવ્યવિશેષતાઓનો પણ ખ્યાલ આવશે.

## 5.1. પ્રસ્તાવના

પાંચ મહાકાવ્યોમાં 'નૈષધીય ચરિત' અપ્રિતમ સ્થાન પામ્યું છે. મહાકવિ કાલિદાસ પછી જે કલાવાદી કવિઓ આવ્યાં તેમાં શ્રીહર્ષ શ્રેષ્ઠ પુરવાર થયા છે. કાલિદાસ પછી કાવ્યનાં પાંડિત્યના પ્રદર્શનની પ્રવૃત્તિ વધતી ગઈ. આ પ્રવૃત્તિ ભારવિ અને માઘ પછી શ્રીહર્ષમાં આવી ત્યારે તો એ એની ચરમ સીમા પર પહોંચી ગઈ. પ્રાચીન પંડિતોએ 'નૈષધીયચરિત'ને ઉચ્ચ દરજ્જાનું સન્માન આપીને જાહેર કર્યું કે -

तावद् भा भारवेर्भाति यावन्माघस्य नोदय: ।
उदिते नैषधेकाव्ये क्व माघ: क्व च भारवि: ॥

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, નૈષધીયચરિત મહાકાવ્યની રચના થતાં જ ભારવિ અને માઘ નિસ્તેજ થઈ ગયા. 'નૈષધીયચરિત' મહાકાવ્ય કુલ બાવીસ સર્ગનું મહાકાવ્ય છે. આ મહાકાવ્ય મહાભારતના આરણ્યક પર્વમાં આવતી નળ-દમયંતીની કથા પર આધારિત છે. આ મહાકાવ્યમાં નિષધ દેશના રાજા નળ અને એમની અપ્રિતમ સૌંદર્ય ધરાવનારી રાણી દમયંતીના જીવનચરિતનું વિસ્તારપૂર્વક આલેખન શ્રીહર્ષે કર્યું છે.

શિશુપાલવધ મહાકાવ્યના રચયિતા મહાકવિ માઘ સંસ્કૃત સાહિત્યના પ્રથમ પંક્તિના પંડિત મહાકવિ તરીકે ઓળખાય છે. તેમની એકમાત્ર ઉપલબ્ધ કૃતિ મહાકાવ્ય 'શિશુપાલવધ' છે. જે વીસ સર્ગનું છે. 'ઈતિહાસપ્રદીપ' ગણાતા મહાભારતના સભાપર્વમાં આવતી શિશુપાલના વધની કથાનો આધાર લઈ માઘે આ મહાકાવ્યની રચના કરી છે.

- માઘે પોતાની અભૂતપૂર્વ વિદ્વત્તા અને અનુપમ કાવ્યશક્તિથી મહાભારતની કથામાં પ્રાણ પૂરીને નખશિખ સુંદર એવું મહાકાવ્ય સર્જ્યું છે. સંસ્કૃતના પાંચ મહાકાવ્યોમાં આ મહાકાવ્યનું નિશ્ચિતપણે અપ્રિતમ સ્થાન છે. માઘનું સાદ્યન્ત અનુશીલન કરનાર ડૉ. હર્ષદેવ માધવનું માનવું છે કે, "માઘે આ મહાકાવ્ય દ્વારા મહાકવિ કાલિદાસ તથા મહાકવિ ભારવિની ગગનચુંબી કીર્તિને ઓળંગી જવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો છે અને તેમાં તેઓ મહદ્અંશે સફળ પણ થયા છે."

તો, સૌપ્રથમ આપણે 'નૈષધીયચરિત'નો પરિચય લઈએ ત્યારબાદ 'શિશુપાલવધ'નો પરિચય લઈશું.

## 5.2 'નૈષધીયચરિત'નો સર્ગશ : સારાંશ (કથાનક) :

**સર્ગ - 1.** આ સર્ગમાં મહાન, પુણ્ય શ્લોક રાજા નળના કામણગારા રૂપનું વર્ણન, દમયંતીના મનમાં નળ પ્રત્યેનો અનુરાગ, દમયંતીને મેળવવાની નળ રાજાની ઇચ્છા જેવા પ્રસંગોનું આલેખન કરાયું છે. આ સિવાય આ સર્ગમાં નળના વનવિહારનું વર્ણન, નળ વડે રાજહંસ અને સરોવરનું દર્શન, સુવર્ણહંસનું ગ્રહણ, તેનું આક્રંદ અને અંતે મુક્તિ જેવા પ્રસંગો દર્શાવાયા છે.

**સર્ગ - 2.** આ સર્ગમાં સુવર્ણ હંસ દ્વારા નળ પ્રત્યે આભારની લાગણી, રાજા નળનું કંઈક પ્રિય કરવા હંસની ઈચ્છા, દમયંતીનું હંસે કરેલું વર્ણન જેવા પ્રસંગો છે. આ ઉપરાંત આ સર્ગમાં ત્રૈલોક્ય સુંદરી દમયંતી સાથે નળનો મેળાપ કરવાની હંસની ઈચ્છા, ઈન્દ્રાદિ દેવોને પણ દમયંતીને પામવાની ઈચ્છા, હંસના પ્રસ્તાવથી પ્રસન્ન નળનો ઉત્તર, કામપીડિત નળની ઉક્તિઓ જેવા વર્ણનો રજૂ થયેલા છે. હંસની ઈચ્છાને નળનું અનુમોદન પણ આ સર્ગમાં દર્શાવાયું છે. આ સિવાય કુંડિનપુર નગર તરફ હંસનું ઉડ્ડયન, ત્રણેય લોકના સારભૂત કુંડિનપુરનું હંસે કરેલ વર્ણન, હંસ દ્વારા દમયંતીનું દર્શન જેવી ઘટનાઓ નિરૂપાઈ છે.

**સર્ગ - 3.** આ સર્ગમાં હંસને દમયંતી દ્વારા પકડવાનો પ્રયત્ન, દમયંતી સમક્ષ હંસે કરેલ નળના પરાક્રમ અને ઐશ્વર્યનું વર્ણન, દમયંતી અને હંસ વચ્ચે સંવાદ વર્ણવાયા છે.

**સર્ગ - 4.** દમયંતીની કામસંતપ્ત અવસ્થા, પિતા ભીમસેન વડે દમયંતીનો સ્વયંવર રચવાનું આયોજન આ સર્ગમાં નિરૂપાયું છે.

**સર્ગ - 5.** આ સર્ગમાં સ્વયંવરમાં આવવા ઈન્દ્રાદિ દેવોની તૈયારી, માર્ગમાં રાજા નળ સાથે દેવોનો મિલાપ જેવા દશ્યોનું આલેખન કરાયું છે. આ સિવાય દૌત્યકર્મ કરવા નળને દેવોનો પ્રસ્તાવ, નળની વિમાસણ અને પ્રસ્તાવનો સ્વીકાર વગેરેનું આલેખન થયેલું છે.

**સર્ગ- 6.** આ સર્ગમાં નળનું દમયંતીના અંતઃપુરમાં આગમન, ઈન્દ્ર સાથે વિવાહ માટે દમયંતીનો ઈનકાર જેવા દશ્યો છે.

**સર્ગ - 7.** આ સર્ગમાં દેવદૂત નળ દ્વારા દમયંતીનું દર્શન અને દમયંતીના દેહલાલિત્યનું વર્ણન છે.

**સર્ગ - 8.** આ સર્ગમાં દમયંતી સમક્ષ નળનું પ્રગટ થવું અને દેવદૂત બનીને ઈન્દ્રાદિદેવોની કામપીડિત અવસ્થાનું વર્ણન છે.

**સર્ગ - 9.** દેવદૂતનો પરિચય મેળવવા દમયંતીની જિજ્ઞાસા, દમયંતી-નળનો રુચિકર સંવાદ આ સર્ગમાં છે.

**સર્ગ - 10.** દમયંતીના સ્વયંવરના સમારોહનું આ સર્ગમાં અદ્ભુત વર્ણન પ્રાપ્ત થાય છે.

**સર્ગ - 11/12.** સ્વયંવરમાં દેવી સરસ્વતી દ્વારા દેવો, રાક્ષસો, ગંધર્વો, વિદ્યાધર, યક્ષ, વાસુકિ અને પૃથ્વી પરના રાજાઓનો પરિચય આ સર્ગોમાં છે.

**સર્ગ - 13.** દમયંતી સામે એક જેવા પાંચ નળની ઉપસ્થિતિ અને દમયંતીની મૂંઝવણ જેવા વર્ણનો આ સર્ગમાં છે.

**સર્ગ -14.** આ સર્ગમાં દમયંતી વડે દેવોની સ્તુતિ, પ્રસન્ન દેવોએ પ્રગટ કરેલું સ્વરૂપ, નળનું દમયંતી વડે વરણનું નિરૂપણ થયેલું છે.

**સર્ગ - 15.** નળ-દમયંતીના વિવાહ મહોત્સવ પૂર્વેની તૈયારીઓ આ સર્ગમાં વર્ણવાઈ છે.

**સર્ગ - 16.** આ સર્ગમાં દમયંતીના ભાઈ દમનકે કરેલું જાનૈયાઓનું સ્વાગત, વિવાહ મહોત્સવની ઉજવણી જેવા વર્ણનો આલેખાયા છે. આ સિવાય પુત્રી દમયંતીનો વિદાય પ્રસંગ, વિદર્ભની રાજધાનીમાં વરવધૂનું સ્વાગત જેવા પ્રસંગો છે.

**સર્ગ - 17.** આ સર્ગમાં કલિપ્રસંગ, દેવો દ્વારા ચાર્વાકના મતનું ખંડન, વૈદિક મતનું પ્રતિપાદન, કલિ દ્વારા નળ પાસેથી પત્ની અને રાજ્ય પડાવી લેવાની પ્રતિજ્ઞા જેવા પ્રસંગો છે.

**સર્ગ - 18.** નળ દમયંતીની રતિક્રીડાનું વર્ણન આ સર્ગમાં છે.

**સર્ગ - 19.** આ સર્ગમાં સુમધુર પ્રભાતે વૈતાલિકોએ કરેલું કર્ણપ્રિય ગાન જેવા દશ્યો છે.

**સર્ગ - 20.** આ સર્ગમાં દમયંતીનો સખીઓ સાથે આનંદ, પ્રમોદ, તથા રાજા નળની દિનચર્યાનું વર્ણન છે.

**સર્ગ - 21.** રાજા નળે કરેલું દેવોનું પૂજા-અર્ચન, મધ્યાહન પૂજન અને સંધ્યાપૂજનનું વર્ણન આ સર્ગમાં વર્ણવાયું છે.

**સર્ગ - 22.** આ સર્ગમાં રાજા નળ વડે સંધ્યા, અંધકાર અને ચંદ્રોદયનું વર્ણન છે.

આમ, 22 સર્ગના વિશાળ ફલક ઉપર આધારિત મહાકાવ્યને નળના સમગ્ર જીવનને આવરી લેતું દર્શાવાયું નથી, પણ નળના જીવનનો પૂર્વાર્ધ જ વર્ણવે છે. ડૉ. કેશવ નારાયણ વાટવે જેવા વિવેચકોનો અભિપ્રાય છે કે, નવદંપતીના જીવનમાં વિઘ્ન ઊભું કરવાની કલિની પ્રતિજ્ઞા પૂર્ણ થતી બતાવવા નળના જીવનનનો ઉત્તરાર્ધ જરૂરી છે. શ્રી હર્ષે તે વિભાગ રચ્યો હશે. જે હાલમાં પ્રાપ્ત થતો નથી. અથવા તો કોઈ કારણે તે ન પણ રચાઈ શક્યો હોય.

જો કે, પ્રસ્તુત મત સાથે કીથ, ચંડિકા પ્રસાદ શુક્લ આદિ વિદ્વાનો સંમત થતા નથી. તેઓના મતે 'નૈષધીયચરિત' સંપૂર્ણ કાવ્ય જ છે. કારણ કે કવિએ પોતે જ નળના શૃંગારપોષક જીવનના અંશનું જ નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી 22માં સર્ગે મહાકાવ્ય પૂર્ણ થાય એ યોગ્ય જ છે.

'નૈષધીયચરિત'માં મહાકાવ્યનાં સર્વ આવશ્યક લક્ષણોનો સુપેરે સમાવેશ થયેલો છે. શ્રીહર્ષ પ્રતિભાસંપન્ન મહાકવિ છે. આ મહાકાવ્યમાં પંડિત કવિઓને પણ અતિક્રમી જાય એવાં પદલાલિત્ય, અર્થગૌરવ અને અલંકારવૈભવ શ્રીહર્ષે પ્રયોજ્યા છે પણ વિદ્વાનોનું માનવું છે કે, તે બધું વિદ્વત્તાના બોજ નીચે દબાઈ ગયું છે, તેથી જ આ મહાકાવ્ય વિદ્વદ્ભોગ્ય મહાકાવ્ય જ બની રહ્યું છે - नैषधं विद्वद् औषधम् । એટલે જ કહેવાયું છે સત્તરમો સર્ગ આખો દાર્શનિકતાથી ઓતપ્રોત છે. જો કે, શ્રી હર્ષ પોતે પોતાના કાવ્યની કઠોરતાથી સભાન તો છે જ. કવિ સ્વયં એમ ઈચ્છતા હતા કે, શ્રદ્ધાપૂર્વક ગુરુચરણોની ઉપાસના કરી જેઓ પોતાની દુર્બોધ ગ્રંથિઓ સમજવામાં સફળ થયા હોય એવા સજ્જન વાચકો જ આ મહાકાવ્યની રસલહરીમાં ડૂબકી મારી ભલે આનંદ પ્રાપ્ત કરે.

સંસ્કૃત સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાનોને અત્યંત પ્રસન્નતા પ્રદાન કરનારું હોવાથી 'नवसर्गगते माघे नवशब्दो न विद्यते', 'माघे सन्ति त्रयो गुणाः' જેવી પ્રશસ્તિ પ્રાપ્ત કરી હોવાથી આ શિશુપાલવધ મહાકાવ્ય મહાકવિ માઘના ચિરકાલીન યશની પ્રતિષ્ઠાપના કરનારું બન્યું છે.

## 5.3 મહાકવિ ભારવિનો જીવન સંદેશ :-

'નૈષધીયચરિતમ્' જેવું 'ચરિત્રપ્રધાન' મહાકાવ્ય રચીને શ્રી હર્ષ દ્વારા સમાજની સામે એક મહાન આદર્શ નાયક અને આદર્શ નાયિકાનું ચરિત્ર રજૂ કરવું એ એક રચના પ્રયોજન તો છે જ સાથે સાથે શ્રી હર્ષ જીવનમાં ધર્મ, અર્થ, કામનું સુંદર સંતુલન રાખવાનો સંદેશ પણ આપી જાય છે. 'નૈષધ' શૃંગારનો વાગ્-વિલાસ તરીકે ઓળખાતું હોવા છતાં, તેમાં અર્થ, ધર્મ તથા મોક્ષના ઉપાયને પણ સમાન મહત્ત્વ મળ્યું છે અને એ રીતે 'નૈષધ' વડે પૂર્ણ આદર્શ જીવનની પ્રતિષ્ઠાની આકાંક્ષા શ્રી હર્ષે સેવી છે, એવું ડૉ. ચંદ્રિકાપ્રસાદ શુક્લનું માનવું છે. નૈષધીયચરિતમાં કેટલીક ઉત્તમ અર્થગૌરવપૂર્ણ ઉક્તિઓ શ્રીહર્ષે મૂકી છે. જે તેમનાં જીવનદર્શન કે સંદેશને પ્રતિબિંબિત કરે છે. જેમ કે ભાગ્યવાન વ્યક્તિને ભોગની સામગ્રી ક્યાં નથી મળતી (1/102) તો વળી, સજ્જન પોતાની ઉપયોગિતા ફળથી પ્રગટ કરે છે, બોલીને નહીં (2/48). હંસને સંબોધીને ખૂબ સુંદર કહેવાયું છે કે, હે હંસશ્રેષ્ઠ ! પિત્તથી દૂષિત થયેલી જીભ ઉપર ખાંડ પણ તીખી લાગે છે. તો વળી, કર્મ

વિશે પણ શ્રીહર્ષ કહે છે - कर्मक : स्वकृतमत्र न भुङ्क्ते । : (5/6)

અર્થાત્ કયો માનવ પોતે કરેલા કર્મો ભોગવતો નથી ?

શ્રીહર્ષના અર્થગૌરવ ધરાવતા અર્થાલંકારો ખરેખર એમનું જીવનદર્શન સ્પષ્ટ કરે છે.

## 5.4 'શિશુપાલવધ' મહાકાવ્યનો સર્ગવાર કથાસાર :

**સર્ગ - 1.** એક દિવસ કૃષ્ણ પોતાના પિતા વસુદેવના ભવનમાં બેઠા હતા. ત્યારે તે સમયે તેમણે આકાશમાંથી એમની તરફ આવી રહેલા તેજઃપુજને જોયું. આ તેજઃપુંજ અન્ય કોઈ નહીં પરંતુ જટાધારી, મુંજ મેખલાથી વિભૂષિત, મૃગચર્મ અને ઉત્તરીયથી સમલંકૃત એક હાથમાં સ્ફટિકની માળા અને બીજા હાથમાં પવનથી ગુંજતા નાદવાળી વીણા ધારણ કરનાર મહર્ષિ નારદ હતા. નારદને પોતાની પાસે આવતા જોઈ કૃષ્ણે ઊંચા આસન ઉપરથી ઊભા થઈ, આવકારી નારદની અર્ધ્યાદિથી પૂજા કરી અને સમુચિત આતિથ્ય સત્કાર કરી નમ્ર ભાનમાં તેના આગમનનું કારણ દેવરાજ ઈન્દ્રનો સંદેશો આપવાનું છે એમ જણાવે છે.

નારદ કહે છે કે, "દુષ્ટોનો સંહાર કરી પૃથ્વીનો ભાર હળવો કરવા આપે જન્મ લીધો છે. અત્યારે આ શિશુપાલ જગતનો ભારે ત્રાસ આપી રહ્યો છે. પૂર્વજન્મમાં હિરણ્યકશિપુ નામ ધારણ કરી તેણે ઈન્દ્ર સહિત સમસ્ત દિકપાલોને દાસ બનાવી દેવલોક ઉપર ભ્રમ પેદા કર્યો હતો, ત્યારે આપે નૃસિંહ રૂપે અવતાર લઈ તેનો સંહાર કર્યો. આ પછી શિશુપાલ રાવણરૂપે પૃથ્વી ઉપર આવ્યા અને જગતને ત્રાસ આપવા માંડ્યો, ત્યારે આપે રામાવતાર ધારણ કરી તેનો વધ કર્યો. આજે આ શિશુપાલ આ ધરતી પર ફરીવાર જન્મ લઈ જગત ઉપર ભારે દુરાચાર વર્તાવી રહ્યો છે. તેથી આ દુષ્ટનો નાશ કરી પૃથ્વીને હળવી બનાવો." આવો સંદેશો આપી નારદ કૃષ્ણની વિદાય લે છે.

**સર્ગ - 2.** ઈન્દ્રનો સંદેશો સાંભળી કૃષ્ણ વ્યાકુળ બને છે. એક તરફ કૃષ્ણને યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું આમંત્રણ મળ્યું છે. તો બીજી બાજુ શિશુપાલ ઉપર આક્રમણ કરવું પણ જરૂરી બને છે. આ સંજોગોમાં કૃષ્ણ બલરામ અને ઉદ્ધવની સલાહ લે છે. બલરામ શ્રીકૃષ્ણનું કથન સાંભળી પોતાનો પ્રતિભાવ આપે છે અને અનેક પ્રકારની યુક્તિ અને દૃષ્ટાંત દ્વારા 'શિશુપાલનો વધ કરવો એ જ ઉચિત છે.' એમ કહી આક્રમણ કરવાની સલાહ આપે છે. બલરામને સાંભળ્યા બાદ શ્રીકૃષ્ણ ઉદ્ધવનો અભિપ્રાય લે છે. ત્યારે ઉદ્ધવ તર્કપૂર્ણ વિવિધ યુક્તિઓ દ્વારા કહે છે કે બલરામની યુક્તિ અત્યારની પરિસ્થિતિમાં સાનુકુળ નથી તેથી યુધિષ્ઠિરના યજ્ઞમાં જ જવું વધારે ઉચિત છે. શ્રીકૃષ્ણને પણ બલરામ કરતાં ઉદ્ધવની સલાહ વધારે યોગ્ય લાગે છે. તેથી તે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનો સંકલ્પ કરે છે.

**સર્ગ - 3.** ઉદ્ધવનો અભિપ્રાય અને સલાહ સાંભળી શ્રીકૃષ્ણ યુદ્ધનો વિચાર માંડીવાળી યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવા તૈયાર થાય છે. કિંમતી આભૂષણો પહેરીને તથા કૌમુદકી ગદા, નન્દક તલવાર, શાડ્ગ ધનુષ્ય, પાંચજન્ય શંખ તેમજ ગરુડના ચિન્હથી અંકિત રથમાં બિરાજમાન થઈ કૃષ્ણ હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે છે. શ્રીકૃષ્ણની વિદાય વખતે કૃષ્ણના દર્શન માટે નગરજનોની જે ભીડ જામે છે તેનું કવિએ સુંદર વર્ણન કર્યું છે. દ્વારિકાનગરી છોડીને કૃષ્ણ ઘેરા લીલા રંગના પાંદડાવાળી વનરાજીમાં પ્રવેશ કરે

છે. યાદવસેના સમુદ્રને પાર કરે છે. આ સાથે ત્રીજો સર્ગ પૂર્ણ થાય છે.

**સર્ગ - 4.** ચતુર્થ સર્ગમાં કૃષ્ણ માર્ગમાં આવેલ વિવિધ પ્રકારના ધાતુઓથી યુક્ત વિન્ધ્યાચલ પર્વત જેવો ઊંચો, જેના પર ખીલેલી લતાઓ ઉપર ભમરાઓ ગુંજન કરતા હતા. તેવા અનેક શિખરોથી યુક્ત, નાના નાના પર્વતોની હારમાળાઓ દ્વારા પૃથ્વીને ઘેરતો ઊંચા શિખરવાળા રૈવતક પર્વતને જુએ છે. એના શિખરો અનેક મૂલ્યવાન રત્નોથી યુક્ત હતા. તેના ઉપર ખીલેલા વિવિધ પુષ્પો ઉપર ભમરાઓ ગુંજન કરી રહ્યાં હતાં. મુક્ત રીતે હરણાંઓ વિચરી રહ્યા હતાં. કમળયુક્ત સરોવરથી યુક્ત તમાલ અને તાડના વૃક્ષોવાળા એવા તે પર્વતનું સુંદર નિરૂપણ છે.

**સર્ગ - 5.** સૂતપુત્ર દારુક પાસેથી રૈવતક પર્વતની સમૃદ્ધિ વિશે સાંભળી કૃષ્ણ ત્યાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરે છે. કૃષ્ણની વિશાળ સેના રૈવતક પર્વત તરફ પ્રયાણ કરે છે. મદોન્મત્ત ગજરાજ, ઊંટ, ઘોડા, રથ તથા પાયદળ વગેરે બધા જ ત્યાં રોકાય છે. બીજા કેટલાક રાજાઓ શ્રીકૃષ્ણની ગરુડ ધ્વજવાળા શિબિર પાસે પોતાની શિબિરો લાવે છે. ઉનાળાનો સમય હોઈ કેટલાક સૈનિકો વૃક્ષોની છાંયામાં વિરામ કરે છે. સેનાની સાથે ગણિકાઓ પણ હતી. તેઓ નવા નિવાસસ્થાનોમાં થાકેલા સૈનિકોનો વિવિધ રીતે ઉપચાર કરતી હતી. તો વળી છાવણીમાં આરામ કરતા રાજાઓની વૈતાલિકો પ્રશસ્તિ કરી રહ્યા હતા.

**સર્ગ - 6.** છઠ્ઠા સર્ગમાં શ્રીકૃષ્ણ રૈવતક પર્વત ઉપર વિહાર કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે ત્યારે બધી ઋતુઓ કૃષ્ણની સેવામાં ઉપસ્થિત થાય છે. જેમ કે વસંતના નવપલ્લવો, કોયલનો ટહુકો, ભમરાઓનો ગુંજારવ વગેરેથી રમણીઓ કામોન્મય બની. ઉનાળાની ગરમીના કારણે વેલીઓ કરમાઈ જાય છે. મલય પવન વાવા લાગે છે. પલાશનો પુષ્પસમૂહ દાવાગ્નિ જેવો ભાસે છે. વર્ષાઋતુમાં વીજળીરૂપી આંખોના પલકારા મારતી વાદળોની હારમાળા રૈવતક પર્વત ઉપર સવાર થઈ જાય છે. મેઘ ગર્જના સાંભળીને કામાતુર સ્ત્રીઓ પ્રિયતમને મળવા અધીરી બને છે. શરદઋતુમાં હંસોનો મધુર અવાજ સંભળાય છે. સપ્તપર્ણના પુષ્પ ગુચ્છોની સુવાસથી વાયુ કામોત્તેજક લાગે છે. હેમંતઋતુમાં પવન શીતળ લાગે છે. આ ઋતુમાં પ્રિયંગુલતાનાં પુષ્પો ખીલી ઊઠે છે. આ પ્રકારનાં વર્ણન સાથે આ સર્ગ સમાપ્ત થાય છે.

**સર્ગ - 7.** રૈવતક પર્વત ઉપર છ ઋતુઓની શોભા જોઈ શ્રીકૃષ્ણ પોતાના અનુચરો સાથે વિહાર કરવા લાગે છે. યાદવો વનમાં પોતાની પ્રિયતમાઓ સાથે વિહાર કરે છે. પ્રેમીઓ પ્રિયતમાઓ સાથે મધુર પ્રેમાલાપ કરે છે. સ્ત્રીઓ વૃક્ષનાં પલ્લવો અને ફૂલો વડે કાનનો શણગાર કરે છે.

**સર્ગ - 8.** આઠમા સર્ગમાં વનવિહાર કરીને થાકેલી રમણીઓ જળાશય તરફ પ્રયાણ કરે છે. ત્યારે માર્ગના વૃક્ષો તેમને પોતાની છાયા દ્વારા શીતળતા અર્પે છે. નદી પાસે પહોંચેલી કેટલીક સ્ત્રીઓ પોતાના પ્રિયતમનો હાથ પકડીને પાણીમાં પ્રવેશ કરતી હતી, તો વળી કેટલીક ધીમે પગલે પાણીમાં આગળ વધતી હતી. મોર-ઢેલ, હંસ-હંસી, ચક્રવાક-ચક્રવાકી વગેરે પક્ષીયુગલ પણ કામોત્તેજક જણાતા હતા. એવા વાતાવરણમાં આ સુંદરીઓ પોતાના પ્રિયતમ સાથે જલક્રીડા કરે છે. જલક્રીડા કરીને લોકો પાછા ફરે છે. આમ સૂર્યાસ્ત સાથે આઠમો સર્ગ પૂરો થાય છે.

**સર્ગ - 9.** સૂર્યાસ્ત થતાં રમણીઓ પોતાના નિવાસ તરફ આવે છે અને રતિક્રીડા માટે ઉત્કંઠિત બને છે. પક્ષીઓ પોતાના માળામાં પાછા ફરે છે. દિશાઓ રાતી થઈ જાય છે, કમળો બીડાઈ જાય છે. સંધ્યા સમયનું આકાશનું રક્તવર્ણી દૃશ્ય સુંદર શોભા ધારણ કરે છે. ચક્રવાક યુગલ વિખૂટાં પડે છે, અંધકાર સમસ્ત સંસારને ઘેરી વળે છે. ચંદ્રોદય થતાં સુંદરીઓ શૃંગાર સર્જે છે અને પ્રિયતમને સત્કારતી રમણીઓ પ્રિયતમના બાહુપાશમાં જકડાઈ જાય છે. આમ તેઓ પોતાના પ્રિયતમ સાથે રતિક્રીડા કરવા તત્પર બને છે.

**સર્ગ - 10.** દશમા સર્ગમાં રતિક્રીડા અને મદ્યપાનનું વર્ણન આવે છે. પોતાની પ્રિયતમાઓનું માન દૂર કરવા પ્રિયતમ મદિરાના બહાના હેઠળ પ્રેમનું પાન કરાવે છે. મદ્યપાન કરતી વખતે પ્રેમીઓ મદ્ય કરતા પણ વધારે સ્વાદિષ્ટ રમણીઓના ઓષ્ઠનું પાન કરે છે. પ્રિયતમાના અધરોષ્ઠ પરનો લાક્ષારંગ દૂર થઈ જાય છે. મદિરાના નશાના કારણે સ્ત્રીઓના અંગો અપ્રકટ વિલાસને પ્રગટ કરે છે. મદિરાપાનથી તેમની રતિક્રીડાની ઈચ્છા પ્રબળ બને છે. કોઈ પ્રેમી પ્રિયતમાના શીતળ નેત્રોને ચુંબન કરે છે. તો વળી પ્રેમી પ્રિયતમાના નાડાનું બંધન ખોલવામાં વ્યસ્ત છે. આમ અનેક રીતે કામક્રીડા કરતાં યુવક-યુવતી રાત્રિ પસાર કરે છે.

**સર્ગ - 11.** સવાર થતાં ભાટ-ચારણો મધુર ગીત દ્વારા શ્રીકૃષ્ણને જગાડે છે. ઝાંખાં દેખાતા ધ્રુવના તારાની ઉપર સપ્તર્ષિમંડલ ચમકે છે. કૂકડાઓ તાર સપ્તકમાં બોલવા લાગે છે. વૈતાલિકો મધુર ગાન દ્વારા રાજાઓને જગાડી રહ્યા છે. પક્ષીઓ કલરવ કરવા લાગે છે. તપસ્વીઓ મંત્રજાપ કરે છે. આમ, આ સર્ગમાં કવિએ પ્રભાતનું અત્યંત મનોરમ વર્ણન કર્યું છે.

**સર્ગ - 12.** સૂર્યોદય થયા પછી કૃષ્ણ પોતાની યાદવ સેના સાથે આગળ વધે છે. રાજાઓ શ્રીકૃષ્ણને અનુસરે છે. આ સર્ગમાં કવિએ ગોપાંગનાઓનું, યમુના નદી તથા આ નદીને પાર કરી રહેલા સૈનિકોનું રોચક વર્ણન કર્યું છે. પ્રસ્થાન કરતી વખતે શ્રીકૃષ્ણ પોતાનો પાંચજન્ય શંખ વગાડે છે. સેનાએ ઉડાડેલી ધૂળ ચારે બાજુ છવાઈ જાય છે. રથોના ચાલવાથી અને હાથીઓના પગલાંથી તૂટી ગયેલી જમીન સપાટ થઈ જાય છે. ગામડામાંથી પસાર થતી સેનાને ગામડાંની સ્ત્રીઓ અનિમેષ નયને જુએ છે. શ્રીકૃષ્ણ ગોચર ભૂમિમાં ઉભેલા ગોવાળને જુએ છે. ક્યાંક હરણાંઓના સમૂહને ખેતરમાં ચરતા જોઈને વ્યાકુળ બનેલી સ્ત્રીઓ મંદ મંદ હાસ્ય વેરતા શ્રીકૃષ્ણને જુએ છે. હાથી વાદળોને દાંતની ટોચથી ચીરી રહ્યા છે અને રસ્તાના વૃક્ષોને ઉખેડી રહ્યા છે. ઉન્નત સ્તનોવાળી વનવાસી સ્ત્રીઓ આંબળાના વનમાં બેસી શ્રીકૃષ્ણને જોઈ રહી છે. આમ, શ્રીકૃષ્ણની સેના અનેક દુર્ગમ વિસ્તારો, નદીઓ, નગરો વગેરેને પાર કરી હસ્તિનાપુર તરફ પ્રયાણ કરે છે.

**સર્ગ - 13.** આ સર્ગમાં ધર્મરાજ યુધિષ્ઠિરને હસ્તિનાપુર આવી રહેલા કૃષ્ણના આગમનની જાણ થાય છે. યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે શ્રીકૃષ્ણનું સ્વાગત કરે છે. શ્રીકૃષ્ણ રથમાંથી નીચે ઊતરી યુધિષ્ઠિરને દંડવત્ પ્રણામ કરે છે અને બંને એકબીજાને ભેટે છે. યાદવસ્ત્રીઓ અને પાંડવસ્ત્રીઓ પણ પરસ્પર એકબીજાને ભેટે છે. શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કરે છે ત્યારે યુધિષ્ઠિર પોતે ઘોડાની લગામ પકડે છે. ભીમ ચામર ઢોળે છે. અર્જુન છત્ર પકડે છે નકુલ અને સહદેવ શ્રીકૃષ્ણની પડખે ઊભાં રહે છે. આમ શ્રીકૃષ્ણ જુદા જુદા પ્રવેશદ્વારોથી યુક્ત એવા ઈન્દ્રપ્રસ્થમાં પાંડવો સાથે પ્રવેશ કરે છે. નગરની કેટલીક સ્ત્રીઓ કૃષ્ણને જોવા ટોળે વળે છે. સભાભવનમાં જલ અને સ્થળની

ભ્રાંતિ થાય છે. આમ, આ સર્ગમાં યુધિષ્ઠિરની મહાસભાનું સુંદર વર્ણન છે.

**સર્ગ - 14.** આ સર્ગમાં યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની સ્તુતિ કરી રાજસૂય યજ્ઞના આરંભ માટે સંમતિ માંગે છે. શ્રીકૃષ્ણના આગમનથી કાર્ય વિઘ્નરહિત બનતાં યુધિષ્ઠિર સંતોષની લાગણી પ્રગટ કરે છે. શ્રીકૃષ્ણ યજ્ઞની શરૂઆત કરે એવી યુધિષ્ઠિરની ઈચ્છા વ્યક્ત કરે છે. તે શ્રીકૃષ્ણ પાસે કર્તવ્યનું શિક્ષણ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. શ્રીકૃષ્ણ રાજસૂય યજ્ઞ માટે યુધિષ્ઠિર બધી રીતે યોગ્ય છે એવો પોતાનો મત આપે છે. શ્રીકૃષ્ણની સહાયથી યુધિષ્ઠિર યજ્ઞારંભમાં પ્રવૃત્ત થાય છે. પુરોહિતો યજ્ઞનું અનુષ્ઠાન કરાવે છે. આમ, યજ્ઞનું સુંદર વર્ણન આવે છે. આમ, યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા કરે છે.

**સર્ગ - 15.** શ્રીકૃષ્ણને મળેલા આવા સન્માનથી સભામાં બેઠેલા શિશુપાલને અત્યંત ગુસ્સો આવે છે અને અત્યંત ઉત્તેજિત થતાં બોલે છે કે, યુધિષ્ઠિર પોતાના પ્રિયજનને ગુણવાન માને છે. તેમનો કૃષ્ણ પ્રત્યે વિશેષ પ્રેમ હોવાને લીધે અપૂજિતની પૂજા કરી છે. જે રાજા નથી એવા કૃષ્ણને રાજોચિત પૂજાની ભેટ કૂતરા દ્વારા આહૂતિ આપવા યોગ્ય છે. યુધિષ્ઠિરે કૃષ્ણની પૂજા કરીને પોતાની અસત્યતા પ્રગટ કરી છે. જો તેમને કૃષ્ણ વિશેષ પૂજનીય લાગતા હતા તો પછી બીજા રાજાઓને શા માટે બોલાવ્યા? આ નિમંત્રણ તેમનું અપમાન કરવા બરાબર છે. આ વૃદ્ધ ભીષ્મ આ સભામાં બુદ્ધિ ગુમાવીને કઈ રીતે મનસ્વી બન્યા ? શિશુપાલે કરેલા શ્રીકૃષ્ણના અપમાનથી ભીષ્મ વધારે ગુસ્સે થાય છે. શ્રીકૃષ્ણ મનમાં શિશુપાલના આ અપરાધોને ગણે છે. શિશુપાલ અત્યંત ગુસ્સે થઈને યજ્ઞસભા છોડી તેની સાથે આ સર્ગની સમાપ્તિ થાય છે.

**સર્ગ - 16.** આ સર્ગમાં યુદ્ધનું આહ્વાન લઈને શિશુપાલનો દૂત કૃષ્ણ પાસે આવે છે અને દ્વિઅર્થી શબ્દોમાં શિશુપાલનો સંદેશો આપે છે. શ્રીકૃષ્ણના ઈશારાથી સાત્યકિ શિશુપાલના દૂતના વચનોનો જવાબ આપે છે. સાત્યકિ દૂતની વાણીને વિષયુક્ત અન્ન જેવી અનર્થકારી બતાવે છે. સાત્યકિ દૂતને જણાવે છે કે જો શિશુપાલ સંધિની ઈચ્છા રાખતો હોય તો યુદ્ધની તૈયારી કેમ કરે છે ? જો યુદ્ધ થશે તો અનર્થ થશે.

શિશુપાલે 100 અપરાધો પૂર્ણ કર્યા છે. હવે ચોક્કસ દંડ ભોગવશે. ત્યારે શિશુપાલનો દૂત સાત્યકિના વચનોનો જવાબ આપી શિશુપાલ વડે થનાર યુદ્ધની ચેતવણી આપે છે. આ સાથે આ સર્ગ પૂરો થાય છે.

**સર્ગ - 17.** શિશુપાલના દૂતનાં ગંભીર વચનો સાંભળી કૃષ્ણની સભા સંક્ષોભ પામે છે. ત્યાં ઉપસ્થિત અનેક રાજાઓમાં ગુસ્સો ફેલાઈ જાય છે. બલરામ અટ્ટહાસ્ય હરે છે. સાત્યકિના પિતામહ શિનિ ગુસ્સામાં જમીન પર પગ પછાડે છે. પાતાલ લોકમાં નાગોનો સમૂહ ભયભીત બને છે. જો કે બધા રાજાઓ ગુસ્સે થયા હોવા છતાં કૃષ્ણ શાંત રહે છે.

ઉદ્ધવજી પણ કૃષ્ણને અનુસરે છે. શિશુપાલના દૂતની વિદાય પછી કૃષ્ણનું સૈન્ય યુદ્ધની તૈયારી કરે છે. શ્રી કૃષ્ણ શસ્ત્રો સજી વિકરાળરૂપ ધારણ કરી પોતાની ચતુરંગી સેના સાથે યુદ્ધ માટે પ્રયાણ કરે છે.

**સર્ગ - 18.** આ સર્ગમાં કૃષ્ણ તથા શિશુપાલના સૈન્ય વચ્ચે તુમુલ યુદ્ધ ખેલાય છે. બંને પક્ષના સૈનિકો એકબીજાને જીતવાના નિર્ધાર સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે. યુદ્ધમાં લોહીની નદીઓ વહે છે. પક્ષીઓના સમૂહ માંસ ખાવાની ઈચ્છાથી આકાશમાં ઊડે છે. જાણે કે આખું રણ મેદાન શરીરનું નિર્માણ કરનાર વિધાતાનું સૃષ્ટિ નિર્માણસ્થળ ન હોય

તેવું પ્રાણીઓના અંગોથી વ્યાપેલું હતું.

**સર્ગ - 19.** અહીં બલરામ અને નરકાસુરના પુત્ર વેણુદારી વચ્ચેનું યુદ્ધ, રુક્મણિના ભાઈ રુકિમનું કૃષ્ણના પક્ષપાતી પૃથુના હાથે મૃત્યુ, પ્રદ્યુમ્ને બતાવેલી બહાદુરી, પ્રદ્યુમ્નના પરાક્રમથી દેવતાઓનું પ્રસન્ન થઈ પુષ્પવૃષ્ટિ કરવી, પ્રદ્યુમ્નના વિજયથી શિશુપાલનો ક્રોધ બમણો થવો, પ્રદ્યુમ્નની સામે ધસી જવું, યાદવસેનાનું શિશુપાલની સેના પર તૂટી પડવું, ભયંકર યુદ્ધ, શિશુપાલ વડે પોતાનું સૈન્ય અવરોધાયેલી જોઈ શ્રીકૃષ્ણનું જાતે યુદ્ધ માટે તૈયાર થવું વગેરે પ્રસંગોનું વર્ણન આવે છે.

**સર્ગ - 20.** આ સર્ગમાં શ્રીકૃષ્ણના પરાક્રમ જોઈને શિશુપાલ અત્યંત ક્રોધિત બને છે અને યુદ્ધ માટે શ્રીકૃષ્ણને પડકાર ફેંકે છે. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. શિશુપાલ ધનુષ્યની પણછ ખેંચી ભીષણ ટંકાર કરે છે અને ધનુષ્યમાંથી બાણોની વર્ષા કરે છે. શિશુપાલના બાણો મર્મભેદી હોવા છતાં કૃષ્ણને કોઈ હાનિ પહોંચાડી શકતાં નથી. શિશુપાલ ભુજંગાસ્ત્રનો પ્રયોગ કરી હજારો સાપ પેદા કરે છે. ત્યારે કૃષ્ણ ગરુડાસ્ત્ર ફેંકી તેનો સામનો કરે છે. શિશુપાલે આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કરતાં શ્રીકૃષ્ણ પર્જન્યાસ્ત્રનો પ્રયોગ કરી તેને ડામી દે છે. આમ, શિશુપાલ વડે પ્રયોગ કરાયેલા બધા જ પ્રયત્નોને શ્રીકૃષ્ણ નિષ્ફળ બનાવે છે અને અંતે પોતાના સુદર્શન ચક્ર વડે શિશુપાલના શરીરને મસ્તક વગરનું બનાવી દે છે.

શિશુપાલના શરીરમાંથી ઉત્પન્ન થયેલું તેજ શ્રીકૃષ્ણના દેહમાં વિલીન થઈ જાય છે અને આ સાથે મહાકાવ્યનો અંત આવે છે.

## 5.5 મહાકવિ માઘનું જીવનદર્શન

શિશુપાલવધ માઘનું અમર સર્જન છે. તેની સાહિત્યિક કલા સર્વાંગસુંદર છે. માઘ નિઃશંકપણે પ્રથમ હરોળમાં સ્થાન પામનારા મહાકવિ છે.

''શિશુપાલવધ''માં સ્થળે-સ્થળે મહાકવિ માઘે મહત્ત્વપૂર્ણ સંવાદોમાં પાત્રોના મુખે અર્થગૌરવયુક્ત પંક્તિઓ મૂકી છે. જ્યાં તેમનું જીવનદર્શન પ્રતિબિંબિત થયા વગર રહેતું નથી. મનુષ્યની પ્રકૃતિ, શત્રુની ઓળખ, સજ્જન, મહાપુરુષનો સ્વભાવ, બળવાન વ્યક્તિનું મહત્ત્વ, કામનો પ્રભાવ, નીતિવાનનું જીવનમાં મૂલ્ય, સ્વમાની મનુષ્યનાં લક્ષણ, અહંકારીની ઓળખ વગેરે અનેક મુદ્દે પોતાના વિચાર મૌક્તિકો માઘે આ મહાકાવ્યમાં ઠેરઠેર વેર્યાં છે. જેમ કે —

સ્વમાની મનુષ્યો માટે માઘ કહે છે કે, તેઓ હંમેશા માનરૂપી ધનવાળા હોય છે.(1/67) માણસની પ્રકૃતિને બદલી શકાતી નથી, પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, કંઈક એવા જ અર્થ માઘ કહે છે કે सतीव योषित् प्रकृतिः सुनिश्चला पुमां समभ्येति भवान्तरेष्वपि । (1/72) અર્થાત્ પતિવ્રતા સ્ત્રી જેવી અત્યંત નિશ્ચલ પ્રકૃતિ = માણસનો સ્વભાવ બીજા જન્મમાં પણ એ માણસની સાથે આવે છે જ. તો વળી, પોતાનું હિત ઈચ્છતા વ્યક્તિએ શત્રુને ઊગતાની સાથે જ ડામવો જોઈએ. (2/10) કારણ કે સમયનું ચક્ર પરિવર્તન પામતું હોવાથી શત્રુઓ ઉન્નત થતાં બળવાન વ્યક્તિ પણ શત્રુઓને ડામવામાં અસમર્થ બની જાય છે અને શત્રુઓએ કરેલો તિરસ્કાર અસહ્ય હોય છે. परिभवोऽरिभवो हि सुदुःसह ।। (6/45) મનુષ્યજીવનની પરમ કડવી વાસ્તવિકતા

માઘ દર્શાવે છે કે - सर्वः स्वार्थ समीहते ।(2/65) અર્થાત્ આ સંસારમાં બધાય સ્વાર્થ સાધનારા જ હોય છે, તો વળી, મનુષ્ય સ્વભાવની બીજી વિશેષતા દર્શાવતાં માઘ લખે છે કે, ભ્રમિત માણસ વિવેકભાન ભૂલી જાય છે. (10/5) અને માણસ જ્યારે નશામાં હોય ત્યારે પોતાનો સ્વભાવ પ્રગટ કરી જ દે છે. (10/18) પણ મનુષ્યની ચતુરાઈ એને શીઘ્ર ફળ પ્રદાન કરનારી હોય છે. दाक्ष्यं हि सद्यः फलदम् । (12/32) એમ માઘનું માનવું છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

1. શ્રીહર્ષનું મહાકવિ તરીકે પ્રદાન.

   ..........................................................

   ..........................................................

   ..........................................................

   ..........................................................

   ..........................................................

2. નૈષધીયચરિતના સર્ગ 1થી 10નો સારાંશ

   ..........................................................

   ..........................................................

   ..........................................................

   ..........................................................

   ..........................................................

3. નૈષધીયચરિતના સર્ગ 11થી 22નો સારાંશ

   ..........................................................

   ..........................................................

   ..........................................................

   ..........................................................

   ..........................................................

4. મહાકવિ ભારવિનું જીવનદર્શન/સંદેશ.

   ..........................................................

   ..........................................................

.......................................................

.......................................................

.......................................................

5. 'શિશુપાલવધ' મહાકાવ્યના સર્ગ 1 થી 10નો સારાંશ

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

6. 'શિશુપાલવધ' મહાકાવ્ય સર્ગ 11 થી 20નો સારાંશ લખો.

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

7. મહાકવિ માઘનું જીવનદર્શન.

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

**બહુવિકલ્પીય પ્રશ્નો**

1. મહાકવિ માઘે કયું મહાકાવ્ય રચ્યું છે ?
   (A) રઘુવંશ (B) કુમારસંભવ (C) શિશુપાલવધ (D) ઋતુસંહાર

2. શિશુપાલવધ કેટલા સર્ગનું મહાકાવ્ય છે ?
   (A) બાર (B) પંદર (C) વીસ (D) બાવીસ

3. શિશુપાલવધના નાયક કોણ છે ?
(A) બલરામ (B) કૃષ્ણ (C) શિવ (D) બ્રહ્મા

4. શિશુપાલવધ મહાકાવ્યને અન્ય કયા નામે ઓળખાય છે ?
(A) ઊર્મિકાવ્ય (B) અધમ કાવ્ય (C) શ્રીપદાંકકાવ્ય (D) ખંડકાવ્ય

5. શિશુપાલવધનો મુખ્ય રસ કયો છે ?
(A) વીર (B) શૃંગાર (C) ભયાનક (D) હાસ્ય

6. શિશુપાલનો વધ શ્રીકૃષ્ણ કઈ રીતે કરે છે ?
(A) હાથ કાપી (B) પગ કાપી (C) માથું વાઢીને (D) ગરદન કાપી

7. શ્રી હર્ષચરિત મહાકાવ્યનું નામ જણાવો.
(A) શિશુપાલવધ (B) નૈષધીયચરિત (C) રઘુવંશ (D) કુમારસંભવ

8. નૈષધીયચરિત કેટલા સર્ગનું મહાકાવ્ય છે ?
(A) બાર (B) પંદર (C) એકવીસ (D) બાવીસ

9. નૈષધીયચરિતનો મુખ્યરસ કયો છે ?
(A) શૃંગાર (B) હાસ્ય (C) વીર (D) ભયાનક

10. નૈષધીયચરિતનો મૂળસ્ત્રોત કયો છે ?
(A) વેદ (B) પુરાણ (C) રામાયણ (D) મહાભારત (વનપર્વ)

11. નૈષધીય ચરિતના નાયક કોણ છે ?
(A) રઘુ (B) ઉદયન (C) કૃષ્ણ (D) નળ

12. નૈષધીયચરિતની નાયિકા કોણ છે ?
(A) શકુંતલા (B) દમયંતી (C) રાધા (D) વાસવદત્તા

★ ★ ★

BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય

SKTMN-101

## વિભાગ-2 રઘુવંશ સર્ગ - 1 (નિયત શ્લોકો)


એકમ :6

રઘુવંશનો પરિચય

એકમ :7

રઘુવંશ સર્ગ ૧ (૧ થી ૪૭ શ્લોકો)

એકમ :8

રઘુવંશ સર્ગ ૧ (૪૮ થી ૯૫ શ્લોકો)

એકમ :9

સમીક્ષાત્મક પ્રશ્નો

એકમ 6

# રઘુવંશનો પરિચય

## રૂપરેખા


૬.૦ ઉદ્દેશ

૬.૧ પ્રસ્તાવના

૬.૨ રઘુવંશનો ...રિચય

૬.૩ રઘુવંશનું નામકરણ

૬.૪ રઘુવંશનો આધાર

૬.૫ રઘુવંશના ટીકાકારો

૬.૬ રઘુવંશનો કથાસાર

૬.૭ પ્રથમસર્ગનું કથાનક

૬.૮ રઘુવંશની ભાષા શૈલી

૬.૯ મહાકાવ્યનાં લક્ષણો

૬.૧૦ રઘુવંશનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

૬.૧૧ તમારી પ્રગતિ ચકાસો


### ૬.૦ ઉદ્દેશ :

- રઘુવંશનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- રઘુવંશના પ્રથમસર્ગના નિયત કરેલા શ્લોકોનું ભાષા સૌષ્ઠવ અને કાલિદાસની સરળ વૈદર્ભી શૈલીનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- શ્લોકોમાંથી પ્રગટતી કવિપ્રતિભા અને તેમનો અલંકાર વૈભવ સમજી શકશો.
- શ્લોકોનો અન્વય અને તેના શબ્દોના અર્થો સમજી શકશો, તેના આધારે ભાષાન્તર કરવાની ક્ષમતા કેળવી શકશો.
- કાલિદાસે પ્રયોજેલા ક્રિયાપદોનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- પ્રથમસર્ગમાં નિરૂપાયેલા પ્રસંગોની સમીક્ષા કરી શકશો.

### ૬.૧ પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ પંચમહાકાવ્યોમાં કાલિદાસ રચિત રઘુવંશ મહાકાવ્ય અત્યંત પ્રસિદ્ધ અને અનુપમ છે. વિદ્વાનો તેને કાલિદાસની સર્વોત્કૃષ્ટ રચના માને છે. તે ઉત્તમ અને આદર્શ મહાકાવ્ય છે. મહાકાવ્યના લક્ષણો નિર્ધારિત કરવા માટે નિર્ણાયક એવું મહાકાવ્ય છે. આ કાવ્યથી મહાકવિ કાલિદાસની પ્રૌઢ અને પરિપક્વ પ્રતિભાનો

પરિચય મળે છે. રઘુવંશનું કાવ્યસૌંદર્ય, ભાષા, ભાવ, કલા, વિશદતા જેવા ગુણો તેને સર્વોત્કૃષ્ટ સ્થાન પર પ્રતિષ્ઠિત કરે છે. તેથી જ એક ઉક્તિ પ્રચલિત બની છે કે – **क इह रघुकारे न रमते** આવા લબ્ધપ્રતિષ્ઠિત એવા રઘુવંશ નામના મહાકાવ્યનો પરિચય પ્રાપ્ત કરીએ અને તેના પદ્યોને સાનુવાદ સમજીએ.

## ૬.૨ રઘુવંશનો ...રિચય :

રઘુવંશ એ ૧૯ સર્ગોમાં નિબદ્ધ એક એવું મહાકાવ્ય છે, કે જેમાં ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા ૨૯ રાજાઓનું વર્ણન છે. રાજા દિલીપથી માંડીને અગ્નિવર્ણ સુધીના જેટલા રાજાઓ થયા તે બધાનો ઉલ્લેખ સવર્ણન અહીં કરવામાં આવ્યો છે. અહીં કરવામાં આવેલા વર્ણનનો મોટો ભાગ તો રામકથાનો છે, જે યોગ્ય અને સ્વાભાવિક પણ છે. કવિ બધા રાજાઓના સામાન્ય ગુણોના વર્ણનની સાથે સાથે તેમની પોત-પોતાની વિશેષતાઓ પણ વર્ણવે છે. ૧૫ થી ૧૯ સુધીના સર્ગોમાં કુશ, અતિથિ વગેરે રાજાઓથી લઈને અંતિમ રાજા અગ્નિવર્ણ સુધીનું વર્ણન છે. અંતિમ સર્ગમાં કવિએ અગ્નિવર્ણના વિલાસવર્ણન અને તેના પરિણામને પ્રદર્શિત કર્યું છે. રઘુવંશી રાજાઓની નામાવલી આ પ્રમાણે છે. ૧. દિલીપ ૨. રઘુ ૩.અજ ૪. દશરથ ૫. રામ ૬.કુશ ૭. અતિથિ ૮. નિષધ ૯. નલ ૧૦. નભ ૧૧. પુંડરીક ૧૨. ક્ષેમધન્વા ૧૩. દેવાનીક ૧૪. અહીનગુ ૧૫. પારિયાત્ર ૧૬. શિલ ૧૭. ઉન્નાભ ૧૮. વજ્રનાભ ૧૯. શંખણ ૨૦. વ્યુષિતાશ્વ ૨૧. વિશ્વસહ ૨૨. હિરણ્યનાભ ૨૩. કૌસલ્ય ૨૪. બ્રહ્મિષ્ઠ ૨૫. પુત્ર ૨૬. પુષ્ય ૨૭. ધ્રુવસન્ધિ ૨૮. સુદર્શન ૨૯. અગ્નિવર્ણ.

## ૬.૩ રઘુવંશનું નામકરણઃ

‘रघु’ શબ્દ રઘુવંશી રાજાઓનો વાચક છે – **रघूणां वंशः रघुवंशः, रघुवंशम् अधिकृत्य कृतं महाकाव्यं रघुवंशम्।** જેમા રઘુવંશના રાજાઓનુ વર્ણન કરવામાં આવ્યું છે, તેને લઈને રચાયેલું મહાકાવ્ય તે રઘુવંશ છે. રાજા રઘુના પ્રતાપ, વીરતા, દાનશીલતા, પ્રજાનુરંજન જેવા ગુણોને લીધે આ વંશ રઘુવંશ તરીકે પ્રસિદ્ધ બન્યો. તે રઘુવંશને વિષય તરીકે સ્વીકારી મહાકવિ કાલિદાસે રઘુવંશ એવું નામ રાખી આ મહાકાવ્યની રચના કરી. રામાયણના બાલકાંડમાં – **‘रघुवंश चरितं चकार भगवान् मुनिः (૩-૯)’** એવો ઉલ્લેખ છે. તો યુદ્ધકાંડમાં પણ **अहं च रघुवंशस्य लक्ष्मणश्च महाबलः** એવી ઉક્તિ છે. એમાં આવેલ રઘુવંશ પદને આધારે પણ આ મહાકાવ્યનું નામકરણ **‘रघुवंश’** એમ કર્યું હોવાનું સંભવે છે. કાલિદાસ સ્વયં રઘુવંશના તૃતીય સર્ગમાં ‘रघु’ નામકરણની સ્પષ્ટતા કંઈક આવી રીતે કરે છે.

**श्रुतस्य यायादयमन्तमर्भकस्तथा परेषां युधि चेति पार्थिवः।**
**अवेक्ष्य धातोर्गमनार्थमर्थविच्चकार नाम्ना रघुमात्मसंभवम् ॥** (३-२१)

શબ્દ અને અર્થને જાણવાવાળા આ કવિએ પોતાના મહાકાવ્યનું નામ રઘુવંશ એટલા માટે રાખ્યુ કે આ કૃતિ વૈદિકકાવ્ય અને રામાયણયુગ એ બંને સંસ્કૃતિનો સમાવેશ કરે છે. પોતાના પ્રતિસ્પર્ધિઓ સમક્ષ પોતાના મહત્ત્વને સર્વશ્રેષ્ઠ પ્રદર્શિત કરે છે. માટે પોતાના આ કાવ્ય **‘रघि’** ગત્યર્થક ધાતુથી સિદ્ધ **‘रघु’** પદનો પ્રયોગ કર્યો. જેમ દિલીપે પોતાના પુત્રનું નામ રઘુ રાખ્યું, તેમ કવિએ પણ એ વંશમાં ઉત્પન્ન થનારા અન્વયોનું વર્ણન કરનારા આ મહાકાવ્યનું નામ રઘુવંશ રાખી દીધું.

### ૬.૪ રઘુવંશનો આધાર :

રઘુવંશના ૧૯ સર્ગોમાં સૂર્યવંશી રાજાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રારંભમાં જ '- **अथवा कृतवाग्द्वारे वंशेऽस्मिन् पूर्वसूरिभिः**' એવું મહાકવિ કહે છે. આનાથી એવો સંકેત મળે છે કે કાલિદાસને રઘુવંશની વંશાવલી અને કથાનક પોતાના સમયમાં ઉપલબ્ધ એવા પ્રાચીન કવિઓના ગ્રંથમાંથી મળી હશે. કેટલાક વિદ્વાનો માને છે કે રઘુવંશમાં વર્ણવેલી વંશાવલી મોટે ભાગે વિષ્ણુપુરાણને આધારે છે અને તેના આખ્યાન, ભાવ, વિચાર, આદિકવિ વાલ્મીકિના રામાયણના આધારે છે. રઘુવંશ પર રામાયણનો પ્રભાવ તો સ્પષ્ટ જ છે.

### ૬.૫ રઘુવંશના ટીકાકારો :

રઘુવંશ ઉપર અનેક ટીકાઓ લખાઈ છે. જેમાં લગભગ ૩૩ જેટલી ટીકાઓ આજે ઉપલબ્ધ થાય છે. જેમાં મલ્લિનાથ, વલ્લભ, હેમાદ્રિ, ચરિત્રવર્ધન, ભરત વધારે પ્રસિદ્ધ ટીકાકારો છે. આ ઉપરાંત સુમતિવિજય, દિનકર, ધર્મમેરુ, વિજયમણિની ટીકાઓ પણ મહત્ત્વની છે. મલ્લિનાથ 'દક્ષિણાવર્ત' અને 'નાથ' નામના બે ટીકાકારોનો આદરપૂર્વક ઉલ્લેખ કરે છે. પરંતુ આ ટીકાઓ હાલ ઉપલબ્ધ થતી નથી. મલ્લિનાથની **सञ्जीविनी** ટીકા ખૂબ જ પ્રસિદ્ધ છે. મલ્લિનાથ પોતાની ટીકા માટે કહે છે કે આ ટીકા કાલિદાસની જે ભારતી (વાણી) દુર્વ્યાખ્યારૂપી વિષથી મૂર્ચ્છિત બની ગઈ છે. તેને જીવન પ્રદાન કરશે.

**भारती कालिदासस्य दुर्व्याख्याविषमूर्च्छिता।**
**एषा सञ्जिवनी टीका तामद्योज्जीवयिष्यति ।।**

### ૬.૬ રઘુવંશનો કથાસાર :

રઘુવંશની કથાના પ્રારંભમાં વૈવસ્વત મનુના વંશજ રાજા દિલીપ અને તેમની પત્ની સુદક્ષિણા વસિષ્ઠઋષિના આશ્રમમાં પ્રવેશે છે. રાજા દિલીપ ધર્મપરાયણ, ગુણવાન, બુદ્ધિમાન અને બળવાન રાજા છે. પરંતુ સંતતિહીન હોવાથી સંતાનપ્રાપ્તિના આશીર્વાદ મેળવવા વસિષ્ઠની આજ્ઞાથી ગોમાતા નંદિનીની ૨૧ દિવસ સુધી સેવા કરે છે. દરરોજ નંદિનીની સેવા કરતો રાજા જંગલમાં ૨૧ દિવસ સુધી સેવા કરે છે. દરરોજ નંદિનીની સેવા કરતો રાજા જંગલમાં તેનું રક્ષણ કરતાં અનુસરણ કરે છે ત્યારે એક સિંહ નંદિનીને પોતાનું ભોજન બનાવવા ઈચ્છે છે. દિલીપ માયાવી સિંહને તેના બદલામાં પોતાના શરીરને આહાર બનાવવાની પ્રાર્થના કરે છે. ત્યારે પ્રસન્ન થયેલી નંદિની જણાવે છે કે રાજા દિલીપની પરીક્ષા માટે આ માયાજાળ હતી. દિલીપની સેવાથી પ્રસન્ન થઈ નંદિની પુત્રપ્રાપ્તિ માટેના આશીર્વાદ આપે છે. દિલીપ અને સુદક્ષિણા નંદિનીના દૂધનું ગ્રહણ કરે છે. તેમને ગુણવાન પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે. જેનું નામ રઘુ રાખવામાં આવે છે. રઘુના પરાક્રમ અને ગુણોને લીધે આ વંશને રઘુવંશ તરીકે ઓળખવામાં આવે છે. અશ્વમેધ યજ્ઞના અશ્વને ચોરવાના કારણે રઘુએ ઈન્દ્ર સાથે યુદ્ધ કરી તેને છોડાવ્યો અને વિશ્વજિતયજ્ઞ સમ્પન્ન કરી પોતાની બધી સંપત્તિનું દાન કરી દીધું. અકિંચન બની ગયેલા તેની પાસે ઋષિપુત્ર કૌત્સ પધારે છે અને ચૌદ કરોડ સુવર્ણમુદ્રા માગે છે. કૌત્સને સંતુષ્ટ કરવા રઘુ કુબેર પર ચડાઈ કરવાનું વિચારે છે. જેનાથી ભયભીત કુબેર રઘુના ખજાનાને સુવર્ણમુદ્રાની વૃષ્ટિ કરી છલકાવી દે છે. જેમાંથી બ્રાહ્મણપુત્ર કૌત્સ ચૌદ કરોડ સુવર્ણમુદ્રા સ્વીકારે છે. રઘુને અજ નામનો પુત્ર થાય છે. તે ખૂબ જ પરાક્રમી છે. જે

વિદર્ભદેશની રાજકુમારી ઈન્દુમતીને સ્વયંવરમાં ભાગ લઈ, પોતાની પત્ની બનાવે છે. સ્વયંવરનું સુંદર વર્ણન રઘુવંશમાં કરવામાં આવ્યું છે. રઘુ અજનું પરાક્રમ અને કૌશલ જોઈને રાજ્યનો કારભાર તેને સોંપી વાનપ્રસ્થ સ્વીકારે છે. એકવાર આકાશમાં વિચરણ કરનારા નારદના વીણાનું ફૂલ તૂટીને બગીચામાં વિચરણ કરનારી ઈન્દુમતીના મસ્તક પર પડે છે. જેનાથી ઈન્દુમતીનું મૃત્યુ થાય છે. ઈન્દુમતીના મૃત્યુના સમાચારથી તેના વિરહમાં વિહવળ બનેલો અજ જળસમાધિ લઈ લે છે. ત્યારબાદ દશરથ, રામ, લવ અને કુશની કથાનું વર્ણન છે. રામ લંકાથી પાછા ફરી રહ્યા હોય છે ત્યારે પુષ્પકવિમાનમાં બેઠેલી સીતાને દંડકારણ્ય અને પંચવટીના વિવિધ સ્થાનોને બતાવી રહ્યા છે. કે જ્યાં રામ સીતાની શોધ કરતાં ફર્યા હતા તેનું સુંદર વર્ણન ૧૩માં સર્ગમાં કરવામાં આવ્યું છે. સોળમાં સર્ગમાં કુશના સ્વપ્નના માધ્યમથી અયોધ્યાની પૂર્વ પ્રસિદ્ધ અને વર્તમાન સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. રામનો પુત્ર કુશ સ્વપ્નમાં અયોધ્યાની દુર્દશા જુએ છે. આથી ફરીથી કુશ અયોધ્યાને પોતાની રાજધાની બનાવી દે છે. એક વાર સરયૂ નદીના પાણીમાં ક્રીડા કરતાં કુશનું કંકણ પાણીમાં પડી જાય છે. સર્પોના રાજા કુમુદ એ કંકણ પાછું લાવી આપીને પોતાની બહેન કુમુદ્વતીને પણ તેને સુપ્રત કરે છે. સત્તરમાં સર્ગમાં કુમદ્વતીથી ઉત્પન્ન કુશના પુત્ર અતિથિના સફળ શાસનનું વર્ણન છે. અઢારમાં સર્ગમાં અનેક રાજાઓનો નામોલ્લેખ કરીને ઓગણીસમા સર્ગમાં રઘુવંશના અંતિમ સમ્રાટ અગ્નિવર્ણનું વર્ણન છે. જે અત્યંત વિલાસી, વિષયાસક્ત અને સ્ત્રીલંપટ છે. અંતે ક્ષયરોગના કારણે તેનું મૃત્યુ થાય છે.

### ૬.૭ પ્રથમસર્ગનું કથાનક :

કાવ્યસૌંદર્યની દ્રષ્ટિએ રઘુવંશનો પ્રથમ સર્ગ અનુપમ છે. સર્ગના પ્રારંભમાં કવિકુલગુરુ કાલિદાસ શબ્દ અને અર્થની જેમ હંમેશાં જોડાયેલા (સંપૃક્ત), સંસારના માતા-પિતા એવા ભગવાન શંકર અને પાર્વતીને નમસ્કાર કરીને સૂર્યથી ઉત્પન્ન રઘુવંશનું વર્ણન અને પોતાના અલ્પવિષયોવાળી બુદ્ધિની તુલના કરતાં કહે છે કે ‘જો કે હું રઘુવંશનું વર્ણન કરવામાં અસમર્થ છું છતાં પણ વાલ્મીકિ વગેરે મહાકિવઓએ સૂર્યવંશ ઉપર સુંદર કાવ્યરચના કરીને વાણીના દ્વારો ખોલી દીધાં છે. માટે તેમાં પ્રવેશ કરીને રઘુવંશનું વર્ણન કરવાનું મારે માટે શક્ય બન્યુંછે. જેવી રીતે હીરાની કણીથી વીંધાયેલા મણિઓમાં દોરો પરોવી શકાય તેવી રીતે હું મારી તુચ્છ બુદ્ધિથી પ્રતાપી એવા રઘુવંશી રાજાઓનું વર્ણન કરી શકીશ. કે જેમનું સામ્રાજ્ય સમુદ્રના છેડાઓ સુધી ફેલાયેલું હતું, અને જેમનો વિજયી રથ પૃથ્વીથી સ્વર્ગ સુધી સીધો જતો-આવતો હતો. જે રાજાઓ શાસ્ત્ર પ્રમાણે યજ્ઞ કરતા, દાન કરવા માટે ધનસંગ્રહ કરતા, સત્યની રક્ષા કરવા ઓછું બોલતા અને યશને વધારવા બીજા દેશો પર વિજય પ્રાપ્ત કરતા હતા. જેઓ ભોગવિલાસ માટે નહિં પરંતુ સંતાનપ્રાપ્તિની ઈચ્છાથી વિવાહ કરતા હતા. વૃદ્ધાવસ્થામાં તેઓ યોગ્યપુત્રોને રાજયનો ભાર સોંપી જંગલમાં રહી વાનપ્રસ્થ જીવન વિતાવતા હતા. પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં પોતાના શરીરનો ત્યાગ કરનારા હતા.

વેદોના છંદોમાં જેમ પ્રથમ ઓમકાર હોય છે તેમ રાજાઓમાં સર્વપ્રથમ વૈવસ્વત મનુ થયા. જેમનો આદર મોટા તપસ્વીઓ, વિદ્વાન અને મહાત્મા કરતા હતા. વૈવસ્વત મનુના વંશમાં ચંદ્રમાની જેમ સુખ આપવાવાળા અને શુદ્ધચરિત્રવાળા દિલીપનો જન્મ થયો. જેવું સુંદર તેમનું રૂપ હતું તેવી જ તીવ્ર તેમની બુદ્ધિપ્રતિભા હતી. થોડાક સમયમાં જ તેમણે બધી વિદ્યાઓ ભણી લીધી. તેઓ ન્યાય કરવાની બાબતમાં કઠોર, પક્ષપાતરહિત અને અત્યંત વિનમ્ર હતા. તેમના રાજ્યમાં બધા નિયમો અનુસાર ચાલતા હતા અને આશ્રમના નિયમો પ્રમાણે પોત-પોતાના ધર્મનું પાલન કરતા હતા.

જેમ સૂર્ય પોતાના કિરણો વડે પૃથ્વી પરથી પાણી ખેંચે છે તેમ રાજા દિલીપ પણ પ્રજા પાસેથી જેટલો કર લેતો તે બધો જ પ્રજાની કલ્યાણકાર્યોમાં વાપરતા હતા. રાજા દિલીપ પોતાના મનનો ભેદ ન તો કોઈને કહેતા, કે ન તો કોઈને જાણવા દેતા, પણ જ્યારે કાર્ય સંપન્ન થાય ત્યારે બધાને તેની ખબર પડતી હતી. તેઓ નિડર બનીને પોતાની રક્ષા કરતા તથા ધીરજ સાથે પોતાની પ્રજા અને ધર્મની રક્ષા કરતા હતા. પોતાનું જીવન તેઓ ધર્મકાર્યોના અનુષ્ઠાન કરવામાં વિતાવતા હતા.

રાજા દિલીપ જે કર પ્રજા પાસેથી લેતા તે ઈન્દ્રને પ્રસન્ન કરી વરસાદ વરસાવવા માટે યજ્ઞકાર્યો કરવામાં લગાવી દેતા હતા. આમ રાજા દિલીપ અને દેવરાજ ઈન્દ્ર બંને એકબીજાને સહાયતા કરીને પૃથ્વી અને સ્વર્ગનું પાલન કરતા હતા. બ્રહ્માએ નક્કી જ રાજા દિલીપને પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વોમાંથી બનાવ્યા હતા. કારણ કે તેઓ આ પાંચ તત્ત્વ, ગન્ધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ ગુણોથી સમગ્ર સૃષ્ટિની સેવા કરતા હતા. દિલીપ રાજાના ગુણોથી જ બીજાઓનો ઉપકાર થતો હતો. જેમ યજ્ઞની પત્ની તરીકે ‘દક્ષિણા’ પ્રસિદ્ધ છે તેમ મગધવંશમાં ઉત્પન્ન સુદક્ષિણા તેમની પત્ની હતી. તેમની ઈચ્છા હતી કે સુદક્ષિણા વડે મારા જેવો સત્પુત્ર ઉત્પન્ન થાય. આથી પોતાના રાજ્યનો ભાર મંત્રીઓને સોંપીને પત્ની સુદક્ષિણાની સાથે રથ પર સવાર થઈને કુલગુરુ વસિષ્ઠના આશ્રમ તરફ જવા નીકળ્યા. તેઓએ પોતાની સાથે વધારે સેવકોને ન લીધા વધારે લોકોથી આશ્રમના કાર્યોમાં મુશ્કેલી ઉત્પન્ન થાય. માર્ગમાં સાલના વૃક્ષોની ગંધને, પુષ્પોની પરાગને અને વનવૃક્ષોનાં પર્ણોને ધીરે ધીરે કંપાવતો પવન દિલીપને સુખદાયક બનીને વહી રહ્યો હતો.

સંધ્યા થતાં રાજા દિલીપ પોતાની પત્ની સાથે વસિષ્ઠ ઋષિના આશ્રમમાં પહોંચ્યા. જ્યાં અગ્નિહોત્રના પવનને કારણે ધૂમાડો ચારે તરફ ફેલાઈ અતિથિઓને પવિત્ર કરી રહ્યો હતો. રાજા દિલીપે આશ્રમના પહેલાં જ સારથિ દ્વારા રથ રોકાવીને પહેલા સુદક્ષિણાને ઉતારી પછી પોતે રથ પરથી ઉતર્યા. આશ્રમના ઋષિ-મુનિઓએ પોતાના રક્ષક એવા રાજાનું પત્ની સાથે સમ્માન કરી સ્વાગત કર્યું. જ્યારે સંધ્યાકાલીન કર્મ સમાપ્ત થયું ત્યારે તે ઋષિઓએ તેમને વસિષ્ઠ પાસે પહોંચાડ્યા. જયારે રાજાએ મહામુનિ અને કુલગુરુ એવા વસિષ્ઠના દર્શન કર્યા ત્યારે પતિવ્રતા અરુન્ધતી તેમની પાછળ એવી રીતે બેઠી હતી કે જેવી રીતે અગ્નિ પાછળ સ્વાહા બેઠી હોય. રાજા અને મગધરાજ કુમારી સુદક્ષિણાએ શ્રદ્ધાપૂર્વક બંનેના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા. ત્યારબાદ એ મહર્ષિએ રાજર્ષિને પૂછ્યું કે – રાજ્યમાં બધા કુશળ તો છે ને ? તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે આપની કૃપાથી રાજ્યમાં રાજા, મંત્રી, મિત્ર, રાજકોષ, રાજ્ય, દુર્ગ અને સેના એ સાતેય અંગ પૂર્ણ છે. અગ્નિ, જળ, મહામારી અને અકાળમૃત્યુ જેવી દૈવી આપત્તિઓ અને ચોર, લૂંટારા, શત્રુ વગેરે જેવી માનવીય આપત્તિઓનો નાશ કરનારા આપ છો જ. આપના મંત્રોના પ્રભાવથી રાજ્યમાં કોઈ સંકટ નથી. આપના બ્રહ્મતેજના પ્રભાવથી મારી પ્રજામાં ન તો કોઈ અલ્પાયુ છે, ન તો કોઈને વિપત્તિઓનો ડર. સ્વયં બ્રહ્માના પુત્ર એવા આપ જ્યારે અમારા કલ્યાણની ચિંતા કરનારા હોય ત્યારે અમારું રાજ્ય નિર્વિઘ્ન કેમ ન રહે ? પણ મુનિવર ! આપની આ પુત્રવધૂ સુદક્ષિણાને નિઃસંતાન જોઈને સપ્તદ્વીપવાળી આ પૃથ્વી પણ મને ગમતી નથી. હવે એવું લાગે છે કે મારી પાછળ પિણ્ડ આપવાવાળું પણ કોઈ નહીં રહે. મારા પાછળ કોણ તેમને તર્પણ વગેરે કરાવશે એવું વિચારીને મારા પિતૃઓ રોવા લાગે છે. માટે ‘હે પ્રભો! કોઈ એવા ઉપાય બતાવો કે જેનાથી મને પુત્રરત્ન પ્રાપ્ત થાય અને હું પિતૃઋણમાંથી મુક્ત થાઉં. હંમેશા રઘુવંશની મુશ્કેલીઓ આપની કૃપાથી નષ્ટ થઈ છે. ‘રાજાની વાત સાંભળી વસિષ્ઠ મુનિએ આંખો બંધ કરી યોગબળથી નિઃસંતતિપણાનું રહસ્ય જાણીને રાજાને કહ્યું – “હે રાજન્ ! એક વાર દેવાસુરસંગ્રામમાં મદદ કરીને

પાછા ફરતાં તમે કલ્પવૃક્ષની છાયામાં બેઠેલી કામધેનુંની ઉપેક્ષા કરી હતી. સુદક્ષિણા પાસે પહોચવાની ઉતાવળમાં તમે તેની તરફ ધ્યાન આપ્યું ન હતું. માટે ક્રોધયુક્ત થયેલી એ કામધેનુંએ આપને શાપ આપ્યો હતો કે — 'જ્યાં સુધી મારી સંતતિની સેવા નહીં કરે ત્યાં સુધી તને પુત્ર પ્રાપ્તિ નહીં થાય.' આ સમયે દિગ્ગજો આકાશગંગામાં ક્રીડા કરતાં કરતાં મોટો અવાજ કરી રહ્યા હતા, તેથી એ શાપને આપ અને સારથિ સાંભળી શક્યા નહીં.

અત્યારે કામધેનું પાતાળમાં વરુણદેવના યજ્ઞમાં આહુતિની સામગ્રી આપવા માટે ત્યાં ગઈ છે. અત્યારે તેના દર્શન દુર્લભ છે. આથી તેની પુત્રી નંદિની ગાયને પ્રતિનિધિ સમજી તેની સેવા કરો. વસિષ્ઠ આવું બોલતા હતા ત્યાં જ સુલક્ષણોવાળી (સુલક્ષણા) નંદિની વનમાંથી આવી પહોંચી નંદિનીના ખરીઓથી ઉડેલી ધૂળથી રાજા એવા પવિત્ર બની ગયા કે જાણે તીર્થક્ષેત્રમાં સ્નાન કરીને આવ્યા હોય. વસિષ્ઠે કહ્યું કે —'તમારા મનોરથ તરત જ પૂરા થશે. કારણ નામ લેતાંની સાથે જ નંદિની ઉપસ્થિત થઈ છે. તમે કંદ, મૂળ, ફળ ખાઈને શુદ્ધ મનથી પત્ની સાથે તેની સેવા કરો. જયારે એ ચાલે ત્યારે તમે તેની પાછળ ચાલજો, એ બેસે ત્યારે બેસજો અને એ પાણી પીવા માંડે ત્યારે તમે પાણી પીજો. સુદક્ષિણા રોજ પ્રાતઃ કાળે ભક્તિથી પૂજા કરે અને તપોવન સુધી તેને અનુસરે. સાંજે પાછા ફરતી સમયે ત્યાંથી તેને લઈને આશ્રમમાં આવે. જ્યાં સુધી ગાય પ્રસન્ન ન થાય ત્યાં સુધી એની સેવા કરતા રહો. ઈશ્વરકૃપાથી કોઈ વિઘ્ન ઉત્પન્ન ન થાય. તમે પણ તમારા પિતાની જેમ સુયોગ્ય પુત્રને પ્રાપ્ત કરો. રાજાએ વિનમ્રતાપૂર્વક તેમની આજ્ઞાનો સ્વીકાર કર્યો. પછી પતિ-પત્નીએ વ્રતપાલનની આજ્ઞા લીધી. વસિષ્ઠે વ્રતપાલન માટે બનાવેલી પર્ણકુટિરમાં રાજા દિલીપે બ્રહ્મચર્યનું પાલન કરતાં રાણી સુદક્ષિણા સાથે ચટાઈ પર સૂઈને રાત્રિ વિતાવી.

## ૬.૮ રઘુવંશની ભાષા શૈલી :

### ૮.૧ ભાષા :

રઘુવંશની ભાષા સરળ અને મનોરમ છે. કારણ કે કાલિદાસનું ભાષા પર પ્રભુત્વ છે. લાંબા સમાસોનો પ્રયોગ ભાષામાં ખૂબ ઓછો જણાય છે, વળી ક્લિષ્ટતાનો પણ અભાવ છે. કાલિદાસ શબ્દલાઘવ પણ લાવી જાણ છે. થોડા શબ્દોમાં વિસ્તૃતવર્ણન કરવામાં તે નિપુણ છે. અનાવશ્યક અને પાદપૂર્તિ માટે વપરાતા પદોનો પ્રયોગ આ ભાષામાં જોવા મળતો નથી. દરેક શબ્દોને તોલી તોલીને મૂકે છે. જેમ કે બીજા સર્ગમાં '**जायाप्रतिग्राहितगन्धमाभ्याम्**' માં એમાં '**जाया**' પદ હેતુસર મૂક્યું છે. '**भार्या**' એવું પદ નથી પ્રયોજયું, કારણ કે સુદક્ષિણા પુત્રવતી થવાની છે તેવું સૂચન ગર્ભિત છે. વાક્યોમાં રહેલા ક્રિયાપદો પણ સ્પષ્ટ છે. થોડા શબ્દોમાં વધારે અર્થ પ્રગટ કરવાની કળા કાલિદાસની ભાષામાં રહેલી છે. વ્યાકરણની દ્રષ્ટિએ પણ રઘુવંશની ભાષા પરિષ્કૃત, સરળ અને સુબોધ જણાય છે.

### ૮.૨ રસ

કાલિદાસ તો રસેશ્વર છે. રસસિદ્ધ કવિઓ રસમાત્રના નિરૂપણમાં પ્રવૃત્તિવાળા હોય છે. કાલિદાસ આવા રસસિદ્ધ કવિ છે. તેમણે પસંદ કરેલા શબ્દો-વાક્યો રસવ્યંજના કરવા સમર્થ છે. શૃંગાર રસના પરિપાકમાં તેમને વિશેષ પ્રેમ છે. આવો શૃંગારનો પરિપાક રઘુવંશના નવામા સર્ગના વસંતવર્ણનમાં દેખાય છે.

**त्यजत मानमलं बत विग्रहैर्न पुनरेति गतं चतुरं वयः।**

**परभृताभिरितीव निवेदिते स्मरमते रमते स्म वधूजनः ।।**

રઘુવંશનો મુખ્યરસ વીર છે. દિલીપથી માંડી બધા રાજાઓનું ગુણવર્ણન ઉત્સાહનું જનક

છે. રઘુવંશમાં અલંકારોનું વૈવિધ્ય, અર્થચમત્કૃતિઓ, કલ્પનાવૈભવ તેમજ ભાવનિરૂપણ વીરરસને પોષક છે. વીર અને શૃંગાર રસની સાથે સાથે શાન્ત, કરુણ, અદ્ભુત વગેરે રસો ગૌણરૂપે નિરૂપાયા છે.

### ૮.૩ ગુણ અને રીતિ :

અબાલવૃદ્ધ સૌને વ્યાપીને રહે તેવો પ્રસાદગુણ કાલિદાસની રચનાઓમાં હોય છે. પ્રસાદ ગુણના લીધે તેમની રીતિ વૈદર્ભી છે. આથી કહેવાયું છે કે – '**वैदर्भिरीतिसन्दर्भे कालिदासो विशिष्यते**' રઘુવંશમાં બધી જગ્યાએ સરસ પદોવાળી, અલ્પ સમાસોવાળી, લલિતરચનાયુક્ત વૈદર્ભી રીતિ અને પ્રસાદગુણ જોવા મળે છે. જેમ કે,

**एकातपत्रं जगतः प्रभुत्वं नवं वयः कान्तमिदं वपुश्च**

**अल्पस्य हेतोर्बहुतुमिच्छन् विचारमूढः प्रतिभासि मे त्वम् ॥** (૨/૪૯)

### ૮.૪ ઉપમા નિરૂપણ :

પરંપરા કાલિદાસને ઉપમાનો કવિ માને છે. '**उपमा कालिदासस्य।**' તેમની ઉપમાઓમાં ઉપમાન અને ઉપમેય વચન, લિંગ વગેરેનો વિચાર કરીને આવતાં હોય છે. આથી તેમની ઉપમાઓ વિશેષ ચમત્કારજનક બની છે. જેમ કે '**सञ्चारिणी दीपशिखेव रात्रौ यं यं व्यतीयाय पतिम्वरा सा। (रघु.૬-૬૭)**' આ શ્લોકમાં ઈન્દુમતી ને **दीपशिखा** ની ઉપમા આપવામાં આવી છે. રાજાની ઉપમા '**अह्न**' શબ્દથી આપવામાં આવી છે. રઘુવંશના બીજા સર્ગમાં રાજા દિલીપ અને રાણી સુદક્ષિણાની વચ્ચે શોભતી નંદિનીનું વર્ણન કરતાં કાલિદાસ કહે છે કે – **तदन्तरे सा विरराज धनुर्दिनक्षपामध्यगतेव सन्ध्या** (रघु.૨-૨૦) અહીં રાજાની ઉપમા દિવસ વડે, સુદક્ષિણાની ઉપમા રાત્રિથી અને લાલ નંદિનીની ઉપમા લાલ સન્ધ્યાથી આપવામાં આવી છે. આમ રઘુવંશમાં સ્થાને સ્થાને આવી ઉપમાઓ પ્રયોજાઈ છે. જે સહૃદયોના હૃદયને ચમત્કૃત કરે છે. આ ઉપરાંત અન્ય શબ્દાલંકારો અને અર્થાલંકારોનો વૈભવ તો છે જ.

### ૮.૫ ચરિત્રચિત્રણ :

રઘુવંશનું ચરિત્રચિત્રણ કાલિદાસની અસાધારણ પ્રતિભાને અભિવ્યક્ત કરે છે. પાત્રનિરૂપણ કરતી વખતે કાલિદાસ બધા પાત્રોનું પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સ્થાપિત કરે છે. પ્રથમ સર્ગમાં બધા રાજાઓના ગુણોનું વર્ણન રઘુવંશના રાજાઓનું ચરિત્ર વ્યક્ત કરે છે. દિલીપના શરીરનું વર્ણન કરતાં કવિ કહે છે કે ક્ષત્રિયધર્મએ જાણે દેહ ધારણ કર્યો હોય તેવું તેમનું શરીર છે. બારમા સર્ગમાં કવિ રામને અસાધારણ બતાવે છે. સામાન્ય વ્યક્તિ તો રાજ્ય મળવાથી પ્રસન્ન થાય અને વનવાસની વાત સાંભળી દુઃખી થાય. જ્યારે રામ વનમાં જવાના સમાચાર સાંભળી પ્રસન્ન થઈ વલ્કલ ધારણ કરી લે છે.

### ૮.૬ પ્રકૃતિવર્ણન :

કાલિદાસ પ્રકૃતિના કવિ છે. રઘુવંશમાં પ્રાકૃતિક દ્રશ્યોની ભરમાર છે. પ્રાકૃતિકચિત્રણ સ્વાભાવિક અને રમણીય છે. પ્રથમ સર્ગમાં રાજા દિલીપ આશ્રમમાં પહોંચે છે તે વખતનું વર્ણન –

**वनान्तरादुपावृत्तैः समित्कुशफलाहरैः।**

**पूर्यमाणमदृश्याग्निप्रत्युद्यातैस्तपस्विभिः॥**

અર્થાત્ – "બીજા વનોમાંથી પાછા ફરતાં સમિત્, કુશ અને ફલ લાવનારા, અદ્રશ્ય અગ્નિની આગેવાની કરનારા, તપસ્વીઓથી વ્યાપ્ત એવા આશ્રમમાં આવી પહોંચ્યાં. અહીં તપોવનનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે પાંચમાં સર્ગનું પ્રભાતવર્ણન, નવમા સર્ગનું વસંતવર્ણન અનુપમ છે. બીજા સર્ગમાં પ્રકૃતિએ રાજાના

કરેલા સત્કારનું મનોહર વર્ણન છે.

૮.૭

રઘુવંશમાં અનેક છંદોનો પ્રયોગ થયો છે. જેમાં અનુષ્ટુપ્, પ્રહર્ષિણી, ઉપજાતિ, વંશસ્થ, વસન્તતિલકા, પુષ્પિતાગ્રા, હરિણી, તોટક, મંદક્રાન્તા, રથોદ્ધતા, વૈતાલીય, સ્વાગતા વગેરે છંદોનું સૌંદર્ય છે. જેમાં કવિનું પાણ્ડિત્ય અને પ્રૌઢતા જણાય છે. કાલિદાસનું છંદવિષય જ્ઞાન ગંભીર અને પૂર્ણ છે. છંદવૈવિધ્યની સાથે સર્ગોની અંતે પરિવર્તિત છંદોમાં આગામી સર્ગના કથાનકનું સૂચન કરવામાં આવ્યું છે. મહાકવિએ કરુણ પ્રસંગોમાં વૈતાલીય, પરાક્રમમાં વંશસ્થ, પ્રવાસમાં મંદાક્રાન્તા, હર્ષમાં પ્રહર્ષિણી, પૌરાણિક કથાનકમાં અનુષ્ટુપ્ છંદોની યોજના કરી છે. વળી રસની પુષ્ટિ માટે જે તે રસને અનુકૂળ વ્યંજક વર્ણોનો ઉપયોગ કર્યો છે. પ્રથમ સર્ગમાં અનુષ્ટુપ્ અને સર્ગાન્તે પ્રહર્ષિણી છંદનો પ્રયોગ કર્યો છે.

આમ રઘુવંશનું અદ્વિતીય કાવ્યત્વ ''**रम्या रामायणी कथा**'' એવા વાલ્મીકિની કથાને પોતાના પ્રતિભા વૈભવથી તેને નવા જ સ્વરૂપમાં રજૂ કરે છે. દિલીપ જેવા મહાન પ્રતાપી રાજાથી શરૂ થયેલો વંશ દીપશિખાની જેમ ધીમે ધીમે અગ્નિવર્ણના ભોગવિલાસંથી ક્ષય પામ્યો તેનું નિરૂપણ કરતું કથાનક પણ સુશ્લિષ્ટ અને સુગ્રથિત છે.

## ૬.૯ સંસ્કૃત મહાકાવ્યનાં લક્ષણો :

મહાકાવ્ય સંસ્કૃત સાહિત્યમાં અત્યંત ખેડાયેલો અને લોકપ્રિય સાહિત્યિક પ્રકાર છે. સંસ્કૃત સાહિત્યમાં પાંચ મહાકાવ્યો ઘણાં જ પ્રસિદ્ધ છે : કાલિદાસનાં બે મહાકાવ્યો – (૧) રઘુવંશ અને (૨) કુમારસંભવ (૩) ભારવિનું કિરાતાર્જુનીય, (૪) માઘનું શિશુપાલવધ અને (૫) શ્રી હર્ષનું નૈષધચરિત. આ પાંચે મહાકાવ્યો સંસ્કૃત સાહિત્યમાં' પંચ મહાકાવ્યને નામે પ્રસિદ્ધ બનેલાં છે અને મહાકાવ્યનાં લક્ષણોની ચર્ચામાં માર્ગદર્શક બન્યાં છે. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં લગભગ બધા જ વિવેચકોએ મહાકાવ્યનાં લક્ષણોની ચર્ચા કરી છે જેમાં આચાર્ય દંડી, આચાર્ય વિશ્વનાથ વગેરેએ દર્શાવેલાં પ્રમાણભૂત ગણવામાં આવે છે. ઉપર ગણાવેલાં મહાકાવ્યો પૈકી રઘુવંશ અને કુમારસંભવને લક્ષ્યમાં રાખીને જ વિવેચકોએ મહાકાવ્યનાં લક્ષણોની ચર્ચા કરી છે તે નિઃશંક છે. સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યોનો પ્રકાર જેમ જેમ ખેડાતો ગયો તેમ તેમ એનાં લક્ષણોમાં વધારો થતો રહ્યો છે તે નોંધપાત્ર છે. એટલે મહાકાવ્યનાં લક્ષણોને આધારે મહાકાવ્યોની રચનાને બદલે મહાકાવ્યનાં સર્જનોને આધારે મહાકાવ્યોનાં લક્ષણો બંધાતાં રહ્યાં છે એમ કહેવું વધારે સારું છે. મહાકાવ્યનાં લક્ષણો પૈકી આચાર્ય દંડીએ દર્શાવેલાં મહાકાવ્યનાં નીચે જણાવેલાં લક્ષણો પ્રસિદ્ધ છે :

**सर्गबन्धो महाकाव्यमुच्यते तस्य लक्षणम्।**
**आशीर्नमस्क्रिया वस्तु निर्देशो वापि तन्मुखम् ।।**
**इतिहासकथोद्भूतमितरद्वा सदश्रयम्।**
**चतुर्वर्गफलोपेतं चतुरोदात्तनायकम् ।।**
**नगरार्णवशैलर्तुचन्द्रार्कोदयवर्णनैउद्यानसलिलक्रीडामधुपानरतोत्सवैः ।।**
**विप्रलम्भैर्विवाहैश्च कुमारोदयवर्णनैः।**
**मन्त्रदूतप्रयाणाजिनायकाभ्युदयैरपि ।।**
**अलंकृतमसक्षिप्तंरसाभावनिरन्तरम्।**

सर्गैरनतिविस्तीर्णैः काव्यवृत्तैः सुसन्धिभिः ॥
सर्वत्र भिन्नवृत्तान्तैरुपेतं लोकरञ्जनम्।
काव्यं कल्पोत्तरस्थायि जायेत सदलंकृतिः ॥ (કાવ્યાદર્શ ૧.૧૪-૧૯)

આચાર્ય દંડીએ ઉપર દર્શાવેલાં મહાકાવ્યનાં લક્ષણોને નીચે પ્રમાણે સમજાવી શકાય.

**સ્વરૂપ બંધારણ : સર્ગબદ્ધતા :**

મહાકાવ્ય, એનું નામ દર્શાવે છે તે પ્રમાણે સ્વરૂપમાં મોટું કાવ્ય છે. તેથી તે સર્ગબદ્ધ હોવું જોઈએ. મહાકાવ્ય સર્ગોમાં વિભક્ત હોવું જોઈએ. મહાકાવ્યના એક એક પ્રકરણને 'સર્ગ' કહેવામાં આવે છે. મહાકાવ્યમાં સર્ગસંખ્યાને માટે ઈશાનસંહિતામાં જણાવવામાં આવ્યું છે કે, **अष्टसर्गान्न तु न्यूनंत्रिंशत्सर्गाच्च नाधिकम्। महाकाव्यं प्रयोक्तव्यं महापुरुषकीर्तियुक्** ॥ અર્થાત્ મહાકાવ્યમાં ઓછામાં ઓછા ૮ સર્ગ અને વધુમાં વધુ ૩૦ સર્ગો હોવા જોઈએ. સર્ગમાં પણ ઓછામાં ઓછા ૩૦ શ્લોકોની અપેક્ષા રાખવામાં આવે છે. આચાર્ય દંડીએ એવો નિર્દેશ કર્યો છે કે આ સર્ગો બહુ ટૂંકા હોવા જોઈએ નહિ. મહાકાવ્યના પ્રત્યેક સર્ગને એમાંના કથાનકને આધારે કોઈને કોઈ નામ આપવામાં આવે છે. સામાન્યતયા આખા સર્ગ એક જ છંદમાં રચાય છે પણ સર્ગના અંતે છંદ બદલાય છે અને એમાં એ પછી આવતા સર્ગના કથાનકનો નિર્દેશ હોય છે.

**પ્રારંભ :**

મહાકાવ્યોનો પ્રારંભ સંસ્કૃત સાહિત્યના શિષ્ટાચાર મુજબ માંગલિક રીતે થવો જોઈએ એટલે, મહાકાવ્યના પ્રારંભમાં ઈશ્વર-નમસ્કાર, આશીર્વાદ વગેરે આવવાં જોઈએ. જો કે કોઈક વાર કવિ સીધા વસ્તુનિર્દેશથી પણ કાવ્યોનો આરંભ કરી શકે.

**કથાવસ્તુ :**

મહાકાવ્યનું મુખ્ય કથાનક ઐતિહાસિક કે પૌરાણિક કથાનકોમાંથી પસંદ કરવું જોઈએ અને અનિવાર્ય પણે તે સદાશ્રયી હોવું જોઈએ. કોઈ પણ સદ્વૃત્તાન્ત મહાકાવ્યનો વિષય બની શકે. પ્રાચીન વિવેચકોને મતે મહાકાવ્ય લોકજીવનને પ્રેરક અને ઉપકારક હોવું જોઈએ અને માટે જ સત્કથાનકનો આગ્રહ રાખવામાં આવ્યો છે.

**ધ્યેય :**

મહાકાવ્ય માનવજીવનને પ્રેરક બને તેવો આગ્રહ હોવાથી મહાકાવ્યનું ધ્યેય પણ માનવજીવનના ચાર પુરુષાર્થો પૈકી એક, બે કે તેથી વધારે પુરુષાર્થોની પ્રાપ્તિ હોવું જોઈએ. મહાકાવ્યનો નાયક ચાર પુરુષાર્થો પૈકી (ધર્મ-અર્થ-કામ-મોક્ષ) કોઈ પણ એક અથવા વધારે પુરુષાર્થોની પ્રાપ્તિ કરતો હોવો જોઈએ કે જેથી એ માનવસમાજને પ્રેરણાદાયી બની શકે.

**નાયક :**

મહાકાવ્યનું કથાનક સદાશ્રયી હોવું જોઈએ એવો નિયમ હોવાથી એનો નાયક પણ ચતુર અને ઉદાત્ત હોવો જોઈએ. સંસ્કૃત વિવેચકો નાટકમાં શું કે કાવ્યમાં શું, નાયકને એક સંપૂર્ણ વ્યક્તિવાળો મનુષ્ય સર્જવાની અપેક્ષા રાખે છે. સંસ્કૃતમાં 'ઉદાત્ત' શબ્દ ઘણો જ અર્થવાન છે ઉદાત્ત શબ્દમાં આદર્શ માનવને માટે જરૂરી એવાં શૌર્ય, પરાક્રમ, ધૈર્ય, વિનય, ક્ષમા, તિતિક્ષા વગેરે બધા ગુણોનો સમાવેશ થઈ જાય છે. મહાકાવ્યનો નાયક ધીરોદાત્ત હોવો જોઈએ. જેથી તે માનવસમાજનો એક આદર્શ બની શકે.

**વર્ણનો :**

મહાકાવ્યના વિશાળ અને વ્યાપક ફલકમાં વિવિધ પ્રકારનાં વર્ણનોને અવકાશ

છે, એટલું જ નહિ, મહાકાવ્યના સ્વરૂપને બૃહદ્ બનાવવાને માટે આવાં વર્ણનો જરૂરી પણ છે. વિવેચકોએ મહાકાવ્યમાં અપેક્ષિત એવાં વર્ણનોની એક લાંબી યાદી તૈયાર કરી છે. આચાર્ય દંડીએ જણાવ્યા પ્રમાણે મહાકાવ્યમાં નગરો, સાગરો, પર્વતો, ઋતુઓ, સૂર્યોદય, સૂર્યાસ્ત, ચંદ્રોદય, ચંદ્રાસ્ત, ઉદ્યાનક્રીડા, જળક્રીડા, મધુપાન, સભોગશૃંગાર, રતિક્રીડા, વિવિધ ઉત્સવો, સંયોગ, વિયોગ, વિવાહ, પુત્રજન્મ, મંત્રણાઓ, દૂતકર્મ, સેનાપ્રયાણ, યુદ્ધ તથા નાયકનો અભ્યુદય વગેરેનાં વર્ણન યથાયોગ્ય સ્થાને આવવાં જોઈએ. મહાકાવ્ય આ પ્રકારના વર્ણનવૈવિધ્યથી ભર્યું ભર્યું બનવું જોઈએ.

**રસ અને અલંકાર :**

મહાકાવ્યનાં બહિરંગ લક્ષણો ઉપરાંત એના અંતરંગ સ્વરૂપનો પણ આ વિવેચકોએ પૂરો વિચાર કર્યો છે. મહાકાવ્ય સર્ગોમાં વિભક્ત હોય, એનું કથાનક અમુક પ્રકારનું હોય, એના નાયક મહાન હોય કે એમાં વર્ણનો હોય તેથી જ તે મહાકાવ્ય બની શકે નહિ. કોઈ પણ કાવ્યને માટે અનિવાર્ય રીતે જરૂરી એવી રસ નિષ્પન્ન કરવાની ક્ષમતા મહાકાવ્યમાં પણ હોવી જોઈએ અને રસ નિષ્પન્ન થાય તે માટે એમાં અલંકાર વૈવિધ્ય, અર્થચમત્કૃતિઓ, કલ્પનાવૈભવ તેમજ ભાવોનું એવું તો આકાર્ષક નિરૂપણ હોવું જોઈએ કે જેથી વાચકોને તે રસતરબોળ કરી દે. મહાકાવ્યમાં શૃંગાર કે વીરરસ મુખ્ય હોવો જોઈએ અને કરુણ, હાસ્ય, રૌદ્ર, અદ્ભુત વગેરે રસોનું યથાસ્થાને પ્રસંગોપાત્ત નિરૂપણ થવું જોઈએ.

**સુગ્રથિતતા :**

મહાકાવ્યનું વિસ્તીર્ણ કથાનક અત્યંત સુગ્રથિત તથા સૌષ્ઠવવાળું હોવું જોઈએ. જેમ નાટકમાં સમય, સ્થળ અને કાર્યની અન્વિતિ જાળવવા માટે સંધિઓની વ્યવસ્થા છે તેમ મહાકાવ્યમાં પણ મુખ, પ્રતિમુખ વગેરે નાટ્યસંધિઓ જેવી જ કથાનકની સુગ્રથિતતા અપેક્ષિત છે.

**ઉપસંહાર :**

ઉપર દર્શાવેલાં લક્ષણો પ્રમાણે ભિન્નભિન્ન વૃત્તાન્તોથી લોકરંજક બનેલું મહાકાવ્ય યુગો સુધી અમર રહે છે અને લોકોને અવર્ણનીય આહલાદ અર્પે છે.

## ૬.૧૦ રઘુવંશનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન :

સંસ્કૃત કાવ્યસાહિત્યમાં રઘુવંશની એક આદર્શ મહાકાવ્ય તરીકે ગણના થાય છે. રઘુવંશમાં મહાકાવ્યનાં તમામ લક્ષણો બરાબર બંધ બેસે છે માટે નહિ; પણ ખરેખર તો કાવ્યશસ્ત્રીઓએ મહાકાવ્યનાં લક્ષણોનું નિરૂપણ કરતાં રઘુવંશને એક આદર્શ તરીકે નજર સમક્ષ રાખ્યું હોવાથી તે એક આદર્શ મહાકાવ્ય છે એમ આપણે કહી શકીએ. માત્ર બાહ્ય ક્લેવરને કારણે જ નહિ, પણ એમાંના અસાધારણ કાવ્યતત્ત્વને કારણે પણ તે એક આદર્શ મહાકાવ્ય બનવા પામ્યું છે.

રઘુવંશ સપ્રમાણ એવા ઓગણીસ સર્ગોમાં વિભક્ત છે. એમાં છંદવૈવિધ્ય છે અને સર્ગોને અંતે આવેલા પરિવર્તિત છંદોમાં આગામી સર્ગના કથાનકનું સૂચન થતું રહ્યું છે. કથાનકને આધારે સર્ગોનું નામકરણ જેમ કે, વસિષ્ઠાશ્રમાભિગમન, નંદિનીવરપ્રદાન વગેરે થયું છે. એનો પ્રારંભ જગમાં પવિત્ર શિવ અને પાર્વતીની સ્તુતિવંદનાથી થયો છે. રઘુવંશના જુદા જુદા રાજાઓના મહામના ચરિત્રનિરૂપણથી કવિએ યથાયોગ્ય સમયે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ દર્શાવી છે. એના નાયકો પ્રતાપી સૂર્યવંશ-રઘુવંશમાં જન્મેલા પ્રસિદ્ધ રાજવીઓ છે અને તે બધા મહદંશે ધીરોદાત્ત કે ધીરલલિત પ્રકારના છે. એનો મુખ્ય રસ વીર અને શૃંગાર છે અને શાન્ત, કરુણ અદ્ભુત વગેરે રસો ગૌણસ્થાને

નિરૂપાયા છે. એમાં વર્ણનોનું વૈવિધ્ય દ્રષ્ટિગોચર થાય છે. બીજા સર્ગમાં પ્રકૃતિએ કરેલા રાજાના સત્કારનું મનોહર વર્ણન છે. ત્રીજા સર્ગમાં રઘુ અને ઈન્દ્ર વચ્ચેના યુદ્ધનું, ચોથામાં રઘુની દિગ્વિજયયાત્રાનું, ત્રીજા અને ચોથામાં પુત્રજન્મનું, છઠ્ઠામાં ઈન્દુમતી સ્વયંવરનું, સાતમામાં નગર અને નગરસ્ત્રીઓનું, તેરમામાં સમુદ્રનું, નવમા સર્ગમાં વસંતઋતુનું, પાંચમાં સર્ગના અજપ્રબોધનપ્રસંગમાં સૂર્યોદય અને પ્રભાતનું, સોળમાં સર્ગમાં જળક્રીડાનું, ઓગણીસમાં સર્ગમાં પાનક્રીડા તેમ જ રતિક્રીડાનું વર્ણન પ્રાપ્ત થાય છે, જે આ મહાકાવ્યને અલંકૃત કરે છે. મહાકવિ કાલિદાસની કાવ્યપ્રતિભાનો પરમ ઉત્કર્ષ આ મહાકાવ્યમાં સધાયો હોવાથી એમાં ઉત્તમ શબ્દાલંકારો અને અર્થાલંકારોનો વૈભવ પ્રાપ્ત થાય છે. એનું કથાનક અત્યંત સુશ્લિષ્ટ, સંવાદી અને સુગ્રથિત છે અને આવાં ઉત્તમ લક્ષણોને કારણે રઘુવંશ આજે યુગો પછી પણ વાચકોના ચિત્તને આકર્ષે છે.

આપણા દેશમાં પ્રાચીનકાળથી જ રામકથા ભાવિકોના મનને આકર્ષતી રહી છે. **रम्या रामायणी कथा** કહીને આ પુનિત કથાનું વિદ્વાનોએ ભારે ગૌરવ કર્યું છે. વાલ્મીકિની કથાને મહાકવિ કાલિદાસે અદ્વિતીય કાવ્યપ્રતિભાથી જાણે કે નવા જ સ્વરૂપે રજૂ કરી છે. દિલીપ જેવા મહાપ્રતાપી રાજવી ક્ષીણ થયો. કવિ કહેવા માંગે છે કે જાણે એક મહાન દીપશિખા ધીમેધીમે લય પામી. કાલિદાસની અનન્ય કાવ્યપ્રતિભાનાં રઘુવંશમાં પદેપદે દર્શન થાય છે. મહાન વિદ્વાન શ્રી એમ. આર. કાળે કહે છે. **"It is in the Raguvansha as in the Shakuntala, that kalidas is seen at his best. The poem has been most popular in India From very early times and has evoked an unending chorus of praise from the learned and beginners alike."**

રઘુવંશના આવા અદ્વિતીય કાવ્યતત્ત્વને કારણે અને યુગોથીતે ભાવકોનું પ્રીતિપાત્ર બન્યું હોવાને કારણે કહેવાયું છે. **क इह रघुकारे न रमते** રઘુકાર કાલિદાસના રઘુવંશમાં કોણ રમમાણ બનતું નથી ? રઘુવંશીય રાજાઓના વૃત્તાન્તથી કોણ પ્રસન્ન થતું નથી ?

## ૬.૧૧ તમારી પ્રગતિ ચકાસો :

૧. રઘુવંશના પ્રથમસર્ગનો કથાસાર લખો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

૨. રઘુવંશના ભાષાશૈલી વિશે ચર્ચા કરો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

૩. રઘુવંશ એ શીર્ષકની સાર્થકતા ચર્ચો.

.......................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

૪. રઘુવંશના ટીકાકારોના નામ જણાવી રઘુવંશના આધારસ્થાનની ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

૫. મહાકાવ્યના લક્ષણો આપી રઘુવંશનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

# એકમ ૭ રઘુવંશ સર્ગ-૧ નિયત શ્લોકો (૧ થી ૪૭ શ્લોકો)

## રૂપરેખા

૭.૦ ઉદ્દેશ

૭.૧ પ્રસ્તાવના

૭.૨ નિયત શ્લોકોનો અન્વય, શબ્દાર્થ અને અનુવાદ

૭.૩ તમારી પ્રગતિ ચકાસો

## ૭.૦ ઉદ્દેશ

- કાલિદાસની નમ્રતા (શ્લોક-૨ થી ૪) નો પરિચય મેળવવો.
- રઘુવંશી રાજાઓના ગુણો (શ્લોક-૫ થી ૩૦) વિશે જાણવું.
- દિલીપ-સુદક્ષિણાનું વનગમન (શ્લોક-૩૪ થી ૪૭) વર્ણન સમજવું.
- આ દરેક શ્લોકના અન્વય, શબ્દાર્થ અને અનુવાદ સમજવા.

## ૭.૧ પ્રસ્તાવના

આ પ્રકરણમાં રઘુવશના સર્ગ-૧ માંથી ૧ થી ૪૭ સુધીના શ્લોકોનો અન્વય કરી શબ્દોના અર્થ સમજીને અનુવાદ કરવામાં આવ્યો છે. જેનાથી કાલિદાસની નમ્રતા, રઘુવંશી રાજાઓના ગુણો, દિલીપ-સુદક્ષિણાનું વનગમન વગેરે મુદ્દાઓ-પ્રસંગો સ્પષ્ટ રીતે સમજી શકાશે.

## ૭.૨ નિયત શ્લોકોનો અન્વય, શબ્દાર્થ અને અનુવાદ

**वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये।**
**जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥१॥**

અન્વય : ( अहं) **वागर्थौ इव संपृक्तौ जगतः पितरौ पार्वतीपरमेश्वरौ वागर्थप्रतिपत्तये वन्दे ।**

શબ્દાર્થ: अहम्-હું (કાલિદાસ), **वागर्थौ इव**-વાણી અને અર્થની જેમ, **वाक् च अर्थश्च-द्वन्द्व** સમાસ, **सम्पृक्तौ**-જોડાયેલા. અર્ધનારી નટેશ્વર સ્વરૂપે ભગવાન શિવ અને પાર્વતીનું સ્વરૂપ પરસ્પર જોડાયેલું છે. **जगतः**-જગતના, **पितरौ**-માતા અને પિતાને, **माता च पिता च पितरौ-द्वन्द्व** સમાસ (એકશેષ), **पार्वतीपरमेश्वरौ**-પાર્વતી અને પરમેશ્વરને, **पार्वती च परमेश्वरश्च पार्वतीपरमेश्वरौ-द्वन्द्व** સમાસ, **वागर्थप्रतिपत्तये**-વાણી અને અર્થની પ્રાપ્તિ માટે, **वन्दे**-વંદન કરું છું, **वन्द धातः**-૧લો ગણ આત્મનેપદી, ઉ.પુ.એ.વ

ભાષાન્તર : વાણી (શબ્દ) અને અર્થની જેમ (નિત્ય સંબંધથી) જોડાયેલા, જગતના માતા -પિતા પાર્વતી અને પરમેશ્વરને શબ્દ અને અર્થની પ્રાપ્તિ માટે હું (કાલિદાસ) વંદન કરું છું.

**क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः।**

**तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥२॥**

અન્વયઃ **सूर्यप्रभवः वंशःक्व अल्पविषया मतिः च क्व दुस्तरं सागरं मोहात् उडुपेन तितीर्षुः अस्मि।**

શબ્દાર્થઃ **सूर्यप्रभवः**-સૂર્યથી પેદા થયેલા, **सूर्यात् प्रभवः यस्य सः सूर्यप्रभवः**:-બહુવ્રીહિ સમાસ, **वंशः**-વંશ, **क्व**-કયાં, **अल्पविषया**-અલ્પ વિષયોવાળી, (**मम**-મારી), **मति**-બુદ્ધિ, **क्व**-કયાં, **दुस्तरम्**-મહામુશ્કેલી એ તરી શકાય એવા, **सागरम्**-સાગરને, **मोहात्**-મોહથી (**अहम्**-હું), **उडुपेन**-નાનકડી હોડીથી, **तितीर्षु**-તરવાની ઈચ્છાવાળો, **अस्मि**-છું.

ભાષાન્તરઃ સૂર્યમાંથી પેદા થયેલો (રઘુ) વંશ કયાં ? અને અલ્પ વિષયોવાળી (મારી) બુદ્ધિ કયાં ? (છતાં પણ) મોહથી (હું) નાનકડી હોડી વડે દુસ્તર સાગરને તરવાની ઈચ્છાવાળો બન્યો છું.

**मन्दः कवियशःप्रार्थी गमिष्याम्युपहास्यताम्।**

**प्रांशुलभ्ये फले लोभादुद्बाहुरिव वामनः ॥३॥**

અન્વયઃ **मन्द कवियशः प्रार्थी प्रांशुलभ्ये फले लोभात् उद्बाहुः वामनः इव उपहास्यतां गमिष्यामि।**

શબ્દાર્થઃ **मन्दः**-મૂર્ખ, **कवियशःप्रार्थी कवीनां यशः कवियशः तत् प्रार्थयितुं शीलमस्य इति कवियशःप्रार्थीः**-કવિકીર્તિ મેળવવાની ઈચ્છાવાળો (**अहम्**-હું), **प्रांशुलभ्ये**-ઊંચા માણસથી પ્રાપ્ત કરી શકાય તેવા, **प्रांशुना लभ्यं प्रांशुलभ्यम् तस्मिन् प्रांशलभ्ये तृतीया**-તત્પુ સમાસ, **फले**-ફળને મેળવવા, **लोभात्**-લોભથી, **उद्बाहुः**-હાથ ઊંચા કરીને (ઉભેલા), **वामनः**-ઠીંગણા માણસની જેમ, **उपहास्यताम्**-હાસ્યાસ્પદ, **गमिष्यामि**-બનીશ, **गम्-गच्छ**-ધાતુ પરસ્મૈપદી વર્તમાનાકાળ ઉ.પુ.એ.વ

ભાષાન્તરઃ મૂર્ખ, કવિકીર્તિ મેળવવાની ઈચ્છાવાળો હું લાંબા માણસથી પ્રાપ્ત કરી શકાય તેવા ફળને મેળવવા લોભથી હાથ ઊંચા કરીને ઉભેલા ઠીંગણા માણસની જેમ હાસ્યાસ્પદ થઈશ.

**अथवा कृतवाग्द्वारे वंशेऽस्मिन्पूर्वसूरिभिः।**

**मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः ॥४॥**

અન્વયઃ **अथवा पूर्वसूरिभिः कृतवाग्द्वारे अस्मिन् वंशे वज्रसमुत्कीर्णे मणौ सूत्रस्य इव मे गतिः अस्ति।**

શબ્દાર્થઃ **अथवा** -અથવા, **पूर्वसूरिभिः**-પ્રાચીન વિદ્વાનો દ્વારા, **कृतवाग्द्वारे**-(રામાયણ વગેરે લખીને) વાણીના દ્વાર પહેલેથી જ ખોલી નાંખવામાં આવ્યા છે તેવા, **अस्मिन् वंशे**-આ કુળમાં (સૂર્યવંશના વર્ણનની બાબતમાં), **वज्रसमुत्कीर्णे-वज्रेण समुत्कीर्णः वज्रसमुत्कीर्णः तस्मिन् वज्रसमुत्कीर्णे**-તૃતીયા તત્પુ, સમાસ, જેમાં વજથી કાણું પાડવામાં આવ્યું છે તેવા, **मणौ**-મણિમાં, **सूत्रस्य इव**-જેમ દોરો પ્રવેશે તેમ, **मे**-મારી, **गतिः**-ગતિ (રસ્તો) **अस्ति**-છે.

ભાષાન્તરઃ અથવા પ્રાચીન કવિઓ દ્વારા (રામાયણ વગેરે લખીને) પહેલાંથી જ વાણીના દ્વારો ખોલી નાંખવાંમાં આવ્યાંછે, તેવા આ વંશની બાબતમાં જેમ મણિમાં વજથી કાણું પાડતાં દોરાનો પ્રવેશ સરળ બને તેમ મારો માર્ગ સરળ છે.

सोऽहमाजन्मशुद्धानामाफलोदयकर्मणाम्।

आसमुद्रक्षितीशानामानाकरथवर्त्मनाम् ॥५॥

અન્વયઃ स: अहम् आजन्मशुद्धानाम् आफलोदयकर्मणाम् आसमुद्रक्षितीशानाम् आनाकरथवर्त्मनां (रघूणाम् अन्वयं वक्ष्ये)।

શબ્દાર્થઃ स:-તે મંદબુદ્ધિવાળો, अहम-હું કાલિદાસ, आजन्मशुद्धानाम-જન્મથી લઈને આજ સુધી શુદ્ધસંસ્કાર અને ચરિત્રવાળા, आफलोदयकर्मणाम्-જયાં સુધી ફળની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી નિરન્તર કર્મ કરનારા, आसमुद्रक्षितीशानाम-સમુદ્ર પર્યન્ત પૃથ્વીનું શાસન કરનારા, आनाकरथवर्त्मनां-સ્વર્ગ સુધી રથ વડે યાત્રા કરનારા (ઈન્દ્ર વગેરે દેવતાઓને સહાય કરનારા), रघूणाम्-રઘુકુળમાં જન્મેલાઓના, अन्वयं-વંશને, वक्ष्ये-કહીશ.

ભાષાન્તરઃ મન્દબુદ્ધિવાળો હું (કાલિદાસ) જન્મથી લઈને આજ સુધી જેમના સંસ્કાર અને ચરિત્ર શુદ્ધ છે તેવા, જયાં સુધી ફળની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી સતત કર્મ કરનારા, સમુદ્ર પર્યન્ત પૃથ્વીનું શાસન કરનારા, સ્વર્ગ સુધી રથ વડે યાત્રા કરનારા, રઘુકુળમાં પેદા થનારાઓના વંશને કહીશ (વર્ણન કરીશ).

यथाविधिहुताग्नीनां यथाकामार्चितार्थिनाम्।

यथापराधदण्डानां यथाकालप्रबोधिनाम् ॥६॥

અન્વયઃ यथाविधितहुताग्नीनां, यथाकामार्चितार्थिनाम्, यथापराधदण्डानां, यथाकालप्रबोधिनाम् (रघूणामन्वयं वक्ष्ये)।

શબ્દાર્થઃ यथाविधिहुताग्नीनां-વિધિપૂર્વક અગ્નિમાં નિરંતર આહુતિ આપવાવાળા, यथाकामार्चितार्थिनाम्-યાચકોની ઈચ્છાનુંસાર દાન આપીને સત્કાર કરનારા, यथापराधदण्डानां-દુષ્ટોને અપરાધ પ્રમાણે દંડ કરનારા, यथाकालप्रबोधिनाम्-સમય પ્રમાણે નિરંતર જાગનારા અથવા સમાયાનુસાર હંમેશા કાર્ય કરવામાં તત્પર.

ભાષાન્તરઃ શાસ્ત્ર-વિધિપૂર્વક અગ્નિમાં સતત આહુતિ આપનારા, યાચકોની ઈચ્છા પ્રમાણે દાન કરીને સત્કારનારા, દુષ્ટોને (તેમના) અપરાધ પ્રમાણે દંડ કરનારા, સતત જાગરૂક (સાવધાન) રહેનારા અથવા સમય પ્રમાણે હંમેશા કાર્ય કરવામાં તત્પર એવા (રઘુવંશમાં જન્મેલાઓના વંશને હું કહીશ).

त्यागाय संभृतार्थानां सत्याय मितभाषिणाम्।

यशसे विजिगीषूणां प्रजायै गृहमेधिनाम् ॥७॥

અન્વયઃ त्यागाय सम्भृतार्थानां सत्याय मितभाषिणां, यशसे विजिगीषूणां प्रजायै गृहमेधिनाम् (रघुणामन्वयं वक्ष्ये)।

શબ્દાથઃ त्यागाय-ત્યાગ કરવા માટે, सम्भृतार्थानाम्-सम्भृत: अर्थ: यै: ते सम्भृतार्था: तेषां सम्भृतार्थानाम-ધન એકઠું કરનારાઓના, सत्याय-સત્ય કહેવા માટે, मितभाषिणाम्-मितं भाषितुं शीलं येषां ते मितभाषिण: तेषां मितभाषिणाम-વિજય પ્રાપ્ત કરનારા, सन्तानाय-સંતાન પ્રાપ્તિ માટે, गृहमेधिनाम्-गृहै: मेधन्ते इति गृहमेधिन:, तेषां गृहमेधिनाम्-વિવાહ કરનારા, (गृहशब्द:-સ્ત્રી માટે પ્રયોજાયો છે. "जाया च गृहिणी गृहम्म" हलायुध:)

ભાષાન્તરઃ દાન આપવા માટે ધન એકઠું કરનારા, સત્ય કહેવા માટે ઓછું બોલનારા કીર્તિ ફેલાવવા માટે વિજયપ્રાપ્ત કરનારા, પુત્રપ્રાપ્તિ માટે વિવાહ કરનારા એવા

(રઘુકુળમાં જન્મેલાઓના વંશને હું વર્ણવીશ).

**शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम्।**

**वार्द्धके मुनिवृत्तीनां योगेनान्ते तनुत्यजाम् ।।८।।**

અન્વય: **शैशवे अभ्यस्तविद्यानां, यौवने विषयैषिणां, वार्द्धके मुनिवृत्तीनाम् अन्ते योगेन तनुत्यजां (रघूणाम् अन्वयं वक्ष्ये)।**

શબ્દાર્થ: **शैशवे**-બાલ્ય અવસ્થામાં (બાળપણમાં), **अभ्यस्तविद्यानाम्-अभ्यस्ता विद्या यैः ते अभ्यस्तविद्याः तेषाम् अभ्यस्तविद्यानाम्**-(બહુવ્રીહિ સમાસ) બ્રહ્મચારી રહીને વિદ્યા અધ્યયન કરનારા, **यौवने**-યુવા અવસ્થામાં (યુવાનીમાં), **विषयैषिणाम्-विषयान् एषितुम् शीलम् एषाम् इति विषयैषिणः तेषा विषयैणाम्**-(બહુવ્રીહિ સમાસ) વિષયોનો ઉપભોગ કરનારા, **वार्द्धके**-વૃદ્ધાવસ્થામાં (ઘડપણમાં), **मुनिवृत्तीनाम्-मुनीनाम् इव वृत्तिःयेषां ते मुनिवृत्तयः तेषां मुनिवृत्तीनां**-મુનિઓની જેમ વનમાં રહીને તપ કરનારા અર્થાત્ વાનપ્રસ્થ આશ્રમનું પાલન કરનારા, **अन्ते**-જીવનની અંતિમ અવસ્થામાં, **योगेन**-સમાધિસ્થ બનીને (ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરીને), **तनुत्यजाम्**-શરીરનો ત્યાગ કરનારા રઘુકુળમાં જન્મેલાઓના વંશને હું કહીશ.

ભાષાન્તરઃ બાળપણમાં બ્રહ્માચારી બનીને વિદ્યા અધ્યયન કરનારા, યુવાવસ્થામાં વિષયોનો ઉપયોગ કરનારા, વૃદ્ધાવસ્થામાં મુનિઓ જેમ વનમાં રહી તપ કરનારા (વાનપ્રસ્થ આશ્રમનું પાલન કરનારા) અને જીવનના અંતે યોગ વડે (ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરી ભગવાનમાં લીન બનીને) શરીરનો ત્યાગ કરનારા એવા (રઘુકુળમાં જન્મેલાઓના વંશને હું કહીશ).

**रघूणामन्वयं वक्ष्ये तनुवाग्विभवोऽपि सन्।**

**तद्गुणैः कर्णमागत्य चापलाय प्रचोदितः ।।९।।**

અન્વય: **तनुवाग्विभवःअपि सन् तद्गुणैः कर्णम् आगत्य चापलाय प्रचोदितः (अहं) रघूणाम् अन्वयं वक्ष्ये।**

શબ્દાર્થ: **तनुवाग्विभवः-तनुश्चासौ वाक् तनुवाक् सैव विभवः यस्य चासौ तनुवाग्विभवः**-વર્ણન કરવાની શક્તિ અલ્પ હોવા છતાં, **अपि**-પણ, **तद्गुणैः-तेषां गुणाः तद्गुणा तैः गुणैः**-રઘુવંશી રાજાઓના ગુણો દ્વારા, **कर्णम् आगत्य**-કાનની નજીક આવીને અર્થાત્ રઘુવંશી રાજાઓના ગુણો વિશે સાંભળીને, **चापलाय**-વિચાર કર્યા વિના, **प्रचोदितः**-પ્રેરણા મેળવનારો, **अहम्**-હું (કાલિદાસ), **रघूणाम्**-રઘુકુળમાં જન્મેલાઓના, **अन्वयम्**-કુળને, **वक्ष्ये**-કહીશ.

ભાષાન્તરઃ વર્ણન કરવાની ક્ષમતા ન હોવા છતાં પણ રઘુવંશી રાજાઓના ગુણોને સાંભળીને વિચાર કર્યા વિના પ્રેરણા મેળવનારો હું (કાલિદાસ) રઘુકુળમાં જન્મેલા રાજાઓના વંશને વર્ણવીશ.

**तं सन्तः श्रोतुमर्हन्ति सदसद्व्यक्तिहेतवः।**

**हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ।।१०।।**

અન્વય: **सद्-असद्-व्यक्तिहेतवः सन्तः तं श्रोतुम् अर्हन्ति, हि हेम्नः विशुद्धिः श्यामिका अपि वा अग्नौ संलक्ष्यते।**

સબ્દાર્થઃ **सद्**-ગુણ, **असद्**-દોષ, **व्यक्तिहेतवः**-અભિવ્યક્તિના કારણ અર્થાત્ વિવેક કરનારા, **सन्त**-સજ્જનો વિદ્વાનો, **तम्**-તેને (રઘુવંશ નામના પ્રબન્ધને), **श्रोतुम्**-સાંભળવા માટે, **अर्हन्ति**-યોગ્ય છે, **हि**-કારણકે, **हेम्नः**-સુવર્ણની, **विशुद्धि**-શુદ્ધતા, **श्यामिका**-દોષ, **अपि वा**-અથવા, **अग्नौ**-અગ્નિમાં, **संलक्ष्यते**-દેખાય છે, પરીક્ષા થાય છે.

ભાષાન્તરઃ ગુણ-દોષનો વિવેક કરનાર સજ્જનો (વિદ્વાનો) તે રઘુવંશ નામના પ્રબંધને સાંભળવા માટે યોગ્ય છે કારણ કે સુવર્ણની શુદ્ધતા અને દોષ (અશુદ્ધિ) ની પરીક્ષા અગ્નિમાં થાય છે.

**वैवस्वतो मनुर्नाम माननीयो मनीषिणाम्।**
**आसीन्महीक्षितामाद्यः प्रणवश्छन्दसामिव ॥११॥**

અન્વયઃ **मनीषिणां माननीयः वैवस्वतः मनुः छन्दसां प्रणवः इव महीक्षिताम् आद्यः आसीत्।**

શબ્દાર્થઃ **मनीषिणाम्**-વિદ્વાનોમાં, **माननीयः**-પૂજ્ય શ્રેષ્ઠ, **वैवस्वतः**-વૈવસ્વત નામથી પ્રસિદ્ધ, **मनु**-મનુ, **छन्दसाम्**-વેદોના, **प्रणवः**-ઓમકાર, **इव**-સમાન, **महीक्षिताम्**-રાજાઓમાં, **आद्यः**-પ્રથમ, **आसीत्**-થયા.

ભાષાન્તર : વિદ્વાનોમાં પૂજ્ય વૈવસ્વત નામના મનુ વેદોના ઓમકાર સમાન રાજાઓમાં આદ્ય (પ્રથમ) થાય.

**तदन्वये शुद्धिमति प्रसूतः शुद्धिमत्तरः।**
**दिलीप इति राजेन्दुरिन्दुः क्षीरनिधाविव ॥१२॥**

અન્વયઃ **शुद्धिमति तदन्वये शुद्धिमत्तरः दिलीपः इति राजेन्दुः क्षीरनिधौ इन्दुः इव प्रसूतः।**

શબ્દાર્થઃ **शुद्धिमति**-અત્યંત પવિત્ર, **तदन्वये**-તે વંશમાં, **शुद्धिमत्तरः**-અત્યંત પવિત્ર, નિષ્કલંક, **दिलीपः**-દિલીપ નામથી પ્રસિદ્ધ, **राजेन्दुः**-રાજાઓમાં ચંદ્ર સમાન (શ્રેષ્ઠ), **क्षीरनिधौ**-ક્ષીરસાગરમાં, સમુદ્રમાં, **इन्दुः**-ચંદ્ર, **इव**-સમાન, **प्रसूतः**-ઉત્પન્ન થયો.

ભાષાન્તરઃ અત્યંત પવિત્ર તે સૂર્યવંશમાં નિષ્કલંક દિલીપ નામથી પ્રસિદ્ધ રાજાઓમાં ચંદ્ર (રાજાઓમાં શ્રેષ્ઠ) ક્ષીરસાગરમાં ચંદ્ર સમાન ઉત્પન્ન થયો.

**व्यूढोरस्को वृषस्कन्धः शालप्रांशुर्महाभुजः।**
**आत्मकर्मक्षमं देहं क्षात्रो धर्म इवाश्रितः ॥१३॥**

અન્વયઃ **व्यूढोरस्कः वृषस्कन्धः शालप्रांशुः महाभुजः आत्मकर्मक्षमं देहम् आश्रितः क्षात्रः धर्म इव (स्थितः)।**

શબ્દાર્થઃ **व्यढोरस्कः**-વિશાળ પહોળી છાતી વાળો, **वृषस्कन्धः**-બળદ સમાન ઊંચા ભારે ખભા વાળો, **शालप्रांशुः**-શાલના વૃક્ષસમાન ઉન્નત, **महाभुजः**-લાંબા હાથ વાળો, **आत्मकर्मक्षमं**-પોતાના ક્ષત્રિયોચિત કર્મને અનુકૂળ, **देहम्**-શરીરને, **आश्रितः**-પ્રાપ્ત કરેલો, **क्षात्रः**-ક્ષત્રિયોથી સંબંધિત, **धर्मः इव**-વીર ધર્મ સમાન, (**स्थितः**-રહ્યો).

ભાષાન્તરઃ એ દિલીપ રાજા વિશાળ પહોળી છાતીવાળો, બળદ સમાન ઊંચા ખભા વાળો, શાલના વૃક્ષસમાન ઉન્નત, લાંબા હાથવાળો, પોતાના કર્મને અનુકૂળ એવા શરીરને ક્ષત્રિયોના વીરતાના ધર્મને ધારણ કરતો હતો, અર્થાત્ બળવાન તથા ક્ષત્રિયને શોભતું શરીર ધારણ કરતો.

**सर्वातिरिक्तसारेण सर्वतेजोऽभिभाविना।**

**स्थितः सर्वोन्नतेनोर्वी क्रान्त्वा मेरुरिवात्मना ।।१४।।**

અન્વયઃ **सर्वातिरिक्तसारेण सर्वतेजोऽभिभाविना सर्वोन्नतेन आत्मना मेरुः इव उर्वी क्रान्त्वा स्थितः।**

શબ્દાર્થઃ **सर्वातिरिक्तसारेण** -બધાથી વધુ બળવાળો પોતાના શરીરથી, **सर्वतेजोऽभिभाविना**- સમસ્ત તેજને પોતાના તેજથી તિરસ્કૃત કરનાર, **सर्वान्नतेन**-બધાથી વધુ ઉન્નત શરીરથી, **आत्मना**-પોતાના (શરીરથી), **मेरुः**-સુમેરૂ પર્વતની, **इव**-સમાન, **उर्वी**-પૃથ્વીને, **क्रान्त्वा**-વ્યાપ્ત કરીને, **स्थितः**-રહ્યો.

ભાષાન્તરઃ એ દિલીપ રાજા પોતાના થી વધુ બળવાળા સમસ્ત તેજને તિરસ્કૃત કરનારા તેજસ્વી તથા સહુથી ઉન્નત શરીરથી સુમેરૂ પર્વતની જેમ પૃથ્વીને વ્યાપ્ત કરીને રહ્યો, અર્થાત્ પોતાના શક્તિશાળી શરીરથી પૃથ્વી પર વિજયી બની રહ્યો.

**आकारसदृशप्रज्ञः प्रज्ञया सदृशागमः।**

**आगमैः सदृशारम्भ आरम्भसदृशोदयः ।।१५।।**

અન્વયઃ **(स) आकारसदृशप्रज्ञः प्रज्ञया सदृशागमः आगमैः सदृशारम्भः आरम्भसदृशोदयः (आसीत् )।**

શબ્દાર્થઃ **आकारसदृशप्रज्ञः**-પોતાના સુંદર વિશાળ શરીર સમાન બુદ્ધિમાન, **प्रज्ञया**-બુદ્ધિથી, **सदृशागमः**-સમાન શાસ્ત્રોનો અભ્યાસુ, **आगमैः**-શાસ્ત્રોથી, **सदृशारम्भः**-સમાન કાર્ય કરનારો, **आरम्भसदृशोदयः**-કાર્ય સમાન ફળ મેળવનારો (**आसीत्**-હોતા).

ભાષાન્તરઃ એ રાજા દિલીપ પોતાની કાયા સમાન કુશાગ્ર બુદ્ધિવાળો હતો. બુદ્ધિ સમાન શાસ્ત્રોનો અભ્યાસુ હતો, શાસ્ત્રો સમાન કર્મ કરનારો હતો તથા કર્મ સમાન ફળ મેળવનારો હતો.

**भीमकान्तैर्नृपगुणैः स बभूवोपजीविनाम्।**

**अधृष्यश्चाभिगम्यश्च यादोरत्नैरिवार्णवः ।।१६।।**

અન્વયઃ **भीमकान्तैः नृपगुणैः सः उपजीविनां यादोरत्नैः अर्णवः इव अधृष्यः च अभिगम्यः च बभूव।**

શબ્દાર્થઃ **भीमकान्तैः**-ભયંકર અને રમણીય, **नृपगुणैः**-રાજાના ગુણોથી (પ્રતાપ તથા દાક્ષિણ્યથી), **सः**-તે રાજા દિલીપ, **उपजीविनाम्**-આશ્રિત જનોનો, **यादोरत्नैः**- જળચરો તથા રત્નોથી, **अर्णवः**-સમુદ્ર, **इव**-સમાન, **अधृष्यः**-ભયાનક, **च**-તથા, **अभिगम्यः**-આશ્રય યોગ્ય, **बभूव**-થયો.

ભાષાન્તરઃ પોતાના ભયંકર પરાક્રમ તથા રમણીય દયા-દાક્ષિણ્ય ગુણોથી તે રાજા દિલીપ આશ્રિત જનો માટે જળચરોથી ભયંકર તથા રત્નોથી રમણીય સમુદ્ર સમાન ભયાનક તથા આશ્રય યોગ્ય થયો. અર્થાત્ પરાક્રમી તથા રમણીય રાજા દિલીપ થયો.

**रेखामात्रमपि क्षुण्णादामनोर्वर्त्मनः परम्।**

**न व्यतीयुः प्रजास्तस्य नियन्तुर्नेमिवृत्तयः ।।१७।।**

અન્વયઃ **नियन्तुः तस्य नेमिवृत्तयः प्रजाः आ मनो क्षुण्णात् वर्त्मनः परं रेखामात्रमपि न**

**व्यतीयुः।**

શબ્દાર્થઃ **नियन्तुः**-નિયામક એવા, **तस्य**-દિલીપની, **नेमिवृत्तयः**-રથના ઘડાયેલા માર્ગપર ચાલનારી, **प्रजाः**-પ્રજા, આ **मनो**-મનુથી લઈને, આરંભ કરીને, **क्षुण्णात्**-અભ્યસ્ત, **वर्त्मनः**-માર્ગથી, **परं**-વધારે, **रेखामात्रमपि**-રેખા માત્ર પણ, થોડું પણ, **न व्यतीयुः**-ઉલ્લંઘન કરતી ન હતી.

ભાષાન્તરઃ નિયામક-શાસક એવા તે દિલીપની રથના ઘડાયેલા માર્ગ પર ચાલનારી પ્રજા મનુથી આરંભ કરીને અભ્યસ્ત (શિક્ષિત) માર્ગથી વધારે થોડું પણ ઉલ્લંઘન કરતી ન હતી. અર્થાત્ દિલીપની પ્રજા મનુકાળથી ઘડાયેલા નિયમોનું પાલન કરતી હતી.

**प्रजानामेव भूत्यर्थ स ताभ्यो बलिमग्रहीत्।**

**सहस्रगुणमुत्स्रष्टुमादत्ते हि रसं रविः ॥१८॥**

અન્વયઃ **सः प्रजानां भूत्यर्थम् एव ताभ्यः बलिम् अग्रहीत्, हि रविः सहस्रगुणम् उत्स्रष्टुम् रसम् आदत्ते।**

શબ્દાર્થઃ **सः**-તે રાજા દિલીપ, **प्रजानां**-પ્રજાના, **भूत्यर्थम्**-કલ્યાણ માટે જ, **ताभ्यः**-તેમની પાસેથી, **बलिम्**-છઠ્ઠો ભાગ, કર, **अग्रहीत्**-લેતો હતો, ગ્રહણ કરતો હતો, **हि**-ખરેખર, **रविः**-સૂર્ય, **सहस्रगुणम्**-હજારો ગણુ, **उत्स्रष्टुम्**-આપવા માટે, **रसम्**-જળ, **आदत्ते**-ગ્રહણ કરે છે.

ભાષાન્તરઃ તે રાજા દિલીપ પ્રજાના કલ્યાણ માટે જ કર ઉઘરાવતો હતો. ખરેખર સૂર્ય અનેક ગણું આપવા માટે જળ ગ્રહણ કરે છે. અર્થાત્ દિલીપ ગ્રહણ કરેલા કરમાંથી પ્રજાના કલ્યાણ માટે જ કાર્ય કરતો હતો.

**सेना परिच्छदस्तस्य द्वयमेवार्थसाधनम्।**

**शास्त्रेष्वकुण्ठिता बुद्धिर्मौर्वी धनुषि चातता ॥१९॥**

અન્વયઃ **तस्य सेना परिच्छदः बभूव अर्थसाधनं द्वयमेव शास्त्रेषु अकुण्ठिता बुद्धिः धनुषि आतता मौर्वी च।**

શબ્દાર્થઃ **तस्य**-તે રાજા દિલીપની, **सेना**-સેના, **परिच्छदः**-શોભા ખાતર, **बभूव**-હતી, **अर्थसाधनं**-કાર્ય સિદ્ધિ માટેના સાધન, **द्वयमेव**-બે જ હતા, **शास्त्रेषु**-શાસ્ત્રોમાં, **अकुण्ठिता**-અકુંઠિત, તીક્ષ્ણ, **बुद्धिः**-બુદ્ધિ, **धनुषि** -ધનુષ્યમાં, **आतता**-આરોપેલી, ચડાવેલી, **मौर्वी**-પણછ (દોરી).

ભાષાન્તરઃ તે રાજા દિલીપની સેના માત્ર શોભા માટે જ હતી. તેના કાર્યસિદ્ધિ માટેના બે જ સાધન હતા-શાસ્ત્રોમાં રહેલી તીક્ષ્ણ બુદ્ધિ તથા ધનુષ્ય પર ચડાવેલી પણછ (દોરી). સેનાના ઉપયોગનો અવસર આવતો નહીં.

**तस्य संवृतमन्त्रस्य गूढाकारेङ्गितस्य च।**

**फलानुमेयाः प्रारम्भाः संस्काराः प्राक्तना इव ॥२०॥**

અન્વયઃ **संवृतमन्त्रस्य गूढाकारेङ्गितस्य च तस्य प्रारम्भाः प्राक्तनाः संस्काराः इव फलानुमेयाः (आसन्)।**

શબ્દાર્થઃ **संवृतमन्त्रस्य**-દરેક પ્રકારની મંત્રણા ગુપ્ત રાખનાર, **गूढाकारेङ्गितस्य** -મનના ભાવોને

ગુપ્ત રાખનારા, **तस्य**-તે રાજા દિલીપના, **प्रारम्भाः**-સામ-દાન-ભેદ-દંડ વગેરે ઉપાયો, **प्राक्तनाः**-પૂર્વ જન્મના, **संस्काराः**-સંસ્કારો, **इव**-સમાન, **फलानुमेयाः**-ફળથી અનુમાનિત થતા, **आसन्**-હતાં.

ભાષાન્તરઃ દરેક પ્રકારની મંત્રણાઓ તથા મનના હર્ષ-શોકાદિ ભાવોને ગુપ્તરાખનારા તે દિલીપના સામાદિ ઉપાયો પૂર્વ જન્મના સંસ્કારો સમાન ફળથી જ અનુમાનિત થતા હતા (ચેષ્ટાથી નહીં).

**जुगोपात्मानमत्रस्तो भेजे धर्ममनातुरः।**

**अगृध्नुराददे साऽर्थमसक्तः सुखमन्वभूत् ॥२१॥**

અન્વયઃ **सः अत्रस्तः (सन्) आत्मानं जुगोप, अनातुरः (सन्) धर्मं भेजे, अगृध्नुः (सन्) अर्थम् आददे, असक्तः (सन्) सुखम् अन्वभूत्।**

શબ્દાર્થઃ **सः**-તે રાજા દિલીપ, **अत्रस्तः**-નીડર થઈને, **आत्मानं**-પોતાની, **जुगोप**-રક્ષા કરતો હતો, **अनातुरः**-નીરોગી રહીને, **धर्मम्**-ધર્મ, **भेजे**-સેવતો હતો, **अगृध्नुः**-નિર્લોભી રહીને, **धनम्**-ધન, **आददे**-ગ્રહણ કરતો, **असक्तः**-આસક્તિ રહિત થઈને, **सुखम्**-સાંસારિક સુખોનો, **अन्वभूत्** -અનુભવ કરતો હતો.

ભાષાન્તરઃ તે રાજા દિલીપ નીડર થઈને પોતાની રક્ષા કરતો, નીરોગી રહીને ધર્મનું પાલન કરતો, નિર્લોભી રહીને ધન ગ્રહણ કરતો તથા અનાસક્ત રહીને સાંસારિક સુખોનો અનુભવ કરતો હતો.

**ज्ञाने मौनं क्षमा शक्तौ त्यागे श्लाघाविपर्ययः।**

**गुणा गुणानुंबन्धित्वात्तस्य सप्रसवा इव ॥२२॥**

અન્વયઃ **ज्ञाने मौनम्, शक्तौ क्षमा, त्यागे श्लाघाविपर्ययः तस्य गुणाः गुणानुबन्धित्वात् सप्रसवा इव (अभूवन्)।**

શબ્દાર્થઃ **ज्ञाने** -જાણતો હોવા છતાં, **मौनम्** -મૌન રહેવું, **शक्तौ**-સામર્થ્ય હોવા છતાં, **क्षमा**-ક્ષમા આપવી, **त्यागे**-દાન કરીને, **श्लाघाविपर्यय**-આત્મપ્રશંસા ન કરવી, **गुणाः**-આ બધા ગુણો, **गुणानुबन्धित्वात्**-વિરોધી ગુણો સાથે રહેતા હોવાને કારણે, **तस्य**-તે રાજા દિલીપના, **सप्रसवा**-સાથે જન્મેલા, સહોદર, **इव**-સમાન (**अभूवन्**-બની રહ્યા).

ભાષાન્તરઃ જાણતો હોવા છતાં મૌન રહેવું, સામર્થ્ય હોવા છતાં ક્ષમા આપવી, દાન કરીને આત્મપ્રશંસા ન કરવી, આ બધા વિરોધી ગુણો સાથે રહેતા હોવાને કારણે રાજા દિલીપના સહોદર બની રહ્યા.

**अनाकृष्टस्य विषयैर्विद्यानां पारदृश्वनः**

**तस्य धर्मरतेरासीद् वृद्धत्वं जरसा विना ॥२३॥**

અન્વયઃ **विषयैः अनाकृष्टस्य विद्यानां पारदृश्वनः धर्मरतेः तस्य जरसा विना वृद्धत्वम् आसीत्।**

શબ્દાર્થઃ **विषयैः** ભોગ સાધનોથી, **अनाकृष्टस्य**-આકર્ષિત થયા વિના, **विद्यानां**-શસ્ત્રોમાં, **पारदृश्वनः**-પારંગત થવાથી, **धर्मरतेः**-ધર્મપ્રિય, **तस्य**-તે રાજા દિલીપને, **जरसा**-વૃદ્ધાવસ્થા, **विना**-વગર, **वृद्धत्वं**-વૃદ્ધત્વ, ગંભીરતા, **आसीत्**-હતી.

ભાષાન્તરઃ વિષયોમાં અનાસકત તથા જ્ઞાનમાં પારંગત હોવાને કારણે ધર્મપ્રિય દિલીપને ઘડપણ વગર જ ગંભીરતા પ્રાપ્ત થઈ હતી.

प्रजानां विनयाधानाद्रक्षणाद्भरणादपि।
स पिता पितरस्तासां केवलं जन्महेतवः ॥२४॥

અન્વયઃ प्रजानां विनयाधानात् रक्षणात् भरणात् अपि सः पिता (अभूत) तासां पितरः केवलं जन्महेतवः (अभूवन्)।

શબ્દાર્થઃ प्रजानां-પ્રજામાં, विनयाधानात्-વિનયાદિ શિક્ષા આપવાને કારણે, रक्षणात्-રક્ષા કરવાને કારણે, भरणात्-ભરણ પોષણ કરવાને કારણે, अपि-પણ, सः-રાજા દિલીપ, पिता-પિતા થયો, तासां पितरः-તેમના વાસ્તવિક પિતાઓ, केवलं-માત્ર, जन्महेतवः-જન્મ આપવાનું કારણ જ (अभूवन्-થયા).

ભાષાન્તરઃ પોતાની પ્રજામાં વિનય-વિવેકાદિ શિક્ષા આપવાના કારણે, રક્ષણ તથા પાલન પોષણ કરવાને કારણે ધર્મથી રાજા દિલીપ પ્રજાનો પિતા થયો. પ્રજાના વાસ્તવિક પિતા માત્ર જન્મનું કારણ બની રહ્યા (પિતૃ ધર્મનું પાલન રાજા દિલીપે કર્યું).

स्थित्यै दण्डयतो दण्ड्यांपरिणेतुः प्रसूतये।
अप्यर्थकामौ तस्यास्तां धर्म एव मनीषिणः ॥२५॥

અન્વયઃ दण्ड्यान् एव स्थित्यै दण्डयतः प्रसूतये परिणेतुः मनीषिणः तस्य अर्थकामौ अपि धर्मः एव आस्ताम्।

શબ્દાર્થઃ दण्ड्यान्-અપરાધીઓને, एव-જ, स्थित्यै-લોક પ્રતિષ્ઠા માટે, दण्डयतः-દંડી રહેલા, (तथा) प्रसूतये-સંતાન માટે, एव-જ, परिणेतुः -વિવાહ કરેલા, मनीषिणः-પંડિત, तस्य-તે રાજા દિલીપના, अर्थकामौ-અર્થ અને કામ, अपि -પણ, धर्मः-ધર્મ, एव-જ, आस्ताम्-હતા.

ભાષાન્તરઃ અપરાધીઓને જ લોક પ્રતિષ્ઠા માટે દંડ કરતા તથા સંતાન માટે જ વિવાહ કરતા પંડિત રાજા દિલીપ માટે અર્થ અને કામ નામના પુરૂષાર્થ પણ ધર્મમાં જ રહેલા હતા, અર્થાત્ ત્રણેય પુરુષાર્થો માત્ર ધર્માધારિત જ હતા.

दुदोह गां यज्ञाय सस्यायमघवा दिवम्।
संपद्विनिमयेनोभौ दधतुर्भुवनद्वयम् ॥२६॥

અન્વયઃ सः यज्ञाय गां दुदोह, मघवा सस्याय दिवं दुदोह एवम् उभौ सम्पद्विनिमयेन भुवनद्वयम् दधतुः।

શબ્દાર્થઃ सः-રાજા દિલીપ, यज्ञाय-યજ્ઞ માટે, गां-ગાય (પૃથ્વી), दुदोह-દોહતો હતો. मघवा-ઈન્દ્ર, सस्याय-અન્નની વૃદ્ધિ માટે, दिवं-સ્વર્ગને, दुदोह-દોહતો હતો, उभौ-આ બંને (દિલીપ અને ઈન્દ્ર), सम्पद्विनिमयेन-પરસ્પર આપ-લે કરવાથી, भुवनद्वयम-પૃથ્વી તથા સ્વર્ગનું, दधतुः-પાલન કરતા હતા.

ભાષાન્તરઃ રાજા દિલીપ યજ્ઞ માટે પૃથ્વીનું દોહન કરતો તથા ઈન્દ્ર અન્ન માટે સ્વર્ગનું દોહન કરતો આમ, એ બન્ને પરસ્પર આદાન-પ્રદાન કરવાથી બન્ને લોકનું પાલન પોષણ કરતા હતા.

न किलानुययुस्तस्य राजानो रक्षितुर्यशः।

व्यावृत्ता यत्परस्वेभ्यःश्रुतौ तस्करता स्थिता ।।२७।।

અન્વયઃ राजानः रक्षितुः तस्य यशः न अनुययुः किल यत्परस्वेभ्यः व्यावृत्ता तस्करता श्रुतौ स्थिता।

શબ્દાર્થઃ राजानः-અન્ય રાજાઓ, रक्षितुः-રક્ષક, तस्य-દિલીપના, यशः-યશને, न अनुययुः‌અનુગમન કરનારા ન થયા, किल-ખરેખર, यत्-જે, परस्वेभ्यः-બીજાના ધનથી, व्यावृत्ता-અલગ થયેલી, तस्करता-ચોરી, श्रुतौ-સાંભળવામાં જ, स्थिता-રહી ગઈ.

ભાષાન્તરઃ અન્ય રાજાઓ રક્ષક દિલીપના યશને અતિક્રાન્ત ન કરી શકયા. ખરેખર બીજાના ધનને અલગ પાડનારો ‘‘ચોરી’’ શબ્દ માત્ર સાંભળવામાં રહી ગયો, વ્યવહારમાં ચોરી થતી નહી.

द्वेष्योऽपि संमतः शिष्टस्तस्यार्तस्य यथौषधम्।

त्याज्यो दुष्टः पियोऽप्यासीदङ्गुलीवोरगक्षता ।।२८।।

અન્વયઃ शिष्टः द्वेष्यः अपि आर्त्तस्य औषधं यथा तस्य सम्मतः दुष्टः प्रिय अपि उरगक्षता अङ्गुली इव त्याज्यः आसीत।

શબ્દાર્થઃ शिष्टः-સજ્જન, द्वेष्यः-શત્રુ, अपि-પણ, आर्त्तस्य-રોગીને, औषधम्-ઔષધની, यथा-જેમ तस्य-તે દિલીપને, सम्मतः-પ્રિય હતો, दुष्टः-દુષ્ટ, प्रिय-પ્રિય, अपि-પણ, उरगक्षता-સાંપની ડંસેલી, अङ्गुली-આંગળી, इव-સમાન, त्याज्यः-ત્યાગ કરવા યોગ્ય, आसीत-હતો.

ભાષાન્તરઃ સજ્જન વ્યક્તિ શત્રુ હોવા છતાં પણ રોગીની ઔષધની જેમ દિલીપને પ્રિય હતો તથા દુર્જન વ્યક્તિ પ્રિય હોવા છતાં પણ સાંપ દ્વારા ડંસેલી આંગળી સમાન દિલીપને ત્યાજય હતો.

तं वेधा विदधे नूनं महाभूतसमाधिना।

तथा हि सर्वे तस्यासन्परार्थैकफला गुणाः ।।२९।।

અન્વયઃ वेधाः तं महाभूतसमाधिना नूनं विदधे, तथाहि तस्य सर्वे गुणाः परोर्थैकफलाः आसन्।

શબ્દાર્થઃ वेधाः-બ્રહ્મા, તે દિલીપને, महाभूतसमाधिना-પાંચ મહા-ભૂતોથી, नूनं-નિશ્ચયથી, विदधे-બનાવ્યો, तथाहि-તેમ જ, तस्य-તેના, सर्वे-દરેક, गुणा :-ગુણો, परार्थेकफलाः-અન્ય માટે જ, आसन्-હતા.

ભાષાન્તરઃ બ્રહ્માએ દિલીપને ખરેખર પંચ મહાભૂતોથી બનાવ્યો, તેથી જ તેના બધા ગુણો પરોપકાર માટે હતા, પોતાના માટે નહીં.

स वेलावप्रवलयां परिखीकृतसागराम्।

अनन्यशासनामुर्वी शशासैकपुरीमिव ।।३०।।

અન્વયઃ सः वेलावप्रवलयां परिखीकृतसागराम् अनन्यशासनाम् उर्वीम् एकपुरीम् इव शशास।

શબ્દાર્થઃ सः-દિલીપ, वेलावप्रवलयां-સમુદ્રના તટરૂપી કિલ્લાથી સુસજ્જિત, परिखीकृतसागराम्-ચારે તરફ સાગર રૂપી ખાઈ વાળી, अनन्यशासनाम्-અન્ય કોઈના શાસન વિનાની, उर्वीम्-પૃથ્વીને, एकपुरीम्-એક નગરીની, इव-સમાન, शशास-

શાસન કર્યું. (शास्-ધાતુ, लिट् लकार-અન્ય પુરુષ એ.વ.)

ભાષાન્તરઃ તે રાજા દિલીપે સમુદ્રના તટરૂપી દિવાલવાળી (કિલ્લા વાળી) ચારે તરફ સમુદ્ર રૂપી ખાઈ વાળી તથા અન્ય રાજાઓના શાસનથી રહિત પૃથ્વી પર એક નગરીની જેમ શાસન કર્યું.

तस्य दाक्षिण्यरूढेन नाम्ना मगधवंशजा।
पत्नी सुदक्षिणेत्यासीदध्वरस्येव दक्षिणा ॥३१॥

અન્વયઃ तस्य मगधवंशजा दाक्षिण्यरूढेन नाम्ना अध्वरस्य दक्षिणा इव सुदक्षिणा इति पत्नी आसीत्।

શબ્દાર્થઃ तस्य-તે રાજા દિલીપની, मगधवंशजा-મગધકુળમાં ઉત્પન્ન, दाक्षिण्यरूढेन-દાક્ષિણ્યાદિ ગુણોથી યુક્ત, नाम्ना-નામથી, अध्वरस्य-યજ્ઞની, दक्षिणा-દક્ષિણા, इव-સમાન, सुदक्षिणा इति-સુદક્ષિણા નામથી પ્રસિદ્ધ, पत्नी-પત્ની, आसीत्-હતી.

ભાષાન્તરઃ તે રાજા દિલીપની મગધકુળમાં ઉત્પન્ન તથા દાક્ષિણ્યાદિ ગુણોથી સમ્પન્ન યજ્ઞની દક્ષિણા સમાન સુદક્ષિણા નામની પત્ની હતી.

कलत्रवन्तमात्मानमवरोधे महत्यपि।
तया मेने मनस्विन्या लक्ष्म्या च वसुधाधिपः ॥३२॥

અન્વયઃ वसुधाधिपः महति अवरोधे अपि मनस्विन्या तया लक्ष्म्या च आत्मानं कलत्रवन्तं मेने ।

શબ્દાર્થઃ वसुधाधिपः-પૃથ્વીપતિ દિલીપ, महति-વિશાળ, अवरोधे-અન્તઃપુરવર્ગ, સ્ત્રી વર્ગ (હોવા છતાં), अपि-પણ, मनस्विन्या-મનસ્વી, तया-સુદક્ષિણાથી, ((तथा) लक्ष्म्या) -રાજ્યલક્ષ્મીથી, आत्मानं-પોતાને, कलत्रवन्तं-પત્ની વાળો, मेने-માનતો હતો.

ભાષાન્તરઃ પૃથ્વીપતિ રાજા દિલીપ અનેક પત્નીઓ હોવા છતાં પણ પોતાનું અનુસરણ કરનારી સુદક્ષિણા અને રાજ્યલક્ષ્મીથી જ પોતાને પત્નીવાળો માનતો હતો. (સુદક્ષિણા તથા રાજ્યલક્ષ્મી દિલીપમાં એકચિત્ત હતી.)

तस्यामात्मानुरूपायामात्मजन्मसमुत्सुकः।
विलम्बितफलैः कालं स निनाम मनोरथैः ॥३३॥

અન્વયઃ सः आत्मानुरूपायाम् तस्याम् आत्मजन्मसमुत्सुकः सन् विलम्बितफलैः मनोरथैः कालं निनाय।

શબ્દાર્થઃ सः-રાજા દિલીપ, आत्मानुरूपायाम्-પોતાને અનુરૂપ, तस्याम्-સુદક્ષિણામાં, आत्मजन्मसमुत्सुकः-પુત્ર જન્મ માટે ઉત્સુક, विलम्बितफलैः-વિલંબિત ફળ વાળા, मनोरथैः-મનોરથો સાથે, कालं-સમય, निनाय-પસાર કરતો હતો.

ભાષાન્તરઃ તે રાજા દિલીપ પોતાને અનુરૂપ સુદક્ષિણામાં પુત્ર જન્મ માટે ઉત્સુક થતો વિલંબિત ફળવાળા મનોરથોથી સમય પસાર કરતો હતો.

सन्तानार्थाय विधये स्वभुजादवतारिता।
तेन धूर्जगतो गुर्वी सचिवेषु निचिक्षिपे ॥३४॥

અન્વયઃ **तेन सन्तानार्थाय विधये स्वभुजात् अवतारिता जगतः गुर्वी धूः सचिवेषु निचिक्षिपे।**

શબ્દાર્થઃ **तेन**-રાજા દિલીપે, **सन्तानार्थाय**-પુત્રપ્રાપ્તિ માટે, **विधये**-અનુષ્ઠાન કરવા માટે, **स्वभुजात्**-પોતાના બળથી, **अवतारिता**-ઉતારેલી, **जगतः**-જગતની, **गुर्वी**-મોટી, **धूः**-ધુરા, પ્રજા પાલન રૂપ જવાબદારી, **सचिवेषु**-મંત્રીઓને, **निचिक्षिपे**-સોંપી.

ભાષાન્તરઃ રાજા દિલીપે પુત્રપ્રાપ્તિ માટે અનુષ્ઠાન કરવા માટે પોતાના બળથી ઉતારેલી જગતની મોટી ધુરા (પ્રજાપલનની જવાબદારી) મંત્રીઓને સોંપી.

**अथाभ्यर्थ्य विधातारं प्रयतौ पुत्रकाम्यया।**

**तौ दम्पती वसिष्ठस्य गुरोर्जग्मतुराश्रमम् ॥३५॥**

અન્વયઃ **अथ पुत्रकाम्यया प्रयतौ तौ दम्पती विधातारम् अभ्यर्च्य गुरोः वसिष्ठस्य आश्रमं जग्मतुः।**

શબ્દાર્થઃ **अथ**-મંત્રીઓને રાજ્યભાર સોંપ્યા બાદ, **पुत्रकाम्यया**-પુત્રની ઈચ્છાથી, **प्रयतौ**-પવિત્ર, **तौ**-તે બન્ને, **दम्पती**-પતિ-પત્ની, **विधातारम्**-બ્રહ્માની, **अभ्यर्च्य**-પૂજા કરીને, **गुरोः**-કુલગુરૂ, **वसिष्ठस्य**-મહર્ષિ વસિષ્ઠના, **आश्रमं**-આશ્રમે, **जग्मतुः**-ગયા. (**गम्**-ધાતુ, **लिट्**-લકાર,અન્ય પુરુષ દ્વિવચન)

ભાષાન્તરઃ મંત્રીઓને રાજયભાર સોંપ્યા પછી પુત્રની ઈચ્છાથી પવિત્ર તે બંન્ને પતિ-પત્ની બ્રહ્માજીની પૂજા કરીને કુલગુરૂ મહર્ષિ વસિષ્ઠના આશ્રમે ગયા.

**स्निग्धगम्भीरनिर्घोषमेकं स्यन्दनमास्थितौ।**

**प्रावृषेण्यं पयोवाहं विद्युदैरावताविव ॥३६॥**

અન્વયઃ **स्निग्धगम्भीरनिर्घोषम् एकस्यन्दनं प्रावृषेण्यं विद्युदैरावतौ इव आस्थितौ।**

શબ્દાર્થઃ **स्निग्धगम्भीरनिर्घोषम्**-મધુર તથા ગંભીર ધ્વનિ વાળા, **एकं**-એક, **स्यन्दनं**-રથ પર, **प्रावृषेण्यं**-વર્ષા કાળના, **विद्युदैरावतौ**-વિદ્યુત તથા ઐરાવત, **इव**-સમાન, **आस्थितौ**-બેઠા, રથારોહરણ કર્યું.

ભાષાન્તરઃ મધુર તથા ગંભીર ધ્વનિવાળા એક રથ પર વર્ષાકાળના વિદ્યુત તથા ઐરાવત સમાન (દિલીપ અને સુદક્ષિણાએ) આરોહણ કર્યું.

**मा भूदाश्रमपीडेति परिमेयपुरःसरौ।**

**अनुभावविशेषात्तु सेनापरिवृताविव ॥३७॥**

અન્વયઃ **आश्रमपीडा मा भूत् इति परिमेयपुरः सरौ अनुभवविशेषात् तु सेनापरिवृतौ इव (जग्मतुः)।**

શબ્દાર્થઃ **आश्रमपीडा**-આશ્રમમાં બાધા, **मा भूत्**-ઉત્પન્ન ન થાય, **इति**-તેથી, **परिमेयपुरः सरौ**-થોડા સૈનિકો આગળ કરીને, **अनुभवविशेषात्**-પરાક્રમ અને તેજથી, **तु**-તો, **सेनापरिवृतौ**-મોટી સેનાથી ઘેરાયેલા, **इव**-સમાન, (**जग्मतुः**-તે બન્ને ચાલ્યા).

ભાષાન્તરઃ વસિષ્ઠાશ્રમમાં બધા ઉત્પન્ન ન થાય તે માટે થોડા સૈનિકો સાથે હતા પરંતુ પોતાના પરાક્રમ અને તેજથી જાણે સ્વયં સેનાથી ઘેરાયેલા હોય તેમ દિલીપ અને સુદક્ષિણા આશ્રમમાં ગયા.

**सेव्यमानौ सुखस्पर्शैः शालनिर्यासगन्धिभिः।**

**पुष्परेणूत्किरैर्वातैराधूतवनराजिभिः ॥३८॥**

અન્વયઃ **सुखस्पर्शैः शालिनिर्यासगन्धिभिः पुष्परेणूत्किरैः आधूतवन-राजिभिः वातैः सेव्यमानौ तौ जग्मतुः।**

શબ્દાર્થઃ **सुखस्पर्शैः**-આનંદદાયક સ્પર્શ વાળા, **शालिनिर्यासगन्धिभिः**-શાલના વૃક્ષોના ગુંદની સુવાસવાળો, **पुष्परेणूत्किरैः**-પુષ્પોની રજકણો ફેલાવી રહેલા, **आधूतवनराजिभिः**-વન લતાઓને ધીમે ધીમે કંપાવી રહેલા, **वातैः**-પવનોથી, **सेव्यमानौ**-સેવવામાં આવતા, **तौ**-તે પતિ-પત્ની, **जग्मतुः**-આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ આનંદદાયક સ્પર્શ વાળા, શાલના વૃક્ષોના ગુંદની સુવાસવાળા, પુષ્પોની પરાગને ફેલાવી રહેલા તથા વન લતાઓને ધીમે ધીમે કંપાવી રહેલાં વાયુ વડે સેવાઈ રહેલા તે બન્ને વસિષ્ઠ મુનિના આશ્રમ તરફ ગયા.

**मनोऽभिरामाः शृण्वन्तौ रथनेमिस्वनोन्मुखैः।**

**षड्जसंवादिनीः केका द्विधा भिन्ना शिखण्डिभिः ॥३९॥**

અન્વયઃ **रथनेमिस्वनोन्मुखैः शिखण्डिभिः द्विधा भिन्ना षड्जसंवादिनीः मनोऽभिरामाः केकाः शृण्वन्तौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **रथनेमिस्वनोन्मुखैः**-રથના ચક્રના અવાજથી મેઘ જેવી ભ્રાન્તિ થવાથી ઉપરની તરફ મુખ કરેલા, **शिखण्डिभिः**-મયૂરોએ, **द्विधा**-બે પ્રકારે, **भिन्ना**-વહેંચાયેલા, **षड्ज संवादिनीः**-ષડ્જ સ્વર સમાન, **मनोऽभिरामाः**-મનોહર, **केकाः**-ટહૂકાઓ, **शृण्वन्तौ**-સાંભળતાં, **तौ**-તે પતિ-પત્ની, **जग्मतुः**-આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ વનમાં રથના ચક્રના અવાજથી મેઘની ભ્રાન્તિ થવાથી ઊપરની તરફ મુખ કરેલા મયૂરોએ બે પ્રકારે વહેંચાયેલા ષડ્જસ્વર સમાન મનોહર ટહૂંકાઓ સાંભળતા તે પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

**परस्पराक्षिसादृश्यमयूरोज्झितवर्त्मसु।**

**मृगद्वन्द्वेषु पश्यन्तौ स्यन्दनाबद्धदृष्टिषु ॥४०॥**

અન્વયઃ **अदूरोज्झितवर्त्मसु स्पन्दनाबद्धदृष्टिषु मृगद्वन्द्ववेषु परस्परा-क्षिसादृश्यं पश्यन्तौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **अदूरोज्झितवर्त्मसु**-માર્ગ છોડી ને થોડે દૂર રહેલા, **स्पन्दनाबद्ध-दृष्टिषु** -રથમાં દ્રષ્ટિ બાંધેલા, **मृगद्वन्द्ववेषु**-હરણોના યુગલોમાં, **परस्पराक्षिसादृश्यं**-પોતાના નેત્રોની સમાનતા પરસ્પર, **पश्यन्तौ**-જોઈ રહેલા, **तौ**-તે પતિ-પત્ની, **जग्मतुः**-આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ (રથને જોઈને) માર્ગછોડીને થોડે દૂર રહેલા, રથ પર બંધાયેલી દ્રષ્ટિ વાળા હરણોના યુગલોમાં પરસ્પર પોતાના નેત્રોની સમાનતા જોઈ રહેલા તે પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

**श्रेणीबन्धाद्वितन्वद्भिरस्तम्भां तोरणस्रजम्।**

**सारसैः कलनिह्लादैः क्वचिदुन्नमिताननौ ॥४१॥**

અન્વયઃ **श्रेणीबन्धात् अस्तम्भाम् तोरणस्रजम् वितन्वद्भि कलनिह्लादैः सारसैः क्वचित्**

**उन्नमिताननौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **श्रेणीबन्धात्**-એક પંક્તિમાં ઉડી રહેલા, **अस्तम्भाम्**-સ્તમ્ભ વગરના જ, **तोरणस्रजम्**-તોરણની પતાકા, **वितन्वद्भिः**-બનાવી રહેલા, **कलनिह्लादैः**-મધુર ધ્વનિ વાળા, **सारसैः**-સારસ પક્ષિઓ વડે, **उन्नमिताननौ**-ઉપરની તરફ ઉઠાવેલા મુખ વાળા, **तौ जग्मतुः**-તે પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ અંક પંક્તિમાં ઉડી રહેલા, સ્તમ્ભ વિના જ તોરણની પતાકા બનાવી રહ્યા હોય તેમ મધુર ધ્વનિ વાળા સારસ પક્ષિઓ વડે ઉપરની તરફ ઉઠાવેલા મુખ વાળા (આ દ્રશ્ય જોવા માટે ઉપર મુખ કરેલા) તે પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

**पवनस्यानुकूलत्वात्प्रार्थनासिद्धिशंसिनः।**
**रजोभिस्तुरगोत्कीर्णैरस्पृष्टालकवेष्टनौ ॥४२॥**

અન્વયઃ **प्रार्थनासिद्धिशंसिनः पवनस्य अनुकूलत्वात् तुरगोत्कीर्णैः रजोभिः अस्पृष्टालकवेष्टनौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **प्रार्थनासिद्धिशंसिनः**-મનોરથોની સિદ્ધિ સૂચવી રહેલા, **पवनस्य** -પવનના, **अनुकूलत्वात्**-અનુકૂલ હોવાથી, **तुरगोत्कीर्णैः**-ઘોડાઓ વડે ઉડાવવામાં આવેલી, **रजोभिः**-ધૂળ વડે, **अस्पृष्टालक-वेष्टनौ-अस्पृष्टा अलका वेष्टनं च ययौः तौ**-સુદક્ષિણાની લટો અને દિલીપની પાઘડી સ્પર્શ્યા વિના, **तौ जग्मतु** :-તે પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ (પુત્ર પ્રાપ્તિના) મનોરથોની સિદ્ધિ સૂચવી રહેલા પવનના અનુકૂળ હોવાથી ઘોડાઓ વડે ઉડાવવામાં આવેલી ધૂળ જેમની લટો અને પાઘડીને સ્પર્શી નથી, તેવા એ પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

**सरसीष्वरविन्दानां वीचिविक्षोभशीतलम्।**
**आमोदमुपजिघ्रन्तौ स्वनिःश्वासानुकारिणम् ॥४३॥**

અન્વયઃ **सरसीषु वीचीविक्षोभशीतलम् स्वनिःश्वासानुकारिणम् अरविन्दानाम् आमोदम् उपजिघ्रन्तौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **सरसीषु**-સરોવરોમાં, **वीचीविक्षोभशीतलम्**-લહેરોના ટકરાવાથી શીતલ, **स्वनिःश्वासानुकारिणम्**-નિઃશ્વાસનું અનુકરણ કરી રહેલા, **अरविन्दानाम्**-કમલોના, **आमोदम्**-સુવાસને, **उपजिघ्रन्तौ**-સૂંઘી રહેલા, માણી રહેલા, **तौ जग्मतुः**-તે પતિ-પત્ની આશ્રમ તરફ ગયા.

ભાષાન્તર : સરોવરોમાં લહેરોના ટકરાવાથી શીતળ તથા (શ્વાસ લેવાના કારણે સુંગધથી ભરપૂર થવાથી) નિઃશ્વાસનું અનુકરણ કરી રહેલા કમળોના સુવાસને સૂંઘી રહેલા તે દિલીપ અને સુદક્ષિણા આશ્રમ તરફ ગયા.

**ग्रामेष्वात्मविसृष्टेषु यूपचिह्नेषु यज्वनाम्।**
**अमोघाः प्रतिगृह्णंतावर्घ्यानुपदमाशिषः ॥४४॥**

અન્વયઃ **आत्मविसृष्टेषु यूपचिहनेषु ग्रामेषु यज्वनाम् अमोघाः आशीषः अहर्यानुपदम् प्रतिगृहणन्तौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **आत्मविसृष्टेषु**-સ્વયં આપેલા, **यूपचिहनेषु**-સ્તમ્ભોના ચિન્હો વાળા, **ग्रामेषु**-ગામોમાં, **यज्वनाम्**-યાજ્ઞિકોના, **अमोघाः**-અમોઘ, **आशीषः**-આશીર્વાદ,

**अर्घ्यानुपदम्** -અર્ઘ્ય આપ્યા પછી તરત જ, **प्रतिगृहणन्तौ**-સ્વીકારી રહેલા, **तौ जग्मतुः**-તે આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ (યજ્ઞ સમયે દિલીપે) સ્વયં આપેલા સ્તમ્ભોના ચિન્હોવાળા ગામોમાં યાજ્ઞિકોના અમોઘ આશીર્વાદ અર્ઘ્ય આપ્યા પછી ગ્રહણ કરી રહેલા તે બન્ને આશ્રમ તરફ ગયા.

**हैयङ्गवीनमादाय घोषवृद्धानुपस्थितान्।**

**नामधेयानि पृच्छन्तौ वन्यानां मार्गशाखिनाम् ॥४५॥**

અન્વયઃ **हैयङ्गवीनम् आदाय उपस्थितान् घोषवृद्धान् वन्यानाम् मार्गशाखिनाम् नामधेयानि पृच्छन्तौ (तौ जग्मतुः)।**

શબ્દાર્થઃ **हैयङ्गवीनम्**-તાજું માખણ, **आदाय**-લઈને, **उपस्थितान्**-ઉપસ્થિત થયેલા, **घोषवृद्धान्**-ગોવાળ વૃદ્ધોને, **वन्यानाम्**-વનના, **मार्गशाखिनाम्**-માર્ગમાં રહેલા વૃક્ષોના, **नामधेयानि**-નામો, **पृच्छन्तौ**-પૂછી રહેલા, **तौ जग्मतुः**-તે આશ્રમ તરફ ગયા.

ભાષાન્તરઃ તાજું માખણ લઈને ઉપસ્થિત થયેલા ગોપવૃદ્ધોને વનના માર્ગમાં રહેલા વૃક્ષોના નામો પૂછતાં તે બન્ને આશ્રમ તરફ ગયાં.

**काप्यभिख्या तयोरासीद् व्रजतोः शुद्धवेषयोः।**

**हिमनिर्मुक्तयोर्योगे चित्राचन्द्रमसोरिव ॥४६॥**

અન્વયઃ **व्रजतोः शुद्धवेषयोः तयोः हिमनिर्मुक्तयोः चित्राचन्द्रमसोः इव योगे (सति) काऽपि अभिख्या आसीत्।**

શબ્દાર્થઃ **व्रजतोः**-જઈ રહેલા, **शुद्धवेषयोः**-નિર્મળ વસ્ત્ર પહેરેલા, **तयोः**-તેઓની, **हिमनिर्मुक्तयोः**-શિયાળો વીત્યા પછી, **चित्राचन्द्रमसोः**-ચિત્રાનક્ષત્ર અને ચન્દ્રમાના, **इव**-સમાન, **योगे**-યોગ થવાથી, **काऽपि**-અવર્ણનીય, અત્યંત સુંદર, **अभिख्या**-શોભા, **आसीत्**-હતી.

ભાષાન્તરઃ નિર્મળ વસ્ત્રો પહેરીને જઈ રહેલા તેઓની (શોભા) શિયાળો વીત્યા પછીના ચિત્રાનક્ષત્ર અને ચન્દ્ર સમાન યોગ થવાથી કંઈ અભૂતપૂર્વ-અવર્ણનીય શોભા હતી.

**तत्तद्भूमिपतिः पत्न्यै दर्शयन्प्रियदर्शनः।**

**अपि लङ्घितमध्वानं बुबुधे न बुधोपमः ॥४७॥**

અન્વયઃ **बुधोपमः प्रियदर्शनः भूमिपतिः पत्न्यै तत् दर्शयन् लङ्घितम् अपि अध्वानम् न बुबुधे।**

શબ્દાર્થઃ **बुधोपमः**-બુધ સમાન, **प्रियदर्शनः**-મનોહર દર્શન વાળો, **भूमिपतिः**-પૃથ્વીપતિ રાજા દિલીપ, **पत्न्यै**-પત્નીને, **तत्-तत्**-તે-તે દ્રશ્યો, **दर्शयन्**-દેખાડતો, **लङ्घितम्**-ઓળંગાયેલો, **अपि**-પણ, **अध्वानम्**-માર્ગ, **न बुबुधे**-જાણી શક્યો નહીં. (बुबुधे-बुध् धातु, आ.प.लिटि-લકાર, અન્ય પુરૂષ, ए.व)

ભાષાન્તરઃ બુધ સમાન મનોહર દર્શનવાળો રાજા દિલીપ સુદક્ષિણાને તે-તે (આગળ જણાવેલા) દ્રશ્યો દેખાડી રહેલો પસાર થયેલા માર્ગને પણ જાણી શક્યો નહીં. (માર્ગનું ભાન રહ્યું નહીં.)

## ૬.૩ તમારી પ્રગતિ ચકાસો

૧. નીચેના શ્લોકનો ભાવ સ્પષ્ટ કરો.

**क्व सूर्यप्रभवो वंश.....** (૦૨)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

૨. **सोडहमाजन्म** ..... શ્લોકમાં વર્ણવેલા રઘુવંશી રાજાઓના ગુણો સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

# એકમ ૮ રઘુવંશ સર્ગ-૧ (૪૮ થી ૯૫ શ્લોકો)

## રૂપરેખા


૮.૦ ઉદ્દેશ

૮.૧ પ્રસ્તાવના

૮.૨ નિયત શ્લોકોનો અન્વય, શબ્દાર્થ અને અનુવાદ

૮.૩ તમારી પ્રગતિ ચકાસો


## ૮.૦ ઉદ્દેશ

- દિલીપ-સુદક્ષિણાનું આશ્રમમાં સ્વાગત શ્લોક (૪૮-૫૮) સાનુવાદ સમજવા.
- દિલીપ-વસિષ્ઠનો સંવાદ શ્લોક (૫૯ થી ૮૧) સાનુવાદ સમજવા.
- નંદિનીનું આગમન અને વસિષ્ઠ દ્વારા તેની સેવાનો ઉપદેશ (૮૨ થી ૯૨) સાનુવાદ સમજવા.

## ૮.૧ પ્રસ્તાવના

આ પ્રકરણમાં રઘુવંશના પ્રથમ સર્ગના ૪૮ થી ૯૨ સુધીના શ્લોકોનો અન્વય, શબ્દાર્થ અને અનુવાદ આપવામાં આવ્યો છે. જેનાથી દિલીપ-સુદક્ષિણાનું આશ્રમમાં સ્વાગત, દિલીપ-વસિષ્ઠનો સંવાદ, નંદિનીનું આગમન અને વસિષ્ઠ દ્વારા તેની સેવાનો રાજાને ઉપદેશ જેવા પ્રસંગો સ્પષ્ટ થશે.

**स दुष्प्रापयशाः प्रापदाश्रमं श्रान्तवाहनः**

**सायं संयमिनस्तस्य महर्षेर्महिषीसखः ।।४८।।**

અન્વયઃ **दुष्प्रापयशाः श्रान्तवाहनः महिषीसखः सः सायं संयमिनः तस्य महर्षेः आश्रमम् प्रापत् ।**

શબ્દાર્થઃ **दुष्प्रापयशाः**-જેના યશ અન્ય પ્રાપ્ત કરી શકતા નથી એવા, **श्रान्तवाहनः**-થાકેલા ઘોડાઓ વાળી, **महिषीसखः**-મહારાણી સુદક્ષિણા નો મિત્ર, **सः**-રાજા દિલીપ, **संयमिनः**-સંયમી, **तस्य**-તે (વસિષ્ઠના), **महर्षेः**-મહર્ષિના, **आश्रमम्**-આશ્રમને, **प्रापत्**-પામ્યો, પ્રાપ્ત થયો.

ભાષાન્તરઃ અન્ય વડે જે યશ પ્રાપ્ત નથી થયો એ (અતુલ્ય) યશવાળો, થાકેલ ઘોડાઓ વાળો, મહારાણી સુદક્ષિણાનો મિત્ર રાજા દિલીપ સંયમી મુનિ વસિષ્ઠના આશ્રમને પ્રાપ્ત થયો.

**वनान्तरादुपावृत्तैः समित्कुशफलाहरैः।**

**पूर्यमाणमदृश्याग्निप्रत्युद्यातैस्तपस्विभिः ॥४९॥**

અન્વયઃ **वनान्तरात् उपावृत्तैः समित्कुशफलाहरैः अदृश्याग्निप्रत्युद्यातैः तपस्विभिः पूर्यमाणम्।**

શબ્દાર્થઃ **वनान्तरात्** - અન્ય વનમાંથી, **उपावृत्तैः** - પરત આવેલા, **समित्कुश-फलाहरैः** - સમિધા, દર્ભ તથા ફળ લઈ આવેલા, **अदृश्याग्निप्रत्युद्यातैः** - અદ્રશ્ય અગ્નિ વડે સ્વાગત કરવામાં આવી રહેલા, **महर्षिभिः**-મહર્ષિઓ વડે, **पूर्यमाणम्**-વ્યાપ્ત રહેલા. (**आश्रमम्**-આશ્રમને, **प्रापत्**-પ્રાપ્ત થયેલ.)

ભાષાન્તરઃ અન્ય વનમાંથી સમિધાઓ, દર્ભ તથા ફળો લઈને પરત આવી રહેલા મહર્ષિઓ તથા અદ્રશ્ય અગ્નિ વડે સ્વાગત કરવામાં આવી રહેલા, મહર્ષિઓથી પૂર્ણ એવા આશ્રમને (રાજા દિલીપ) પ્રાપ્ત થયો.

**आकीर्णमृषिपत्नीना मुटजद्वाररोधिभिः ।**

**अपत्यैरिव नीवारभागधेयोचितैर्मृगैः ॥५०॥**

અન્વયઃ **नीवारभागधेयोचितैः उटजद्वाररोधिभिः ऋषिपत्नीनाम अपतत्यैः इव मृगैः आकीर्णम्, 'आश्रमं प्रापत्' ।**

શબ્દાર્થઃ **नीवारभागधेयोचितैः**-ચોખાના કણ પ્રાપ્ત કરવામાં અભ્યાસ્ત, **उटजद्वार-रोधिभिः**-પર્ણ કુટિરના દ્વારને રોકી રહેલા, **ऋषिपत्नीनाम्**-ઋષિઓની પત્નીઓના, **अपतत्यैः**-સંતાનો, **इव**-સમાન, **मृगैः**-હરણાઓથી, **आकीर्णम्**-પરિપૂર્ણ, (**आश्रमं**-આશ્રમને, **प्रापत्**-પ્રાપ્ત થયો.)

ભાષાન્તરઃ ચોખાના કણોને પામવામાં અભ્યસ્ત તથા આશ્રમની કુટિરોના દ્વારો પર ઉભેલા, મુનિ પત્નીઓના સંતાનો સમાન હરણાઓથી પરિપૂર્ણ એ આશ્રમને રાજા દિલીપ પ્રાપ્ત થયો.

**सेकान्ते मुनिकन्याभिस्तत्क्षणोज्झितवृक्षकम् ।**

**विश्वासाय विहङ्गानामालवालाम्बुपायिनाम् ॥५१॥**

અન્વયઃ **आलवालाम्बुपायिनाम् विहङ्गानाम् विश्वासाय मुनिकन्याभि सेकान्ते तत्क्षणोज्झितवृक्षकम् (आश्रमं प्रापत्) ।।**

શબ્દાર્થઃ **आलवालाम्बुपायिनाम्**-થાળાઓમાં રહેલુ જળ પીનારા, **विहङ्गानाम्**-પક્ષિઓના, **विश्वासाय**-વિશ્વાસ માટે, **मुनिकन्याभि**-મુનિ કન્યાઓ વડે, **सेकान्ते**-સીચ્યાં બાદ, **तत्क्षणोज्झितवृक्षकम्**-તત્કાલ છોડાયેલા વૃક્ષો વાળા, (**आश्रमं प्रापत्**-આશ્રમને પ્રાપ્ત થયો.)

ભાષાન્તર : (વૃક્ષના) થાળાઓમાં રહેલુ જળ પીનારા પક્ષીઓના વિશ્વાસ માટે મુનિ કન્યાઓથી (વૃક્ષો) સીંચ્યા બાદ તરત જ છોડાયેલા વૃક્ષો વાળા એ આશ્રમને રાજા દિલીપ પ્રાપ્ત થયો.

**आतपात्ययसंक्षिप्तनीवारासु निषादिभिः ।**

**मृगैर्वर्तितरोमन्थमुटजाङ्गनभूमिषु ॥५२॥**

અન્વયઃ **आतपात्ययसंक्षिप्तनीवारासु उटजाङ्गनभूमिषु निषादिभिः मृगैः वर्तितरोमन्थम्, 'आश्रमम् प्रापत्'।**

શબ્દાર્થઃ **आतपात्ययसंक्षिप्तनीवारासु**-તડકો ઓછો થવાથી એકત્ર કરવામાં આવેલા ચોખાના કણોના ડગલા પર, **उटजाङ्गनभूमिषु**-કુટિરોના આંગણમાં, **निषादिभीः**-બેઠેલા, **मृगैः**-હરણાઓ વડે, **वर्तितरोमन्थम्**-ધાન્ય વાગોળવામાં આવે છે, તેવા (**आश्रमम् प्रापत्**-આશ્રમને પ્રાપ્ત થયો)

ભાષાન્તરઃ તડકો ઓછો થવાથી એકત્ર કરાયેલા ચોખાના કણોના ઢગલા પર આશ્રમની કુટિરોના આંગણામાં બેઠેલા હરણાઓ વડે ધાન્ય વાગોળવામાં આવી રહ્યું છે. એવા આશ્રમને રાજા દિલીપ પ્રાપ્ત થયો.

अभ्युत्थिताग्निपिशुनैरतिथीनाश्रमोन्मुखान् ।
पुनानं पवनोद्धूतैर्धूमैराहुतिगन्धिभिः ।।५३।।

અન્વયઃ **अभ्युत्थिताग्निपिशुनैः पवनोद्धूतैः आहुतिगन्धिभिः धूमैः आश्रमोन्मुखान् अतिथीन् पुनानम् आश्रमम् प्रापत् ।**

શબ્દાર્થઃ **अभ्युत्थिताग्निपिशुनैः**-પ્રજવલિત અગ્નિની સૂચના આપી રહેલા, **पवनोद्धूतैः**-પવન દ્વારા ફેલાઈ રહેલા, **आहुतिगन्धिभिः**-આહુતિની ગંધવાળા, **धूमैः**-ધૂમાડાથી, **आश्रमोन्मुखान्**-આશ્રમ તરફ જઈ રહેલા, **अतिथीन्**-અતિથિઓને, **पुनानम्**-પવિત્ર કરી રહેલા. (**आश्रमम् प्रापत्** -આશ્રમને પ્રાપ્ત થયો.)

ભાષાન્તરઃ પ્રજવલિત અગ્નિની સૂચના આપી રહેલા, પવન દ્વારા ફેલાઈ રહેલા તથા આહુતિની ગંધથી યુક્ત ધૂમાડા વડે આશ્રમ તરફ જઈ રહેલા અતિથિઓને પવિત્ર કરી રહેલા આશ્રમને રાજા દિલીપ પ્રાપ્ત થયો.

अथ यन्तारमादिश्य धुर्यान्विश्रामयेति सः ।
तामवारोहयत्पत्नीं रथादवततार च ।।५४।।

અન્વયઃ **अथ सः यन्तारम् धुर्यान् विश्रामय इति आदिश्य ताम् पत्नीम् रथात् अवारोहयत् स्वयम् च अवततार ।**

શબ્દાર્થઃ **अथ**-આશ્રમ પ્રાપ્ત થયા બાદ, **सः**-રાજા દિલીપ, **यन्तारम्**-સારથિને, **धुर्यान्**-ઘોડાઓને, **विश्रामय**-શાન્ત કર, **इति**-એ પ્રમાણે, **आदिश्य**-આદેશ આપીને, **ताम्**-તેણી, **पत्नीम्**-પત્નીને, **रथात्**-રથથી, **अवारोहयत्**-ઉતારી, **स्वयम्**-ખુદ, પોતે, **च**-પણ, **अवततार**-ઉતર્યો.

ભાષાન્તરઃ આશ્રમ પ્રાપ્ત કર્યા પછી રાજા દિલીપ સારથિને "ઘોડાઓ શાંત કર" એ પ્રમાણે આદેશ આપીને પત્ની સુદક્ષિણાને રથ પરથી ઉતારીને સ્વયં પણ ઉતર્યો.

तस्मै सभ्याः सभार्याय गोप्त्रे गुप्ततमेन्द्रियाः ।
अर्हणामर्हते चक्रुर्मुनयो नयचक्षुषे ।।५५।।

અન્વયઃ **सभ्याः गुप्ततमेन्द्रियाः मुनयः सभार्याय गोप्त्रे नयचक्षुषे अर्हते तस्मै अर्हणाम् चक्रुः ।**

શબ્દાર્થઃ **सभ्याः**-સજ્જન, **गुप्ततमेन्द्रियाः**-જીતેન્દ્રિય, **मुनयः**-મુનિઓએ, **सभार्याय**-પત્ની સાથે રહેલા, **गोप्त्रे**-રક્ષક, **नयचक्षुषे**-શાસ્ત્રોથી યુક્ત નયનો વાળા (શાસ્ત્રરૂપી દ્રષ્ટિ વાળા) **अर्हते**-યોગ્ય, **तस्मै**-દિલીપનું, **अर्हणाम्**-સ્વાગત, **चक्रुः**-કર્યુ.

ભાષાન્તરઃ સજ્જન જીતેન્દ્રિય તે મુનિઓએ પત્ની સહિત રહેલા, રક્ષક તથા શાસ્ત્રરૂપી દ્રષ્ટિવાળા, યોગ્ય રાજા દિલીપનું સ્વાગત કર્યું.

**विधेः सायन्तनस्यान्ते स ददर्श तपोनिधिम् ।**

**अन्वासितमरुन्धत्या स्वाहयेव हविर्भुजम् ॥५६॥**

અન્વયઃ **सः सायन्तनस्य विधेः अन्ते अरुन्धत्या अन्वासितम् तपोनिधिम् स्वाहया (अन्वासितम्) हविर्भुजम् इव ददर्श ।**

શબ્દાર્થઃ **सः**-રાજા દિલીપે, **सायन्तनस्य**-સાયંકાળના, **विधेः**-અનુષ્ઠાનના, **अन्ते**-અન્તે, **अरुन्धत्या** -અરુન્ધતી દ્વારા, **अन्वासितम्**-સેવા કરવામાં આવી રહેલા, **तपोनिधिम्**-મહર્ષિ વસિષ્ઠને, **स्वाहया**-સ્વાહા વડે, (**अन्वासितम्**-સેવા કરવામાં આવી રહેલા), **हविर्भुजम्**-અગ્નિ, **इव**-સમાન, **ददर्श**-જોયા.

ભાષાન્તરઃ રાજા દિલીપે સાયંકાળની પૂજા અર્ચના બાદ અરુન્ધતી દ્વારા સેવા કરવામાં આવી રહેલા મહર્ષિ વસિષ્ઠને એ રીતે જોયા જાણે કે સ્વાહા દ્વારા અગ્નિની સેવા કરવામાં આવી રહી હોય. અર્થાત્ અગ્નિસમાન તેજસ્વી વસિષ્ઠ મુનિને જોયા.

**तयोर्जगृहतुः पादान् राजा राज्ञी च मागधी ।**

**तौ गुरुर्गुरुपत्नी च प्रीत्या प्रतिननन्दतुः ॥५७॥**

અન્વયઃ **मागधी राज्ञी राजा च तयोः पादान् जगृहतुः गुरुपत्नी गुरुः च तौ प्रीत्या प्रतिननन्दतुः ॥५७॥**

શબ્દાર્થ : **मागधी**-મગધરાજપુત્રી, **राज्ञी**-મહારાણી સુદક્ષિણા, **राजा च**-તથા રાજા દિલીપે, **तयोः**-અરુન્ધતી તથા વસિષ્ઠ મુનિના, **पादान्**-ચરણો, **जगृहतुः**-સ્પર્શ કર્યા, **गुरुपत्नी**-અરુન્ધતી, **गुरुः चः**-તથા વસિષ્ઠ મુનિ, **तौ**-સુદક્ષિણા તથા દિલીપને, **प्रतिननन्दतुः**-આશીર્વાદ આપી સ્વાગત કર્યું. (**प्रति**-ઉપસર્ગ પૂર્વક, **नन्द** ધાતુ, **लिट्**-લકાર, અન્યપુરુષ, દ્વિવચન)

ભાષાન્તરઃ મગધરાજપુત્રી મહારાણી સુદક્ષિણા તથા રાજા દિલીપે અરુન્ધતી અને વસિષ્ઠમુનિના ચરણ સ્પર્શ કર્યા. અરુન્ધતી તથા વસિષ્ઠ મુનિએ પણ સુદક્ષિણા અને દિલીપને આશીર્વાદ આપી સ્વાગત કર્યું.

**तमातिथ्यक्रियाशान्तरथक्षोभपरिश्रमम् ।**

**पप्रच्छ कुशलं राज्ये राज्याश्रममुनिं मुनिः॥५८॥**

અન્વયઃ **मुनिः आतिथ्यक्रियाशान्तरथक्षोभपरिश्रमम्, राज्याश्रममुनिम् तम् राज्ये कुशलम् पप्रच्छ।**

શબ્દાર્થઃ **मुनिः**-મહર્ષિ વસિષ્ઠે, **आतिथ्यक्रियाशान्तरथक्षोभपरिश्रमम्**-આતિથ્ય ક્રિયા વડે તેઓના રથજન્ય પરિશ્રમ શાંત કરીને, **राज्याश्रममुनिम्** -રાજ્યરૂપી આશ્રમમાં રહેલા રાજા રૂપી મુનિ, **तम्**-દિલીપને, **राज्ये**-રાજ્યના વિષયમાં, **कुशलम्**-કુશળ મંગળ, **पप्रच्छ**-પુછ્યું. (**प्रच्छि**-ધાતુ, **लिट्**-લકાર, અન્ય પુરુષ ए.व.)

ભાષાન્તરઃ મહર્ષિ વસિષ્ઠે આતિથ્ય ક્રિયા વડે તેઓનો રથજનિત પરિશ્રમ શાંત કર્યા બાદ રાજ્ય રૂપી આશ્રમમાં રહેલા મુનિરૂપી રાજા દિલીપને રાજ્ય વિષયક કુશળ-મંગળ પૂછ્યું.

**अथाथर्वनिधेस्तस्य विजितारिपुरः पुरः ।**

**अर्थ्यामर्थपतिर्वाचमाददे वदतां वरः ॥४९॥**

અન્વયઃ **अर्थ विजितारिपुरः वदता वरः अर्थपतिः अथर्वनिधेः तस्य पुरः अर्थ्यां वाचम् आददे।**

શબ્દાર્થઃ **अर्थ**-વસિષ્ઠમુનિએ પૂછયા બાદ, **विजितारिपुरः**-શત્રુઓના નગરોને જીતનારો, **वदता वरः**-બોલનારાઓમાં શ્રેષ્ઠ, **अर्थपतिः**-મહારાજ દિલીપ, **अथर्वनिधेः**-અથર્વવેદના જ્ઞાતા, **तस्य**-વસિષ્ઠમુનિના, **पुरः**-સામે, **अर्थ्यां**-અર્થયુક્ત, **वाचम्**-વાણી, **आददे**-બોલ્યો. (दा.-ધાતુ, आ.प.लिट-લકાર, अ.पु.ए.व)

ભાષાન્તરઃ વસિષ્ઠ મુનિએ પૂછયા બાદ એ શત્રુઓના નગરોને જિતનારો તથા બોલનારાઓમાં શ્રેષ્ઠ મહારાજ દિલીપ અથર્વવેદના વસિષ્ઠમુનિ પાસે અર્થયુક્ત વાણી બોલ્યો.

उपपन्नं ननुशिवं सप्तस्वङ्गेषु यस्य मे ।

दैवीनां मानुषीणां च प्रतिहर्ता त्वमापदाम् ॥६०॥

અન્વયઃ **सप्तसु अङ्गेषु मे शिवम् उपपन्नम् ननु यस्य मे दैवीनाम् मानुषीणाञ्च आपदाम् त्वम् प्रतिहर्ता असि ।**

શબ્દાર્થઃ **सप्तसु**-સાતેય, **अङ्गेषु**-અંગોમાં, **मे**-મારૂ, **शिवम्**-કલ્યાણ, **उपपन्नम्**-થયું છે, **ननु**-કારણ કે, **मे**-મારી, **दैवीनाम्**-દેવી તથા, **मानुषीणाम्**-માનવીય, **आपदाम्**-વિપત્તિઓના, **त्वम्**-આપ (વસિષ્ઠમુનિ), **प्रतिहर्ता**-નિવારક, રક્ષક, **असि**-છો.

ભાષાન્તરઃ (હે મુનિશ્રેષ્ઠ !) સાતેય અંગો (ની રાજનીતિ) માં મારૂ કલ્યાણ થયું છે. કારણ કે મારી કુદરતી તથા કૃત્રિમ આપત્તિઓના રક્ષક અને નિવારક આપ છો.

तव मन्त्रकृतो मन्त्रैर्दूरात्प्रशमितारिभिः ।

प्रत्यादिश्यन्त इव मे दृष्टलक्ष्यभिदः शराः ॥६१॥

અન્વયઃ **दूरात् प्रशमितारिभिः मन्त्रकृतः तव मन्त्रैः दृष्टलक्ष्यभिदः मे शराः प्रत्यादिश्यन्ते इव।**

શબ્દાર્થઃ **दूरात्**-દૂરથી જ, **प्रशमितारिभिः**-શત્રુઓનો નાશ કરનારા, **मन्त्रकृतः**-મંત્રોનો પ્રયોગ કરનાર, **तव**-તમારા, **मन्त्रैः**-મંત્રોથી, **दृष्टलक्ष्यभिदः**-પ્રત્યક્ષ લક્ષ્યનું ભેદન કરનારા, **मे**-મારા, **शराः**-બાણો, **प,त्यादिश्यन्ते इव**-જાણે કે વ્યર્થ પ્રતીત થઈ રહ્યા છે.

ભાષાન્તરઃ દૂરથી જ શત્રુઓનો નાશ કરનારા મંત્રોનો પ્રયોગ કરનાર તમારા મંત્રો વડે પ્રત્યક્ષ લક્ષ્યને ભેદનારા મારા બાણો જાણે કે વ્યર્થ પ્રતીત થઈ રહ્યા છે.

हरिरावर्जितं होतस्त्वया विधिवदग्निषु ।

वृष्टिर्भवति सस्यानामवग्रहविशोषिणाम् ॥६२॥

અન્વયઃ हे होतः ! त्वया विधिवत् अग्निषु आवर्जितम् हविः अवग्रहविशोषिणाम् सस्यानाम् वृष्टिः भवति ।

શબ્દાર્થઃ **हे होतः**-હે અગ્નિહોત્રના કરનાર !, **त्वया**-તમારા વડે, **विधिवत्**-વિધિપૂર્વક, **अग्निषु**-અગ્નિમાં, **आवर्जितम्**-હોમેલું, **हविः**-દ્રવ્ય, **अवग्रहविशोषिणाम्**-અનાવૃષ્ટિથી સુકાઈ જતા, **सस्यानाम्**-અન્ન માટે, **वृष्टिः**-વરસાદ, **भवति**-બની જાય છે.

ભાષાન્તરઃ હે અગ્નિહોત્રના કરનારા મુનિશ્રેષ્ઠ ! તારા વડે અગ્નિમાં વિધિપૂર્વક હોમેલું દ્રવ્ય જ દુકાળના સમયમાં સુકાઈ જતા અન્ન માટે વરસાદ બની જાય છે. (તમારા યજ્ઞો જ વરસાદનું સ્વરૂપ ગ્રહણ કરે છે.)

पुरुषायुषजीविन्यो निरातङ्का निरीतयः ।

यन्मदीयाः प्रजास्तस्य हेतुस्त्वद्ब्रह्मवर्चसम् ॥६३॥

અન્વયઃ मदिया: प्रजाः पुरुषायुषजीविन्यः निरातङ्काः निरीतयः यत् 'सन्ति' तस्य त्वद्ब्रह्मवर्चसम्, 'एव' हेतुः ।

શબ્દાર્થઃ मदियाः-મારી, प्रजाः-પ્રજા, पुरुषायुषजीविन्यः-પુરૂષના આયુષ્ય સુધી જીવનારી, (૧૦૦ વર્ષ જીવનારી) ''शतायुर्वै''-એવા વેદવાક્યથી પુરૂષનું આયુષ્ય ૧૦૦ વર્ષ નિર્ધારિત છે, निरातङ्काः-ભયરહિત, निरीतयः-સમસ્યા રહિત, છે, तस्य-તેનું, त्वद्ब्रह्मवर्चसम्-તમારૂ બ્રહ્મ તેજ, एव-જ, हेतुः-કારણ, अस्ति-છે.

ભાષાન્તરઃ મારી પ્રજા ૧૦૦ વર્ષ જીવનારી, ભય તથા સમસ્યાઓથી સર્વથા રહિત છે તેનું કારણ માત્રને માત્ર આપનું બ્રહ્મતેજ જ છે.

त्वयैवं चिन्त्यमानस्य गुरुणा ब्रह्मयोनिना ।

सानुबन्धाः कथं न स्युःसंपदो मे निरापदः ॥६४॥

અન્વયઃ ब्रह्मयोनिना गुरुणा त्वया एवम् चिन्त्यमानस्य निरापदः मे सम्पदः सानुबन्धाः कथं न स्युः ।

શબ્દાર્થઃ ब्रह्मयोनिना-બ્રહ્મપુત્ર, गुरुणा-ગુરુ, त्वया-તમારા વડે, एवम्-આ પ્રકારે, चिन्त्यमानस्य-ચિંતન કરવામાં આવતા, निरापदः-આપત્તિ રહિત, मे-મારી, सम्पदः-સમ્પત્તિઓ, सानुबन्धाः-અવિચ્છિન્ન, कथं-શા માટે ? न स्यु :-ન હોય ?

ભાષાન્તરઃ બ્રહ્મપુત્ર ગુરુ એવા આપના દ્વારા આ પ્રકારે ચિંતન કરવામાં આવે ત્યારે આપત્તિરહિત મારી સમ્પત્તિઓ નિરંતર વૃદ્ધિ પામનારી શા માટે ન હોય ? (અર્થાત્ હોય જ)

किन्तु वध्वां तवैतस्यामदृष्टसदृशप्रजम् ।

न मामवति सद्वीपा रत्नसूरपि मेदिनी ॥६५॥

અન્વયઃ किन्तु तव एतस्याम् वध्वाम् अदृष्टसदृशप्रजम् माम् सद्वीपां रत्नसूः अपि मेदिनी न अवति । ।

શબ્દાર્થઃ किन्तु-પરંતુ, तव-આપની, एतस्याम्-આ, वध्वाम्-પુત્રવધૂમાં, अदृष्टसदृशप्रजम्-પોતાના સમાન પુત્ર ન હોવાથી, माम्-મને, सद्वीपां-દ્વીપ સહિતની, रत्नसूः-રત્નોની જનની, अपि-હોવા છતા (આ), मेदिनी-પૃથ્વી, न प्रीणाति-પ્રસન્ન કરી શકતી નથી.

ભાષાન્તરઃ પરંતુ આપની પુત્રવધૂ સુદક્ષિણામાં પોતાના સમાન પુત્ર ન હોવાથી (સાત) દ્વીપ સહિતની રત્નોની જનની હોવા છતાં પણ આ પૃથ્વી (નું રાજ્ય) મને પ્રસન્ન કરતી નથી (પુત્ર વિના સમસ્ત પૃથ્વીનું રાજ્ય પણ ગમતું નથી).

नूनं मत्त; परं वंश्याः पिण्डविच्छेददर्शिनः ।

न प्रकामभुजः श्राद्धे स्वधासंग्रहतत्पराः ॥६६॥

અન્વયઃ मत्तः परम् पिण्डविच्छेददर्शिनः वंश्याः स्वधासङ्ग्रहतत्पराः सन्तः श्राद्धे प्रकामभुजः नूनम् न भवन्ति ।

શબ્દાર્થઃ **मत्तः** મારાથી, **परम्**-આગળ, **पिण्डविच्छेददर्शिनः**-પિંડ દાનનો વિચ્છેદ થતો જોઈને, **वंश्याः**-પિતૃઓ, **स्वधासङ्ग्रहतत्पराः**-સ્વધા સંગ્રહમાં લાગેલા, **श्राद्धे**-શ્રાદ્ધમાં, **प्रकामभुजः**-તૃપ્ત થઈને ભોજન કરનારા, **नूनम्**-ખરેખર, ( **न भवन्ति**-નહીં થતા હોય.)

ભાષાન્તરઃ મારાથી આગળ વંશ પરંપરા ન રહેવાના કારણે પિંડદાનનો ક્રમ તૂટતો જોઈને સ્વધા સંગ્રહમાં લાગેલા મારા પિતૃઓ શ્રાદ્ધમાં ખરેખર તૃપ્ત થઈને ભોજન નહીં કરતા હોય.

**मत्परं दुर्लभं मत्वा नूनमावर्जितं मया ।**

**पयः पूर्वैःस्वनिश्वासैः कवोष्णमुपभुज्यते ॥६७॥**

અન્વયઃ **मत्परम् दुर्लभम् मत्वा 'इदानीम्' मया आवर्जितम् पयः पूर्वैः स्वनिश्वासैः कवोष्णम्, यथा तथा उपभुज्यते नूनम् ।**

શબ્દાર્થઃ **मत्परम्**-મારા પછી, **दुर्लभम्**-દુર્લભ, **मत्वा**-માનીને, **मया**-મારા વડે, **आवर्जितम्**-અપાયેલું, **पयः**-જળ, **पूर्वैः**-પૂર્વજો વડે, **स्वनिश्वासैः**-પોતાના ગરમ નિઃશ્વાસોથી, **कवोष्णम्**-ગરમ થયેલુ, **उपभुज्यते**-પીવામાં આવે છે.

ભાષાન્તરઃ મારા પછી (આ જળ) દુર્લભ (છે) એવું માનીને મારા વડે અપાયેલું જળ મારા પૂર્વજો વડે પોતાના નિઃશ્વાસોથી થોડું ગરમ કરીને પીવામાં આવે છે.

**सोऽहमिज्यावशुद्धात्मा प्रजालोपनिमीलितः ।**

**प्रकाशश्चाप्रकाशश्च लोकालोक इवाचलः ॥६८॥**

અન્વયઃ **इज्याविशुद्धात्मा प्रजालोपनिमीलितः सः अहम् लोकालोकः अचलः इव प्रकाशः च अप्रकाशः च ॥६८॥**

શબ્દાર્થઃ **इज्याविशुद्धात्मा**-યજ્ઞોથી શુદ્ધ ચિત્તવાળો, (**(तथा) प्रजालोपनिमीलित**)ઃ-સંતાન હોવાને કારણે મલિન ચિત્તવાળો, **सः**-સ, **अहम्**-હું દિલીપ, **लोकालोकः**-ચક્રવાલ નામના, **अचलः**-પર્વત, **इव**-સમાન, **प्रकाशः**-પ્રકાશમાન તથા, **अप्रकाशः**-ગ્લાનિ યુક્ત, **भवामि**-થઈ રહ્યો છું.

ભાષાન્તરઃ યજ્ઞોથી વિશુદ્ધ ચિત્તવાળો (પરંતુ) પ્રજા (સંતાન) ન હોવાને કારણે મલિન ચિત્તવાળો હું દિલીપ ચક્રવાક નામના પર્વત સમાન પ્રકાશમાન (દેવ ઋણથી મુક્ત) તથા અપ્રકાશમાન, (પિતૃઋણ) થી બંધાયેલો તેથી જ દુઃખી છું.

**लोकान्तरसुखं पुण्यं तपोदानसमुद्भवम् ।**

**संततिः शुद्धवंश्या हि परत्रेह च शर्मणे ॥६९॥**

અન્વય : **तपोदानसमुद्भवम् पुण्यम् लोकान्तरसुखम् भवति हि शुद्धवंश्या सन्ततिः, इह परत्र च शर्मणे भवति ।**

શબ્દાર્થઃ **तपोदानसमुद्भवम्**-તપ તથા દાનથી ઉત્પન્ન, **पुण्यम्**-પુણ્ય, **लोकान्तरसुखम्**-પરલોકમાં સુખ આપનારા (હોય છે), **हि**-પરંતુ, **शुद्धवंश्या**-શુદ્ધવંશમાં ઉત્પન્ન, **सन्ततिः**-સંતાન, **इह**-આ લોકમાં, **परत्र**-પરલોકમાં, **च**-પણ, **शर्मणे**-કલ્યાણકારી, (**भवति**-હોય છે).

ભાષાન્તરઃ તપ તથા દાનથી ઉત્પન્ન પુણ્ય તો પરલોકમાં જ કલ્યાણકારી બને છે. પરંતુ શુદ્ધવંશમાં ઉત્પન્ન સંતાનો આ લોકમાં તથા પરલોકમાં ક્લ્યાણકારી બને છે.

तया हीनं विधातर्मा कथं पश्यन्न दूयसे ।
सिक्तं स्वयमिव स्नेहाद्वन्ध्यमाश्रमवृक्षकम् ।।७०।।

અન્વયઃ हे विधातः ! तया हीनं माम् स्नेहात् स्वयम् सिक्तम् वन्ध्यम् आश्रमवृक्षकम् इव पश्यन् कथं न दूयसे ।

શબ્દાર્થઃ हे विधातः-હે સૃષ્ટિ કરનાર ગુરુ ! तया-સંતતિથી, हीनम्-રહિત, माम्-મને, स्नेहात्-સ્નેહથી, स्वयम्-પોતે જ, सिक्तम्-સીંચેલા, वन्ध्यम्-ફળ રહિત, आश्रमवृक्षकम्-આશ્રમના વૃક્ષ, इव-સમાન, पश्यन्-જોતા, कथं-શા માટે, न दूयसे-દુઃખી થતાં ?

ભાષાન્તરઃ હે સર્જનહાર ગુરુ ! સંતતિથી રહિત મને (જોઈને) સ્નેહથી પોતેજ સીંચેલા ફળ રહિત વૃક્ષ સમાન મને જોઈને શા માટે દુઃખી થતા નથી ?

असह्यपीडं भगवन्नृणमन्त्यमवेहि मे ।
अरुन्तुदमिवालानमनिर्वाणस्य दन्तिनः ।।७१।।

અન્વયઃ हे भगवन् मे अन्त्यम् ऋणम् अनिर्वाणस्य दन्तिनः अरुन्तुदम् आलानम् इव असह्यपीडम् अवेहि ।

શબ્દાર્થઃ हे भगवन्-ભગવન્ (મુનિ વસિષ્ઠ) ! मे-મારું, अन्त्यम्-અંતિમ, ऋणम्-(પિતૃ) ઋણ, अनिर्वाणस्य-સ્નાન રહિત, दन्तिनः-હાથીના, अरुन्तुदम्-ત્વચાને દુઃખ પહોંચાડનાર, आलानम्-સ્તંભ, इव-સમાન, असह्यपीडम्-અસહ્ય કષ્ટકર, अवेहि-જાણો.

ભાષાન્તરઃ હે મુંનિ વસિષ્ઠ ! મારા આ અંતિમ (પિતૃ) ઋણને, સ્નાન સહિત હાથીની ત્વચાને કષ્ટપ્રદ સ્તંભ સમાન અસહ્યકષ્ટપ્રદ જાણો. (સંતાનરહિત પિતૃ ઋણથી મુક્ત થઈ શકે નહીં.)

तस्मान्मुच्ये यथा तात संविधातुं तथार्हसि ।
इक्ष्वाकूणां दुरापेऽर्थे त्वदधीना हि सिद्धयः ।।७२।।

અન્વયઃ हे तात् तस्मात् यथा मुच्ये तथा संविधातुम् त्वम् अर्हसि । हि इक्ष्वाकूणाम् दुरापे अर्थे सिद्धयः त्वदधीनाः ।

શબ્દાર્થઃ हे तात्-હે પિતા સમાન મહર્ષિ વસિષ્ઠ, तस्मात्-પિતૃઋણમાંથી, यथा-જે રીતે, मुच्ये-મુક્ત થઈ શકું, तथा-તે રીતે, संविधातुम्-કરવા માટે, अर्हसि-તમે સમર્થ છો, हि-ખરેખર, इक्ष्वाकूणाम्-ઈક્ષ્વાકું વંશી રાજાઓના, दुरापे-કઠિન, अर्थे-પ્રયોજનમાં, सिद्धयः-સફળતા, त्वदधीनाः-આપને આધીન (सन्ति-છે).

ભાષાન્તરઃ હે પિતા સમાન મહર્ષિ વસિષ્ઠ ! તે પિતૃઋણમાંથી જે રીતે હું મુક્ત થઈ શકું તે કરવા માટે આપ સમર્થ છો. કારણ કે ઈક્ષ્વાકું વંશી રાજાઓના કઠિન પ્રયોજનોની સફળતા આપને જ આધીન રહેલી છે.

इति विज्ञापितो राजा ध्यानस्तिमितलोचनः ।
क्षणमात्रमृषिस्तस्थौ सुप्तमीन इव ह्रदः ॥७३॥

અન્વયઃ इति राजा विज्ञापतिः ऋषिः ध्यानस्तिमितलोचनः क्षणमात्रम् सुप्तमीनः ह्रदः इव तस्थौ ।

શબ્દાર્થઃ इति-આ પ્રમાણે, राजा-રાજા વડે, विज्ञापतिः-નિવેદિત, ऋषिः-વસિષ્ઠ, ध्यानस्तिमितलोचनः-ધ્યાનથી બંધ આંખો વાળા થઈ, क्षणमात्रम्-થોડી વાર માટે, सुप्तमीनः-સૂતેલા માછલાઓ વાળા, सरः-સરોવર, इव-સમાન (શાંત), तस्थौ-રહ્યા. (स्था-ધાતુ, लिट-લકાર, अ.पु.ए.व.)

ભાષાન્તરઃ આ પ્રમાણે રાજા વડે નિવેદન કરવામાં આવેલ મહર્ષિ વસિષ્ઠ, ધ્યાનથી આંખો મીંચીને, માછલાઓના સુવાથી શાંત થયેલા સરોવર સમાન થોડી વાર સુધી શાંત રહ્યા.

सोऽपश्यत् प्रणिधानेन सन्ततेः स्तम्भकारणम् ।
भावितात्मा भुवो भर्तुरथैनं प्रत्यबोधयत् ॥७४॥

અન્વયઃ भावितात्मा सः प्रणिधानेन भुवः भर्तुः सन्ततेः स्तम्भकारणम् अपश्यत् अथ एनम् प्रत्यबोधयत् ।

શબ્દાર્થઃ भावितात्मा-શુદ્ધ અંતઃકરણ વાળા, सः-વસિષ્ઠ મુનિએ, प्रणिधानेन-સમાધિ વડે, भुवः-પૃથ્વીના, भर्तुः-સ્વામીના, सन्ततेः-સંતાનના, स्तम्भकारणम्-અવરોધનું કારણ, अपश्यत्-જોયું, अथ-અને, एनम्-દિલીપને, प्रत्यबोधयत्-જણાવ્યું.

ભાષાન્તરઃ શુદ્ધ અંતઃકરણ વાળા વસિષ્ઠ મુનિએ સમાધિ દ્વારા પૃથ્વીપતિ રાજા દિલીપના સંતાનના અવરોધનું કારણ જોયું અને ત્યાર બાદ દિલીપને પણ સંભળાવ્યું.

पुरा शक्रमुपस्थाय तवोर्वी प्रति यास्यतः ।
आसीत् कल्पतरुच्छायामाश्रिता सुरभिः पथि ॥७५॥

અન્વયઃ पुरा शक्रम् उपस्थाय उर्वीम् प्रति यास्यतः तव पथि कल्पतरुच्छायाम् आश्रिता सुरभिः आसीत् ।

શબ્દાર્થઃ पुरा-એક સમયે, शक्रम्-ઈન્દ્રની, उपस्थाय-પાસે જઈને, उर्वीम् प्रति-પૃથ્વી તરફ, यास्यतः-જઈ રહેલા, तव-તારા, पथि-માર્ગમાં कल्पतरुच्छायाम्-કલ્પવૃક્ષની છાયામાં, आश्रिता-બેઠેલી, सुरभिः-કામધેનું, आसीत्-હતી.

ભાષાન્તરઃ એક સમયે ઈન્દ્રની સેવા કરીને પૃથ્વી તરફ જઈ રહેલા તારા માર્ગમાં કલ્પવૃક્ષ ની છાયામાં કામધેનું બેઠેલી હતી.

धर्मलोपभयाद्राज्ञीमृतुस्नातामिमां स्मरन् ।
प्रदक्षिणक्रियार्हायां तस्यां त्वं साधु नाचरः ॥७६॥

અન્વયઃ ऋतुस्नाताम् इमां राज्ञी धर्मलोपभयात् स्मरन् प्रदक्षिणक्रियार्हायाम् तस्याम् त्वम् साधु न आचरः ।

શબ્દાર્થઃ ऋतुस्नाताम्- રજોદર્શન નિમિત્તે સ્નાન કરેલી, इमाम्-આ, राज्ञीम्-મહારાણીને, धर्मलोपभयात्-ધર્મ ભ્રષ્ટ થવાના ભયથી, स्मरन्-યાદ કરતો, प्रदक्षिणक्रियार्हायाम्-પ્રદક્ષિણા કરવા યોગ્ય, तस्याम्-કામધેનુના વિષયમાં, त्वम्-તે, साधु-યોગ્ય,

न आचर-આચરણ ન કર્યુ.

ભાષાન્તરઃ રજોદર્શન નિમિત્તે સ્નાન કરેલી રાણી સુદક્ષિણાને ધર્મ ભ્રષ્ટ થવાના ભયથી યાદ કરતા, પ્રદક્ષિણા કરવા યોગ્ય કામધેનુ (ની પ્રદક્ષિણા ન કરીને) ના વિષયમાં તેં યોગ્ય આચરણ ન કર્યું.

अवजानासि मां यस्मादतस्ते न भविष्यति ।

मत्प्रसूतिमनाराध्य प्रजेति त्वां शशाप सा ॥७७॥

અન્વયઃ यस्मात् त्वम् माम् अवजानासि अतः मत्प्रसूतिम् अनाराध्य ते प्रजा न भविष्यति इति सा त्वाम् शशाप ।

શબ્દાર્થઃ यस्मात्-જે કારણથી, (त्वम्) माम्-મારો, अवजानासि-તિરસ્કાર કરે છે. अतः-તેથી, मत्प्रसूतिम्-મારી સંતતિ (નંદિનીને), अनाराध्य-સેવ્યા વિના, ते-तव-તને, प्रजा-સંતાન, न भविष्यति-નહીં થાય, इति-એ પ્રમાણે, सा--કામધેનુએ, त्वाम्-તને, शशाप-શાપ આપ્યો.

ભાષાન્તરઃ "જે કારણથી રાણી ઋતુમતી હોવાના કારણે સંતાન અભિલાષામાં તું મારો તિરસ્કાર કરે છે, તેથી મારી સંતતિ નંદિનીની સેવા કર્યા વગર તને સંતાન પ્રાપ્તિ નહીં થાય" આ પ્રમાણે કામધેનુંએ તને શાપ આપ્યો.

स शापो न त्वया राजन्न च सारथिना श्रुतः ।

नदत्याकाशङ्गायाः स्रोतस्युद्दामदिग्गजे ॥७८॥

અન્વયઃ हे राजन् सः शापः त्वया न श्रुतः सारथिना च न श्रुतः उद्दामदिग्गजे आकाशङ्गायाः स्रोतसि नदति सति ।

શબ્દાર્થઃ हे राजन्-હે રાજન્ ! सः-તે, शापः-શાપ, त्वया-તે, सारथिना च-અને સારથિએ, न श्रुत-ન સાંભળ્યો (यत-કારણ કે), उद्दामदिग्गजे-મદમત્ત દિગ્ગજો, आकाशङ्गायाः-આકાશ ગંગાના, स्रोतसि-પ્રવાહમાં, नदति-અવાજ કરી રહ્યા હતા.

ભાષાન્તરઃ હે રાજન તે શાપ તેં અથવા સારથિએ ન સાંભળ્યો કારણ કે ત્યારે મદોન્મત્ત દિગ્ગજો આકાશગંગાના પ્રવાહમાં અવાજ કરી રહ્યાં હતા.

ईप्सितं तदवज्ञानाद्विद्धि सार्गलमात्मनः ।

प्रतिबध्नाति हि श्रेयः पूज्यपूजाव्यतिक्रमः ॥७९॥

અન્વયઃ तदवज्ञानात् आत्मनः ईप्सितं सार्गलं विद्धि । हि पूज्यपूजाव्यतिक्रमः श्रेयः प्रतिबध्नाति ॥

શબ્દાર્થઃ तदवज्ञानात्-કામધેનુની અવજ્ઞા કરવાથી, आत्मनः-તારી, ईप्सितं-સંતાન પ્રાપ્તિ રૂપ ઈચ્છા, सार्गलं-અવરોધ યુક્ત, विद्धि-જાણ, हि-ખરેખર, पूज्यपूजाव्यतिक्रमः-પૂજ્યોની પૂજાનું ઉલ્લંઘન, श्रेयः-કલ્યાણને, प्रतिबध्नाति-રોકે છે, બાંધે છે.

ભાષાન્તરઃ હે રાજન્ ! કામધેનુની અવજ્ઞા કરવાથી (જ) તારો સંતાન પ્રાપ્તિનો મનોરથ અવરોધ યુક્ત જાણ. કારણ કે પૂજ્યોની પૂજાનું ઉલ્લંઘન કલ્યાણને રોકી રાખે છે, બાધા પહોંચાડે છે.

हविषे दीर्घसत्रस्य सा चेदानीं प्रचेतसः ।
भुजाङ्गपिहितद्वारं पातालमधितिष्ठति ॥८०॥

અન્વયઃ **सा च इदानीम् दीर्घसत्रस्य प्रचेतसः हविषे मुजङ्गपिहितद्वारम् पातालम् अधितिष्ठति।**

શબ્દાર્થઃ **सा**-તેણી, **इदानीम्**-અત્યારે, **दीर्घसत्रस्य**-લાંબો સમય ચાલનારા યજ્ઞમાં, **प्रचेतसः**-વરુણને, **हविषे**-(યજ્ઞ માટે) ધી, દૂધ, દહિં આપવા માટે, **मुज ङ्गपिहितद्वारम्**-સાંપોથી અવરોધિત દ્વાર વાળા, **पातालम्**-પાતાળમાં, **अधितिष्ठति**-રહેલી છે.

ભાષાન્તરઃ તેણી અત્યારે લાંબા સમય સુધી ચાલનારા યજ્ઞમાં વરુણને યજ્ઞ માટે ધૃત વગેરે દ્રવ્ય આપવાં માટે સાંપોથી અવરુદ્ધ દ્વારવાળા પાતાળમાં રહેલી છે.

सुतां तदीयां सुरभेः कृत्वा प्रतिनिधिं शुचिः ।
आराधय सपत्नीकः प्रीता कामदुधा हि सा ॥८१॥

અન્વયઃ **तदीयाम् सुतां सुरभेः प्रतिनिधिम् कृत्वा शुचिः सपत्नीकः 'सन्' आराधय हि सा प्रीता कामदुघा भवति ।**

શબ્દાર્થઃ **तदीयाम्**-કામધેનુની, **सुतां**-પુત્રીને, **सुरभेः**-કામધેનુની, **प्रतिनिधिम्**-પ્રતિનિધિ, **कृत्वा**-કરીને, **शुचिः**-પવિત્ર, **सपत्नीकः**-પત્ની સાથે, **आराधय**-સેવા કર, **हि**-કારણ કે, **सा**-નંદિની, **प्रीता**-પ્રસન્ન થાય તો, **कामदुघा**-મનોરથો પૂર્ણ કરનારી, **अस्ति**-છે.

ભાષાન્તરઃ હે રાજન ! તુ કામધેનુની પુત્રીની કામધેનુની પ્રતિનિધિ કરીને, પવિત્ર થઈ, પત્ની સાથે તેની સેવા કર કારણ કે તેણી નંદિની પ્રસન્ન થાય તો મનોરથોને પૂર્ણ કરનારી છે.

इति वादिन एवास्य होतुराहुतिसाधनम् ।
अनिन्द्या नन्दिनी नाम धेनुराववृते वनात् ॥८२॥

અન્વયઃ **इतिवादिनः एव होतुः अस्य आहुतिसाधनम् नन्दिनी नाम अनिन्द्या धेनुः वनात् आववृते ।**

શબ્દાર્થઃ **इति**-આ પ્રમાણે, **वादिनः**-બોલી રહેલા, **एव**-ત્યારે જ, **होतुः**-હવન કરનાર, **अस्य**-મુનિ વસિષ્ઠની, **आहुतिसाधनम्**-હવનમાં ધૃત આદિ આહુતિના સાધન રૂપ, **नन्दिनी नाम**-નંદિની નામની, **अनिन्द्या**-પ્રશંસનીય, **धेनुः**-ગાય, **वनात्**-વનમાંથી, **आववृते**-પરત આવી.

ભાષાન્તરઃ આ પ્રમાણે બોલી રહ્યા હતા ત્યારે જ હવન કરનાર એ મુનિની હવનમાં ધૃત આદિ આહુતિના સાધન રૂપ નંદિની નામની પ્રશંસા યોગ્ય ગાય વનમાંથી પરત આવી.

ललाटोदयमाभुग्नं पल्लवस्निग्धपाटला ।
बिभ्रती श्वेतरोमाङ्कं संध्येव शशिनं नवम् ॥८३॥

અન્વયઃ **पल्लवस्निग्धपाटला ललाटोदयम् आभुग्नम् श्वेतरोमाङ्कम् बिभ्रती नवम् शशिनम् बिभ्रती सन्ध्या इव स्थिता वनात् आववृते**

શબ્દાર્થઃ **पल्लवस्निग्धपाटला** -કોમળ કૂંપળો સમાન રક્ત વર્ણી, -કપાટ પર રચાયેલ,

ललाटोदयम्-થોડું વક્ર, आभुग्नम्-સફેદ રૂંવાડાંનું ચિન્હ, श्वेतरोमाङ्कम्-ધારણ કરતી, बिभ्रती नवम-નવા, शशिनम् -ચંદ્રને, बिभ्रती-ધારણ કરતી, सन्ध्या इव-સંધ્યા સમાન (सा-નંદિની, आजगाम-પરત આવી).

ભાષાન્તરઃ કોમળ કૂંપળો સમાન રક્ત વર્ણી, કપાળ પર રચાયેલા થોડા વક્ર અને સફેદ રૂવાડાઓના ચિન્હને ધારણ કરતી, નવોદિત ચંદ્રને ધારણ કરતી સંધ્યા સમાન તેણી નંદિની વનમાંથી પરત આવી.

भुवं कोष्णेन कुण्डोध्नी मेध्येनावभृथादपि ।
प्रस्नवेनाभिवर्षन्ती वत्सालोकप्रवर्तिना ॥८४॥

અન્વયઃ कोष्णेन अवभृथात् अपि मेध्येन वत्सालोकप्रवर्तिना प्रस्नवेन भुवम्, अभिवर्षन्ती कुण्डोध्नी वनात् 'आववृते' ।

શબ્દાર્થઃ कोष्णेन-થોડા ગરમ, अवभृथात्-યજ્ઞ સંબંધિ સ્નાનથી, अपि-પણ, मेध्येन-પવિત્ર, वत्सालोकप्रवर्तिना-વાંછરડાને જોવાથી સ્વયં, प्रस्नवेन-સ્રવી રહેલા પયથી, भुवम्-પૃથ્વીને, अभिवर्षन्ती-સીંચી રહેલી, कुण्डोध्नी-ઘડા સમાન મોટા આંચળો વાળી, (सा-નંદિની, आजगाम-પરત આવી).

ભાષાન્તરઃ થોડા ગરમ યજ્ઞ સંબંધિ સ્નાનથી પણ પવિત્ર, વાંછરડાને જોવાથી સ્વયં સ્રવી રહેલા પયથી પૃથ્વીને સીંચી રહેલી ઘડા સમાન મોટા આંચળો વાળી નંદિની વનમાંથી પરત આવી.

रजःकणैः खुरोद्धूतैः स्पृशद्भिर्गात्रमन्तिकात् ।
तीर्थाभिषेकजां शुद्धिमादधाना महीक्षितः ॥८५॥

અન્વયઃ खुरोद्धूतैः अन्तिकात् गात्रम् स्पृशद्भिः रजःकणैः महीक्षितः तीर्थभिषेकजाम् शुद्धिम् आदधाना वनात् आववृते ।

શબ્દાર્થઃ खुरोद्धूतैः-ખરી વડે ઉડેલી, अन्तिकात्-પાસેથી, गात्रम्-શરીરને, स्पृशद्भिः-સ્પર્શી રહેલી, रजःकणैः-રજ કણો વડે, महीक्षितः-રાજા દિલીપને, तीर्थभिषेकजाम्-તીર્થ જળના અભિષેક દ્વારા થતી, शुद्धिम्-પવિત્રતાને, आदधाना-સંપાદિત કરતી (सा-તેણી નંદિની, आजगाम-પરત આવી).

ભાષાન્તરઃ (ચાલવાથી) ખરી વડે ઉડેલી અને પાસેથી શરીરને સ્પર્શી રહેલી રજકણો વડે રાજા દિલીપને તીર્થના જળથી અભિષેક દ્વારાથતી પવિત્રતા સંપાદિત કરી રહેલી નંદિની વનમાંથી પરત આવી.

तां पुण्यदर्शनां दृष्ट्वा निमित्तज्ञस्तपोनिधिः ।
याज्यमाशंसितावन्ध्यप्रार्थनं पुनरब्रवीत् ॥८६॥

અન્વયઃ निमित्तज्ञः तपोनिधिः पुण्यदर्शनाम् ताम् दृष्ट्वा आशंसितावन्ध्यप्रार्थनम् याज्यम् पुनः अब्रवीत् ।

શબ્દાર્થઃ निमित्तज्ञः-શુકનોને જાણનારા, तपोनिधिः-મહર્ષિ વસિષ્ઠ, पुण्यदर्शनाम्-દર્શનથી પુણ્ય આપનારી, तां-નંદિની ને, दृष्ट्वा-જોઈને, आशंसितावन्ध्यप्रार्थनम्-મનોરથ સફળ કરવાની પ્રાર્થના વાળા, याज्यम्-યજ્ઞ કરાવવા માટે યોગ્ય રાજા દિલીપને, पुनः-પુનઃ, अब्रवीत्-બોલ્યા.

ભાષાન્તરઃ શુભ શુકનોને જાણનારા મહર્ષિ વસિષ્ઠ દર્શનથી પુણ્ય આપનારી નંદિનીને જોઈને મનોરથ સફળ કરવાની પ્રાર્થનાવાળા તથા યજ્ઞ કરાવવા માટે યોગ્ય દિલીપને ફરીથી બોલ્યા.

अदूरवर्तिनीं सिद्धिं राजन् विगणयात्मनः ।
उपस्थितेयं कल्याणी नाम्नि कीर्तित एव यत् ।।૮૭।।

અન્વયઃ राजन् ! आत्मनः सिद्धिम् अदूरवर्तिनीम् विगणय यत् इयम् कल्याणी नाम्नि कीर्तिते एव उपस्थिता ।

શબ્દાર્થઃ **राजन्!**-હે રાજા ! **आत्मनः**-પોતાની, **सिद्धिम्**-સફળતાને, **अदूरवर्तिनीम्**-નજીકમાં રહેલી, **विगणय**-જાણ, **यत्**-કારણ કે, **इयम्**-આ, **कल्याणी**-કલ્યાણ કારિણી નંદિની, **नाम्नि**-નામ, **कीर्तिते**-કીર્તન કરવાથી, **एव**-જ, **उपस्थिता**-ઉપસ્થિત થઈ છે.

ભાષાન્તરઃ હે રાજા ! તારી પુત્ર પ્રાપ્તિ માટેની સફળતાને નજીકમાં રહેલી જ જાણ, કારણ કે આ કલ્યાણકારિણી નંદિની નામનું કીર્તન થતાં જ ઉપસ્થિત થઈ છે.

वन्यवृत्तिरिमां शश्वदात्मानुगमनेन गाम् ।
विद्यामभ्यसनेनेव प्रसादयितुमर्हसि ।।૮૮।।

અન્વયઃ वन्यवृत्तिः 'सन्' इमाम् गाम् शश्वत् आत्मानुगमनेन अभ्यसनेन विद्याम् इव प्रसादयितुम् अर्हसि ।

શબ્દાર્થઃ **वन्यवृत्तिः**-વનવાસી સમાન રહીને, **इमाम्**-આ નંદિની, **गाम्**-ગાયને, **शश्वत्**-નિરંતર, **आत्मानुगमनेन**-પોતે અનુસરણ કરીને, **अभ्यसनेन**-અભ્યાસ કરીને, **विद्याम्**-વિદ્યા, **इव**-સમન, **प्रसादयितुम्**-પ્રસન્ન કરવા માટે, **अर्हसि**-યોગ્ય છે.

ભાષાન્તરઃ હે રાજન ! વનવાસી સમાન રહીને આ નંદિની ગાયને નિરંતર અનુસરણ તથા અભ્યાસ વડે વિદ્યાની જેમ તુ પ્રસન્ન કરી શકીશ. (વિદ્યા અનુસરણ અને અભ્યાસથી પ્રસન્ન થાય તેમ નંદિની પણ પ્રસન્ન થશે).

प्रस्थितायां प्रतिष्ठेयाः स्थितायां स्थितिमाचरेः ।
निषण्णायां निषीदास्यां पीताम्भसि पिबेरपः ।।૮૯।।

અન્વયઃ अस्याम् प्रस्थितायाम् त्वम् प्रतिष्ठेथाः स्थितायाम् स्थितिम् निषण्णायाम् निषीद पीताम्भसि अपः पिबेः ।

શબ્દાર્થઃ **अस्याम्**-નંદિનીના, **प्रस्थितायाम्**-પ્રસ્થાન થવાથી, **त्वम्**-તું, **प्रतिष्ठेथाः**-પ્રસ્થાન કરજે, **स्थितायाम्**-ઊભી રહે ત્યારે, **स्थितिम्**-ઊભુ રહેવાનું, **आचरे**-આચરણ કર જે, **निषण्णायाम्**-બેસે ત્યારે, **निषीद**-બેસજે (તથા), **पीताम्भसि**-જળ પીલે ત્યારે, **अपः**-જળ, **पिबेः**-પીજે.

ભાષાન્તરઃ હે રાજન્ ! નંદિની જયારે ચાલે ત્યારે તુ ચાલજે, ઊભી રહે ત્યારે તુ ઊભો રહે જે, બેસે ત્યારેતુ બેસજે, અને જયારે તેણી જળપાન કરી લે ત્યારે તું જળપાન કરજે (આ રીતે નંદિનીની સેવા કરજે).

**वधूर्भक्तिमती चैनामर्चितामातपोवनात् ।**

**प्रयता प्रातरन्वेतु सायंप्रत्युद्व्रजेदपि ॥९०॥**

અન્વયઃ **वधूः भक्तिमती प्रयता च 'सती' अर्चिताम् एनाम् प्रातः आतपोवनात् अन्वेतु सायम् अपि प्रत्युद्व्रजेत् ।**

શબ્દાર્થઃ **वधूः**-પત્ની સુદક્ષિણા, **भक्तिमती**-ભકિતભાવ સંપન્ન, **प्रयता**-પવિત્ર થઈને, **अर्चिताम्**-પૂજા કરાયેલી, **एनाम्**-નંદિની ને, **प्रातः**-સવારે, **आतपोवनात्**-તપોવન સુધી, **अन्वेतु**-અનુસરણ કરે, **सायम्**-સાંજે, **अपि**-પણ, **प्रत्युद्व्रजेत्**-સામે ચાલીને સ્વાગત કરે.

ભાષાન્તરઃ (અને) રાણી સુદક્ષિણા પણ ભક્તિભાવ સંપન્ન તથા પવિત્ર થઈને નંદિનીની પૂજા કરે, સવારે તપોવાન સુધી તેણીની પાછળ જાય અને સાંજે સામે જઈને તેણીનું સ્વાગત કરે.

**इत्याप्रसादादस्यास्त्वं परिचर्यापरो भव ।**

**अविघ्नमस्तु ते स्थेयाः पितेव धुरि पुत्रिणाम् ॥९१॥**

અન્વયઃ **इति त्वम् आप्रसादात् अस्याः परिचर्यापरः भव ते अविघ्नम् अस्तु पिता इव पुत्रिणाम् धुरि स्थेया ।**

શબ્દાર્થઃ **इति**-આ પ્રમાણે, **त्वम्**-તુ, **आप्रसादात्**-પ્રસન્ન થાય ત્યાં સુધી, **अस्याः**-નંદિનીની, **परिचर्यापरः**-સેવામાં મગ્ન, **भव**-થા, **ते**-તારુ, **अविघ्नम्**-નિર્વિઘ્ન, **अस्तु**-થાઓ, **पिता**-પિતાની, **इव**-જેમ, **पुत्रिणाम्**-પુત્ર વાળાઓમાં, **धुरि**-શ્રેષ્ઠ, **स्थेया**-રહો.

ભાષાન્તરઃ (આ પ્રમાણે સેવાના આદેશો આપીને વસિષ્ઠ મુનિ કહે છે.) આ પ્રમાણે તુ પ્રસન્નતા સુધી નંદિનીની સેવામાં મગ્ન થાઓ તારા વિઘ્નો દૂર થાઓ, (તારા) પિતાની જેમ તું પણ પુત્રવાળાઓમાં શ્રેષ્ઠ થાઓ.

**तथेति प्रतिजग्राह प्रीतिमान् सपरिग्रहः ।**

**आदेशं देशकालज्ञः शिष्यः शासितुरानतः ॥९२॥**

અન્વયઃ **देशकालज्ञः प्रीतिमान् शिष्यः सपरिग्रहः आनतः 'सन्' शासितुः आदेशम् तथा इति प्रतिज ग्राह ।**

શબ્દાર્થઃ **देशकालज्ञः**-સ્થાન અને સમયનો જાણકાર, **प्रीतिमान्**-પ્રસન્ન થયેલો, **शिष्यः**-દિલીપ, **सपरिग्रहः**-પત્ની સાથે, **आनतः**-નમ્રથઈને, **शासितुः**-વસિષ્ઠ મુનિના, **आदेशम्**-આદેશને, **तथा इति**- ''તેમ જ થશે'' એ પ્રમાણે, **प्रतिजग्राह**-સ્વીકાર્યો.

ભાષાન્તરઃ સ્થાન થતા સમયનો જાણકાર, પ્રસન્ન થયેલ શિષ્ય દિલીપે પત્ની સાથે નમ્ર થઈને વસિષ્ઠ મુનિના આદેશનો ''તે પ્રમાણે થશે'' એવું કહીને સ્વીકાર કર્યો.

**अथा प्रदोषे दोषज्ञः संवेशाय विशांपतिम् ।**

**सूनुः सूनृतवाक्स्रष्टुर्विससर्जोदितश्रियम् ॥९३॥**

અન્વયઃ **अथ प्रदोषे दोषज्ञः सूनृतवाक् स्रष्टुः सूनुः ऊर्जितश्रियम् विशांपतिम् संवेशाय विससर्ज ।**

શબ્દાર્થઃ **अथ**-ત્યાર બાદ, **प्रदोषे**-રાત્રે, **दोषज्ञः**-વિદ્વાન, **सूनृतवाक्**-સત્યવક્તા, **स्रष्टुः**-બ્રહ્માના, **सूनुः**-પુત્ર, મહર્ષિ વસિષ્ઠે, **ऊर्जित-श्रियम्**-લક્ષ્મી સમ્પન્ન, **विशांपतिम्**-

રાજા દિલીપને, **संवेशाय**-શયન કરવા માટે, **विससर्ज**-વિદાય કર્યો, (**सृज**-ધાતુ, **वि**-ઉપસર્ગ, **लिट्**-લકાર, **अ.पु.ए.व.**).

ભાષાન્તરઃ ત્યાર બાદ રાત્રિના સમયે એ વિદ્વાન સત્ય વક્તા, બ્રહ્માના પુત્ર મહર્ષિ વસિષ્ઠે લક્ષ્મી સંપન્ન રાજા દિલીપને શયન કરવા માટે વિદાય કર્યો.

**सत्यामपि तपःसिद्धौ नियमापेक्षया मुनिः ।**

**कल्पवित्कल्पयामास वन्यामेवास्य संविधाम् ॥९४॥**

અન્વયઃ **कल्पवित् मुनिः तपःसिद्धौ सत्याम् अपि नियमापेक्षया अस्य वन्याम्, एव संविधाम् कल्पयामास ।**

શબ્દાર્થઃ **कल्पवित्**-વ્રત વગેરે પ્રયોગો જાણનારા, **मुनिः**-વસિષ્ઠે, **तपःसिद्धौ**-તપની સિદ્ધિ હોવા છતાં, **अपि**-પણ, **नियमापेक्षया**-નિયમાનુસાર, **अस्य**-રાજા દિલીપને માટે, **वन्याम्**-વનને યોગ્ય, કુશ-દર્ભવાળી, **एव**-જ, **संविधाम्**-શય્યાની, **कल्पयामास**-વ્યવસ્થા કરી.

ભાષાન્તરઃ વ્રત વગેરેના પ્રયોગો જાણનારા મુનિ વસિષ્ઠે તપની સિદ્ધિ હોવા છતાં પણ વ્રતના નિયમાનુસાર રાજા માટે કુશ-દર્ભની શય્યાની જ વ્યવસ્થા કરી.

**निर्दिष्टां कुलपतिना स पर्णशाला-मध्यास्य प्रयतपरिग्रहद्वितीयः ।**

**तच्छिष्याध्ययननिवेदितावसानां संविष्टः कुशशयने निशां निनाय ॥९५॥**

અન્વયઃ **प्रयतपरिग्रहद्वितीयः स कुलपतिना निर्दिष्टां पर्णशाणां अध्यास्य कुशशयने संविष्टः (सन्) तच्छिष्याध्ययननिवेदितावसानाम् निशां निनाय ।**

શબ્દાર્થઃ **प्रयतपरिग्रहद्वितीयः**-પવિત્ર ભાર્યા (પત્ની) તથા પોતે (દિલીપ), **स**-દિલીપ, **कुलपतिना**-ગુરુ વસિષ્ઠે, **निर्दिष्टां**-નિર્દેશ કરેલી, **पर्णशाणां**-પર્ણ કુટીરમાં, **अध्यास्य**-જઈને, **कुशशयने**-દર્ભની શય્યામાં, **संविष्टः**-સૂતેલો, **तच्छिष्याध्ययननिवेदितावसानाम्**-મુનિ વસિષ્ઠના શિષ્યો દ્વારા કરવામાં આવેલા વેદપાઠ થી, **निशां**-રાત્રિ, **निनाय**-વીતેલી જાણી.

ભાષાન્તરઃ પવિત્ર પત્ની સાથે ગુરુ વસિષ્ઠે નિર્દેશ કરેલી પર્ણકુટીરમાં જઈને દર્ભની શય્યા પર સૂતેલા રાજાએ મુનિ વસિષ્ઠના શિષ્યો દ્વારા કરવામાં આવેલા વેદપાઠ વડે રાત્રિને પસાર થયેલી જાણી (સવાર થઈ એવું જ્ઞાન થયું).

### ૮.૩ તમારી પ્રગતિ ચકાસો

૧. દિલીપ-સુદક્ષિણાએ પ્રાપ્ત કરેલા આશ્રમનું વર્ણન કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

૨. દિલીપનો સંતાનપ્રાપ્તિ વિશે પ્રશ્ન અને વસિષ્ઠ મુનિ દ્વારા તેનું સમાધાન.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

૩. નંદિનીનું વનમાંથી આશ્રમ તરફ પુનરાગમન.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

એકમ ૯

# સમીક્ષાત્મક પ્રશ્નો

## રૂપરેખા


૯.૦ ઉદ્દેશ

**૯.૧ પ્રસ્તાવના**

**૯.૨ સમીક્ષાત્મક પ્રશ્નો**

**૯.૩ તમારી પ્રગતિ ચકાસો**


## ૯.૦ ઉદ્દેશ

- આગળના યુનિટમાં આપેલ સામગ્રીનું મૂલ્યાંકન
- સમીક્ષાત્મક પ્રશ્નો અને ઉત્તરો
- પરીક્ષાલક્ષી સામગ્રી

## ૯.૧ પ્રસ્તાવના

રઘુવંશ પ્રથમસર્ગમાં કાલિદાસે મંગલાચરણ કરીને મુખ્ય ત્રણ બાબતોનું વર્ણન કર્યું છે. ૧.રઘુવંશી રાજાઓના ગુણોનું વર્ણન ૨.રાજા દિલીપના જન્મ અને ગુણોનું વર્ણન ૩. રાજા દિલીપનું પત્ની સુદક્ષિણા સાથે આશ્રમ ગમન અને ગુરુ વસિષ્ઠ સાથે તેમનો સંવાદ. તે પ્રસંગો અને તેની સમીક્ષા આ પ્રમાણે છે.

## ૯.૨ સમીક્ષાત્મક પ્રશ્નો

**પ્રશ્ન-૧ રઘુવંશી રાજાઓના ગુણોનું વર્ણન કરી તેની સમીક્ષા કરો.**

રઘુવંશના પ્રથમ સર્ગમાં મહાકવિ કાલિદાસ શબ્દ અને અર્થની જેમ સર્વદા સંપૃક્ત, જગતના માતા-પિતા ભગવાન શંકર અને પાર્વતીને નમસ્કાર કરીને રઘુવંશનું વર્ણન કરતાં સંકોચ અનુભવે છે. સ્વયં રઘુવંશનું વર્ણન કરવાની અસમર્થતા બતાવતાં તેઓ કહે છે કે- ''સૂર્યથી ઉત્પન્ન થયેલા આ વંશ કયાં ? અને કયાં મારી અલ્પવિષયોવાળી બુદ્ધિ ?'' **क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः** છતાં પણ વાલ્મીકિ વગેરે મહાકવિઓએ સૂર્યવંશ પર કાવ્ય લખીને મારી વાણીના દ્વાર ખોલી દીધાં છે જેનાથી આ વંશનું થોડું વર્ણન કરવાનું શક્ય બન્યું છે. કાલિદાસની આ નમ્રતા બતાવે છે કે રઘુવંશી રાજાઓના ગુણોનું વર્ણન શબ્દોથી કરવું ઘણું મુશ્કેલ છે. એવો આ મહાન વંશ છે.

કાલિદાસે રઘુવંશના પ્રથમ સર્ગના શ્લોક ૫ થી ૧૦ માં રઘુવંશી રાજાઓના ગુણોનું વર્ણન કર્યું છે. રઘુવંશના રાજાઓ જન્મથી જ શુદ્ધ હતા. જન્મથી જ બધા સંસ્કારો સંસ્કારિત થયેલા હતા (**सर्वसंस्कारसम्पन्न**) રઘુવંશી રાજાઓ જયાં સુધી ફળની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મથનારા હતા. ત્યાં સુધી પરિશ્રમ કરનારા હતા. હાથ ધરેલુ કાર્ય પૂર્ણ કરીને જ રહેનારા હતા. સમુદ્ર સુધી વિસ્તરેલી પૃથ્વીના તેઓ સ્વામી હતા. અન્ય રાજાઓ જેમનો કર ભરતા અને મસ્તક નમાવતા તેવા સાર્વભૌમ હતા. તેઓ સ્વર્ગ સુધી રથને લઈ જનારા અર્થાત્ ઈન્દ્રના સહચારી-મિત્ર હતા. તેઓ વિધિપૂર્વક યજ્ઞો વડે અગ્નિને તૃપ્ત કરનારા હતા. તેઓ યાચકોને

નિરાશ કર્યા વગર અભીષ્ટ દાન કરનારા હતા. રઘુવંશીઓના રાજયમાં કોઈ અપરાધી અપરાધ કરે તો તેને અપરાધને અનુરૂપ દંડ કરનારા તેઓ હતા. તેઓ સમય પ્રમાણે ચેતીને કાર્ય કરનારા હતા. ઉપર્યુકત ગુણોને સંક્ષેપમાં કહીએ તો દેવતા યજન, અતિથિસત્કાર, દંડને ધારણ કરવું, પ્રજાપાલન અને જાગરૂકતા એ સૂર્યવંશી રાજાઓના ગુણો હતા.

તેઓ ધન તો એકઠુ કરતા પણ તે સત્પાત્રો ને દાન આપવા માટે, વેડફવા કે મોજ શોખ કરવા માટે નહિ. સત્ય માટે તેઓ ઓછુ બોલતા હતા. પરાભવ માટે નહિ, કીર્તિ માટે તેઓ વિજયની કામના કરતા હતા. ધન એકઠું કરવા માટે નહિ. તેઓ સંતાનપ્રાપ્તિ માટે લગ્ન કરતા. કામ-ઉપભોગ માટે નહિ. તેઓ બાલ્યાવસ્થામાં વિદ્યા મેળવતા, યુવા અવસ્થામાં ભોગની ઈચ્છા રાખતા અને વૃદ્ધાવસ્થામાં મુનિઓની જેમ જંગલમાં રહી તપસ્યા કરનારા અને અંતમાં યોગાભ્યાસ દ્વારા શરીરને ત્યાગનારા હતા. આમ તેઓ ભારતીય પરંપરા મુજબ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચારેય આશ્રમોના ધર્મોને પાળનારા હતા. રઘુવંશીઓના આ ગુણોથી આકર્ષિત બનીને કાલિદાસ આ વંશનું વર્ણન કરવા પ્રેરાયા.

**સમીક્ષા –** કાલિદાસે રઘુવંશના રાજવીઓમાં જે દુર્લભ ગુણો ગણાવ્યા છે, તે ગુણ કાલિદાસના પૂર્વસૂરિ વાલ્મીકિએ પણ ઈક્ષ્વાકુવંશમાં જન્મેલા રામમાં બતાવ્યા છે. **'को न्वस्मिन् साम्प्रतं लोके गुणवान् कश्च वीर्यवान्'** 'આ લોકમાં કોણ એવા ગુણવાન, વીર્યવાન પુરુષ છે જે સર્વગુણ સમ્પન્ન હોય ?' તેના ઉત્તરમાં નારદમુનિ જે રામના ગુણો બતાવે છે તે રામના વ્યક્તિત્વને વ્યક્ત કરનારા છે. પરંતુ કાલિદાસે રઘુવંશના રાજવીઓના જે ગુણો દર્શાવ્યાં છે. તે બધા રાજવીઓના વ્યક્તિત્વને અભિવ્યક્ત કરે છે એટલું જ નહિ પણ પ્રજાનુરંજન માટેની તેમની તત્પરતાને દર્શાવે છે. **'प्रजासुखे सुखं राज्ञः प्रजाहिते हितं राज्ञः'** એવા કૌટિલીય અર્થશાસ્ત્રના સિદ્ધાન્તને પણ અનુકૂળ એવા પ્રજાલક્ષી આ ગુણો છે. એક રાજાએ પ્રજા માટે શું શું કરવું જોઈએ તેની યાદી આ રાજવી ગુણોમાંથી પ્રાપ્ત થાય છે.

૧. દેવ કાર્યો-દેવપરિચર્યા કરવી જોઈએ. કારણ કે દેવતાઓની પ્રસન્નતાથી ઈષ્ટ વસ્તુઓ કે ફળની પ્રાપ્તિ થાય છે.

૨. રાજાએ આગન્તુકોને યોગ્ય સત્કાર આપવો જોઈએ. રાજયમાં વિદ્વાનો કલાકારો, પંડિતો અને વિશિષ્ટ વ્યક્તિઓને માન સમ્માન આપીને સંતુષ્ટ કરવા જોઈએ.

૩. રાજવીઓએ દંડ ધારણ કરી દુષ્ટોનું દમન કરવું જોઈએ. અને સજ્જનોનું રક્ષણ કરવું જોઈએ.

૪. રાજવીઓએ પ્રજાપાલન કરવું જોઈએ. પ્રજાલક્ષી કાર્યો કરી તેમના ધર્મ-અર્થ-કામ ની પૂર્તિ કરવી જોઈએ. તે માટે કૃષિ, પશુપાલન, વાણિજય વગેરેને લગતી વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ – કિરાતાર્જુનીય મહાકાવ્યમાં દુર્યોધન પ્રજાના હૃદયને જીતવા, પ્રજાનુરંજન માટે કૃષિની યોગ્ય વ્યવસ્થા ઉભી કરાવે છે.

૫. રાજાઓ સાવધાન-જાગરૂક હોવા જોઈએ. જો સાવધાન ન રહે તો પ્રજા અને રાજય ઉપર મોટુ સંકટ આવી પડે.

૬. રાજાઓએ ભારતીય પંરપારા મુજબ વર્ણવ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થા અનુસાર જીવન પદ્ધતિ રાખવી જોઈએ તે નિયમોનું ઉલ્લંઘન કરવું જોઈએ નહી.

આમ કાલિદાસે દર્શાવેલા રઘુવંશના ગુણો રાજાના કર્તવ્યોને ઉજાગર કરનારા છે. તે રાજાઓને રાજનીતિવિષયક ઉપદેશ પૂરો પાડનારા છે. સુવર્ણઘટનોજ્જ્વલ શબ્દો દ્વારા કાવ્યમાં નિરૂપાયેલો આ ગુણો રાજનીતિના સિધ્ધાંતોને પણ સ્પષ્ટ કરે છે. કાલિદાસ કહે છે. કે – ''સત્યાસત્યનું વિવેચન કરવાવાળા સજ્જનો એ રઘુવંશીઓનું આ ચરિત્ર સાંભળવા યોગ્ય છે. કારણ કે સોનાની શુદ્ધિ અને અશુદ્ધિનીપરીક્ષા અગ્નિમાં થાય છે,''

**પ્રશ્ન-૨ રાજા દિલીપનું મહાકવિ કાલિદાસે કરેલું ચરિત્રચિત્રણ કરો.**

**અથવા**

**પ્રશ્ન-૨ રાજા દિલીપના જન્મ અને તેના ગુણોનું વર્ણન કરો.**

રઘુવંશના પ્રથમ સર્ગમાં મહાકવિ કાલિદાસ રઘુવંશના રાજવીઓનું ગુણકીર્તિન કર્યા પછી રાજા દિલીપની ઉત્પત્તિ અને તેના ગુણોનું વર્ણન કરે છે.

વેદના મંત્રોના આદિમાં જેમ ઓમકાર હોય છે તેમ રઘુવંશમાં સૂર્યના પુત્ર વૈવસ્વત મનુ રાજાઓમાં પ્રથમ થયા. જેમનો આશ્રય તપસ્વીઓ, વિદ્વાનો અને મહાત્માઓ કરતા હતા. તે વૈવસ્વત મનુના વંશમાં ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન થયા. તેઓ અત્યંત રૂપસમ્પન્ન અને બુદ્ધિમાન હતા.ઊંચા સ્કન્ધવાળા સાલ વૃક્ષની જેમ બે લાંબી ભુજાવાળા તે રાજા દિલીપ પોતાના કર્મ અનુસાર દેહ ધારણ કરનારા હતા. ત્યારે તેઓ ક્ષત્રિયોના સાક્ષાત્ મૂર્તિમાન ધર્મ (ક્ષાત્ર ધર્મ) જેવા પ્રતીત થતા હતા. બધા જ પ્રાણીઓને પોતાના તેજ વડે પરાભૂત કરનારા તે સુમેરુ પર્વતની જેમ પૃથ્વીને આક્રાન્ત કરીને સ્થિર હતા. તેઓ સ્વરૂપને અનુરૂપ બુદ્ધિવાળા, બુદ્ધિ પ્રામણે શાસ્ત્રનો અભ્યાસ કરનારા, શાસ્ત્રાભ્યાસને અનુરૂપ પરિશ્રમ કરનારા અને પરિશ્રમ પ્રમાણે ફળ પ્રાપ્ત કરનારા હતા. તેઓ ભયંકર અને મનોહર રાજગુણોથી આશ્રિત જનોને આશ્રય આપનારા હતા. અલ્પકાળમાં બધી જ વિદ્યાઓ ભણી લેનારા તેઓ ન્યાય કરવામાં પક્ષપાત રહિત અને દયાળુ હતા. તેમના રાજયમાં બધા જ લોકો નિયમોમાં રહીને આશ્રમો અનુસાર પોત-પોતાના ધર્મનું પાલન કરતાં હતા. જેમ સૂર્ય પોતાના કિરણો વડે પૃથ્વીનું જળ ખેંચે છે તેમ રાજા દિલીપ પ્રજાના કલ્યાણ માટે જ કર લેતા હતા.

**प्रजानामेव भूत्यर्थं स ताभ्यो बलिमग्रहीत् ।**
**सहस्रगुणमुत्स्रष्टुमादत्ते हि रसं रविः ॥ (१.१८)**

રાજા દિલીપની સેના તો શોભામાત્ર હતી. તેમના સાધનો તો બે જ હતા. એક શાસ્ત્રોમાં અપ્રતિહત બુદ્ધિ અને બીજુ ધનુષ. રાજા દિલીપ પોતાના મનનો ભેદ કોઈને જણાવતા નહિ, કે કોઈને જાણવા દેતા નહીં. જયારે કાર્ય સમ્પન્ન થાય ત્યારે જ લોકોને તેની જાણ થતી. તેઓ નિડર બનીને પોતાની રક્ષા કરતા નીરોગી રહીને ધર્મ કરતા લોભ વગરના બનીને ધનોપાર્જન કરતા અને આસક્તિરહિત બનીને સુખનો અનુભવ કરતા હતા. તેઓ જ્ઞાનમાં મૌન, સામર્થ્યમાં ક્ષમા અને પ્રશંસા વિનાનું દાન કરનારા હતા. રાજા દિલીપ પ્રજાને શિક્ષિત કરવાનું, રક્ષણ કરવાનું અને પાલન પોષણ કરવાનું કર્તવ્ય પિતા બનીને બજાવતા હતા. તેઓ પ્રજા પાસેથી જે કર લેતા તે ઈન્દ્રને પ્રસન્ન કરી વૃષ્ટિ માટે કરવામાં આવતા યજ્ઞોમાં લગાવી દેતા. આમ રાજા દિલીપ અને દેવરાજ ઈન્દ્ર એકબીજાને સહાયક બનીને સ્વર્ગ અને પૃથ્વીનું પાલન કરતા હતા. સજ્જન એવા શત્રુઓનો પણ તેઓ આદર કરતા અને પ્રિય એવા દુષ્ટોને પણ તેઓ દૂર કરનારા હતા. બ્રહ્માજીએ તેમને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વોથી જ બનાવ્યા હતા, કારણ કે આ પાંચ તત્ત્વ હંમેશા ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ ગુણોથી સમગ્ર સૃષ્ટિની સેવા કરતાં રહે છે. દીલીપના ગુણોથી જ બીજાઓનો ઉપકાર થતો હતો. જેમ યજ્ઞની પત્ની દક્ષિણા પ્રસિદ્ધ છે, તેમ મગધવંશમાં ઉત્પન્ન, ગુણવતી સુદક્ષિણા તેમની ધર્મ પત્ની હતી. તેમની ઈચ્છા હતી કે મારી પત્ની સુદક્ષિણાથી મારા જેવો સત્પુત્ર ઉત્પન્ન થાય. તેથી તેઓ બધા રાજયભાર મંત્રીઓને સોંપી પત્ની સુદક્ષિણાની સાથે વસિષ્ઠ ઋષિના આશ્રમમાં જવા નીકળ્યા હતા.

કાલિદાસે કરેલા રાજા દિલીપના ગુણ વર્ણનથી રાજા દિલીપનું ઉદાર અને પવિત્ર ચરિત્ર ભાવકોની સમક્ષ ઉભું થાય છે રાજા દિલીપ પ્રજાવત્સલ છે. પ્રજાનું પાલન પોષણ કરવાની શિક્ષિત કરવાની જવાબદારી પોતાની છે. એ તેઓ સમજે છે અને એક રાજા તરીકે પ્રજારક્ષણ ને પણ પોતાનું કર્તવ્ય સમજે છે. એક રાજામાં હોવા જોઈએ તે બધા ગુણો તેમનામાં જોવા મળે

છે. તેઓ જ્ઞાની, કુળવાન, તેજસ્વી ધર્મનું પાલન કરનારા, ન્યાયપ્રિય, નિર્ભીક, સજ્જનોના રક્ષક, દુષ્ટોનો સંહારક, પરોપકારી અને ધાર્મિક છે. તેઓ એક પત્નીત્વમાં માનનારા લાગે છે કારણ કે તેઓ પુત્રપ્રાપ્તિ માટે બીજા લગ્ન કરવાનું વિચારતા નથી. બલ્કિ વસિષ્ઠના આશ્રમમાં જઈ નંદિનીની સેવા કરવાનું વ્રત કરી પુત્રપ્રાપ્તિની કામના કરનારા છે.

તેઓ બધું જ જાણનારા જ્ઞાની હોવા છતાં પરવૃત્તાન્ત સાંભળતાં મૌન રહે છે. પોતે શક્તિશાળી-સામર્થ્યવાન હોવા છતાં અપકારને સહન કરી ક્ષમા આપનારા કહે છે. ચાણક્ય કહે છે. '**शक्तानां भूषणं क्षमा**' અર્થાત્ ક્ષમા આપવી તે શક્તિશાળીઓનું ભૂષણછે. તેઓ ત્યાગ-દાન વગેરે કરીને પણ પ્રશંસા ની અપેક્ષા રાખનારા નથી. '**न दत्त्वा परिकीर्तयेत्**' એવા મનુના નિયમને પાળનારા સાચે જ તેઓ રઘુવંશના રાજવીઓની પ્રતિષ્ઠા વધારનારા છે. ન્યાય-અન્યાયનો વિચાર કરી રાજાએ દંડ પ્રયોજવો જોઈએ. અપરાધીને દંડ ન આપનાર અને નિર્દોષને દંડનાર રાજા અપયશ અને નરકને પ્રાપ્ત કરે છે. એવું શાસ્ત્રવચન છે.

**अदन्डयान्दण्डयन् राजा दण्डयांश्चैवाप्यदण्डयन् ।**

**अयशो महदाप्नोति नरकं चैव गच्छति ॥**

રાજા દિલીપ શાસ્ત્રવચનને અનુસરી ન્યાય કરનારા છે. માટે અપરાધી (દુષ્ટ) પ્રિય માણસ તેમને પસંદ નથી જયારે શત્રુઓ સજ્જન પણ રોગીના ઔષધની જેમ તેમને પ્રિય છે.

**પ્રશ્ન-૩ રાજા દિલીપનું સપત્નીક આશ્રમ ગમન અને ગુરુ વસિષ્ઠ સાથે તેમના સંવાદ વિશે સવિસ્તર વર્ણન કરો.**

રાજા દિલીપે પુત્રપ્રાપ્તિ માટે અનુષ્ઠાન કરવાની ઈચ્છાથી રાજયનો ભાર મંત્રીઓને સોંપી પત્ની સુદક્ષિણા સાથે રથમાં બેસી ગુરુ વસિષ્ઠના આશ્રમ તરફ પ્રયાણ કર્યું. 'આશ્રમપીડા ન થાય' (**आश्रमपीडा मा भूत**) એવું વિચારીને થોડાક સેવકોને લઈને આશ્રમમાં ગયા છતાં સ્વભાવિક તેજ થી સોનાઓથી ઘેરાયેલા હોય તેવા લાગતા હતા. શાલનિર્યાસ (ગુંદ) ના ગંધવાળી પુષ્પરાગને ઉડાડનારી, જંગલી વૃક્ષોને હલાવનારી હવાના સ્પર્શસુખનો અનુભવ કરતાં કરતાં તેમણે ગુરુના આશ્રમ તરફ પ્રયાણ કર્યું. પ્રયાણ કરતા મનને પ્રસન્ન કરી દેનારો રથના પૈડાનો મધુર અવાજ સંભળાતો હતો. છતાં પણ મૃગનાં જોડા ભયરહિત બનીને રથને જોતાં હતા. માર્ગમાં કયાંક કયાંક સારસ પક્ષીઓને જોતા જોતા તેમણે પ્રયાણ કર્યું. પવન અનુકૂળ વહેતો હોવાને લીધે ઘોડાઓએ ઉડાડેલી ધૂળ તેમના વાળ અને પાઘડીનો સ્પર્શ કરી શકી નહિ. રસ્તામાં તળાવોની લહેરોથી ઠંડી અને પોતાના શ્વાસની બરોબરી કરનારી કમળોની સુગન્ધિનો અનુભવ કરતાં કરતાં તેમણે પ્રસ્થાન કર્યું. પોતે આપેલા યજ્ઞસ્તમ્ભોના ચિન્હવાળા ગામોમાં યજ્ઞકરનારા બ્રાહ્મણોના અમોઘ આશીર્વાદોને પૂજા કર્યા પછી સ્વીકારતાં તેમણે પ્રયાણ કર્યું. ગાયનું તાજુ માખણ લઈને આવેલા વૃદ્ધ ગોપાલકોને જંગલી વૃક્ષોના નામ પૂછતાં પૂછતાં તેમણે આશ્રમ તરફ પ્રયાણ કર્યું. નિર્મળ વેશધારી તે બન્ને હિમરહિત ચિત્રાનક્ષત્ર અને ચંદ્રમાના સંયોગની શોભાને ધારણ કરતાં હતાં. આમ, રાજા દિલીપે પત્ની સુદક્ષિણાને માર્ગમાં વિવિધ દ્રશ્યો બતાવ્યાં અને માર્ગ પાર કર્યો. જેનાથી થાકનો અનુભવ થયો નહિ. સાયંકાલે દુર્લભ યશવાળા તે રાજા દિલીપ સંયમી મહર્ષિ વસિષ્ઠના આશ્રમમાં પહોંચ્યા.

સંધ્યા સમયે રાજા દિલીપે પત્ની સુદક્ષિણા સાથે પહોંચીને જોયું કે આશ્રમ તપસ્વીઓ અને મૃગલાઓથી વ્યાપ્ત હતો. અગ્નિહોત્રનો ધૂમાડો પવનના લીધે ચારે તરફ ફેલાઈને અતિથિઓને પવિત્ર કરી રહ્યો હતો. રાજા દિલીપે આશ્રમના પહેલાં જ સારથિ પાસે રથ થોભાવીને સુદક્ષિણાને પહેલાં રથમાંથી ઉતારી અને પછી પોતે ઉતર્યા. જિતેન્દ્રિય સભ્ય મુનિઓએ પોતાના રક્ષક રાજાનું પત્ની સાથે સ્વાગત કર્યું. જયારે સંધ્યાકાલીન ક્રિયાઓ પૂરી થઈ ગઈ ત્યારે રાજા દિલીપ વસિષ્ઠ પાસે પહોંચ્યા. ત્યારે રાજા દિલીપે કુલગુરુ વસિષ્ઠના દર્શન કર્યા જેમની પાછળ પતિવ્રતા અરૂન્ધતી એવી રીતે બેઠી હતી જેવી રીતે અગ્નિની

પાછળ સ્વાહા બેઠી હોય. રાજા અને તેમની ધર્મપત્ની સુદક્ષિણાએ શ્રદ્ધાપૂર્વક ચરણસ્પર્શ કરી તેમને વંદના કરી. ગુરુ તથા ગુરુપત્નીએ પ્રેમપૂર્વક આશીર્વાદ આપીને તે બન્નેનો સત્કાર કર્યો. ત્યારબાદ મહર્ષિએ રાજર્ષિને પૂછ્યું કે આપના રાજયમાં બધા કુશળ તો છે ને ! તેના ઉત્તરમાં રાજાએ કહ્યું કે-આપની કૃપાથી રાજયમાં રાજા, મંત્રી, મિત્ર, રાજકોષ, રાજદુર્ગ અને સેના એ સાતેય અંગો ભરપૂર છે. અગ્નિ, જળ, મહામારી અને અકાળમૃત્યુ જેવી દૈવી આપત્તિઓ તથા ચોર, શત્રુ, લૂંટારાઓ જેવી માનુષી આપત્તિઓથી બચાવનારા આપ છો જ. આપના મંત્રોના પ્રભાવથી રાજયમાં કોઈ કષ્ટ નથી. આપના બ્રહ્મતેજના પ્રભાવથી મારી પ્રજામાં ન તો કોઈ અલ્પાયુ છે, ન તો કોઈને કોઈ પણ પ્રકારની વિપત્તિઓનો ડર. જયારે સ્વયં બ્રહ્માના પુત્ર આપ અમારા કુલગુરુ બનીને ભદ્રકામના કરતા હોય ત્યારે આપણું રાજય નિર્વિઘ્ન કેમ ન રહે ? અર્થાત્ નિર્વિઘ્ન જ રહે. હે યાજ્ઞિક ! આપના વડે અગ્નિમાં વિધિપૂર્વક આપવામાં આવેલી આહુતિ કસમયે સુકાઈ જનારા ધાન્યો માટે વૃષ્ટિરૂપ બને છે. પરંતુ આપની આ પુત્રવધૂ સુદક્ષિણાને સન્તતિહીન જોઈને સપ્તદ્વીપોવાળી આ પૃથ્વી પણ મને ગમતી નથી. હવે તો મને એવું લાગી રહ્યું છે કે મારી પાછળ પિંડદાન કરવાવાળું કોઈ નહીં રહે. આ દુઃખથી મારા પિતૃઓ મારા દ્વારા આપવામાં આવેલા શ્રાદ્ધના અન્નને ખાધા વગર રડવા લાગે છે અને વિચારે છે કે મારા પાછળ એમને કોણ તર્પણ વગેરે કરશે. માટે હે ભગવન્ ! એવા કોઈ ઉપાય બતાવો કે જેનાથી મને પુત્રરત્ન પ્રાપ્ત થાય અને હું પિતૃઋણથી મુક્ત થઈ જાઉં રઘુવંશી રાજાઓની બધી મુશ્કેલીઓ આપની કૃપાથી હંમેશા દૂર થઈ છે તેથી મારી આ મુશ્કેલી આપ દૂર કરવા સમર્થ છો.

રાજાની વાત સાંભળી વસિષ્ઠ આંખો બંધ કરી ક્ષણ માટે યોગ બળ થી ધ્યાન ધરી નિઃસંતાનપણાનું રહસ્ય જાણીને રાજાને કહ્યું – હે રાજન ! એકવાર તમે દેવાસુરસંગ્રામમાં ઈન્દ્રને સહાયતા કરીને પાછા ફરતા હતા ત્યારે તમે માર્ગમાં કલ્પવૃક્ષની છાયામાં કામધેનું બેઠી હતી તે સમયે તમારી ધર્મપત્ની સુદક્ષિણાએ રજસ્વાલા હોવાથી સ્નાન કર્યું હતું. તેની પાસે પહોંચવાની ઉતાવળે તમે કામધેનું પ્રત્યે ધ્યાન આપ્યું નહિ. તેની પ્રદક્ષિણા ન કરીને તમે મોટી ભૂલ કરી દીધી. આથી કામધેનુંએ ક્રુદ્ધ બનીને આપને શાપ આપ્યો કે જયાં સુધી તુ મારી સંતતિની સેવા નહીં કરે ત્યાં સુધી તને પુત્ર પ્રાપ્તિ નહીં થાય. આ સમયે આકાશગંગામાં રમતા મોટા દિગ્ગજો કોલાહલ કરી રહ્યા હતા. તેથી આ શાપને ન તો તમે સાંભળયો, ન તો આપના સારથિએ. આ સમયે કામધેનું પાતાળ લોકમાં વરુણદેવના યજ્ઞમાં આહુતિ આપવા માટેની સામગ્રી આપવા માટે ગયેલી છે. પાતાળ લોકના દ્વારો પર મોટા ઝેરીલા સાપો રખેવાળી કરી રહ્યા છે. આથી આ સમયે તેના દર્શન દુર્લભ છે. આથી તમે તેની પુત્રી નંદિની ગાયને કામધેનુની પ્રતિનિધિ સમજીને રાણી સુદક્ષિણા સાથે શુદ્ધ અન્તઃકરણથી સેવા કરો. વસિષ્ઠ ઋષિ આવું કહી રહ્યા હતા. ત્યાં તો સુલક્ષણા નંદિની વનમાંથી પાછી ફરીને આશ્રમમાં આવી પહોંચી. તેના વાછરડાને જોતાં જ તેના સ્તનોમાંથી ગરમ-ગરમ દૂધની ધારા વહેવા લાગી. નંદિનીના ખરીઓથી ઉડેલી ધૂળથી રાજા એવા પવિત્ર થઈ ગયા કે જેવી રીતે કોઈ તીર્થમાં સ્નાન કરીને આવ્યા હોય. શુકનને જાણનારા વસિષ્ઠે રાજા દિલીપને કહ્યું. હે રાજન્ ! તમારા મનની ઈચ્છા જલ્દીથી પૂર્ણ થશે કારણ કે આ નંદિની નામ લેતાંની સાથે જ આશ્રમમાં આવી પહોંચી છે. તમે મૂળ, ફળ વગેરે ખાઈને ઉપવાસ કરતા કરતાં તેની સેવા કરો. જયારે તે ચાલે ત્યારે તેની પાછળ ચાલવું, એ ઉભી રહે ત્યારે ઉભા રહેવું, એ બેસે ત્યારે બેસવું, એ પાણી પીવે ત્યારે પાણી પીવું. સુદક્ષિણાએ નિત્ય પ્રાતઃકાળે ભક્તિભાવથી તેની પૂજા કરવી અને જયારે નંદિની વન તરફ પ્રયાણ કરે ત્યારે તેની પાછળ પાછળ તપોવનના દ્વાર સુધી જવું. સંધ્યા સમયે તેને પાછા ફરવાના સમયે દ્વારથી તેને સમ્માન સાથે આશ્રમમાં લઈ આવવી. જયાં સુધી તે પ્રસન્ન ન થાય ત્યાં સુધી તેની આ બતાવ્યા પ્રમાણે સેવા કરતાં રહો. ઈશ્વરની કૃપાથી આ તપશ્ચર્યામાં કોઈ વિઘ્ન ઉભું ન થાય. જેવી રીતે તમે તમારા પિતાના યોગ્ય પુત્ર છો તેમ તમને પણ સુયોગ્ય પુત્ર પ્રાપ્ત થાઓ. રાજાએ નમ્રતા પૂર્વક વસિષ્ઠને કહ્યું કે – અમે આપની આજ્ઞા પ્રમાણે કરીશું. ત્યારબાદ રાજા અને તેમની પત્નીએ ગુરુ પાસેથી આ વ્રતપાલન માટેની આજ્ઞા લીધી. રાત વધારે વીતી ગઈ હોવાથી વસિષ્ઠ રાજાના વ્રત માટે યોગ્ય મૂળ ફળ ના ભોજનની અને કુશની પથારીની વ્યવસ્થા કરી. વસિષ્ઠે જે

પર્ણકુટિર બનાવી હતી. તેમાં રાજા દિલીપે બ્રહ્મચર્યનું પાલન કરતાં રાણી સુદક્ષિણા સાથે કુશની પથારીમાં સૂઈને રાત્રિ વિતાવી.

રાજાના વન – આશ્રમ પ્રયાણનું કાલિદાસે કરેલું વર્ણન વન્ય વાતાવરણનું તાદ્રશ્ય ચિત્ર રજૂ કરે છે. વનના પક્ષીઓ, પ્રાણીઓ, તપસ્વીઓ સુરક્ષિત છે અને પોતપોતાની ક્રિયાઓમાં લાગેલા છે. રાજાના રથનો મધુર અવાજ તેમનામાં ડર પેદા કરતો નથી. આમ રાજા મનુષ્યો સાથે પોતાના રાજયના અન્ય પ્રાણીઓ વગેરેનો પણ રક્ષક છે.

રાજાના નિઃસંતાનપણાનું રહસ્ય કામધેનુનો શાપ છે, તે વાત રાજા ગુરુ વસિષ્ઠ પાસેથી જાણે છે. અજાણતાં થઈ ગયેલુ ગાયનું અપમાન પણ તેના નિઃસંતાનપણાનું કારણ બને છે. રાજાએ કરેલી અવગણનાનું ફળ તેને ભોગવવું પડયું તો અન્યની તો શી વાત !

સંતાનપ્રાપ્તિ માટે વસિષ્ઠ દ્વારા બતાવેલો ઉપાય એ નંદિની ગાયની સેવા કરવાનો છે. આ ઉપાયના પરિણામે રઘુવંશનો વંશ આગળ ચાલે છે. તે બતાવે છે કે ગૌ સેવા કેટલી કારગત નીવડે છે.

## ૯.૩ તમારી પ્રગતિ ચકાસો

૧. યુનિટ ૪માંથી દરેક પ્રશ્નોની સમીક્ષા જાતે કરવાનો પ્રયત્ન કરો.

૨. આપના ઉત્તરને આપેલા ઉત્તર સાથે સરખાવો.

૩. યોગ્યસુધારાઓ કરી ઉત્તર સારો બનાવો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય

SKTMN-101

# વિભાગ-3 ગદ્ય સાહિત્ય : ઉદ્ભવ અને વિકાસ તથા ગદ્યકારો : બાણ, સુબન્ધુ અને દંડી

---


એકમ : 10

ગદ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ

એકમ : 11

ગદ્યકાર બાણ

એકમ : 12

ગદ્યકાર સુબન્ધુ

એકમ : 13

ગદ્યકાર દંડી

# એકમ 10 ગદ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ

**રૂપરેખા**

**10.0 ઉદ્દેશ**

**10.1 પ્રસ્તાવના**

**10.2 સંસ્કૃત ગદ્યસાહિત્યનો ઉદ્ભવ**

**10.3 સંસ્કૃત ગદ્યકાવ્યની વિકાસયાત્રા**

**10.4 તમારી પ્રગતિ ચકાસો.**

## 10.0 ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

– સંસ્કૃત કાવ્યના પ્રકારોને જાણશે.


– સંસ્કૃત ગદ્યકાવ્યના ઉદ્ભવ સંબંધી જાણકારી મેળવી શકશે.

– ગદ્યકાવ્યની વિકાસયાત્રા સમજી શકશે.

– સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ ગદ્યકાવ્યોની માહિતી પ્રાપ્ત કરી શકશે.

## 10.1 પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય શબ્દ પરિભાષાની દષ્ટિએ રૂઢ અને દઢ થયેલો છે. ગદ્યમય, પદ્યમય કે મિશ્ર રીતે લખાયેલા તમામ સાહિત્યને કાવ્ય કહેવાય છે. તેના મુખ્ય બે પ્રકાર પડે છે : દશ્યકાવ્ય અને શ્રવ્યકાવ્ય. દશ્યમાં રૂપનું આરોપણ થતું હોવાથી તેને રૂપક કહેવામાં આવ્યું છે. એટલે કે, તેમાં નટ-નટીઓના અભિનયને પ્રત્યક્ષ નિહાળવામાં આવે છે. તેથી તે પ્રકારનું સાહિત્ય રૂપક કહેવાય છે. જ્યારે સ્વયં પાઠ કરીને અથવા કોઈની પાસેથી સાંભળીને જેનો રસાનુભવ કરી શકાય તેવું સાહિત્ય એટલે શ્રવ્યકાવ્ય. અહીં શ્રવણને પ્રાધાન્ય છે માટે શ્રવ્ય. આ શ્રવ્યકાવ્યના પણ ત્રણ પેટા પ્રકારો છે : ગદ્યકાવ્ય, પદ્યકાવ્ય અને મિશ્રકાવ્ય. આ બાબતને નીચે મુજબ સમજી શકાય :




શ્રવ્યકાવ્યના ગદ્ય, પદ્ય અને મિશ્ર ઉપરાંત કથા, આખ્યાયિકા મહાકાવ્ય, ખંડકાવ્ય વગેરે અન્ય પેટાપ્રકારો પણ છે. પરંતુ પ્રાચીનકાળમાં મોટાભાગનું સાહિત્ય પદ્યકાવ્ય રૂપે લખાયું છે. કેમ કે, લેખનસામગ્રીનો અભાવ હતો. તાડપત્ર, ભૂર્જપત્ર કે તામ્રપત્ર ઘણાં મુશ્કેલીથી મળતાં. વળી, કિંમત, સાચવણી અને લેખનકાર્ય પણ શ્રમસાધ્ય હતું. તેની સામે ગ્રંથને કંઠસ્થ કરીને સાદ્યન્ત પ્રસ્તુતીકરણની પ્રથા વધારે સહેલી લાગતી. આ જોતાં પદ્યકાવ્યોનો વિકાસ ઝડપી રહ્યો. વળી, સૂત્રશૈલી, છન્દ અને સમાસપ્રયુક્તિથી ખૂબ જ લાઘવમાં પદ્યકાવ્યો રચાતાં અને કંઠસ્થીકરણની પરંપરાથી આગળ વધતાં. આની સામે ગદ્યકાવ્યોનો વિકાસ થોડો ઓછો વિકસ્યો. એ વાત સહજ સ્વીકારવી રહી.

પદ્યમદ્ય કાવ્યોની દષ્ટિએ ત્યારે ગદ્યમાં લખવું ઘણું મુશ્કેલ હતું. ત્યારે કેટલીક પંક્તિઓ પણ પ્રચલિત બનેલી કે, गद्यैनैव काव्यकौशलं पूर्णतया परीक्ष्यते । અને વળી, गद्यं कवीनां निकषं वदन्ति । એટલે કે, ''ગદ્યથી કાવ્યકૌશલની પૂર્ણતયા પરીક્ષા થતી નથી.' વળી, 'ગદ્યરચના તો કવિઓ માટે કસોટીપત્થર કહેવાય છે.' આમ, આ જોતા  પણ ગદ્યકાવ્યનો વિકાસ પદ્યની દષ્ટિએ ધીમો રહ્યો એ બાબત સ્પષ્ટ છે.

## 10.2સંસ્કૃત ગદ્યસાહિત્યનો ઉદ્ભવ

ગદ્યક્ષેત્રે ઓછું ખેડાણ થવા છતાં, છેક વેદકાળથી રચાયેલું ગદ્ય આજે પણ જોવા મળે છે. કાવ્યાદર્શમાં તો દંડી જણાવે છે કે, अपादः पदसन्तानो गद्यम् । (1:63) આમ, ગદ્યકાવ્ય પદ કરતાં છન્દ વગેરેની મર્યાદા વિના પણ સ્વચ્છ અને સુવ્યવસ્થિતપણે લખાયેલું ઉમદા સાહિત્ય છે. આવા ગદ્યકાવ્યનો ઉદ્ભવ ક્રમશઃ વૈદિકકાળથી નીચે મુજબ તપાસીએ :

### 10.2.1 ગદ્યકાવ્યના ઉદ્ભવસમ્બન્ધે, વૈદિકગદ્ય :

સંસ્કૃત ગદ્ય આપણને સૌપ્રથમ વેદમાં જોવા મળે છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તરીય સંહિતામાં આપણે ગદ્યકાવ્યને સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. વૈશમ્પાયન અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ અને વેદમન્ત્રોવમન કરવાનો પ્રસંગ વૈદિક ગદ્યકાવ્યનો પ્રાચીનતમ પુરાવો છે. આ વેદની કાઠક અને મૈત્રાયણી સંહિતામાં પણ ગદ્ય જોવા મળે છે. અથર્વવેદનો લગભગ છઠ્ઠો ભાગ ગદ્યમાં લખાયેલો છે. 15મા અને 16મા કાણ્ડનાં બધાં જ સૂક્તો અછાન્દસ અર્થાત્ ગદ્યસ્વરૂપે જોવા મળે છે. વિગતે કહીશું તો, પંદરમાં કાંડમાં પરમાત્માને વ્રાત્ય નામ આપીને સ્તુતિ કરવામાં આવી છે અને 16મા કાણ્ડમાં જંતરમંતરની વાત સીધી ગદ્યરૂપે જ કરવામાં આવી છે. આમ, વેદકાળથી ગદ્યનો પ્રારંભ થયેલો છે એ બાબત સ્પષ્ટ જોઈ શકાય છે.

### 10.2.2 ઉપનિષદોમાં ગદ્ય :

ઉપનિષદોમાં પણ ગદ્યનું ઘણું પ્રાધાન્ય છે. છાન્દોગ્ય ઉપનિષદ્ અને બૃહદારણ્યક ઉપનિષદ ગદ્યમય છે. જોકે તેમાં ગુરુ-શિષ્યના સંવાદરૂપે રહેલું ગદ્ય ક્યારેક પુનરાવર્તિત થાય છે પરન્તુ તે દૃઢીકરણ અને ભાવિપ્રશ્નમૂલકના હેતુથી રચાયું છે. તેનું ઉત્તમ ઉદાહરણ છાન્દોગ્ય ઉપનિષદ્નો સાતમો અધ્યાય છે. નારદ અને સનત્કુમારના સંવાદમાં નામતત્ત્વથી શરૂ કરી ભૂમાતત્ત્વ સુધી પહોંચતા વચ્ચે આ પુનરાવર્તિત પ્રકારનું વિપુલ ગદ્ય જોવા મળે છે. અલ્પ સમાસવાળી શૈલી, ટૂંકા ટૂંકા વાક્યોનો વિનિયોગ અને ह, वै, उत, उ, अथ વગેરે અવ્યયોના પ્રયોગોથી ઉપનિષદ્નું ગદ્ય સરળ, સુબોધ અને આલંકારિક પણ જોવા મળ્યું છે. ગૂઢ, ગહન અને તાત્ત્વિક જ્ઞાનને રૂપકો દ્વારા સહજ રીતે સમજાવવાની ઉપનિષદ્ગદ્યની શૈલી અનોખી અને વિશિષ્ટ છે. ઉપનિષદ્ગદ્યના ઉદાહરણો અદ્યાપિ અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન પીરસવાનું માધ્યમ બન્યા છે. કઠોપનિષદ્નો નચિકેતા-સંવાદ, ગાર્ગી અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ, ઉદ્દાલક આરુણિ અને શ્વેતકેતુનો સંવાદ તેમજ ગાડાવાળા રૈકવ અને જાનશ્રુતિનો સંવાદ આજે પણ વિશ્વવન્દ્ય અને ઉપકારક છે. આવું ઉત્તમ ગદ્ય આપણને ઉપનિષદોમાંથી મળે છે. જેમાંથી ગદ્યકાવ્યની વિકાસયાત્રા આગળ વધી.

### 10.2.3 શાસ્ત્રીયગદ્ય :

વેદો અને ઉપનિષદોના ગદ્ય પછી શાસ્ત્રશૈલીમાં રચાયેલા ગ્રંથોમાં રહેલું ગદ્ય પણ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જોકે, જ્યોતિષ અને વૈદકશાસ્ત્રના ગ્રંથોમાં ગદ્યનો સંપૂર્ણ અભાવ છે. આવા દર્શનગ્રંથોના પદ્યને કે મર્મને જનમાનસ સુધી પહોંચાડનારા દાર્શનિકોમાં મહર્ષિ પતંજલિ, શબરસ્વામી, શંકરાચાર્ય અને જયન્ત ભટ્ટ જેવાનાં ગદ્ય, પ્રૌઢ, પ્રાંજલ અને રસપેશલ મનાય છે. તેમણે રચેલાં ભાષ્યરૂપી ગદ્ય અત્યન્ત સરળ અને કથનોપકથનની શૈલીવાળાં છે. તેમાં સિદ્ધાંતનું પ્રતિપાદન હોવા છતાં પ્રાસાદિકતા છે. ઉદાહરણ રૂપે ભાષ્યકાર પતંજલિના પસ્પશાહ્નિકનાં થોડાં વાક્યો લઈશું તો;

'तद् तथा घटेन कार्यं करिष्यन् कुम्भकारकुलं गत्वाह्कुरु घटं कार्यमनेन करिष्यामीति । न तद्वच्छब्दान् प्रयुयुक्षमाणो वैयाकरणकुलं गत्वाह - कुरु शब्दान् प्रयोक्ष्य इति ।।' (पस्पशाहिनक) ।।

આવી જ રીતે શબર સ્વામીએ શબરભાષ્યમાં કર્મ-મીમાંસાનાં સૂત્રો ઉપર સરળ શૈલીવાળું ગદ્ય રચ્યું છે. શંકરાચાર્યનું બ્રહ્મસૂત્રભાષ્ય, શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપરનું ભાષ્ય અને પ્રમુખ ઉપનિષદો ઉપર રચેલાં ભાષ્યો પણ આવાં જ રોચક, રસપૂર્ણ અને પ્રેરણાદાયી છે. પ્રખ્યાત ન્યાયાચાર્ય જયન્ત ભટ્ટે 'ન્યાયમંજરી' માં પણ આવું જ સરળ અને રોચક ગદ્ય ભાષ્યરૂપે રચ્યું છે.

આમ, શાસ્ત્રીયગ્રંથો અને તેમનાં ભાષ્યોમાં રચાયેલા ગદ્યથી જનસમૂહને અર્થપ્રાપ્તિમાં સહાય મળી અને ગદ્યકાવ્યનો ક્રમશઃ વિકાસ થતો ગયો.

### 10.2.4 બુદ્ધના સમયનું પાલિ-ગદ્ય :

લોકહૃદય સુધી પહોંચવા માટે ભગવાન બુદ્ધે સંસ્કૃત ભાષા છોડીને પોતાના ધર્મોપદેશ પાલિ ભાષામાં આપ્યા. વિનયપિટક, સુત્તપિટક અને અભિધમ્મપિટક એવા ત્રણ-પિટકો (ત્રિપિટકો)માં જોવા મળતું પાલિ-ગદ્ય ઘણું સરળ અને સુબોધ છે. વળી જાતકકથાઓનું પાલિગદ્ય તો બોલચાલની ભાષાના વિશિષ્ટ શબ્દોવાળું અને રૂઢિપ્રયોગો તથા કહેવતોના ઉપયોગવાળું એટલે કે સર્વથા લોકભોગ્ય અને સરળ-સુગમ હતું. જો કે, આજે જેમ પ્રાદેશિક બોલી કે તળપદી ભાષાને સુજ્ઞસમાજ સાહિત્યમાં ઓછું સ્થાન આપે છે, તેવી જ રીતે પાલિ-ગદ્ય ઘણું ઉપદેશપ્રધાન અને લોકપ્રિય હોવા છતાં બહુ લાંબો સમય ચાલ્યું નહીં. સુજ્ઞજનો કે સાહિત્યકારોએ તેને ઓછું પ્રાધાન્ય આપ્યું. પરંતુ તેનાથી સંસ્કૃત ગદ્યની મહત્તા વધી. વળી, પાલિ જેવું પાતળું નહીં, પરંતુ પ્રાંજલ અને પ્રજ્ઞાપૂર્ણ ગદ્ય રચવાની દિશામાં પ્રેરણા મળી. આ જોતાં સંસ્કૃત ગદ્યના વિકાસમાં પાલિગદ્યનો પણ આડકતરો છતાં વિશેષ ફાળો રહ્યો છે.

### 10.2.5 પૌરાણિક ગદ્ય :

પૌરાણિક ગદ્યે પણ સંસ્કૃત ગદ્યના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. પુરાણો મોટેભાગે પદ્યમય છે. તેમ છતાં તેમાં ઘણે ઠેકાણે ગદ્યનાં દર્શન થાય છે. પૌરાણિક ગદ્યમાં રહેલી સરળતા અને સુગમતાએ તેની પ્રસિદ્ધિ વધારી હતી. આના

ઉત્તમ ઉદાહરણરૂપે શ્રીમદ્ ભાગવત પુરાણનું ગદ્ય પૂરતું છે. જેમ કે, ભાગવતના બારમા સ્કન્ધના છઠ્ઠા અધ્યાયમાં યાજ્ઞવલ્ક્યજી ભગવાન સૂર્યની સ્તુતિ કરતાં સુન્દર ગદ્યનો પ્રયોગ કરે છે.

ॐ नमो भगवते आदित्यायाखिलजगतामात्मस्वरुपेण कालस्वरुपेण चतुर्विधभूतनिकायानां ब्रह्मादिस्तम्बपर्यन्तानामन्तर्हदयेषु बहिर्रपि चाकाश इवोपाधिनाव्यवधीयमानो भवानेक एव क्षणलवनिमेषावयवोपचित संवत्सरगणेना पाभादानविसर्गाभ्यामिमां लोकयात्रामनुवहति ।। (भागवत; 12:6:67)

**અર્થ :** ભગવાન્ આદિત્યને નમસ્કાર. (હે આદિત્ય !) તમે સંપૂર્ણ જગતના આત્મા અને કાલ સ્વરૂપ છો. બ્રહ્માથી લઈને તણખલા સુધીના જે ચતુર્વિદ્ય ભૂતનિકાય (અંડજ, સ્વેદજ, જરાયુજ, ઉદ્ભિજ) છે તે સૌના હૃદયાકાશ અને બહિર્રાકાશમાં સમાનરૂપે રહેનારા અને છતાં ઉપાધિધર્મોથી મુક્ત એવા ભગવાન છો. આપ શ્રીમાન્ જ ક્ષણ-લવ-નિમેષાદિ અવયવોથી ઘટિત સંવત્સરો વડે તેમજ જલ વડે આદાન-વિસર્ગ વડે આ (વિશ્વ)ની લોકયાત્રા ચલાવો છો.)

આ ઉપરાંત વિષ્ણુપુરાણમાં પણ ગદ્યાંશો જોવા મળે છે.

આમ, સરળ-સુબોધ અને અલ્પસમાસ-યુક્ત એવું પૌરાણિક ગદ્ય પણ ગદ્યસાહિત્ય તરીકે નોંધપાત્ર બન્યું છે. આમ, વૈદિકકાળથી પૌરાણિક સમય સુધી ગદ્યકાવ્ય કેટલેક અંશે વહેતું રહ્યું.

## 10.3 સંસ્કૃત ગદ્યકાવ્યની વિકાસયાત્રા :

સંસ્કૃત ગદ્યકાવ્ય વૈદિકકાળથી હોવા છતાં તેના સ્વરૂપનિર્માણનાં કોઈ ચોક્કસ લક્ષણો કે તત્સંબંધી શ્રદ્ધેય માહિતી મળતી નથી. આ કારણે છેવટે દંડી, સુબન્ધુ અને બાણની કૃતિઓને આધારે જ સંસ્કૃત ગદ્યકાવ્ય વિશે આપણે કંઈક કહી શકીએ છીએ. તેના વિકાસના ઉલ્લેખો નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

1. પાણિનિના વ્યાકરણસૂત્રો ઉપર વાર્તિકો લખનાર વાર્તિકકાર કાત્યાયને પોતાના એક વાર્તિકમાં આખ્યાયિકા શબ્દનો ઉલ્લેખ કર્યો છે. જેમ કે, आख्यानाख्या-यिकेतिहासे पुराणेभ्यश्च ।કાત્યાયનો સમય ઈ.સ. પૂર્વે 300ની આસપાસનો મનાય છે. એટલે કે, ગદ્યના આખ્યાયિકા નામના સ્વરૂપની વિકાસયાત્રા તે સમયે હોવી જોઈએ.

2. કાત્યાયનનો પછી થયેલા મહાભાષ્યકાર પતંજલિ આ આખ્યાયિકા શબ્દથી પરિચિત હતા. આથી તેમણે તત્કાલિક વાસવદત્તા, સુમનોત્તરા અને ભૈમરથી એવી ત્રણ આખ્યાયિકાઓનો ઉલ્લેખ પોતાના મહાભાષ્યગ્રંથમાં કર્યો છે. જેમ કે; अधिकृत्य कृते ग्रन्थे । बहुलां लुप्वा वक्तव्यः । वासवदत्ता सुमनोत्तरा च भवति भैमरथी ॥4:3:87:॥ એટલે કે ધીમેધીમે ગદ્યસ્વરૂપની વિકાસયાત્રા આગળ

વધતી ચાલી.

3. બાણભટ્ટ પોતાના હર્ષચરિતની પ્રસ્તાવનામાં પૂર્વસૂરિવંદના વખતે એક ગદ્યકાર ભટ્ટાર હરિશ્ચન્દ્રનો ઉલ્લેખ કરે છે.

   જેમ કે; पदबन्धोज्जवलो-हारी कृतवर्णक्रमस्थितः ।

   भट्टारहरिश्चन्द्रस्य गद्यबन्धो नृपायते ।।

   हर्षचरितम्-प्रस्तावना-श्लोकः 12

   અહીં તો ગદ્યકારનું નામ, તેનું ગદ્યકાવ્ય અને ઉજ્જવળ, મનોહારી એવાં તેનાં એકાદ બે લક્ષણોની વાત પણ જોવા મળે છે.

4. જલ્હણ નામના કવિએ એવો ઉલ્લેખ પણ કર્યો છે કે, વરરુચિએ ચારુમતિ અને રામિલસૌમિલે 'શૂદ્રકકથા'ની રચના કરી છે. જેમ કે : शूद्रककथाकारौ वन्द्यौ रामिलसौमिलौ ।

5. ધનપાલ કવિ તેમની તિલકમંજરીમાં કહે છે કે, પાલિત નામના ગદ્યકારે 'તરંગવતી' કથાની રચના કરી છે. જેમ કે : पुण्यां पुनाति गङ्गेव तां तरंगवती कथा। - तिलकमञ्जरी ।

6. કેટલાક શિલાલેખોને આધારે પણ ગદ્યશૈલીનું અનુમાન અને વિકાસયાત્રા જાણી શકાય છે. જેમ કે, (1) રુદ્રદામનના શિલાલેખમાં અલંકૃત એવી ગદ્યશૈલી જણાય છે. તેમાં દીર્ઘ સમાસ પ્રયુક્તિ સીધી નજરે ચડે છે. જેમ કે; गिरिशिखरततटाट्टालकापतलपाद्धारशरणोच्छ्र्यविध्वंसिना ।।

   (2) એક ગુપ્તકાલિક શિલાલેખમાં બાણની શૈલી જેવું જ ગદ્ય નજરે પડે છે. જેમ કે : सर्वपृथिवीविजयजनितोंस्त्रिव्याप्तिनिखिलावनितलां कीर्तिभित्तस्त्रिदशपति भवन गमनावाप्तललितसुखा विचरण माचक्षण इव भुवः बाहुरयमुच्छितः स्तम्भः ।। આમાં કાદંબરીના ગદ્યની અસર જણાય છે.

   આમ, આ બન્ને શિલાલેખો પણ ગદ્યકાવ્યના વિકસતા સ્વરૂપની ખાત્રી અપાવે છે.

7. અગ્નિપુરાણ, ભામહ અને અન્ય આલંકારિકો તો કથા-આખ્યાયિકાનાં લક્ષણો પણ જણાવે છે. આથી એમ કહી શકાય કે, દંડી બાણ અને સુબન્ધુ પહેલાં પણ કોઈક પ્રાચીન કથા-આખ્યાયિકાના ગ્રંથો હશે, જેનું પરિષ્કૃત એવું સ્વરૂપ ક્રમશઃ વિકસતું ગયું હશે. પરિણામે કાલક્રમે પરિપક્વ, પ્રાંજલ અને અલંકારયુક્ત એવા ગદ્યકાર તરીકે દંડી, બાણ અને સુબન્ધુનાં ગદ્યકાવ્યો જ સુપ્રસિદ્ધ બન્યાં. અન્યથા ધનપાલની તિલકમંજરી, વાદીભસિંહનું ગદ્યચિન્તામણિ અને અંબિકાદત્તવ્યાસનાં શિવરાજવિજય નામના ગદ્યકાવ્યો પણ છે. પરંતુ દંડી,

સુબંધુ અને બાણ તો ગદ્યસમ્રાટની ખ્યાતિ પામ્યા છે. ગદ્યકાવ્યની આવી રોચક વિકાસયાત્રા સાહિત્યમાં જોવા મળે છે.

## 10.4 તમારી પ્રગતિ ચકાસો :-

1. ગદ્યકાવ્યને કેમ કવિઓનો કસોટી-પત્થર કહ્યું છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

2. ઉપનિષદોમાં કેવા પ્રકારનું ગદ્ય જોવા મળે છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

3. પૌરાણિક ગદ્ય કેવા પ્રકારનું હોય છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

4. ગદ્યકાવ્યની વિકાસયાત્રામાં કયા કયા ગદ્યકાવ્યો મહત્વનાં બની રહ્યાં છે ?

.........................................................

.........................................................

.........................................................

..........................................................

..........................................................

5. સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ એવાં ગદ્યકાવ્યો કયાં કયાં છે ?

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

6. ગદ્યકાવ્યની વિકાસયાત્રાનાં પાંચ સોપાનો જણાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

★

| એકમ 11 | ગદ્યકાર બાણભટ્ટ : કવિ અને કૃતિપરિચય |
|---|---|

# એકમ 11 ગદ્યકાર બાણભટ્ટ : કવિ અને કૃતિપરિચય

**રૂપરેખા**


**11.0 ઉદ્દેશ**

**11.1 પ્રસ્તાવના**

**11.2 બાણનું જીવન અને હર્ષચરિત**

**11.3 કાદમ્બરી**

**11.4 બાણની અન્ય કૃતિઓ**

**11.5 બાણનો સમય**

**11.6 તમારી પ્રગતિ ચકાસો**


## 11.0 ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

– ગદ્યકાર બાણના જીવન વિશે જાણશે.

– બાણની કૃતિઓ હર્ષચરિત અને કાદમ્બરી વિશે માહિતી મેળવશે.

– બાણની અન્ય કૃતિઓનો પરિચય પણ મેળવશો.

– બાણનો સર્વસ્વીકૃત સમય જાણી શકશે.

## 11.1 પ્રસ્તાવના :

મહાકવિ બાણ સંસ્કૃત ગદ્ય સાહિત્યનો સ્વામી છે. સંસ્કૃત સાહિત્યમાં નાટકાદિની જેમ ગદ્ય સાહિત્યમાં ઊંડુ ખેડાણ થયું નથી. ગદ્યકવિઓની સંખ્યા અલ્પ છે, જેમાં મહાકવિ બાણ અગ્રસ્થાને બિરાજે છે. સંસ્કૃત સાહિત્યની સર્વોત્કૃષ્ટ ગદ્યકથા કાદમ્બરીની રચના કરનાર મહાકવિ સંસ્કૃતના ઉત્તમ ગદ્યકાર છે.

## 11.2 બાણનું જીવન અને હર્ષચરિત :

સંસ્કૃત સાહિત્યના કવિઓ પોતાના જીવન વિશેની માહિતી ભાગ્યે જ પોતાની કૃતિઓમાં જણાવે છે. કેવળ નામ ઉલ્લેખ સિવાય કંઈ પણ બાબત જણાવતા નથી. પરિણામે તેમના જીવન વિશેની દંતકથાઓ પ્રચાર પામે છે. પરન્તુ બાણભટ્ટ એક એવા સંસ્કૃતકવિ છે કે, તેમણે પોતાના 'હર્ષચરિત'માં પોતાના જીવન અંગેની ઘણી વિગતો આપી છે. હર્ષચરિતની પ્રસ્તાવનામાં તેમણે પોતાના પુરોગામી કવિઓને સહૃદય યાદ

કર્યા છે. ત્યારબાદ પોતાની દ્વિવિધ વંશાવલિ, પોતાનું ઘર, ગામ અને 44 જેટલા મિત્રો તેમજ પોતાને રાજ્યાશ્રય આપનારા સમ્રાટ હર્ષવર્ધન તેમજ તત્કાલીન સમાજ, સમ્પ્રદાયો અને સંસ્કૃતિ વગેરેનું વિગતે વર્ણન કર્યું છે.

હર્ષચરિતના પ્રારંભિક અઢી ઉચ્છ્વાસમાં બાણે પોતાની આત્મકથા (Auto-biography) આલેખી, પોતાના જીવનનો પૂરો પરિચય આપ્યો છે. તેણે પોતાના દ્વિવિધવંશની વાત કરતાં કહ્યું છે કે, વિદ્યાવંશમાં તે 'સારસ્વત' છે, અને પિતૃવંશમાં તે 'વાત્સ્યાયન' છે. આ કેવી રીતે ! તે નીચે મુજબ જોઈએ :

**(1) વિદ્યાવંશ**

ભાર્ગવગોત્રમાં જન્મેલા

↓

ચ્યવનનામના ઋષિ

↓

તેમનો પુત્ર દધીચ

↓

દધીચ અને સરસ્વતીથી જન્મેલ

↓

પુત્ર સારસ્વત

**(2) પિતૃવંશ**

ભાર્ગવગોત્રમાં જન્મેલા એક

બ્રાહ્મણ અને અક્ષમાલથી જન્મેલો

↓

પુત્ર વત્સ

(જેનો વંશ વાત્સ્યાયન કહેવાયો)

↓

તેનો પુત્ર કુબેર (તેના ચાર પુત્રો)

↓ ↓ ↓ ↓

અચ્યુત ઈશાન હર પાશુપત

↓

અધિપતિ

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓

ભૃગુ હંસ મુનિ કવિ મહીદત્ત ધર્મ જાતવેદસ ચિત્રભાનુ ત્ર્યક્ષ અહિદત્ત વિશ્વરૂપ

↓

બાણભટ્ટ

↓

ભૂષણભટ્ટ

અથવા પુલિન ભટ્ટ

ઉપર્યુક્ત વંશવૃક્ષ હર્ષચરિત (ઉ.1) ને આધારે છે. આવી જ વાત કાદમ્બરીની પ્રસ્તાવનામાં પણ છે. ત્યાં વાત્સ્યાયન ગોત્રમાં જન્મેલો કુબેર પ્રતિષ્ઠિત બ્રાહ્મણ હતો.

તેનો પુત્ર અર્થપતિ અને અર્થપતિનો ચિત્રભાનુ, આ ચિત્રભાનુનો પુત્ર બાણભટ્ટ. અહીં કુબેર અને અર્થપતિ વચ્ચે થયેલા પાશુપતની વાત નથી. તેનું કારણ હસ્તપ્રતોના પુનઃ લેખનમાં થયેલ ભૂલ હોઈ શકે એમ શ્રી પી.વી.કાણે જણાવે છે.

ટૂંકમાં બાણભટ્ટ વિદ્યાવંશમાં 'સારસ્વત' હતા અને પિતૃવંશમાં 'વાત્સ્યાયન' હતા. વિદ્યાવંશે 'સારસ્વત' એટલે બ્રહ્માના શાપથી પૃથ્વી પર આવેલાં સરસ્વતી અને ચ્યવનઋષિના પુત્ર દધીચના સમાગમથી જન્મેલા પુત્ર સારસ્વત. આ સારસ્વતે તેની સાથે એ જ ભાર્ગવ-વંશમાં જન્મેલા વત્સ નામના ભાઈને પોતાનું બધું જ જ્ઞાન આપી દીધું હતું. આ રીતે સારસ્વતનું એટલે કે સરસ્વતીનું જ્ઞાન તેના (બાણના) પૂર્વજ વત્સમાં હતું. જે ચાર પેઢી પછી વત્સથી-કુબેર-પાશુપત-અર્થપતિ, ચિત્રભાનુ અને બાણમાં ઉતરી આવ્યું હતું. આમ જ્ઞાનનો વારસો સરસ્વતીના પક્ષનો હોવાથી બાણ સારસ્વત હતા અને પિતૃપક્ષે વત્સના વંશજ વાત્સ્યાયન હતા. આમ, બાણના પૂર્વજો વિદ્યાવાન, ધનવાન અને લબ્ધપ્રતિષ્ઠ હતા.

બાણભટ્ટના દાદા અર્થપતિના ઘરે પ્રતિદિન શિષ્યસમૂહો અધ્યયન માટે આવતા. આ અર્થપતિના અગિયાર પુત્ર હતા. જેમાંથી આઠમા પુત્ર ચિત્રભાનુ યજ્ઞયાગાદિથી યશસ્વી અને તેજસ્વી હતા. આ ચિત્રભાનુનાં પત્ની રાજદેવી હતાં. તેમનાથી જન્મેલું સંતાનરત્ન એટલે બાણભટ્ટ. તેઓ બાળક હતા ત્યારે બાણનાં માતા રાજદેવી મૃત્યુ પામ્યાં. પિતા ચિત્રભાનુએ જ તેમને ઉછેર્યા. બાણ ચૌદ વર્ષના થયા ત્યારે તેમના ઉપનયન સંસ્કાર વગેરે અને સમાવૃત અર્થાત્ સ્નાતક, વેદવેદાંગ પાઠક અને વિવાહાદિ સમ્પન્ન કરી પિતા ચિત્રભાનુ પણ અવસાન પામ્યા. આમ, કિશોરાવસ્થાએ જ બાણે માતા-પિતાની છત્રછાયા અને વાત્સલ્ય-વ્હાલ ગુમાવી દીધું. આ કારણે બાણ અત્યન્ત શોકમગ્ન બની ઘરમાં જ બેસી રહ્યા. સમયાન્તરે શોક ઓછો થતાં તેમનાં તરુણ્યાવસ્થાનાં તોફાનો વધવાં લાગ્યા. તેઓ ભ્રમણશીલ સ્વભાવના હોવાથી ધીમેધીમે રખડું અને સ્વચ્છન્દી સ્વભાવના બની ગયા. બાણ પોતે જણાવે છે કે, સરખી ઉંમરના અને પોતાને સહાયક એવા 44 જેટલા લોકો સાથે ગાઢ મિત્રતા હતી. આ મિત્રોમાં કેટલીક સ્ત્રીમિત્રો પણ હતી. કોઈ કવિ હતા, કોઈ વિદ્વાન, કોઈક સંગીતકાર તો કોઈક નૃત્યકાર અને કલાકાર પણ હતા. કોઈક તો સાધુ-સંન્યાસી  હતા. તો કોઈક વૈદ્ય, જુગારી, મન્ત્ર-તન્ત્ર જાણનારા, જાદુગરો અને ધૂતારાઓ પણ હતા. એક તો તાંબુલ (પાન) આપનારો ચંડક હતો. જ્યારે સૈરન્ધ્રી, કુરંગિકા અને કેરલિકા જેવી સ્ત્રીમિત્રો પણ હતી. આ બધા સાથે હળી-મળી ગયેલા અને રખડું બનેલા બાણ છેવટે ઘર છોડીને દેશાટનાર્થે ચાલી નીકળ્યા. જોકે યૌવન, સ્વેચ્છાચાર અને વિવિધ પ્રકારની મિત્રમંડળીના કારણે તેઓ વડીલો અને સમાજ માટે હાંસીપાત્ર બન્યા.

પોતાના વારસામાં મળેલા બ્રાહ્મણાધિવાસ એવા પ્રીતિકૂટમાંથી નીકળેલા બાણ પ્રારંભે વિન્ધ્યાટવીમાં રખડ્યા. ત્યાંથી કોશલદેશ, અશ્મકદેશ, કલિંગ અને છેવટે આન્ધ્રપ્રદેશમાં આવેલા શ્રીપર્વતાદિ અનેક દેશ-પ્રદેશમાં તેઓ વિચર્યા હતા. વિવિધ રાજકુલોના આચાર-વિચાર અને વ્યવહાર તથા વૈભવ અને વર્ચસ્વથી તેઓ અવગત અને અનુભવી થયા. સમ્રાટ હર્ષવર્ધનની બહેન રાજ્યશ્રી જેને પરણાવી હતી તે મૌખિરરાજ ગૃહવર્માના સંપર્કમાં પણ તેઓ આવ્યા હતા. આ મૌખિર રાજાઓ જેને પૂજતા તેવા ગુરુવર્ય ભત્સુ (ભર્ત્સુ)ને

બાણ પણ પ્રણામ કરે છે. આમ, દેશાટન પછી અનેકાનેક અનુભવોથી સમ્પન્ન થયેલા અને વિદ્વતાના શૃંગ બનેલા બાણ ઘણા સમયે પોતાના જન્મસ્થાન પ્રીતિકૂટમાં પાછા ફરે છે. ત્યાં જૂના મિત્રો અને સગા-સ્નેહીઓને મળી તેમને અદ્વિતીય આનંદનો અનુભવ થાય છે. આટલી વિગતો બાણના જણાવ્યા અનુસાર આ પ્રથમ ઉચ્છ્‌વાસમાંથી મળે છે.

હવે બીજા ઉચ્છ્‌વાસમાં તેમના કહ્યા મુજબ; તેઓ પોતાના પૈતૃકવારસાના ઘરે વેદાધ્યયનથી રત હતા ત્યારે એકવાર ગ્રીષ્મના સમયે સમ્રાટ હર્ષના કોઈક પિતરાઈ ભાઈ કૃષ્ણે એક મેખલક નામના સંદેશવાહક દ્વારા સંદેશ પાઠવ્યો કે, ‘બાણે વિના વિલંબે હર્ષને મળવા આવવું.’ રાતભર વિચાર-મંથન કર્યા પછી બાણ સમ્રાટ હર્ષને મળવાનો નિશ્ચય કરે છે. પોતાનાં ફોઈ માલતી તેમના માટે પ્રાસ્થાનિક માંગલિક વિધિ કરે છે. શુભમુહૂર્તાદિ જોઈ બાણ પ્રીતિકૂટમાંથી પ્રસ્થાન કરે છે. ચંડિકાયતન નામના અરણ્યને ઓળંગી પહેલા દિવસે સાંજે મલ્લકૂટ ગામમાં રોકાય છે. બીજા દિવસે યષ્ટિગૃહ નામના વનની પાસે એક ગામમાં રોકાઈ ત્રીજા દિવસે તેઓ મણિપુર ગામ નજીક અજિરવતી નદીના કિનારે રોકાયેલા હર્ષની છાવણીમાં પહોંચે છે. હર્ષને મળતાં પહેલાં તેના ‘દર્પશાત’ હાથીનું દર્શન કરે છે. તેનું અદ્‌ભુત વર્ણન કર્યા પછી તેઓ સીધા હર્ષવર્ધન સામે ઉપસ્થિત થાય છે. પછી સભામધ્યે ઊભા રહી જમણો હાથ ઊંચો કરી ‘સ્વરિત’ શબ્દનો ઉચ્ચાર કરે છે. પરંતુ પૂર્વે જે (બાણ)ના રખડું જીવન વિશે સાંભળેલું તે મુજબ સમ્રાટ હર્ષે તેના વિશે બાજુમાં બેઠેલા માલવરાજ પુત્રને કહ્યું કે, ‘महानयं भुजङ्गः’ અર્થાત્ - ‘આ (તે) મોટો લંપટ છે.’ બાણે રાજાની આ વાત સાંભળી લીધી અને આ એક જ પ્રશ્નનો ત્રણ રીતે જવાબ આપ્યો. પોતે વાત્સ્યાયન વંશમાં જન્મેલો અને વેદશાસ્ત્રાદિ ભણેલો ગૃહસ્થી બ્રાહ્મણ છે. બાણે સૌપ્રથમ કહ્યું, ‘का मे भुजङ्गता?’ અર્થાત્ ‘કઈ મારી લંપટતા છે ?’ બીજી રીતે આ જ શબ્દોને છૂટા પાડીને કહ્યું, ‘का मे भुजं गता’ ‘કઈ (સ્ત્રી) મારી બાહુઓમાં આવી પડી છે ?’ અને ત્રીજી રીતે આ જ શબ્દો પ્રયોજ્યા અને પ્રશ્ન કર્યો કે, ‘कामे भुजंगता’ અર્થાત્ ‘કામદેવમાં લંપટતા છે.’ (મારામાં નહીં.)

આમ, બાણના આ શ્લેષપૂર્ણ પ્રશ્નોથી તેને મેધાવી સમજી ગયેલા હર્ષવર્ધને તેનો આદર-સત્કાર કરી પોતાનો પ્રિય આશ્રિત કવિ અને મિત્ર બનાવ્યો. આમ, ‘રાજદર્શન’ નામનો બીજો ઉચ્છ્‌વાસ અહીં પૂર્ણ થાય છે.

ત્રીજા ઉચ્છ્‌વાસનું નામ ‘રાજવંશવર્ણન’છે. ગ્રીષ્મઋતુમાં હર્ષવર્ધનને મળવા ગયેલા બાણભટ્ટ છેક શરદઋતુમાં પોતાના ઘરે પાછા ફર્યા. પોતાના સગાં-સંબંધીઓ સાથે આનંદપૂર્વક હળી-મળી, ભોજન પછી પરિવાર સાથે બેસે છે. ત્યારે સુદૃષ્ટિ નામનો પુસ્તકવાચક પ્રારંભે પવમાન-પ્રોક્ત એટલે કે વાયુપુરાણનો પાઠ કરે છે. ત્યારબાદ પરિવારજનો અને ભાઈઓએ હર્ષના જીવન વિશે જિજ્ઞાસા જણાવી, પરંતુ બાણે કહ્યું કે હર્ષનું સમગ્ર જીવન તો વાચસ્પતિને પણ અગોચર છે, છતાં તેમના જીવનના એકદેશને હું જણાવું છું. બીજા દિવસે બાણે હર્ષનું જીવન વર્ણવવા માંડ્યું. શ્રીકંઠ નામના જનપદની સ્થાણ્વીશ્વર નામની રાજધાની છે. તેમાં પુષ્પભૂતિ નામનો રાજા હર્ષના પૂર્વજ હતી. આ પુષ્પભૂતિએ લક્ષ્મી પાસેથી વંશની પ્રતિષ્ઠા વધે એવા પુત્રની કામના કરી હતી. તેના

ફલસ્વરૂપે હરિશ્ચંદ્રના જેવો સમસ્ત પૃથ્વીનો ઉપભોગ કરનાર હર્ષ નામનો રાજા ઉત્પન્ન થશે. એવા આશીર્વાદ લક્ષ્મીએ આપ્યા. આ સાથે આ ઉચ્છ્વાસ સમ્પન્ન થાય છે.

ચોથા ચક્રવર્તિજન્યવર્ણન નામના ઉચ્છ્વાસમાં પુષ્પભૂતિના પુત્ર પ્રભાકરવર્ધનની વાત છે. જે ‘મહારાજાધિરાજ’ તરીકે પ્રખ્યાત હતા. આ પ્રભાકરવર્ધનની રાણી યશોમતીને ત્રણ સંતાનો થયાં. પહેલો પુત્ર રાજ્યવર્ધન, બીજો હર્ષવર્ધન અને પુત્રી રાજ્યશ્રી, રાણી યશોમતીનો ભાઈ પોતાના પુત્ર ભંડિને રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના સાથીદાર મિત્ર તરીકે મૂકી જાય છે. વળી, કુમારગુપ્ત અને માધવગુપ્ત નામના બે રાજકુમારો પણ રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના સહાયકમિત્રો તરીકે મળી આવે છે. આમ કુલ બે રાજકુમારો અને ત્રણ મિત્રો પાંચેય સાથે રહેતા હતા. પુત્રી રાજ્યશ્રીનો વિવાહ મૌખિરદેશના રાજા ગૃહવર્મા સાથે કરવામાં આવ્યો હતો. અહીં આ ઉચ્છ્વાસ પૂર્ણ થાય છે.

પાંચમા ‘મહારાજ મરણ’ નામના ઉચ્છ્વાસમાં રાજા પ્રભાકરવર્ધન પુત્ર રાજ્યવર્ધનને હૂણોને હણી કાઢવા ઉત્તરાપથમાં મોકલે છે. તેને વળાવવા હર્ષવર્ધન થોડે સુધી જાય છે, પછી શિકાર કરવામાં રોકાઈ જાય છે. ત્યાં જ પિતા પ્રભાકરવર્ધન બિમાર પડ્યાના સમાચાર આવે છે. હર્ષ આવે તે પહેલાં પિતાનું મૃત્યુ થયું હોય છે. માતા યશોમતી સતી થઈ ગઈ હોય છે અને રાજમહેલમાં કેવળ શોક પ્રવર્તે છે, હર્ષના શોક સાથે આ ઉચ્છ્વાસ પૂર્ણ થાય છે.

છઠ્ઠા ઉચ્છ્વાસનું નામ ‘રાજા પ્રતિજ્ઞાવર્ણન’ છે. હૂણોને હરાવીને પાછા ફરેલા રાજ્યવર્ધનને પિતા અને માતાના મૃત્યુના સમાચાર શોકગ્રસ્ત અને વિરક્ત બનાવે છે. તે રાજ્યગાદી હર્ષને સોંપી વિરક્ત થઈ જવા માગે છે. હર્ષ તેને ધૈર્ય રાખવા સમજાવે છે. ત્યાં તો પ્રભાકરવર્ધનના મૃત્યુનો લાભ લઈ માલવરાજે રાજ્યવર્ધનના બનેવી ગૃહવર્માનું ખૂન કર્યું અને બહેન રાજ્યશ્રીને કેદ કરી લીધી. તરત જ રાજ્યવર્ધન સેના સાથે બહેનને છોડાવવા ગયો અને રાજ્યની જવાબદારી હર્ષને સોંપી દીધી. થોડા જ સમયમાં રાજ્યવર્ધન માલવરાજને હાણીને વેર વાળે છે. પરન્તુ પાછા ફરતાં રસ્તામાં ગૌડનરેશ શશાંક તેને છેતરીને છાવણીમાં બોલાવી મારી નાંખે છે. હર્ષવર્ધન ફરી શોકમગ્ન બને છે. છેવટે ગજસેનાધ્યક્ષ સ્કન્ધગુપ્ત હર્ષને બદલો લેવા પ્રોત્સાહન આપે છે, ત્યાં આ ઉચ્છ્વાસ પૂરો થાય છે.

સાતમા ઉચ્છ્વાસનું નામ ‘છત્રલબ્ધિ’ છે. હવે હર્ષ દિગ્વિજય માટે પ્રયાણ કરે છે અને સૌપ્રથમ બહેન રાજ્યશ્રીને જેલમુક્ત કરવા પ્રયત્ન કરે છે. તે પહેલાં સેના સાથે વિન્ધ્યાટવીમાં પ્રવેશ કરી માલવરાજનને મારે છે. હર્ષનો મિત્ર અને મામાનો દીકરો ભંડિ તેનો ખજાનો લૂંટી લે છે. આમ, હર્ષની જીત થવાની શરૂ થાય છે. અહીં સેનાનું વર્ણન અને રાજા ભાસ્કરવર્માની ભેટસોગાદોનું વર્ણન વધારે છે.

આઠમા અને છેલ્લા ઉચ્છ્વાસનું નામ ‘વિન્ધ્યાદ્રિનિવેશન’ છે. હર્ષને સમાચાર મળે છે કે પોતાની બહેન રાજ્યશ્રી માલવીરાજની જેલમાંથી નીકળી એક શબરયુવકની મદદથી વિન્ધ્યાટવીમાં સંતાઈ ગઈ છે. હર્ષ તેને શોધતો-શોધતો એક બૌદ્ધભિક્ષુક દિવાકરમિત્ર પાસે પહોંચે છે. તે તેને મદદ માટે વિનંતી કરે છે પણ દિવાકરમિત્ર પોતાને કોઈ માહિતી નથી એમ જણાવે છે. બરાબર આ વખતે એક ભિક્ષુક આવી જણાવે છે કે,

કોઈક રડતી એવી સ્ત્રી વિન્ધ્યાટવીમાં અગ્નિપ્રવેશની તૈયારી કરી રહી છે. હર્ષ દોડતો જાય છે અને તે સ્ત્રીને પોતાની બહેન રાજ્યશ્રી તરીકે ઓળખી બચાવી લે છે. હર્ષ તેને દિવાકરમિત્રના આશ્રમે છોડી દિગ્વિજય માટે જાય છે. જતાં જતાં પ્રતિજ્ઞા કરે છે કે દિગ્વિજય પછી પોતે અને બહેન રાજ્યશ્રી સંસાર છોડી વિરક્ત બની રહે. અહીં હર્ષચરિતની કથા પૂર્ણ થાય છે.

## 11.3 કાદમ્બરી :

કાદમ્બરી સંસ્કૃત સાહિત્યની સર્વોત્કૃષ્ટ ગદ્યકથા છે. (જેને Prose Romance કહી શકાય.) અહીં બે સુંદર પુણ્યકથાઓનું નિરૂપણ તેમના ત્રણ જન્મની પ્રેમકથા રૂપે પ્રસ્તુત થયું છે. મુખ્ય અને ગૌણ પ્રણયકથાના ક્રમશઃ ત્રણ-ત્રણ જન્મની વાત અહીં બાણની માધુર્યપૂર્ણ શૈલીથી વર્ણવાઈ છે. એટલે જ ર.છો. પરીખ સાહેબ કહે છે કે, ''કાદમ્બરીકથા સંસ્કૃત વાઙ્મયની લક્ષ્મી છે. ભારતીય સંસ્કૃતિની ચિત્રશાળા છે. સાહિત્યનું મોહકરત્ન છે અને જગત્ સાહિત્યનું અનુપેક્ષ્ય કુતૂહલ છે.''

વેત્રવતી નદીના કિનારે વિદિશા નગરી હતી. ત્યાં શુદ્રક નામનો રાજા હતો. એકવાર તે રાજસભામાં બેઠો હતો ત્યારે ઈન્દ્રનીલમણિની પૂતળી સમી અને અદ્ભુત સૌન્દર્યવતી ચાંડાલકન્યા પોતાના ખભે બેઠેલા એક સર્વકલાઓમાં પારંગત પોપટ સાથે પ્રવેશી. કન્યાએ પોપટ રાજાનો ભેટ આપ્યો. ત્યારે પોપટે આર્યા છન્દમાં રાજાને સંબોધન કર્યું. રાજાએ પણ કુતૂહલવશ આ પોપટ અને તેના માતા-પિતા વિશે પૃચ્છા કરી. પોપટ પોતાનો જન્મવૃત્તાંત કહેવાનું શરૂ કરે છે.

વિન્ધ્યાચળના જંગલમાં પંપા સરોવર કિનારે શાલ્મલિવૃક્ષ ઉપર મારો જન્મ થયો હતો. મારા જન્મની પ્રસવવેદનાથી જ માતા મૃત્યુ પામી. પિતાએ મને મોટો કર્યો. એક દિવસ શિકારીઓનું મોટું ટોળું ભયાનક કોલાહલ કરતું આવ્યું. વૃક્ષો ઉપર ચડી તેમણે માળા ફંફોસ્યા અને પક્ષીઓને સૂતાં જ મારી નીચે ફેંકી દીધાં. મારા પિતાને પણ તેમણે મારીને નીચે ફેંક્યા. પરંતુ તેમની પાંખોમાં સંતાયેલો હું દૈવયોગે બચી ગયો અને બાજુના પાંદડાના ઢગલામાં સંતાઈ ગયો. થોડીવાર પછી હું બહાર નીકળ્યો ત્યારે જાબાલિ મુનિનો પુત્ર હારિત ત્યાંથી નીકળ્યો. દયાભાવથી તેણે મોઢામાં પાણીનાં થોડાં ટીપાં નાંખ્યાં અને મારા પ્રાણ બચ્યા. તે પોતાની સાથે મને આશ્રમમાં લઈ ગયો. તેના પિતા જાબાલિ મુનિની સામે મૂક્યો. જાબાલિ મુનિએ મને જોતાં જ કહ્યું કે, 'આ પોપટનું બચ્ચું પોતાના જ અવિનયનું ફળ ભોગવી રહ્યું છે.' પુત્ર હારિત અને શિષ્યોએ મારા વિશે જાણવાની ઈચ્છા કરી. ત્યારે મુનિ જાબાલિએ મારો પૂર્વજન્મનો વૃત્તાંત કહેવા માંડ્યો.

(જાબાલિમુનિ જે વૃત્તાંત આશ્રમમાં કહી રહ્યા છે, તે વાત પોપટ રાજા શૂદ્રકને સભામાં કહી રહ્યો છે.)

ઉજ્જયિની નગરીમાં તારાપીડ નામનો રાજા અને વિલાસવતી રાણી હતાં. તેના મંત્રીનું નામ શુકનાસ અને તેની પત્નીનું નામ મનોરમા હતું. રાજદંપત્તિ અને પ્રધાનયુગલ

નિઃસંતાન હતું. એકવાર રાજાએ રાણીના મુખમાં ચન્દ્ર પ્રવેશતો હોય એવું જોયું. ત્યારે જ પ્રધાને પત્નીના ખોળામાં કોઈક બ્રાહ્મણને કમળ મૂકતો જોયો. કાલાન્તરે બન્નેના ઘરે બે પુત્રો જન્મ્યા. રાજાના પુત્રનું નામ ચન્દ્રાપીડ અને પ્રધાનના પુત્રનું નામ વૈશમ્પાયન રાખવામાં આવ્યું. ચન્દ્રાપીડ અને વૈશમ્પાયનને દશ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરાવ્યો અને બન્નેનું રાજયમાં સ્વાગત કરવામાં આવ્યું. ચન્દ્રાપીડને એક પારસીક રાજાએ ઘોડો ભેટ આપ્યો અને કુલુતરાજાએ પોતાની દીકરી પત્રલેખા તેની સેવામાં ભેટ ધરી. પછી ચન્દ્રાપીડનો રાજયાભિષેક થયો. મંત્રી શુકનાસે તેને ઉપદેશ આપ્યો. છેવટે તે દિગ્વિજય માટે નીકળ્યો અને ત્રણ વર્ષમાં જગતજીતી લીધું. કૈલાસ પર્વત પાસે કિરાતોની નગરીમાં પંહોંચી તેણે પડાવ નાંખ્યો. એક દિવસ તે શિકારે નીકળ્યો અને એક કિન્નરયુગલની પાછળ-પાછળ છેક અચ્છોદ સરોવર પાસે પહોંચી ગયો. તેણે અશ્વને જળ પાયું અને પોતે પણ પીધું. થોડો વિશ્રામ કરવા રોકાયો ત્યાં કોઈક કર્ણપ્રિય સંગીત તેણે સાંભળ્યું. ગીતની દિશામાં જતાં તેણે સિદ્ધાયતનમાં શ્વેતવસ્ત્રધારી યુવતીને શિવપૂજા કરતી જોઈ. પૂજા-અર્ચના પછી ચન્દ્રપીડે યુવતીને પૂછ્યું, આપ કોણ છો અને કેમ અહીં આ અવસ્થામાં છો.' યુવતી મહાશ્વેતા તરત જ અશ્રુભીની આંખે પોતાની કથા કહેવા લાગી.

(પોપટ રાજા શૂદ્રકને સભામાં, જાબાલિ મુનિ શિષ્યોને આશ્રમમાં અને મહાશ્વેતા સિદ્ધાયતનમાં ચન્દ્રાપીડને કથા કહી રહી છે.)

અપ્સરાઓનાં ચૌદ અને ગન્ધર્વોનાં બે કુળ હતા. રાજા હંસ ગંધર્વોના કુળનો હતો. તેનું લગ્ન ગૌરી નામની અપ્સરા સાથે થયું હતું. આ હંસ અને ગૌરીનું સંતાન એટલે હું મહાશ્વેતા છું. માતા-પિતાના લાડપ્રેમથી ઉછરતાં-ઉછરતાં ક્યારે યુવાન તે ખબર પણ ન પડી. એકવાર માતા સાથે આ અચ્છોદ સરોવરમાં હું સ્નાન કરવા આવી હતી. આ પ્રદેશમાં ફરતાંફરતાં એક અદ્ભુત સુગન્ધનો અહેસાસ થયો. એક અતિસુંદર મુનિકુમારને મેં જોયો. તેનાથી આકર્ષાઈને મેં પ્રણામ કર્યા. એના મિત્ર કપિંજલને એના વિશે પૂછ્યું. તેણે કહ્યું કે આ ઋષિ શ્વેતકેતુ અને લક્ષ્મીનો કમલાસન પર જન્મેલો પુત્ર પુંડરીક છે. તેના કાનમાં પારિજાત મંજરી છે તેની આ સુગંધ છે. મારા તરફ આકર્ષાયેલા તેણે મને પારિજાત મંજરી આપી અને તેની સરકી જતી અક્ષમાળા લઈને પણ મેં પહેરી લીધી. અક્ષમાળા વિશે તેના મિત્ર કપિંજલે તેને ઠપકો આપ્યો અને અક્ષમાળા પાછી માગી. પરંતુ મેં બદલામાં એકાવલી આપી. હું ઘરે આવી. મારી સખી તરલિકાએ મને પુંડરીકનો પત્ર આપ્યો. તે ત્યાં પ્રેમવિરહમાં ગંભીર હતો. હું ને તરલિકા તેને મળવા ગયાં પણ એ તો મારા વિરહમાં મૃત્યુ પામ્યો હતો. મેં પણ ચિતા ખડકી મરવાનું નક્કી કર્યું પરંતુ ત્યાં તો ચન્દ્રમાંથી એક પુરુષે ઉતરી કહ્યું, હે મહાશ્વેતા ! તું મરીશ નહીં, તારું મિલન પુંડરીક સાથે થશે.' એમ કહી પુંડરીકના શબને લઈ ઉડી ગયો. ત્યારથી માંડી હું અહીં સિદ્ધાયતનમાં તપસ્યા કરું છું.

આવી દુઃખી મહાશ્વેતાને પુંડરીકે આશ્વાસન આપ્યું. ચંદ્રાપીડે પૂછ્યું, પેલી તરલિકા ક્યાં ગઈ છે ? મહાશ્વેતાએ કહ્યું, મારી એક સખી કાદમ્બરી છે. તેણે મારા લીધે લગ્ન નહીં કરવાનું નક્કી કર્યું છે. તેને સમજાવવા મેં તરલિકાને મોકલી છે.

(અહીં મહાશ્વેતાનો વૃત્તાન્ત પૂર્ણ થાય છે. પરન્તુ પોપટ સાથે વાર્તા અને જાબાલિની શિષ્યો સાથેની વાર્તા આગળ ચાલે છે.)

બીજા દિવસે કાદમ્બરીને મળીને તરલિકા કેયૂરક સાથે પાછી આવે છે. તરલિકાની વાત કાદમ્બરી માની નથી, માટે મહાશ્વેતા અને પુંડરીક બન્ને સાથે કાદમ્બરી પાસે જાય છે. ચન્દ્રાપીડે જેવી કાદમ્બરીને જોઈ કે તે તેના પ્રેમમાં પડ્યો. તેણે પાછા ફરીને મિત્ર વૈશમ્પાયનને બધી વાત કરી. બીજા દિવસે કેયૂરકે કાદમ્બરીની વિરહવ્યથાની વાત આવીને ચન્દ્રાપીડને કરી. ચન્દ્રાપીડ તરત જ પારસીક કન્યા પત્રલેખા સાથે હેમકૂટ પહોંચ્યો. ત્યાં કાદમ્બરીને મળ્યો. સાંત્વન આપ્યું અને પત્રલેખીને ત્યાં મૂકી પિતાના સંદેશને કારણે ઉજ્જયિની નગરીમાં આવ્યો. થોડા સમયમાં પત્રલેખા આવી. ચંદ્રાપીડે તેને કાદમ્બરી વિશે પૂછ્યું, તેણે કહ્યું કાદમ્બરી તારા વિના મરણતોલ અવસ્થામાં છે. (આટલું લખ્યા પછી બાણ મૃત્યુ પામ્યા. હવે તેનો પુત્ર ભૂષણભટ્ટ કાદમ્બરીકથા પૂર્ણ કરે છે.)

બીજા દિવસે ચન્દ્રાપીડ કાદમ્બરી પાસે પત્રલેખા અને કેયૂરકને આગળ મોકલી, પોતે દિગ્વિજયની સેનાને આવકારવા ઉભો રહ્યો ત્યાં તો ખબર પડી કે મિત્ર વૈશમ્પાયન અચ્છોદ સરોવર પાસે રહી ગયો છે અને પાગલ જેમ ફર્યા કરે છે. ચન્દ્રાપીડે આવી મહાશ્વેતાને પૂછ્યું. તેણે કહ્યું, ‘કોઈક બ્રાહ્મણ યુવક મારી પાછળ પડી પોપટની જેમ પ્રેમાલાપ કરતો હતો માટે મેં તેને પોપટ થઈ જવાનો થાપ આપ્યો હતો.’ મિત્રની આ દશાથી ચન્દ્રાપીડને આઘાત લાગ્યો અને તે તરત જ મરણ પામ્યો. એટલામાં કાદમ્બરી ત્યાં આવી પહોંચી. તેણે મરવાની તૈયારી કરી. ત્યાં તો ચન્દ્રાપીડના શરીરમાંથી એક જ્યોત નીકળી અને આકાશવાણી થઈ કે, પુંડરીકનું શબ ચન્દ્રલોકમાં છે અને તમારે ચન્દ્રાપીડનું શબ પણ સાચવવું. પત્રલેખાએ ચન્દ્રાપીડની આ દશા જોતાં ઈન્દ્રાયુધ અશ્વ સાથે અચ્છોદ સરોવરમાં કૂદી પડી. ત્યાંથી ઘોડામાંથી કપિંજલ થઈને તે બહાર આવ્યો. પૂર્વે જે પુંડરીકના શબને લઈને જતા પુરુષ પાછળ દોડ્યો હતો, તે આ કપિંજલ ચન્દ્રલોકમાં ગયો હતો. પેલો પુંડરીકને લઈને જનારો વ્યક્તિ ચન્દ્ર હતો. પુંડરીકે અચ્છોદ સરોવર કિનારે મહાશ્વેતાનો વિરહ સહન ન થતાં ચન્દ્રને શાપ આપેલો. માટે ચન્દ્રએ પણ તેને પ્રતિશાપ આપેલો અને આ વિગતો પુંડરીકના પિતાને જણાવવા કહ્યું હતું. પરંતુ ઉતાવળે જવામાં કપિંજલે રસ્તામાં એક વૈમાનિકનું ઉલ્લંઘન કર્યું. તે વૈમાનિકે કપિંજલને પાછો અશ્વ બનવાનો શાપ આપ્યો. તેણે વિનંતી કરી ત્યારે વૈમાનિકે કહ્યું, ‘ભલે તું અશ્વ બનીને ચન્દ્રાપીડ સાથે રહી શકીશ અને તારો મિત્ર પુંડરીક પણ મંત્રી શુકનાસના ઘરે જન્મશે.’ કપિંજલે કહ્યું, ‘મને આ બધું યાદ એટલે હું અશ્વરૂપે ચન્દ્રાપીડને અચ્છોદ સરોવર લઈ ગયો હતો. મહાશ્વેતાએ જેને શાપ આપ્યો તે પુંડરીક જ હતો. મહાશ્વેતા આ સાંભળી વધારે દુઃખી થઈ. કપિંજલ ત્યાંથી શ્વેતકેતુને મળવા ગયો. આ તરફ ચન્દ્રાપીડના મૃત્યુથી તારાપીડ, શુકનાસ વગેરે ત્યાં આવી પહોંચ્યા. વૈશમ્પાયન જે અત્યારે પોપટ બની ગયો હતો અને રાજાને વાતો કહેતો હતો તે હતો. (અહીં જાબાલિ મુનિનો વૃત્તાન્ત પૂરો થાય છે. મુનિએ કહ્યું આ પોપટ પોતે અગાઉના જન્મનું ફળ ભોગવી રહ્યા છે. હજુ પોપટનો વૃત્તાન્ત આગળ ચાલુ છે.)

જાબાલિ મુનિએ આશ્રમમાં શિષ્યો સામે આ બધું કહ્યું એટલે મને મારા પૂર્વજન્મો યાદ આવવા લાગ્યા અને હું આ મનુષ્યની જેમ વાત કરવા લાગ્યો. કપિંજલે પેલા

શ્વેતકેતુ પાસે જઈ આવી મને આશ્રમમાં રહેવા કહ્યું. પરન્તુ (ગત જન્મના પુંડરીક એવા મેં) મહાશ્વેતાને મળવા ઉડવા માંડ્યું. બહુ ઊડીને થાક્યા પછી આ ચાંડાલકન્યાના હાથમાં આવ્યો છું. જે મને આપની પાસે લાવી છે. (અહીં પોપટનો વૃત્તાન્ત પૂરો થયો.)

હવે ચાંડાલકન્યાએ શૂદ્રકને કહ્યું તમે જ કાદમ્બરીના પ્રિયતમ ચંદ્રાપીડ છો, અને હું પુંડરીકની માતા લક્ષ્મી છું.' એમ કહી એ પણ આકાશમાં ઊડી ગઈ. એટલામાં રાજા શૂદ્રક અને વૈશમ્પાયનનાં શરીરો નિશ્ચેષ્ટ થઈ ગયાં. આ બાજુ કાદમ્બરી સ્પર્શતા જ ચન્દ્રાપીડનું શરીર ભાનમાં આવ્યું. એટલામાં આકાશમાંથી પુંડરિક કપિંજલ સાથે નીચે ઊતર્યો. કપિંજલે શ્વેતમુનિનો સંદેશ શુકનાસને કહ્યો કે પુંડરિકને તમારો પુત્ર જ માનજો.

એટલામાં કાદમ્બરીનાં માતા-પિતા મંદિર અને ચિત્રરથ તથા મહાશ્વેતાનાં માતા-પિતા, ગૌરી અને હંસ પણ ત્યાં આવ્યા. ચન્દ્રાપીડને રાજા બનાવ્યો. તારાપીડ સંન્યાસી બન્યો. પુંડરીકનાં લગ્ન મહાશ્વેતા સાથે થયાં અને ચન્દ્રાપીડનાં કાદમ્બરી સાથે. પેલી પત્રલેખા તો રોહિણી હતી જે ચન્દ્રાપીડની ખબર રાખવા આવી હતી. ચન્દ્રાપીડ રાજા અને પુંડરીક પ્રધાનરૂપે સ્વ-પ્રિયતમાઓ  સાથે પરમ-આનંદને પામ્યાં. ટૂંકમાં પુંડરીક પહેલો જન્મ, વૈશંપાયન બીજો જન્મ અને પોપટ ત્રીજો જન્મ હતો. જ્યારે મહાશ્વેતા એક જ જન્મે બધાં સુખદુઃખ પામી. બીજી બાજુ ચન્દ્રમા પહેલો જન્મ,ચન્દ્રાપીડ બીજો જન્મ અને શૂદ્રક રાજા ત્રીજો જન્મ હતો. કાદમ્બરીએ પણ એક જ જન્મમાં અનેક સુખ-દુઃખ અનુભવ્યાં. આમ, બાણભટ્ટની બુદ્ધિમતાનું આ અનુપમ ગદ્યકાવ્ય છે.

## 11.4 બાણની અન્ય કૃતિઓ

1. **ચંડીશતક :** બાણે 100 શ્લોકોમાં દેવી ચંડીની સ્તુતિ કરતું આ શતક કાવ્ય લખ્યું છે. તેમાં સ્રગ્ધરા છન્દનો પ્રયોગ વિશેષ છે. દંતકથા મુજબ મયૂરકવિની સ્પર્ધા માટે આ કાવ્ય બાણે લખ્યું હતું. જો કે તેના કેટલાક શ્લોકો સરસ્વતીકંઠાભરણ, કાવ્યપ્રકાશ અને કાવ્યાનુશાસનમાં મળી આવે છે, માટે આ કૃતિ સર્વથા બાણની જ છે એવું સિદ્ધ થાય છે.

2. **પાર્વતી પરિણય :** શિવ અને પાર્વતીના લગ્નની કથાને વર્ણવતું આ પાંચ અંકનું નાટક છે. તેના પ્રારંભે કર્તા તરીકે બાણભટ્ટનું નામ છે, એવું શ્રી કૃષ્ણમાચારીયર કહે છે. આ નાટકનું કથાવસ્તુ કાલિદાસના કુમારસમ્ભવને આધારે જોઈ શકાય છે.

3. **મુકુટ તાડિતક :** મહાભારત કથાને આધારે ભીમ અને દુર્યોધનની સ્પર્ધાને રજૂ કરતું નાટક છે. ત્રિવિક્રમભટ્ટકૃત નલચમ્પૂના ટીકાકાર ગુણવિજયગણિ આ નાટકને બાણે રચેલું માને છે.

4. **સર્વચરિત :** આ એક બીજું નાટક છે. જેના વિશે કોઈ વિશેષ માહિતી મળતી નથી.

5. **પદ્યાત્મક કાદમ્બરી :** આ કૃતિ પણ બાણે રચેલી છે. એવું ક્ષેમેન્દ્ર કવિ દ્વારા માનવામાં આવે છે. બાકી કોઈ વિશેષ પ્રમાણ મળતું નથી.

6. **રત્નાવલી, નાગાનન્દ અને પ્રિયદર્શિકા** નામની કૃતિઓ પણ બાણે રચીને હર્ષના નામે કરેલી છે એમ સાહિત્યકારો માને છે.

આમ, ઉપર્યુક્ત કૃતિઓ બાણભટ્ટનું સંસ્કૃતસાહિત્યને અમૂલ્ય પ્રદાન છે.

## 11.5 બાણનો સમય :

હર્ષચરિતના પ્રથમ બે ઉચ્છ્વાસમાં બાણે પોતાના જીવન વિશેનો ઉલ્લેખ કર્યો છે, તે મુજબ તેનું અડધા-ઉપર જીવન હર્ષના આશ્રિત કવિ તરીકે ગયું છે. ચીની યાત્રી હ્યુ-એન-સંગના ઈ.સ. 629 થી 645ના ભારતપ્રવાસના વર્ણનોને આધારે અને હર્ષવર્ધનને ઈ.સ. 606 થી 647 સુધી કરેલા રાજયના આધારે બાણનો સમય ઈ.સ. છઠ્ઠી શતાબ્દીના અંતથી સાતમી સદીના પૂર્વાર્ધનો કહી શકાય. તેના માટેનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છે.

1. ક્ષેમેન્દ્ર 11મી સદીના ઉત્તરાર્ધમાં પોતાના औचित्यविचारचर्चा અને कविकण्ठाभरणम्- ગ્રંથોમાં બાણનો ઉલ્લેખ કરે છે.

2. ઈ.સ. 1069માં થયેલ રુદ્રટનાં કાવ્યાલંકાર ગ્રંથનો ટીકાકાર 'નમિ' નામનો સાધુ ટીકામાં કથા અને આખ્યાયિકા તરીકે 'કાદમ્બરી' અને 'હર્ષચરિત'નો ઉલ્લેખ કરે છે.

3. 11મી સદીમાં માળવામાં થયેલા ભોજરાજા પોતાના વ્યાકરણગ્રન્થ સરસ્વતી કંઠા ભરણમાં કવિવર બાણનો ઉલ્લેખ કરે છે.

4. ભોજના કાકા હતા રાજા મુંજ. તેમનો આશ્રિત કવિ હતો ધનંજય. તેણે પણ બાણનો ઉલ્લેખ કર્યો છે.

5. ધ્વન્યાલોક ઉપર અભિનવ ગુપ્ત નામના આચાર્યે 'લોચન' નામની ટીકા લખી છે. તેમાં પણ 'કાદમ્બરી કથાસાર'નો ઉલ્લેખ છે.

6. વામન નામના અલંકારિક પોતાના 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ' નામના ગ્રંથમાં કાદમ્બરીનો ઉલ્લેખ કરે છે.

7. ધ્વન્યાલોક નામના ગ્રંથમાં આનન્દવર્ધન નામના આલંકારિક સ્પષ્ટ રીતે હર્ષચરિત અને કાદમ્બરીનો ઉલ્લેખ બાણભટ્ટના નામ સાથે કરે છે જેમ કે :

यथा स्थाण्वीश्वराख्यजनपदवर्णने भट्टबाणस्य, यत्र य मात्तङ्गगामिन्यः

यथा हर्षचरिते समवाय इव विरोधिनां पदार्थानाम् ।

यथा कादम्बर्यां कादम्बरीदर्शनावसरे.... (ध्वन्यालोके)

8. રાજશેખર તથા નવસાહસાંકચરિતના રચયિતા કવિ પદ્મગુપ્ત મયૂર અને બાણને સમકાલિક ગણાવે છે. આ દૃષ્ટિએ બાણ સાતમી સદીમાં થયા હશે.

9. હર્ષચરિતની પ્રસ્તાવનામાં બાણે સ્વયં વ્યાસ, ભટ્ટારહરિશ્ચન્દ્ર, સાતવાહન, પ્રવરસેન, ભાસ, કાલિદાસ વગેરેનો ઉલ્લેખ કર્યો છે. આ બધાનો સમય સાતમી સદીનો પૂર્વાર્ધ છે. આ પણ સૌથી મોટું ઉદાહરણ છે.

ઉપર્યુક્ત તમામ પ્રમાણોને આધારે એ સિદ્ધ થાય છે કે બાણનો સમય સાતમી સદીનો પૂર્વાર્ધ અર્થાત્ ઈ.સ. 606 થી 647નો છે.

## 11.6 તમારી પ્રગતિ ચકાસો.

1. બાણભટ્ટનું જીવન તેમના કયા ગ્રંથમાં આલેખાયું છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

2. બાણભટ્ટ કેમ રખડું જીવન ગાળતા હતા ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

3. બાણભટ્ટના કેટલા મિત્રો હતા ? કોઈપણ પાંચનાં નામ જણાવો.

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

4. બાણભટ્ટને હર્ષવર્ધનની પાસે કોણ લઈ ગયું ?

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

5. બાણને જોતાં જ હર્ષવર્ધને શું કહ્યું ? તેનો જવાબ બાણે કેવી રીતે આપ્યો ?

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

6. બાણભટ્ટે હર્ષચરિત કેટલા ઉચ્છ્વાસોમાં લખ્યું છે ? કોઈપણ ચારનાં નામ જણાવો.

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

7. કાદમ્બરીમાં કોના કેટલા જન્મની વાત બાણે કહી છે ?

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

8. ચન્દ્રાપીડ અને પુંડરીક કોણ હતા ? ટૂંક પરિચય આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

9. કાદમ્બરી અને મહાશ્વેતાનો ટૂંક પરિચય આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

10. કાદમ્બરી કેવા પ્રકારનું ગદ્યકાવ્ય છે ?

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

11. હર્ષવર્ધનનાં માતા-પિતા અને ભાઈ-બહેનનાં નામ જણાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

12. બાણ કયા સમયે થયા હશે, જે સર્વસ્વીકૃત છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

★

| એકમ 12 | ગદ્યકાર સુબન્ધુ |
|---|---|

# એકમ 12 ગદ્યકાર સુબન્ધુ

**રૂપરેખા**

**12.0 ઉદ્દેશ**

**12.1 પ્રસ્તાવના**

**12.2 સુબન્ધુનું જીવન**

**12.3 સુબન્ધુનો સમય**

**12.4 સુબન્ધુની કૃતિ : વાસવદત્તા**

**12.5 તમારી પ્રગતિ ચકાસો**

## 12.0 ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

– સંસ્કૃત સાહિત્યના સૌપ્રથમ ગદ્યકાર તરીકે જાણીતા સુબન્ધુના જીવન વિશે માહિતી મેળવશે.

– સુબન્ધુના સમયની જાણકારી પ્રાપ્ત કરશે.

– સુબન્ધુની કૃતિ વાસવદત્તાનો પરિચય પ્રાપ્ત કરશે.

– સુબન્ધુની શૈલી વિશે જાણશે.

## 12.1 પ્રસ્તાવના :

સંસ્કૃત ગદ્યકાર તરીકેનો સૌપ્રથમ યશ કવિવર સુબન્ધુને પ્રાપ્ત થાય છે. તેમણે વાસવદત્તા કથામાં આપેલા અલંકૃત શૈલીયુક્ત ગદ્યને આધારે તેઓ સંસ્કૃત સાહિત્યના સૌપ્રથમ ગદ્યકાર તરીકે ખ્યાત બન્યા. કવિવર બાણભટ્ટે પણ પોતાના હર્ષચરિતની પ્રસ્તાવનામાં તેમનો સહર્ષ અને વિનયપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

## 12.2 સુબન્ધુનું જીવન

આમ તો સુબન્ધુના જીવન વિશે કોઈ ખાસ માહિતી મળતી નથી. તેમ છતાં વિદ્વાનોની પરંપરા તેમને વિક્રમાદિત્યના સભાકવિ માને છે. કેટલાક તેમને કશ્મીરી માને છે પણ તેનો કોઈ આધાર મળતો નથી. કેટલાક તેમને માલવપ્રદેશના માને છે. તેના આધારરૂપે વિદ્વાનો કહે છે કે, તેમની કૃતિમાં માળવાની સ્ત્રીઓના ઉલ્લેખ તેનો પુરાવો છે. વિન્ધ્યાચલ પર્વત અને નર્મદાનદીનું અદ્‌ભુત વર્ણન તેનો ઠોસ આધાર છે. તેમની વિષ્ણુભક્તિ પણ આ બાબતે સાક્ષી પૂરે છે. આ બધું કહેવા છતાં અને હોવા છતાં આ વિશે કોઈ ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી. પરંતુ એટલું સ્પષ્ટ છે કે, સુબન્ધુ બાણની પૂર્વે થયેલા મહાન ગદ્યકાર છે. તેમજ દંડીના સમકાલીન છે.

## 12.3 સુબન્ધુનો સમય :

સુબન્ધુના જીવન વિશે કેવળ તથાકથિત આધારો જ મળે છે. તેવી રીતે તેમના સમય વિશે પણ બહુ સ્પષ્ટતા નથી. છતાં સાહિત્યિક ઉદાહરણોને આધારે એમ કહી શકાય કે સુબન્ધુ છઠ્ઠી સદીના અંતભાગે થયા હશે. આ આધારો નીચે મુજબ છે.

1. બાણભટ્ટે હર્ષચરિતની પ્રસ્તાવનામાં કહ્યું છે કે, 'વાસવદત્તા' ગ્રન્થ તો કવિતાના દર્પને નષ્ટ કરનારો છે, જેમ કે,

   कवीनामगलद् दर्पो नूनं वासवदत्तया ।

   शक्त्येव पाण्डुपुत्राणां गतया कर्णगोचरम् ।। (हर्षचरित् 1:12)

2. વાક્પતિરાજ પોતાના પ્રાકૃતકાવ્ય 'ગઉડવહો'માં પણ ભાસ, સુબન્ધુ અને હરિશ્ચંદ્રનો ઉલ્લેખ કરે છે. તેમનો સમય આઠમી સદી અર્થાત્ ઈ.સ. 736 આસપાસનો ગણાય છે. જેમ કે;

   भासम्मि जलणमित्ते कन्तीदेवे अजस्य रहुआरे ।

   सोबन्धवे अवन्धम्मि हारियन्देअ आणन्दो ।। (गउडवहो, 800)

3. આલંકારિક વામને ઈ.સ. આઠમી સદીમાં રચેલા પોતાના 'કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ'માં પણ સુબન્ધુ ચરિત 'વાસવદત્તા' કથામાંથી ઉદાહરણ આપ્યું છે.

4. કવિરાજ નામના કવિએ 'રાઘવપાણ્ડવીય' નામના ગ્રંથમાં પણ અને સુબન્ધુ અને ગદ્યકારોનો વક્રોક્તિકવિઓ તરીકે ઉલ્લેખ કર્યો છે. જેમ કે;

   सुबन्धुबाणभट्टस्य कविराज इति त्रयः ।

   वक्रोकितमार्गनिपुणाश्चातुर्थो विद्यते न वा ।। (राघवपाण्डवीय, 1.47)

5. કવિ મંખે પોતાના 'શ્રીકંઠચરિત' નામના ગ્રંથમાં બન્ને કવિઓનો ઉલ્લેખ કર્યો છે. જેમાં સુબન્ધુ, ભારવિ અને હર્ષનો ઉલ્લેખ થયો છે.

   मेण्ठेस्वर्द्विरदाधिरोहिणि वशं याते सुबन्धौ विधेः ।

   शान्ते हन्त च भारवौ विघटिते बाणे विषादस्पृशः ।।

ઉપર્યુક્ત પ્રમાણોને જોતાં એટલું નિશ્ચિત છે કે, સુબન્ધુનો સમય કવિવર બાણભટ્ટ પહેલાંનો છે.

## 12.4 સુબન્ધુની કૃતિ : વાસવદત્તા

ચિન્તામણિ રાજાને કન્દર્પકેતુ નામે પુત્ર હતો. તે નામ પ્રમાણે કામદેવ જેવો સૌન્દર્યવાન હતો. કન્દર્પકેતુએ એકવાર સ્વપ્નમાં સુન્દર યુવતી જોઈ. ત્યારથી તે વિરહી અને શોકાકુલ થયો. તેણે પોતાના મિત્ર મકરન્દને આ વાત કરી. મકરન્દે તેને પહેલાં

સમજાવ્યો અને સ્ત્રીવશ ન થવા કહ્યું. પરંતુ મિત્રના અતિ આગ્રહથી છેવટે તે બન્ને સ્વપ્નમાં જોયેલી સુન્દરીને શોધવા વિન્ધ્યાટવીમાં ગયા. એક રાત્રે જાંબુના વૃક્ષ નીચે બન્ને વિશ્રામ કરતા હતા, ત્યારે શુક અને સારિકાને વાર્તાલાપ કરતા સાંભળ્યા. શુક સારિકાને વિલંબથી આવ્યાના કારણમાં જણાવે છે કે, કુસુમપુરની રાજકુમારી વાસવદત્તાએ સ્વપ્નમાં એક કન્દર્પકેતુ નામના રાજકુમારને જોયો. તે પણ તેના વિના વિરહવ્યાકુળ બની છે. વળી તેની શોધમાં પોતાની સખી તમાલિકાને મોકલી છે. તે તમાલિકા પણ અહીં જ કોઈક વૃક્ષ નીચે વિશ્રામ કરે છે. ત્યારબાદ કન્દર્પકેતુના મિત્ર મકરન્દે તમાલિકાને શોધી કાઢી અને પોતાના મિત્રનો તેની સખી જેવો જ સ્વપ્નવૃત્તાન્ત જણાવ્યો. છેવટે કન્દર્પકેતુ અને મકરન્દ તમાલિકા સાથે કુસુમપુર જઈ પહોંચ્યા. ત્યાં અત્યન્ત લાવણ્યવતી વાસવદત્તાને જોઈ આશ્ચર્ય-મૂર્ચ્છા પામ્યો. વાસવદત્તાની પણ એવી જ અવસ્થા થઈ. છેવટે મકરન્દ અને તમાલિકાના પ્રયત્નોથી બન્ને સભાન થયાં. પરસ્પર સ્વપ્નકથા અને વિરહવ્યથા કહી. ત્યારબાદ કન્દર્પકેતુ પોતાની પ્રેયસી વાસવદત્તાને લઈને ‘મનોજવ’ નામના ઝડપી અશ્વ ઉપર આરૂઢ થઈ વિન્ધ્યાટવીમાં પ્રવેશી ગયો. થાક અને રાતના કારણે બન્ને સૂઈ ગયાં. સવારે વહેલી જાગેલી વાસવદત્તા ફળફૂલાદિ લેવા થોડી દૂર નીકળી, ત્યાં તો બે કિરાતના સમૂહો તેને જોઈ મેળવવા માટે પરસ્પર યુદ્ધ કરે છે. આ ટોળીઓના યુદ્ધથી ગભરાયેલી વાસવદત્તા ત્યાંથી થોડે દૂર આવેલા ઋષિના આશ્રમમાં પ્રવેશ કરે છે. પરંતુ ઋષિનો આશ્રમ કિરાતટોળીથી ભગ્ન થયેલો હતો. માટે ઋષિએ આ કાર્ય વાસવદત્તાએ કર્યું છે એમ માની પથ્થર થઈ જવાનો શાપ આપ્યો. આ બાજુ કન્દર્પકેતુ પ્રિયાને જોતાં વિરહવ્યાકુળ બન્યો. ખૂબ શોધવા છતાં ન મળતાં તે આત્મઘાત કરવા તત્પર થયો. એટલામાં આકાશવાણી થાય છે કે, ‘તું મરીશ નહીં. તને તારી પ્રિયા મળશે.’ ત્યારબાદ પડતો-લથડતો તે ઋષિ આશ્રમે પહોંચ્યો અને પત્થર બનેલી મૂર્તિને અડક્યો કે તરત જ તે મૂળ વાસવદત્તા સ્વરૂપે જીવતી થઈ. એટલામાં મિત્ર મકરન્દ ત્યાં આવી પહોંચ્યો અને ત્રણેય જણ પોતાની રાજધાનીમાં જઈ સુખપૂર્વક જીવન વિતાવવા લાગ્યા.

આમ, એક જ ગદ્યકથામાં સુબન્ધુએ ગૌડીશૈલીમાં અદ્‌ભુત વર્ણનો કર્યાં છે. રોચકકથાની સાથે દરેક પાત્ર અને ઘટનાકૌતુક વાચકને જકડી રાખે છે. આથી જ સુબન્ધુ માટે કહેવાયું છે કે,

सुश्लेषवक्रघटनापटु सत्काव्यविरचनमिव ॥

## 12.5 તમારી પ્રગતિ ચકાસો.

1. વિદ્વાનો સુબન્ધુને ક્યાંના વતની માને છે ?

.................................................

.................................................

.................................................

.................................................

.................................................

2. સામાન્ય રીતે સાહિત્યકારો સુબન્ધુને કયા સમયે થયેલો માને છે ?

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

3. સુબન્ધુની વાસવદત્તાકથાનો ટૂંક પરિચય આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

4. સુબન્ધુ કઈ શૈલીનો સ્વામી છે ?

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

★

એકમ 13

# ગદ્યકાર દંડી

**રૂપરેખા**

13.0 ઉદ્દેશ

13.1 પ્રસ્તાવના

13.2 મહાકવિ દંડીનું જીવન

13.3 દંડીની કૃતિમાં પ્રગટતું તેનું જીવન અને વ્યક્તિત્વ

13.4 દંડીનો સમય

13.5 દંડીની કૃતિઓ

13.6 તમારી પ્રગતિ ચકાસો

## 13.0 ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

– મહાકવિ દંડીના જીવન વિશે પરિચય મેળવશે.

– દંડીના વ્યક્તિત્વને સમજી શકશે.

– દંડીના સમય વિશે માહિતી મેળવશે.

– દંડીની કૃતિઓનો પરિચય પ્રાપ્ત કરશે.

– દશકુમારચરિત વિશે વિસ્તારથી જાણકાર થશે.

## 13.1 પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્યના 'દશકુમારચરિત' તેમજ 'કાવ્યાદર્શ'ની રચનાથી પ્રખ્યાત થયેલા કવિ દંડી ઉત્તમ ગદ્યકાર છે. બહુમુખી પ્રતિભાસંપન્ન આ કવિએ સંસ્કૃત સાહિત્યમાં ક્વચિત જ જોવા મળે તેવી યથાર્થવાદી અને વાસ્તવિક દૃષ્ટિ અપનાવી છે, જે તેમની કૃતિઓને વિશિષ્ટતા અર્પે છે.

## 13.2 મહાકવિ દંડીનું જીવન :

મહાકવિ દંડીના જીવન વિશે પણ કેટલીક દંતકથાઓ જોવા મળે છે. જેમાં;

1. એકવાર કાલિદાસ અને દંડી વચ્ચે કોણ ચઢિયાતું છે એ બાબતે વિવાદ થયો. બન્ને વાક્દેવી સરસ્વતી પાસે ગયા. બન્નેને સાંભળી સરસ્વતીએ કહ્યું, 'कविर्दण्डी, कविर्दण्डी, कविर्दण्डी न संशयः ।' તો પછી હે મૂઢ ! હું કોણ છું ?'' ત્યારે દેવીએ કહ્યું, 'त्वमेवाहं न संशयः' અર્થાત્ 'ઉત્તમ કવિ તો દંડી, દંડી ને દંડી જ છે એમાં કોઈ શંકા નથી.' ત્યારે ગુસ્સે થયેલા કાલિદાસે સરસ્વતીને કહ્યું, 'कोऽहं ब्रूहि तदा मूढे ?' અર્થાત્ "તું તો સ્વયં હું જ છું એમાં કોઈ શંકા

નથી.'' આમ, દંડીની ઉત્તમતા સિદ્ધ કરતી આ પ્રથમ ખ્યાત દંતકથા છે.

2. બીજી એક દંતકથા મુજબ દંડી, ભવભૂતિ અને કાલિદાસ આ ત્રણેય કવિઓએ એક સુંદર યુવતીનું રૂપ લઈને દડે રમતાં દેવી સરસ્વતીનું વર્ણન કરે છે. આમાં દંડીનું કવિત્વ વિશિષ્ટ રીતે પ્રગટે છે.

3. ત્રીજી એક દંતકથા મુજબ ભવભૂતિ, દંડી અને કાલિદાસને સમસ્યામૂર્તિ કરતા દર્શાવ્યા છે. અહીં એક શ્લોકમાં ચાર ચરણ છે. જેમાં ચોથું ચરણ કવિ ભોજ ઉમેરીને શ્લોકમૂર્તિ કરે છે. જેમકે ;

ભવભૂતિ : अरुणकिरणजालैरन्तरिक्षे गतर्क्ष्ये ।

દંડી : चलति शिशिखाते मन्द-मन्दं प्रभाते ।

કાલિદાસ : युवतिजन कदम्बे नाथ मुक्तौष्ठ बिम्बे ।

ભોજ : चरमगिरि नितम्बे चन्द्रबिम्बं ललम्बे ॥

4. 'ભોજપ્રબન્ધ' નામના ગ્રંથમાં કવિ બલ્લાલે દંડીને ભોજરાજાના દરબારી કવિ દર્શાવ્યા છે.

આમ, ઉપર્યુક્ત ચારેય દંતકથાઓમાં કોઈ વિશેષ તથ્ય ન હોવા છતાં સાહિત્યમાં તેને સૌપ્રથમ યાદ કરાય છે. વળી, કાલિદાસ, દંડી અને ભવભૂતિ ત્રણેયના સમય ભિન્ન-ભિન્ન છે, એવું સાહિત્યકારો સ્વીકારે છે. તેમ છતાં ઉપર્યુક્ત દંતકથાઓ દંડીના જીવન વિશે બધે જ લખાઈ અને કહેવાઈ છે.

## 13.3 દંડીની કૃતિમાં પ્રગટતું તેનું જીવન અને વ્યક્તિત્વ :

'અવન્તિસુન્દરીકથા' નામનો એક ગ્રન્થ દંડીએ રચેલો મનાય છે. તેના પદ્યાત્મકભાગમાં દંડી વિશેની કેટલીક વિગતો પ્રાપ્ત થાય છે. જેમ કે; દંડી કૌશિકગોત્રના બ્રાહ્મણ હતા. તેમના પૂર્વજો ગુજરાતના આનન્દપુર (હાલના વડનગર)ના વતની હતા. પછીથી તેઓ વરાડના અચલપુર (હાલ વિદર્ભના એલિયપુર) મુકામે રહેવા ગયા હતા. આ બ્રાહ્મણ કુટુંબમાં કૌશિકગોત્રના નારાયણસ્વામી પંડિતને ત્યાં દામોદરસ્વામી (કિરાતાર્જુનીયમના કર્તા ભારવિ કે તેનો મિત્ર) નામે પુત્ર થયો. આ દામોદર સ્વામીને પલ્લવરાજ સિંહવિષ્ણુનો રાજ્યાશ્રય મળ્યો. ત્યારે તેઓ કાંચીનગરમાં વસ્યા. દામોદરસ્વામીનો મધ્યમ-પુત્ર એટલે મનોરથ. તેને ચાર પુત્રો થયા. તેમાં સૌથી નાના વીરદત્ત અને પત્ની ગૌરીનું સંતાન એટલે દંડી. દંડીને કેટલીક બહેન પણ હતી. તેના ઉપનયન સંસ્કાર સાતમા વર્ષે થયા. પછી કાંચીમાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો પરંતુ વિક્રમાદિત્યે કાંચી પર આક્રમણ કરતાં દંડીએ પણ કાંચી છોડ્યું. તેણે 12 વર્ષ ભટકતું જીવન ગાળ્યું અને જ્ઞાનોપાર્જન પણ કર્યું. જ્યારે નરસિંહ વર્માએ કાંચી જીત્યું ત્યારે 12 વર્ષ પછી દંડી ફરી કાંચીમાં આવ્યા. ફરી પાછા પલ્લવોના દરબારી કવિ બન્યા. આમ, દંડીના જ 'અવન્તિપુરીકથા' ગ્રન્થને આધારે ઉપર્યુક્ત માહિતી મળે છે.

દંડીનો ખ્યાતનામ ગ્રંથ એટલે 'દશકુમારચરિત.' તેના આધારે પણ દંડીના જીવન વિશે કેટલાંક અનુમાનો આંકી શકાય છે.

1. દશકુમારચરિત અને કાવ્યાદર્શની વૈદર્ભીશૈલી અને મહારાષ્ટ્રી ભાષાને જોતાં તેઓ દાક્ષિણાત્ય એટલે કે વિદર્ભના હશે, એમ કહી શકાય.
2. દશકુમારચરિતમાં આન્ધ્ર, કલિંગ, કાવેરી નદી વગેરે પણ દક્ષિણના તેના નિવાસ-પ્રવાસ કે સ્થિરતાને પ્રદર્શિત કરે છે.
3. દશકુમારચરિતના છઠ્ઠા ઉચ્છ્વાસનો ગોમિનીવૃત્તાન્ત પણ કાવેરી નદીના કિનારે રહેતા દક્ષિણાત્ય અને કરકસરપૂર્ણ જીવન જીવતા કુટુંબનો પરિચય છે. તે પણ દંડી દક્ષિણના હોવાનું જણાવે છે.
4. કાવ્યાદર્શને આધારે દંડીએ 12 વર્ષ જેટલો સમય રખડું જીવન ગાળ્યું એ જાણી શકાય છે. વળી, દશકુમારચરિતમાં એનું પ્રતિબિંબિત થાય છે. જેમ કે, કુકડાનું યુદ્ધ, જંગલની મુસાફરી, ઢોંગી સાધુ-બાવાઓ, જાદુગરો, ચોર - લૂંટારા અને વેશ્યાઓનાં વર્ણનો છે. આ બધું પણ દંડીનું દાક્ષિણાત્ય અને રખડું જીવન દર્શાવે છે.
5. દશકુમારચરિતના પ્રથમ શ્લોકને આધારે દંડી વિષ્ણુભક્ત હશે એમ કહી શકાય પણ અન્યત્ર તેમણે કરેલી શિવસ્તુતિને આધારે તેઓ શિવભક્ત પણ હશે, એમ માનવું રહ્યું.
6. દશકુમારચરિતમાં ઘણે સ્થાને રાજકીય ખટખટો અને રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ વર્ણવાયો છે. એ જોતાં તેઓ રાજયાશ્રિત કવિ હતા એ તો સ્પષ્ટ થાય જ છે.
7. દશકુમારચરિત અને અન્ય કૃતિઓમાં જોવા મળતા વેદો, ઉપનિષદો, ધર્મશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, જ્યોતિષ, ખગોળ અને પાકશાસ્ત્રના તેમજ કામશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના ઉલ્લેખો તેમજ પૌરાણિક સન્દર્ભો તેમના સાર્વત્રિક પ્રવાસ અને ઠેકઠેકાણેથી ઉપાર્જિત કરેલા જ્ઞાનનો ઉલ્લેખ કરે છે.

ટૂંકમાં, દંડી બહુમુખી પ્રતિભાસમ્પન્ન કવિ હતા. તેઓ સાહસિક, નિખાલસ, પુરુષાર્થવાદી છતાં દૈવવાદી અને આશાવાદી તેમજ હળવી હાસ્યવૃત્તિ ધારક કવિ હતા.

## 13.4 દંડીનો સમય :

બહુમુખી પ્રતિભાવાળા અને સર્વત્ર પરિભ્રમણ કરેલા દંડીના સમય વિશે કોઈક ચોક્કસ કાળ નક્કી કરવો ઘણો મુશ્કેલ છે. તેમ છતાં ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોના કેટલાક મતો અત્રે પ્રસ્તુત છે, જેના આધારે કોઈક પ્રકારે સમયનિર્ધારણ થઈ શકે.

1. પ્રો. અગાશે કહે છે કે દંડી 11મી સદીમાં થયા હશે.
2. પ્રો. ડી.કે. ગુપ્તા અને શ્રી બલદેવ ઉપાધ્યાય કહે છે કે દંડી કાં તો 7મી સદીમાં અથવા 8મી સદીના આરંભે થયા હશે.
3. પ્રો. પી.વી.કાણે, શ્રી કૃષ્ણમાચારિયર અને શ્રી યાકોબી કહે છે કે દંડી 7મી સદીના ઉત્તરાર્ધમાં થયા હશે.
4. શ્રી એમ.આર.કાળે, શ્રી ભોલાશંકર વ્યાસ અને શ્રી આર.સી. દત્ત માને છે કે દંડી 6ઠ્ઠી સદીના ઉત્તરાર્ધે અને 7મી સદીના પ્રારંભે થયા હશે.

5. શ્રી મેકડોનાલ, મેક્સમ્યુલર અને સી. કુન્હન રાજા માને છે કે દંડી તો 6ટ્ઠી સદીમાં થઈ ગયા હશે.

6. શ્રી જયશંકર ત્રિપાઠી તો એમ કહે છે કે દંડી ઈ.સ. 500 થી 550 દરમિયાન થયા હશે.

ઉપર્યુક્ત બધાં જ મતો ભિન્ન-ભિન્ન છે. આથી તેના સમયની સત્યાસત્યતા સિદ્ધ કરવા કોઈક પુરાવાઓને આધારે ભારતીય વિદ્વાનોએ તેની પૂર્વ-મર્યાદા અને ઉત્તર-મર્યાદા નક્કી કરી છે. તેને આધારે દંડીનો સમય નીચે મુજબ કહી શકાય.

### 13.4.1 પૂર્વ-મર્યાદા :

1. કાવ્યાદર્શમાં દંડીએ 'સેતુબન્ધ' કાવ્યનો ઉલ્લેખ કર્યો છે. પ્રવરસેનનું આ સેતુબન્ધ કાવ્ય પાંચમી સદીનું છે. માટે દંડીનો સમય પણ 5મી સદી માની શકાય. જેમ કે,

   महाराष्ट्रश्रयां भाषां प्रकृष्टं प्राकृतं विपुः ।

   सागरः सूक्तिरत्नानां सेतुबन्धादि यन्मयम् ॥

   (काव्यादर्श - 2:34)

2. કાવ્યાદર્શમાં કાલિદાસના 'શાકુન્તલ'ના કેટલાક શબ્દો પણ સીધા પ્રયોજાયેલા જોઈ શકાય છે માટે દંડી કાલિદાસની જેમ ચોથી સદીમાં થયા હશે. (જોકે કાલિદાસને પહેલી સદીમાં પણ માનવામાં આવે છે.)

   लक्ष्म लक्ष्मी तनोतीति प्रतीतिसुभगं वचः ।

   (काव्यादर्श - 1-45-8)

3. કાવ્યાદર્શમાં એક પ્રહેલિકામાં કાંચી અને પલ્લવરાજાનો ઉલ્લેખ કર્યો છે. એમ કાવ્યાદર્શના ટીકાકાર વાચસ્પતિ નોંધે છે. માટે દંડી પલ્લવરાજ પછી થયા હશે એમ માનવું રહ્યું.

### 13.4.2 ઉત્તર-મર્યાદા :

1. કવિ રાજેશ્વર 'त्रयो दण्डिप्रबन्धाश्च त्रिषु लोकेषु विश्रुताः' એમ કહીને દંડીને 10મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા માને છે.

2. નવમી સદીમાં સેનરાજાએ સિંહાક્ષી ભાષામાં 'स्वभाषालंकारः' (सियर-वस-लकार) નામે ગ્રન્થ રચ્યો છે. તેના ઉપર કાવ્યાદર્શનો વિશેષ પ્રભાવ છે. માટે દંડીને નવમી સદી પૂર્વે થયેલા માનવા રહ્યા.

3. 'કવિરાજમાર્ગ' એ નામનો એક કન્નડભાષામાં લખાયેલો અલંકારનો ગ્રંથ છે. તે પણ કાવ્યાદર્શને આધારે રચાયો છે. તેના કર્તા રાજા નૃપતુંગ 815થી 875માં થયા હતા. માટે દંડી તે પહેલાં થયા હશે.

4. કાવ્યાદર્શમાં કાંચી અને પલ્લવરાજાઓનો ઉલ્લેખ છે. આઠમી સદીના ઉત્તરાર્ધમાં આ રાજાઓનું પતન થયું, માટે દંડી તે પહેલાં થયા હશે, એમ કહી શકાય.

5. દંડીના કાવ્યાદર્શ અને વામનના કાવ્યાલંકારની તુલના થઈ છે. વામનનો સમય આઠમી સદીનો ઉત્તરાર્ધ છે. માટે દંડી તે પહેલાં થયા એમ વિદ્વાનો માને છે.
6. અવન્તિસુંદરીકથામાં લખ્યું છે કે વિક્રમાદિત્યે આક્રમણ કર્યું ત્યારે દંડીએ કાંચી ઈ.સ. 655માં છોડી દીધું હતું. ત્યારબાદ પલ્લવનરેશ નરસિંહ વર્માએ 12 વર્ષ પછી ઈ.સ. 667માં કાંચી પાછું મેળવ્યું. ત્યારે દંડી ફરી કાંચી પાછા ગયા હતા. આ જોતાં દંડીનો સમય સાતમી સદીનો ઉત્તરાર્ધ થયો.
7. કાવ્યાદર્શમાં પલ્લવનરેશ રાજયવર્માનો ઉલ્લેખ છે. પ્રો. બેલવેલકર એમ માને છે કે આ રાજવર્મા એટલે જ નરસિંહ વર્મા, અને તેનો સમય ઈ.સ. 690 થી 715નો છે. માટે દંડી આ સમયે થયા હશે.
8. દક્ષિણ ભારતમાં એક વિજજકા નામે કવયિત્રી થઈ ગઈ. આ વિજજકાએ દંડીનો ઉલ્લેખ કર્યો છે. આચાર્ય મમ્મટ અને મુકુલભટ્ટ આ વિજજકાના શ્લોકો પોતાની કૃતિમાં ઉદ્ધૃત કરે છે. આ વિજજકા ઈ.સ. 660માં થયેલા પુલકેશી બીજાના પુત્ર ચન્દ્રાદિત્યની પત્ની વિજયભટ્ટરિકા છે. આ જોતાં દંડીનો પણ આ જ સમય હોઈ શકે છે.

આમ, પૂર્વમર્યાદા અને ઉત્તરમર્યાદાના આધારે દંડીનો સમય ઈ.સ. 500થી 650નો માનવો રહ્યો.

## 13.5 દંડીની કૃતિઓ :

કાવ્યાદર્શ અને દશકુમારચરિત એ બે દંડીની ખ્યાત અને પ્રધાનકૃતિઓ છે. તે છતાં કેટલીક અન્ય કૃતિઓને પણ દંડીની માનવામાં આવે છે. જેનો કોઈ ઠોસ આધાર-પુરાવો નથી. છતાં પરંપરાથી એમ મનાય છે. આ કૃતિઓનો પણ અલ્પાંશે પરિચય કરવો રહ્યો.

**1. छन्दोविच्छितः ।**

દંડીએ કાવ્યાદર્શમાં આ 'छन्दोविच्छति' નો ઉલ્લેખ કર્યો છે. આ આધારે યાકોબી, પીટરસન અને પ્રેમચન્દ્ર જેવા વિદ્વાનો તેને સ્વતંત્ર ગ્રન્થ ગણીને દંડીની રચના માને છે. પીટરસન તેને કાવ્યાદર્શનું પરિશિષ્ટ ગણાવે છે પરન્તુ આવો કોઈ ગ્રન્થ આજે ઉપલબ્ધ નથી.

**2. कलापरिच्छेदः ।**

કાવ્યાદર્શમાં 'कलापरिच्छेदे रुपम् आविर्भविष्यति' એવો એક ઉલ્લેખ છે. આના આધારે કેટલાક વિદ્વાનો 'કલા પરિચ્છેદ'ને સ્વતન્ત્રગ્રંથ માને છે. પરન્તુ આવો કોઈ ગ્રન્થ ઉપલબ્ધ નથી. છેવટે દંડી આખું કોઈક પ્રકરણ લખવા માગતા હશે, એમ વિદ્વાનોએ મન મનાવ્યું છે.

**3. मृच्छकटिकम् ।**

પિશેલ નામના વિદ્વાન મૃચ્છકટિકને દંડીની રચના ગણાવે છે. કેમ કે, કાવ્યાદર્શ અને મૃચ્છકટિક બન્નેમાં એક ખ્યાત શ્લોક 'लिम्पतीव तमोऽगानि' જોવા મળે

છે. વળી, કાવ્યાદર્શ અને મૃચ્છકટિકની સામાજિક સ્થિતિ પણ એક સરખી જોઈ શકાય છે. તેમ છતાં મૃચ્છકટિક દંડીએ પણ લખ્યું હશે એમ વિદ્વાનો માની શકતા નથી.

**4. मल्लिकामारुतम्**

કેટલાક વિદ્વાનો मल्लिकामारुत् નાટકને દંડીનું માને છે. પરન્તુ આ તો 15મી સદીમાં લખાયેલું મલબારી કવિ રંગનાથનું નાટક છે. માટે આ વાતમાં કોઈ તથ્ય નથી. જોકે આવું માનવા પાછળ તેમાં જોવા મળતું દશકુમારચરિતનું સામ્ય જવાબદાર છે.

**5. अवन्तिसुन्दरीकथा ।**

મોટાભાગના ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો આ કૃતિને દંડીની રચના માને છે. શ્રી પી.વી.કાણે, શ્રી એમ.આર.કાળે, કૃષ્ણમાચારીયર, બલદેવ ઉપાધ્યાય, અને શ્રી ગુપ્તા વગેરે તેને દંડીની ત્રીજી ખ્યાતકૃતિ માને છે. કેમ કે, त्रयो दण्डिः प्रबन्धाः તો જ સિદ્ધ થાય એમ છે.

**6. दशकुमारचरितम् ।**

दशकुमारचरितम् એ દંડીની એવી ખ્યાતનામ કૃતિ છે કે જેનાથી તેઓ વિશ્વવિખ્યાત અને વિશ્વવન્દ્ય બન્યા છે. તેની રચનાચાતુરી અને વૈદર્ભીશૈલીનો અદ્ભુત સમન્વય સૌ કોઈને મનભાવન બન્યો છે. તેની બૃહદ્કાયતાને જોતાં તેને ત્રણ ભાગમાં વિભક્ત જોઈ શકાય છે. (1) પૂર્વપીઠિકા (2) મૂળ દશકુમાર ચરિત અને (3) ઉત્તરપીઠિકા.

## (1) પૂર્વપીઠિકા (ઉચ્છ્વાસ 1 થી 5)

### ★ ઉચ્છ્વાસ : 1 (कुमारोत्पत्तिः)

મગધદેશમાં પુષ્પપુરી નામની રાજધાનીમાં રાજહંસ રાજા અને વસુમતી રાણી હતાં. ધર્મપાલ, પદ્મોદ્ભવ અને સિતવર્મા આ ત્રણ રાજાના મન્ત્રીઓ હતા. તેમાં ધર્મપાલને ક્રમશઃ ત્રણ પુત્રો (1) સુમન્ત્ર (2) સુમિત્ર અને (3) કામપાલ હતા. પદ્મોદ્ભવ મંત્રીના પુત્રનું નામ સુશ્રુત હતું. એક મંત્રી રત્નોદ્ભવનો પુત્ર સુમતિ અને સિતવર્માનો પુત્ર સત્યવર્મા હતો. આ બધામાં કામપાલ દુર્ગુણી અને રખડુ હતો.

એકવાર રાજહંસે માલવાના રાજા માનસર સાથે યુદ્ધ કર્યું. તેમાં હારેલો તે પત્ની અને મંત્રીઓ સાથે વિન્ધ્યપર્વતમાં વામદેવ મુનિના આશ્રમે ગયો. ત્યાં રાણીને પુત્ર જન્મ્યો. સુમતિને પ્રમતિ, સુમન્ત્રને મિત્રગુપ્ત, સુમિત્રને મંત્રગુપ્ત અને સુશ્રુતને વિશ્રુત એમ ચાર પ્રધાનપુત્રો પણ જન્મ્યા. રાજહંસના મિત્ર પ્રહારવર્માનો પુત્ર ઉપહારવર્મા અને અપહારવર્મા પણ ત્યાં આવ્યા. મંત્રી રત્નોદ્ભવનો દરિયામાં જન્મેલો પુત્ર પુણ્યોદ્ભવ પણ રાજા રાજહંસ પાસે આવ્યો. મંત્રી કામપાલનો એક પુત્ર અર્થપાલ અને સત્યવર્માનો પુત્ર સોમદત્ત પણ રાજાને આવી મળ્યો.

આમ, મુખ્ય રાજકુમાર રાજવાહન અને નવ પ્રધાનપુત્રો પ્રમતિ, મિત્રગુપ્ત,

મંત્રગુપ્ત, વિશ્રુત, ઉપહારવર્મા, અપહારવર્મા, પુષ્પોદ્ભવ, અર્થપાલ અને સોમદત્ત એમ કુલ દસેય કુમારોનો ઉછેર એકસાથે થયો. તે સૌ સાથે વિદ્યા, કલા અને સંસ્કારમાં પ્રવીણ બન્યા.

### ★ ઉચ્છ્વાસ - 2 (द्विजोपकृतिः)

મુનિ વામદેવની સલાહથી રાજહંસે દસેય કુમારોને દિગ્વિજય માટે મોકલ્યા. તેઓ વિન્ધ્યવનમાં ગયા ત્યાં રાજવાહનને મતંગ નામનો બ્રાહ્મણ મળ્યો. તેને મદદ કરવા રાજવાહન તેની સાથે પાતાળમાં ગયો. આ બાજુ રાજવાહનને ન જોતાં નવે કુમારો જુદી-જુદી દિશામાં ગયા. બહાર આવેલો રાજવાહન ઉજ્જયિની ગયો. ત્યાં તેને સોમદત્ત મળ્યો અને તેણે પોતાની સાહસકથા શરૂ કરી.

### ★ ઉચ્છ્વાસ - 3 (सोमदत्तचरितम्)

ઉજ્જયિનીના રાજા વીરકેતુની પુત્રી વામલોચના અતિસુંદર હતી. તેને પામવા લાટદેશના રાજા મત્તકાલે વીરકેતુ ઉપર ચડાઈ કરી. સોમદત્તે વીરકેતુનો પક્ષ લઈ મત્તકાલને મહાત્ત કર્યો અને વામલોચનાને રાજ્ય સાથે પ્રાપ્ત કરી. આ વાત ચાલતી હતી, ત્યાં જ પુષ્પોદ્ભવ આવ્યો. રાજવાહને તેને પૂછતાં તેણે પોતાની સાહસકથા શરૂ કરી.

### ★ ઉચ્છ્વાસ - 4 (पुष्पोद्भवचरितम्)

રાજવાહનને શોધતો પુષ્પોદ્ભવ એક પર્વત પાસે આરામ કરતો હતો ત્યારે નીચે પડતા એક માણસને બચાવ્યો, જોયું તો તે તેના પિતા રત્નોદ્ભવ હતા. એવી જ રીતે થોડા સમયમાં માતાને પણ તે બચાવે છે. માતા-પિતાને આશ્રમમાં મૂકી તે માળવા ગયો. ત્યાંના વેપારી બંધુપાલ સાથે તેની મિત્રતા થઈ. બંધુપાલની લાવણ્યવતી કન્યા બાલચંદ્રિકાને માલવરાજ ચંડવર્માનો ભાઈ દારુવર્મા પરાણે પરણવા માગતો હતો. પુષ્પોદ્ભવે તેને યુક્તિથી મારી બાલચન્દ્રિકાને પરણ્યો અને એક જયોતિષીની સલાહ મુજબ રાજવાહન સાથે તેની મુલાકાત થઈ.

### ★ ઉચ્છ્વાસ - 5 (अवन्तिसुन्दरीचरिणयः)

પુષ્પોદ્ભવ અને રાજવાહન ઉજ્જયિનીમાં હતા. ત્યાં જ અનેકવાર રાજવાહને પોતાના પિતાના દુશ્મન માનસારની પુત્રી અવન્તિસુંદરિને જોઈ. બન્ને પરસ્પર આકર્ષાયાં. માનસાર પુત્ર દર્પસારને રાજ્ય સોંપી હિમાલય તપ કરવા ગયો ત્યારે એક જાદુગરની મદદથી રાજવાહને અવન્તિસુન્દરી સાથે લગ્ન કરી લીધાં. બન્ને સુખેથી અન્તઃપુરમાં રહેવા લાગ્યાં.

## (2) મૂળ દશકુમારચરિત (ઉચ્છ્વાસ 1 થી 8)

### ★ ઉચ્છ્વાસ - 1 (राजवाहनचरितम्)

અન્તઃપુરમાં છૂપાઈને રહેતો રાજવાહન એકવાર પકડાઈ ગયો. માનસારના પિતરાઈ ચંડવર્માએ તેનો શિરચ્છેદ કરવા હુકમ કર્યો. પણ માનસારે જ તેને બચાવી પાંજરે પૂર્યો. એકવાર ચંડવર્માએ અંગદેશના રાજા સિંહવર્મા ઉપર ચડાઈ કરી. ત્યારે બંદી અવસ્થામાં રાજવાહનને લઈ જવાતો હતો. છેવટે તેને હાથીના પગ તળે કચડવાની પિંજરામાંથી મુક્ત કરાયો, પણ ત્યાં તો તેના પગની બેડી અપ્સરા બની ગઈ. બીજી

બાજુ તેના મિત્ર અપહારવર્માએ ચંડવર્માને મારી નાંખ્યો. થોડીવારમાં છૂટા પડેલા બીજા કુમારો ત્યાં પહોંચ્યા અને રાજવાહનને વૃત્તાન્ત સંભળાવ્યો. હવે બાકીના કુમારો પણ ક્રમશઃ પોતાના વૃત્તાન્ત કહેવા લાગ્યા.

### ★ ઉચ્છ્‌વાસ - 2 (अपहारवर्माचरितम्)

રાજવાહનની શોધમાં નીકળેલા અપહારવર્માને મરીચિ ઋષિએ ચંપાનગર જવા કહ્યું. ત્યાં વિમર્દક સાથે મિત્રતા થઈ. તેને કામમંજરીએ નિર્ધન કરેલો. તેનો અપહારવર્માએ મદદનું વચન આપ્યું. એકવાર અપહારવર્માની મુલાકાત કુબેરદત્તની પુત્રી કુલપાલિકા સાથે થઈ. પિતા તેને અર્થપતિ સાથે પરણાવવા માગતો હતો પણ કુલપાલિકા પ્રેમી ધનમિત્રને ચાહતી હતી. અપહારવર્માએ મદદ કરી તેને અને ધનમિત્રને લગ્ન કરાવી આપ્યાં. અને કુબેરદત્ત તથા અર્થપતિનું ધન ચોરી લીધું. વળી, ધનમિત્ર પાસે જાદુઈ કોથળી છે તેવી અફવા ફેલાવી અને કામમંજરીની નાની બહેન રાગમંજરીના પ્રેમમાં પડ્યો. કામમંજરીએ વિમર્દકને તેનું ધન પાછું આપ્યું અને કામમંજરીને આ કોથળી અર્થપતિએ આપી છે એમ કહી રાજા દ્વારા દેશનિકાલ કરાવ્યો. ત્યારબાદ એકવાર મદિરાપાન કરવા બદલ અપહારવર્માને જેલ થઈ. જેલના અધિકારીને કાનિકને તેણ ખોટું કહ્યું કે અંગદેશની રાજકુમારી અંબાલિકા તેને ચાહે છે. તેની પાસે સુરંગ ખોદાવી તે પોતે અંબાલિકા પાસે પહોંચ્યો. તેને અંબાલિકા પણ મળી અને અહીં આવી રાજવાહન પણ મળ્યો.

### ★ ઉચ્છ્‌વાસ - 3 (उपहारवर्माचरितम् ।)

ઉપહારવર્મા રાજવાહનને શોધતો વિદેહદેશમાં ગયો. ત્યાં તેને ખબર પડી કે પોતાના પિતરાઈ ભાઈ વિકટવર્માએ તેના માતા-પિતાને કેદ કર્યા છે. ઉપહારવર્માએ પોતાની ધાત્રીની દીકરી પુષ્પરિકા દ્વારા વિકટવર્માની રાણી કલ્પસુંદરીનો વિશ્વાસ જીતી લીધો. વળી, રાજાને તેના કુરૂપને ત્યજી સુંદર શરીર માટેના ચમત્કારિક વિધિ માટે સમજાવ્યો. વિકટવર્માએ હા પાડી અને ઉપહારવર્માએ તેને હણી નાંખ્યો. પોતે જ સીરૂપ વિકટવર્મા છે, એમ કહી ગાદીએ બેઠો અને રાણીને પોતાની કરી. માતા-પિતાને પણ કેદમુક્ત કર્યાં. પિતાને રાજા બનાવી પોતે યુવરાજ બન્યો. જયારે ચંડવર્માએ પિતાના મિત્ર સિંહવર્મા ઉપર આક્રમણ કર્યું ત્યારે મદદ કરવા ગયેલા તેને રાજવાહનનો ભેટો થયો.

### ★ ઉચ્છ્‌વાસ - 4 (अर्थपालचरितम्)

રાજવાહનને શોધવા કાશી પહોંચેલા અર્થપાલને પૂર્ણભદ્ર નામનો એક દુઃખી વૃદ્ધ મળ્યો. તેણે અર્થપાલને કાશીરાજના મંત્રી તારાવલી યક્ષિણીના પતિ અને તેના પિતા કામપાલની વાત કરી. અર્થપાલના પિતા કામપાલને નવા રાજા સિંહ ઘોષે મૃત્યુદંડની સજા આપવી, કારાવાસમાં પૂર્યા હતા. અર્થપાલે પિતાને છોડાવવા યુક્તિ કરી. જ્યારે પિતાને વધસ્તંભે લઈ જતા હતા ત્યારે એક ઝેરી સાપ તેમના પર ફેંક્યો. પિતાને સાપ કરડ્યો. તે નિશ્ચેતન થઈ ઢળી પડ્યા. અર્થપાલે રાજા પાસેથી પિતાનું શબ લઈ લીધું અને ઝેર ઉતારવાની પોતાની વિદ્યાથી તેમને પુનઃજીવંત કર્યા. ત્યારબાદ સુરંગ માર્ગે મહેલમાં જઈ રાજાનો વધ કર્યો અને તેની રાજકુમારી મણિકર્ણિકા સાથે લગ્ન કર્યું. પછી તે અંગરાજને મળવા આવ્યો ત્યાં રાજવાહન મળ્યો.

### ★ ઉચ્છ્વાસ - 5 (प्रमतिचरितम्)

રાજવાહનની શોધમાં પ્રમતિ વિન્ધ્યાચળના જંગલોમાં પહોંચ્યો. એક વૃક્ષ નીચે સૂતેલા તેણે સ્વપ્નમાં અદ્દ્ભુત સુંદરી જોઈ. તેના માટે વિરહવ્યાકુળ હતો ત્યાં જ એક સ્ત્રી ત્યાં આવી. તે સ્ત્રી કામપાલની પત્ની તારાવલી નામની યક્ષિણી હતી. તેણે કહ્યું કે સ્વપ્નમાં મેં જ તને શ્રાવસ્તીના રાજા ધર્મવર્ધનની પુત્રી નવમાલિકાનાં દર્શન કરાવ્યાં હતાં. પ્રમતિ હવે શ્રાવસ્તી જવા નીકળ્યો. રસ્તામાં કૂકડાના યુદ્ધ વખતે બ્રાહ્મણની દોસ્તી થઈ. બન્નેએ મળી યોજના કરી. બ્રાહ્મણે પ્રજાતિને યુવતીવેશ પહેરાવી દીકરી તરીકે રાજા ધર્મવર્ધનને ત્યાં અંતઃપુરમાં થાપણ તરીકે મૂક્યો. રાજાએ આશ્રય આપ્યો. પ્રજાતિએ યુવતી વેશે થાપણ તરીકે મૂક્યો. રાજાએ આશ્રય આપ્યો. પ્રમતિએ યુવતીવેશે રાજકુમારી નવમાલિકાનો સ્નેહ સંપાદન કર્યો. એક દિવસ પ્રમતિ નીકળી ગયો અને બ્રાહ્મણ સાથે જમાઈ રૂપે આવ્યો અને રાજા પાસે પોતાની પત્ની અને બ્રાહ્મણની દીકરી માગી. અન્તઃપુરમાં દીકરી તો હતી નહીં. છેવટે રાજાએ વચન રાખવા પોતાની દીકરી નવમાલિકા તેને પરણાવી. તે જયારે સિંહવર્માને મદદ કરવા જતો હતો ત્યારે રાજવાહન મળ્યો.

### ★ ઉચ્છ્વાસ - 6 (मित्रगुप्तचरितम्)

મિત્રગુપ્ત રાજવાહનની શોધમાં સુહ્મદેશના દામલિપ્ત નગરમાં પહોંચ્યો. રાજા તુંગધન્વાની દીકરી કુન્દુકાવતીની કન્દુકક્રીડા વખતે જ તે તેના પ્રેમમાં પડ્યો. કંદુકાવતીના ભાઈ ભીમધન્વાને ખબર પડતા તેને મિત્રગુપ્તને બેડીઓમાં જકડી સમુદ્રમાં ફેંકી દીધો. તેને યવનોના વહાણે બચાવ્યો. ત્યાં અચાનક બીજા ચાંચિયાઓના વહાણે તેમના ઉપર હૂમલો કર્યો. મિત્રગુપ્તે તેમને હરાવ્યા અને વહાણનાયકને પકડ્યો તો, એ તો પેલો ભીમધન્વા હતો. તેને બંદી બનાવ્યો. તોફાની પવનથી વહાણ એક મોટા બેટ સાથે અથડાયું. સવારે ફળફૂલની ઇચ્છાથી નીચે ઉતરેલા મિત્રગુપ્તને બ્રહ્મરાક્ષસે પકડ્યો. તેને ચાર પ્રશ્નો પૂછ્યા અને જવાબમાં મિત્રગુપ્તે ધૂમિની, ગોમિની, નિમ્બવતી અને નિતમ્બવતીની ચાર વાર્તાઓ કહી. એટલામાં આકાશમાં એક રાક્ષસ કોઈ કન્યાને લઈને જતો હતો. તેને છોડાવવા બ્રહ્મરાક્ષસ દોડ્યો. બન્ને ટકરાયા અને કન્યા નીચે પડી. મિત્રગુપ્તે તેને પકડી લીધી. એ કન્યા કન્દુકાવતી હતી. તે તેની સાથે નગરમાં આવ્યો અને બન્નેનાં લગ્ન થયાં. તે સિંહવર્માને મળવા જતો હતો ત્યાં જ રાજવાહન મળી ગયો.

### ★ ઉચ્છ્વાસ - 7 (मन्त्रगुप्तचरितम्)

રાજવાહનને શોધતો મન્ત્રગુપ્ત કલિંગ દેશમાં પહોંચ્યો. ત્યાં સ્મશાનમાં તેણે એક સિદ્ધને સુન્દર કન્યાનું બલિદાન આપતો જોયો. તેણે સિદ્ધને મારીને કન્યાને બચાવી લીધી. આ કન્યા કલિંગરાજા કર્દનની પુત્રી કનકલેખા હતી. પોતાને બચાવનાર મન્ત્રગુપ્તને તેણે અન્તઃપુરમાં છૂપા વેશે આગ્રહ કરી પ્રેમવશ રાખ્યો. એકવાર આન્ધ્રનરેશ જયસિંહે ચડાઈ કરી કલિંગનરેશ, રાણી અને રાજકુમારી ત્રણેયને ઊઠાવી ગયો. મન્ત્રગુપ્ત આન્ધ્ર ગયો. આન્ધ્રનરેશ સ્વયં કનકલેખાને પરણવા માગતો હતો, પણ તેના પર યક્ષપ્રભાવ હોવાથી તે સફળ થતો ન હતો. મન્ત્રગુપ્ત આ તકનો લાભ લેવા ચમત્કારિક સાધુ બની મહેલ નજીક સરોવરની પાસે રહેવા લાગ્યો. રાજા જયસિંહ તેની પાસે આવ્યો. મન્ત્રગુપ્તે મધરાતે સરોવરમાં ડૂબકી મારી યક્ષપ્રભાવ નષ્ટ કરવાનો ઉપાય રાજાએ બતાવ્યો. રાજાએ એમ કર્યું ત્યારે મન્ત્રગુપ્તે તેને સરોવરમાં જ મારી પોતે જયસિંહના નવા રૂપે બહાર

આવી કનકલેખાને મુક્ત કરી. વળી આન્ધ્ર અને કલિંગ બન્ને રાજ્ય પણ મેળવ્યાં. જ્યારે તે અંગરાજને મળવા જતો હતો ત્યારે તેને રાજવાહન મળ્યો હતો.

(આ ઉચ્છ્‌વાસની એક વિશેષતા એ છે કે તેમાં કનકલેખાના નિબિડ આશ્લેષપૂર્ણ ચુંબનથી મન્ત્રગુપ્તના બન્ને ઓષ્ટ (હોઠ) કપાઈ ગયા. આથી તેણે પ, ફ, બ, ભ અને મ એવા ઓષ્ટ્યવર્ણો વિના જ આખો વૃત્તાન્ત રજૂ કર્યો છે. આ દંડીનું ઉત્કૃષ્ટકવિકર્મ છે.)

★ **ઉચ્છ્‌વાસ - 8 (વિશ્રુતચરિતમ્)**

રાજવાહનની શોધમાં વિશ્રુત વિન્ધ્યાટવીમાં ફરે છે. તેણે એક બાળકને કૂવા પાસે જોયો. કૂવામાં એક વૃદ્ધ પડી ગયો હતો. તેને બહાર કાઢ્યો. તે નાલીજંઘ હતો અને બાળક વિદર્ભ નરેશ અનન્તવર્માનો પુત્ર ભાસ્કરવર્મા હતો. એકવાર અશ્મકદેશના રાજા વસન્તભાનુ એ અનન્તવર્માને મારી રાજ્ય લઈ લીધું. તે કુમારને પણ મારવા માગતો હતો, પણ રાણીએ વિશ્વાસુ નાલીજંઘ પાસે ભાસ્કરવર્માને મોકલી દીધો. વિશ્રુતે તેને દૂરના સગારૂપે મદદ કરવાનું નક્કી કર્યું અને નાલીજંઘની મદદથી માહિષ્મતી નગરી પહોચી પ્રચંડવર્માનો પણ વધ કર્યો. છેવટે દુર્ગામંદિરમાં સંતાડી રાખેલા કુમારને બહાર કાઢી દેવીએ જ કુમારને પાછો આપ્યો છે એમ કહી ભાષ્કરવર્માને માહિષ્મતી નગરીનો રાજા બનાવ્યો અને પોતે તેનો વફાદાર પ્રધાન બન્યો.

**(3) ઉત્તરપીઠિકા :**

ઉત્તરપીઠિકામાં વિશ્રુત વિદર્ભ દેશ પચાવી રહેલા રાજા વસન્તભાનુને મારવાનો અને રાજ્ય ભાસ્કરવર્માને પાછું આપવાનો નિશ્ચય કરે છે. તેણે એ મુજબ વસન્તભાનુને મારી ભાસ્કરવર્માને પૈતૃકરાજ્ય પાછું આપ્યું. હવે રાજવાહનને મળવા નીકળ્યો. ત્યાં સિંહવર્માએ મદદ માંગી અને અચાનક જ ત્યાં રાજવાહન મળ્યો.

બીજી બાજુ દશેય કુમારોના દિગ્વિજયના કોઈ સમાચાર ન હોવાથી રાજા રાજહંસ દુઃખી હતો પરંતુ મુનિ વામદેવે તેને કહેલું કે સોળ વર્ષે બધા પાછા ફરશે. સમય જતાં વામદેવે કહ્યું રાજા આપણા કુમારો ચાંપાનગરીમાં છે અને સુરક્ષિત છે. રાજાએ દૂત મોકલી રાજકુમારોને પાછા બોલાવ્યા, બધાયે રાજકુમારો પોતાની નગરીમાં પાછા ફર્યા અને સુખપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યા.

આમ, આ ઉત્તરપીઠિકાથી અધૂરું દશકુમારચરિત પૂર્ણ થાય છે.

## 13.6 તમારી પ્રગતિ ચકાસો

1. દંડીના જીવનવિશેની કોઈપણ બે કિવદંતીઓ જણાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

2. દંડીના જીવનનો ટૂંક-પરિચય તેની કૃતિઓના પ્રમાણો મુજબ આપો.

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

3. દંડીને વિદ્વાનો કયા સમયના ગદ્યકાર માને છે ? તે જણાવો.

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

4. त्रयो दण्डी प्रबन्धाः એટલે કયા ત્રણ ગ્રંથો ?

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

5. દશકુમારચરિતમાં કેટલા કુમારોની વાત છે ? કોઈપણ પાંચનાં નામ જણાવો.

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

6. દશકુમારચરિતને કયા ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલ છે ?

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

7. દશકુમારચરિતના છઠ્ઠા ઉચ્છ્વાસનું નામ જણાવો.

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

8. કૂકડાઓનું યુદ્ધ દશકુમારચરિતના કયા ઉચ્છ્વાસમાં આવે છે ?

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

9. બ્રહ્મરાક્ષસને કોણે કેટલી વાર્તાઓ કહી હતી ?

.......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................

10. દશકુમારનું કયું ચરિત્ર ઓષ્ટવર્ણો વિના જ લખાયેલું છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

11. દશેય રાજકુમારો છેવટે કયા નગરમાં ભેગા થયા હતા, જ્યારે તેમને પિતાએ સંદેશો મોકલ્યો ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

12. અપહારવર્માને છેવટે કઈ રાજકુમારી મળી ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

13. દશકુમારચરિતમાં ઉત્તરપીઠિકાનો હેતુ શો છે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

.........................................................

14. દંડીના જીવનનો ગુજરાત પ્રદેશ સાથે શો નાતો છે ?

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

15. દશકુમારચરિતમાં કયો રાજકુમાર પાતાળમાં ગયો ?

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

★ ★ ★

BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય

SKTMN-101

## વિભાગ-4 દશકુમાર રચિત : ઉચ્છ્વાસ –૬ ગોમિની અને નિમ્બવતી કથા


એકમ : 14

દશકુમારચરિતનો પરિચય

એકમ : 15

ગોમિની કથા મૂળપાઠ

એકમ : 16

નિમ્બવતી કથા મૂળપાઠ

એકમ : 17

સમીક્ષાત્મક પ્રશ્નો

એકમ ૧૪

# દશકુમારચરિતનો પરિચય

## રૂપરેખા

૧૪.૦ ઉદ્દેશ
૧૪.૧ પ્રસ્તાવના
૧૪.૨ દંડીનું જીવન
૧૪.૩ દંડીની કૃતિઓ અથવા કવન
૧૪.૪ દંડીનો સમય
૧૪.૫ દશકુમારચરિતમ્‌નો સાહિત્ય પ્રકાર
૧૪.૬ 'દશકુમારચરિતમ્' – શીર્ષક
૧૪.૭ દશકુમારોનો ટૂંકમાં ...રિચય
૧૪.૮ દશકુમારચરિતમ્ – ટૂંકમાં ...રિચય
૧૪.૯ તમારી પ્રગતિ ચકાસો

### ૧૪.૦ ઉદ્દેશ :

- આ કથાઓ મારફત સંસ્કૃત વાર્તાનો ગદ્ય વૈભવ માણીશું.
- આ કથાઓમાં શુદ્ધ મનોરંજન મુખ્ય છે, તે જાણી શકશો.
- દંડીનો પ્રયત્ન કોઈ આદર્શ, સિદ્ધાંત કે નીતિ આલેખવાનો નથી, તે જોઈ શકાશે.
- ધર્મના અચંબા વગરનું શુદ્ધ કથાનક આ કથાઓમાં રજૂ થયું છે.
- મનોરંજન સાથે કુતુહલ – રહસ્ય – વાર્તાફલમાં ભાવક તરીકે પસાર થવું ગમશે.
- આ માટે થોડો પ્રારંભિક પરિચય અનિવાર્ય શરત છે. તે જોઈએ –

### ૧૪.૧ પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્યમાં સાહસકથાઓ તરીકે 'દશકુમાર ચરિત' લોકપ્રિય બન્યું છે. આ ઉત્તમ કથાઓ રચનાર કવિ દંડી સંસ્કૃત સાહિત્યમાં માનભેર સ્થાન મેળવે છે. સંસ્કૃતમાં જેટલું પદ્ય સાહિત્ય લોકપ્રિય છે, તેટલી જ ગદ્ય સાહિત્યમાં દંડીની કથાઓ લોકપ્રિય છે.

### ૧૪.૨ દંડીનું જીવન :

સંસ્કૃત સાહિત્યના લોકપ્રિય ગદ્યકાર દંડીના જીવનની આસપાસ તેની કથાઓની જેમ જ દંતકથાઓનું જાળું ગૂંથાયેલું જોવા મળે છે. તેમાંથી કેટલીક દંતકથાઓ આ

પ્રમાણે છે :

**દંતકથા-૧.** આ દંતકથા પ્રમાણે કાલિદાસ અને દંડી એકબીજાના હરિફ કવિઓ હતાં. એક દિવસ બંને વચ્ચે વિવાદ થયો કે તેઓમાં કોણ ચડિયાતો છે. આખરે કોઈ નિર્ણય ન થઈ શકતાં બંને દેવી સરસ્વતી પાસે ગયા. સરસ્વતીએ પ્રગટ થઈને નિર્ણય આપતાં જણાવ્યું કે — **'कविर्दण्डीकविर्दण्डी कविर्दण्डी न संशयः ।** અર્થાત્ શ્રેષ્ઠ કવિ તો દંડી, દંડીને દંડી જ છે. એમાં શંકા નથી. આ નિર્ણય સાંભળીને કાલિદાસે દેવીને ગુસ્સા સાથે પૂછ્યું — **'कोडहं ब्रूहि तदा मूढे'** અર્થાત્ ' તો પછી હે મૂર્ખ ! હું કોણ છું.' ત્યારે સરસ્વતીએ કહ્યું — **'त्वमेवाहं न संशयः।** ' અર્થાત્ 'તું એ તો હું જ છું' એમાં સંશય નથી.

**દંતકથા-૨.** આ દંતકથા પ્રમાણે દંડી, ભવભૂતિ અને કાલિદાસને એક જ સમયે એક સાથે બતાવવામાં આવ્યાં છે. એકવાર આ ત્રણેય કવિઓની સામે દેવી સરસ્વતી સુંદરીનું સ્વરૂપ ધારણ કરી પ્રગટ થયા અને દડે રમવા લાગ્યા. આ જોઈ ત્રણેય કવિઓએ પોત પોતાની શૈલીમાં એક એક શ્લોકની રચના કરી વર્ણન કર્યુ.

**દંતકથા-૩.** આ દંતકથા પ્રમાણે રાજા ભોજે સવારનું વર્ણન કરતી એક કાવ્ય પંક્તિની રચના કરી, જે આ પ્રમાણે હતી.**'चरणगिरिनितम्बे चन्द्रबिम्बं ललम्बे'** એ પછી ભવભૂતિ, દંડી અને કાલિદાસને આ પ્રથમ પંક્તિને અનુરૂપ એક-એક પંક્તિ રચી ચાર ચરણનો શ્લોક પૂરો કરવા કહ્યું.

આથી 'ઉત્તરરામચરિત' થી ખ્યાતિ પામેલા ભવભૂતિએ, 'દશકુમારચરિત' થી લોકહૃદયમાં સ્થાન પામેલા દંડીએ અને 'અભિજ્ઞાન શાકુન્તલ' થી કીર્તિના શિખર પર બિરાજતા કાલિદાસે મૂળ ભોજ રાજાની કાવ્ય પંક્તિને અનુરૂપ શ્લોક પૂરો કર્યો.

જે આ પ્રમાણે છે.

**अरुणाकिरण जालैरन्तरिक्षे गतर्क्ष्ये** - ભવભૂતિ
**चलति शिशिरवाते मन्दमन्दं प्रभाते** - દંડી
**युवतिजन कदम्बे नाथमुक्तौष्ठबिम्बे** - કાલિદાસ
**चरमगिरिनितम्बे चन्द्रबिम्बं ललम्बे** - ભોજ

**તારણો :**

(૧) આ દંતકથાઓમાં દંડી અને કાલિદાસને સમકાલીન ગણાવ્યાં છે. હકીકતની દ્રષ્ટિએ કોઈ સચ્ચાઈ નથી.

(૨) સરસ્વતી સાથે ત્રણેય કવિઓની ઉપસ્થિતિ દર્શાવી, આ ત્રણેય કવિઓની કવિત્વશક્તિ અને જુદી-જુદી શૈલીને ઉપસાવવાનો કાલ્પનિક અને અસફળ પ્રયત્ન જણાઈ આવે છે.

(૩) ઐતિહાસિક દ્રષ્ટિએ આ દંતકથાઓનું કોઈ મૂલ્ય નથી.

(૪) માત્ર આ કવિઓ લોકપ્રિય હતાં, લોકહૃદયમાં તેમનું અજોડ સ્થાન હતું.

**જીવન અને જન્મસ્થળ**

જેવું દંતકથામાં તેવું જીવન વિષયક માહિતી અંગે છે. આ સંદર્ભમાં માત્ર અટલું જ કહી શકાય કે –

(૧) દંડી એ કવિનું વાસ્તવિક નામ વિશેષ છે.

(૨) દંડીએ વૈદર્ભી અને મહારાષ્ટ્રી પ્રાકૃતની ગૌરવપૂર્ણ પ્રશંસા કરી છે. તેથી તે દાક્ષિણ અને ખાસ કરીને વિદર્ભવાસી હશે.

(૩) દંડીએ ઉલ્લાસ પાંચમાં કૂકડાના યુધ્ધનું આબેહુબ વર્ણન કર્યુ છે, તેમજ દક્ષિણ ભારતના કેટલાક રિવાજો-રીતભાતોનો ઉલ્લેખ કર્યો છે.

(૪) દક્ષિણ ભારતીય સ્ત્રીઓની કરકસર અને મહેમાન ગતિનો સંદર્ભ દક્ષિણના કવિ તરીકે હોવાનું બળ પુરું પાડે છે.

(૫) આ ઉપરાંત કલિંગ, આંધ્રપ્રદેશ, કાવેરીનદીના તટપ્રદેશો, કાંચીનગરી અને પલ્લવ રાજાઓના ઉલ્લેખોથી પણ તે દક્ષિણ ભારતીય કવિ હોવાનું પ્રમાણ મળે છે.

## ૧૪.૩ દંડીની કૃતિઓ અથવા કવન

દંડીની કૃતિઓ વિશે એક શ્લોક પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે છે.

**त्रयोडग्नयस्त्रयोदेवास्त्रयो वेदास्त्रयो गुणाः ।**

**त्रयो दण्डिप्रबंधाश्च त्रिषु लोकेषु विश्रुताः॥**

અર્થાત્ ત્રણ દેવો, ત્રણ વેદો અને ત્રણ ગુણોની જેમ દંડીના ત્રણ પ્રબંધો ત્રણ લોકમાં પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે દંડીના ત્રણ ગ્રંથો હોવાની વાત સ્પષ્ટ થાય છે. તેમાંથી બે ગ્રંથો ખૂબ જાણીતા છે.

(૧)કાવ્યાદર્શ (૨)દશકુમારચરિત. પરંતુ ત્રીજો ગ્રંથ કયો તે વિષયક મત-મતાંતર રહેલા છે. પરંતુ મોટાભાગના ભારતીય વિદ્વાનો ‘અવન્તિ સુંદરી કથા’ ને દંડીની ત્રીજી કૃતિ ગણાવે છે.

## ૧૪.૪ દંડીનો સમય :

ગદ્યના સ્વામી દંડીના જીવનકાળ વિષયક અનેક મથામણ, ચિંતન અને ઐતિહાસિક તબક્કઓમાંથી પસાર થયા પછી ઈ.સ. ૫૦૦ થી ઈ.સ. ૬૫૦ વચ્ચેના સમયમાં થઈ ગયા હશે, એમ કહી શકાય.

## ૧૪.૫ દશકુમાર ચરિતમ્નો સાહિત્ય પ્રકાર :

સંસ્કૃત સાહિત્યમાં સ્વરૂપની દ્રષ્ટિએ ગદ્યના ભેદો છે. છતાંય અલંકારશાસ્ત્રીઓએ તેના કથા અને આખ્યાયિકા એમ બે વિભાગોમાં વિભાજન પ્રત્યે ધ્યાન આપ્યું છે. ભામહ, રુદ્રટ, આનંદવર્ધન, અભિનવગુપ્ત, વિશ્વનાથ, બાણ અને દંડીએ પણ કથા અને આખ્યાયિકાના લક્ષણો આપ્યાં છે. પરંતુ દંડી સિવાયના બધાએ આ ભેદ (તફાવત) સ્વીકાર્યો છે.

આ સર્વ આલંકારિકોએ કથા અને આખ્યાયિકાના ભેદ આ પ્રમાણે દર્શાવ્યા છે.

| આખ્યાયિકા | કથા |
|---|---|
| ૧. કથાનક પુરાણ, ઐતિહાસિક ગ્રંથોની વાર્તા આધારિત હોય છે. | ૧. કથાનું કથાનક કવિની કલ્પનાને આધારિત હોય છે. |
| ૨. 'ઉચ્છવાસ' નામના પ્રકરણોમાં વહેંચાયેલું હોય છે. | ૨. પ્રકરણોમાં વહેંચાયેલું હોતુ નથી. જો હોય તો 'લંબક' નામે ઓળખવામાં આવે છે. |
| ૩. 'વકત્ર' અને 'અપરવકત્ર' છંદમાં શ્લોકો આવે છે. | ૩. આર્યા છંદનો ઉપયોગ થાય છે. |
| ૪. કન્યાહરણ, યુધ્ધ, વિરહવર્ણન અને ઈચ્છિત ફળ પ્રાપ્તિ અંગેના પ્રસંગો હોય છે. | ૪. આવા કોઈ પ્રસંગ નક્કી નથી થયાં પણ પાછળથી સ્વીકારાયા છે. |
| ૫. નાયક પોતે જ પોતાના વિષયક વાત કરે છે. | ૫. નાયકને બદલે અન્ય કોઈ પાત્ર નાયકની વાત કરે છે. |
| ૬. સંસ્કૃત ભાષામાં હોય છે. | ૬. સંસ્કૃત અને પ્રાકૃતમાં હોય છે. |
| ૭. કવિ અભિપ્રાયથી અંકિત હોય છે. | ૭. અહીં તેમ હોતું નથી. |
| ૮. કવિ પોતાના વંશનું વર્ણન ગદ્યમાં કરે છે. | ૮. અહીં પણ વંશ વર્ણન હોય છે, પરંતુ ટૂંકમાં અને પદ્યમાં હોય છે. |

ઉપર પ્રમાણેના લક્ષણોને ધ્યાનમાં રાખીને જો દશકુમારચરિતના સાહિત્ય સ્વરૂપને ચકાસીએ તો સમજાશે કે દંડી પ્રયોગશીલ ગદ્યકાર છે.

તેમણે બંને લક્ષણોને આધારે દશકુમારચરિતમ્‌ની રચના કરી છે. જેમકે –

- દશકુમારચરિતમાં રાજવીઓનાં વૃતાન્ત વર્ણવવામાં આવ્યાં છે એટલે આખ્યાયિકા કહેવાય.
- પ્રકરણો ઉચ્છ્વાસમાં વહેંચાયેલા છે. આ લક્ષણ આખ્યાયિકાનુંછે.
- રાજકુમારો જાતે જ પોતાનાં પરાક્રમો વર્ણવે છે. આ લક્ષણ આખ્યાયિકાનું છે.
- મુખ્ય પાત્ર રાજવાહન સાથે અન્ય રાજકુમારો પણ પોતે જ પોતાના ચરિત્ર વર્ણવે છે. આ કથાનું લક્ષણ છે.
- ધૂમિની, ગોમિની, નિમ્બવતી અને નિતમ્બવતી જેવી અવાન્તર (પેટાકથા) કથાઓ પણ  આવે છે. આ લક્ષણ કથાનું છે.
- વકત્ર અને અપરવકત્ર છંદોમાં રચાયેલાં પદ્યો જોવા મળતાં નથી. આ લક્ષણ કથાનું છે.

**તારણો :**

- આ રીતે દશકુમારચરિતમાં કથા અને આખ્યાયિકા બંનેના લક્ષણો જોવા મળતાં હોવાથી આપણે તેને માત્ર **'गद्यकाव्य'** એ નામે ઓળખીએ. કારણ કે તે જ યોગ્ય ગણાશે.

## ૧૪.૬ 'દશકુમારચરિતમ્' શીર્ષક :

કોઈપણ કૃતિનું શીર્ષક ટૂંકું, આકર્ષક, અર્થસભર અને વિષય વસ્તુને સ્પષ્ટ કરનારું હોવું જોઈએ. માનવીના શરીરમાં જે સ્થાન મસ્તકનું છે, મકાનમાં જે સ્થાન બારીનું છે, તેવું સ્થાન સાહિત્યમાં 'શીર્ષક' નું છે.

સંસ્કૃતના સાહિત્યકારો શીર્ષક વિષયક કેટલીક પરંપરાઓને અનુસરે છે. જે આ પ્રમાણે છે.

**શીર્ષક વિચારણા**

૧. કૃતિના નાયકને આધારે ઉદા. महावीरचरितम् अविमारकम्, हर्षचरितम्

૨. નાયિકાને આધારે ઉદા. रत्नावली प्रियदर्शिका, कादम्बरी

૩. નાયક-નાયિકા બંનેને આધારે. ઉદા. मालविकाग्निमित्रम्

૪. કૃતિમાં આવતા મહત્વના પ્રસંગના આધારે. ઉદા. प्रतिमानाटकम्, मृच्छकटिकम्

**નાયક / નાયકોના નામ પરથી :**

આ કૃતિમાં રાજવાહન મુખ્ય નાયક છે અને બાકીના નવકુમારો ગૌણ નાયકો છે. દરેકની કથા રોમાંચક, સાહસપૂર્ણ અને મહત્વની છે. તેથી એક + નવ = દસ કુમારોને આધારે 'દશકુમારચરિતમ્' શીર્ષક સાર્થક છે.

આ ઉપરાંત વ્યાકરણની દ્રષ્ટિએ પણ સ્પષ્ટીકરણ કરવાની પરંપરા સંસ્કૃત ભાષામાં રહી છે. આથી ત્રણ પ્રકારે આ શીર્ષકને સમજાવી શકાય.

(१) **दश च ते कुमारश्च दशकुमाराः । तेषां चरितानि तानि अधिकृत्य कृतं काव्यं दशकुमारचरितम् ।**

- એટલે કે દશકુમારોનાં ચરિત્રોને આધારે રચાયેલું કાવ્ય તે દશકુમાર ચરિત.

૨) **दशकुमाराणां चरितं दशकुमारचरितम् ।**

- દશકુમારોના ચરિત્ર તે દશકુમાર ચરિત.

(३) **दशकुमाराणां चरितानि यस्मिन् काव्ये तद् दशकुमार चरितम् ।**

- જે કાવ્યમાં દશકુમારોનાં ચરિત્ર વર્ણવવામાં આવ્યાં છે તે દશકુમારચરિત.

**તારણો :**

૧. શીર્ષક ટૂંકુ સ્પષ્ટ છે.

૨. દશકુમારોના ચરિત્રનું વર્ણન છે. તેવું શીર્ષક જોતાં જ સમજાય છે.

૩. સંસ્કૃત પરંપરા પ્રમાણે પણ યોગ્ય છે.

## ૧૪.૭ દશકુમારોનો ટૂંકમાં ...રિચય :

**૧. રાજવાહન.**

- યુવાન, સુંદર, વિદ્વાન અને પરાક્રમી છે.
- બ્રાહ્મણને મદદ કરવા પાતાળમાં પણ જાય છે.
- બીજાને મદદ કરવાનો સ્વભાવ ધરાવે છે.

- દસકુમારોમાં તે મુખ્ય કુમાર છે.

૨. **અપહારવર્મા :**

- પ્રામાણિક અને વફાદાર મિત્ર છે.
- પ્રવાસનો શોખીન છે.
- ત્યાગ અને સમર્પણની ભાવના ધરાવે છે.

૩. **ઉપહારવર્મા :**

- બીજાનો વિશ્વાસ મેળવી શકે છે.
- ચમત્કારી વિધિઓ જાણે છે.
- માતા-પિતા માટે સાહસ કરે છે.
- આદર્શ પુત્રના લક્ષણો ધરાવે છે.

૪. **અર્થપાલ :**

- સાહસ તેનો સ્વભાવ છે.
- પોતાના પિતાને યુક્તિથી મુક્ત કરાવે છે.
- સાપના ઝેર ઉતારવાની વિધિને જાણે છે.
- બીજાને મદદ કરવાનો સ્વભાવ ધરાવે છે.

૫. **પ્રમતિ :**

- શાંત, વિનયી અને આનંદી સ્વભાવ ધરાવે છે.
- અદ્રશ્ય થવાની કળા જાણે છે.
- બીજાને મદદ કરવાનો સ્વભાવ ધરાવે છે.

૬. **મિત્રગુપ્ત :**

- ઉત્સવ પ્રિય છે.
- આકર્ષક છે અને સાહસિક સ્વભાવ ધરાવે છે.
- ઉત્તમ લડવૈયો છે.
- હાજર જવાબી છે, તીવ્ર બુધ્ધિ ધરાવે છે.
- સારી રીતે વાર્તા કરી શકે છે.
- પરાક્રમથી પ્રિયતમાને મેળવી શકે છે.

૭. **મંત્રગુપ્ત :**

- નવું નવું જાણવાની ઈચ્છાવાળો અને સાહસિક છે.
- છળ અને કપટથી પોતાનું કાર્ય પાર પાડે છે.
- પ્રિયતમાને મેળવવા તે ગમે તે કરી શકે છે.

**૮. વિશ્રુત :**

- બીજાને મદદ કરવાનો સ્વભાવ ધરાવે છે.
- વિદ્વાન, ચબરાક અને રાજનીતિને જાણનારો છે.
- આક્રમક સ્વભાવ ધરાવે છે.

**૯. સોમદત્ત :**

- સાહસિક સ્વભાવ ધરાવે છે.
- જેલ તોડીને ભાગે છે.

**૧૦. પુષ્પોદ્ભવ :**

- ઝડપથી નિર્ણય કરી શકે છે.
- આત્મહત્યા કરવા જતા પાત્રને બચાવે છે.
- સોહામણું વ્યક્તિત્વ અને સાહસિક સ્વભાવનો માલિક છે.

**તારણો :**

આ દશકુમારોના સામાન્ય પરિચયથી કેટલાક તારણો સુધી પહોંચી શકાય છે.

- દરેક કુમાર સાહસનો ગુણ ધરાવે છે.
- સમર્પણ, ત્યાગ, વફાદારી, પ્રમાણિકપણા સાથે છળ, કપટ, ચમત્કારનો પણ આશરો લે છે.
- આદર્શ કરતાં યેનકેન પ્રકારે સફળ થવાની ઈચ્છા વધારે જોવા મળે છે.

## ૧૪.૮ 'દશકુમારચરિતમ્' ટૂંકમાં ...રિચય :

આ લોકપ્રિય ગદ્યકથાઓ (૧) પૂર્વપીઠિકા (૨) મૂળ દશકુમારચરિત અને (૩) ઉત્તરપીઠિકા એવા ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે.

**(૧) પૂર્વપીઠિકા (ઉચ્છ્વાસ ૧ થી ૫) :**

**ઉચ્છ્વાસ-૧ (કુમારોત્પત્તિ) એટલે કે કુમારોના જન્મ સંબંધી**

અહીં રાજવાહન, અપહારવર્મા, ઉપહારવર્મા, અર્થપાલ, મિત્રગુપ્ત, વિશ્રુત, પુષ્પોદ્ભવ, પ્રમતિ અને સોમદત્ત વગેરે દસ કુમારોની ઉત્પત્તિની વાત કરવામાં આવી છે.

**ઉચ્છ્વાસ-૨ (દ્વિજોપકૃતિ) :**

માતંગ નામના દ્વિજને (=બ્રાહ્મણ) મદદ કરવા રાજવાહન તેની સાથે શોધમાં નીકળી પડે છે.

**ઉચ્છ્વાસ-૩ (સોમદત્તચરિત) :**

સોમદત્તે યુધ્ધમાં મત્તકાલનો વધ કરી ઉજ્જૈનના વીરકેતુને મદદ કરી અને તેની પુત્રી વામલોચના સાથે લગ્ન કર્યા.

**ઉચ્છ્વાસ-૪ (પુષ્પોદ્ભવચરિત) :**

પુષ્પોદ્ભવે યુક્તિ દ્વારા દારુવર્માનો વધ કર્યો અને વણિક બંધુપાલની પુત્રી બાલચંદ્રિકા સાથે લગ્ન કર્યા.

**ઉચ્છ્વાસ-૫ (અવન્તિસુંદરી પરિણય) :**

રાજવાહન પ્રથમ નજરે જ માનસારની પુત્રી અવન્તિસુંદરીને જોઈને પ્રેમમાં પડયો અને એક જાદુગરની મદદથી તેની સાથે લગ્ન કર્યા.

(૨) **મૂળ દશકુમારચરિત (ઉલ્લાસ ૧ થી ૮)**

**ઉચ્છ્વાસ-૧ (રાજવાહનચરિત) :**

રાજવાહનના અવન્તિસુંદરી સાથેના લગ્નની વાત જાણી ચંડવર્માએ રાજવાહનને કેદ કર્યો. ચંડવર્મા સિંહવર્માની પુત્રી અંબાલિકા સાથે લગ્ન કરતો હતો ત્યારે અપહારવર્માએ તેનો વધ કર્યો. એ પછી અપહારવર્મા અને રાજવાહનનું મિલન થયું.

**ઉચ્છ્વાસ-૨ (અપહારવર્માચરિત) :**

અપહારવર્માએ જૈન સાધુ વિરૂપકને કામમંજરી પાસેથી તેનું ધન પાછું અપાવ્યું, ધનમિત્રનું યુક્તિથી કુલપાલિકા સાથે લગ્ન કરાવ્યું અને ચંડવર્માનો વધ કરી તેણે અંબાલિકા સાથે લગ્ન કર્યા.

**ઉચ્છ્વાસ-૩ (ઉપહારવર્માચરિત) :**

ઉપહારવર્માએ પોતાનું ચિત્ર મોકલાવી વિકટવર્માની પત્ની રાણી કલ્પસુંદરીને મોહિત કરી. યક્ષની યુક્તિથી વિકટવર્માને મારી નાખી પોતે રાજા બન્યો.

**ઉચ્છ્વાસ-૪ (અર્થપાલચરિત) :**

અર્થપાલે સુરંગ ખોદી સિંહઘોષના શયનગૃહમાં જઈ તેને કેદ કર્યો. પોતાના પિતાને કેદમાંથી મુકત કર્યા અને રાજપુત્રી મણિકર્ણિકા સાથે લગ્ન કર્યા.

**ઉચ્છ્વાસ-૫ (પ્રમતિચરિત) :**

પ્રમતિએ સ્વપ્નમાં ધર્મવર્ધનની પુત્રી નવમાલિકાને જોઈ બ્રાહ્મણની મદદથી તૈયાર કરેલી યોજના અનુસાર તેની સાથે લગ્ન કર્યા.

**ઉચ્છ્વાસ-૬ (મિત્રગુપ્તચરિત) :**

રાજવાહનની શોધમાં નીકળેલો મિત્રગુપ્ત સુહ્મદેશના દામલિપ્ત નગરમાં પહોંચ્યો. રાજા તુંગધન્વાની પુત્રીની કન્દુકક્રીડા (દડે રમવાની રમત) વખતે પ્રથમ નજરે જ બંને એકબીજાના પ્રેમમાં પડયાં. કન્દુકાવતીના ભાઈ ભીમધન્વાને તેની જાણ થતાં તેણે કપતી મિત્રગુપ્તને લોખંડની બેડીથી બાંધીને સમુદ્રમાં નાંખી દેવડાવ્યો. નસીબયોગે મળેલા લાકડાના પાટિયાને આધારે તે રાત-દિવસ તરતો રહ્યો. બીજા દિવસે યવનોનું એક યુધ્ધજહાજ આવી ચડયું અને તેના ખલાસીઓએ દ્રાક્ષની વાડીઓ સિંચવામાં ઉપયોગી થશે એમ માની બચાવ્યો. અચાનક યવનોના વહાણ પર બીજા શત્રુ જહાજે હુમલો કર્યો. યવનો હારવા લાગ્યા. પોતાને છોડાવવામાં આવતાં તે શત્રુઓને હરાવ્યા અને તેમના નાયકને જીવતો પકડયો. તે ભીમધન્વા હતો. યવનોએતેને મિત્રગુપ્તની બેડીથી જ બાંધી દીધો. પવનના તોફાનથી આ વહાણ અજાણ્યા બેટ સાથે અથડાયું. ફળ-મૂળની આશાએ બધા ત્યાં ઊતર્યા. ત્યાં એક રાક્ષસ મળ્યો. તેણે ચાર પ્રશ્નો પૂછ્યાં અને જો મિત્રગુપ્ત તેના ઉત્તરો ન આપે તો ખાઈ જવાની ધમકી આપી. આ પ્રશ્નના ઉત્તરરૂપે ધૂમિની, ગોમિની, નિમ્બવતી અને નિતમ્બવતીની ચાર વાર્તાઓ કહી. એવામાં કોઈ કન્યાને ઉપાડી જતો રાક્ષસ આકાશમાર્ગે પસાર થયો. બ્રહ્મરાક્ષસ તેની પાછળ પડયો આકાશમાં બંને વચ્ચે યુધ્ધ થયું. રાક્ષસે કન્યાને નીચે ફેંકી અને મિત્રગુપ્તે તેને

ઝીલી લીધી. તે બીજુ કોઈ નહીં કંદુકાવતી હતી. બધા નગરમાં આવ્યાં. રાજાને તેના પુત્ર-પુત્રી પાછાં આપ્યાં. કંદુકાવતીના લગ્ન મિત્રગુપ્ત સાથે થયાં. પોતે રાજા બન્યો અને મિત્રરાજા સિંહવર્માની મદદે જતાં રાજવાહન સાથે મુલાકાત થઈ.

**ઉચ્છ્વાસ-૭ (મંત્રગુપ્તચરિત) :**


મંત્રગુપ્તે મંત્રજ્ઞનો વેશ ધારણ કરી આંધ્રનરેશ જયસિંહનો વધ કર્યો અને કલિંગરાજ કર્દનની કન્યા કનકલેખા સાથે લગ્ન કર્યા.

**ઉચ્છવાસ-૮ (વિશ્રુતચરિત) :**

વિશ્રુતે ઝેરી માળા અને નૃત્ય જેવી કપટ યુક્તિઓથી મિત્રવર્મા અને પ્રચંડવર્માનો વધ કરીને રાજા અનંતવર્માની રાણી, પુત્ર ભાસ્કર વર્મા અને પુત્રી મંજુવાદિનીને મદદ કરી. આખરે મંજુવાદિની સાથે લગ્ન કર્યા.

**(૩) ઉત્તરપીઠિકા (સળંગ)**

વિશ્રુતે ભાસ્કરવર્માને તેના પિતાને ફરીવાર ગાદીએ બેસાડયાં. ત્યારબાદ રાજહંસનો દૂત તેમને બોલાવવા આવ્યો. બધા પુષ્પપુરી ગયા. દરેકને પોતે જીતેલાં રાજ્ય સોંપવામાં આવ્યાં. બધાએ નીતિથી આનંદપૂર્વક રાજ્યનું સંચાલન કર્યું.




**ધ્યાનમાં રાખો :**

- દરેક કુમારના નામ આગળ મૂકેલાં આંકડા ઉચ્છ્વાસનો ક્રમાંક દર્શાવે છે.
- પૂર્વપીઠિકામાં સોમદત્ત અને પુષ્પોદ્ભવનું ચરિત્ર મળે છે.
- આ બધા કુમારો વચ્ચે મિત્રતાનો સંબંધ છે.

**૧૪.૯ તમારી પ્રગતિ ચકાસો :**

૧. દંડી વિષયક કેટલી દંતકથાઓ મળી આવે છે ?

ઉત્તરઃ ..............................................................

..............................................................

..............................................................

૨. દંડી ભારતના કયા પ્રદેશમાં થઈ ગયો હશે ?

ઉત્તરઃ ..............................................................

..............................................................

..............................................................

૩. દંડીના ક્યા બે ગ્રંથો સર્વ સ્વીકૃત અને જાણીતા છે ?

ઉત્તરઃ ..............................................................

..............................................................

..............................................................

૪. 'આખ્યાયિકા' ના કોઈપણ પાંચ લક્ષણો આપો.

(૧) ..............................................................

..............................................................

..............................................................

(૨) ..............................................................

..............................................................

..............................................................

(૩) ..............................................................

..............................................................

..............................................................

(૪) ..............................................................

..............................................................

..............................................................

(૫) ..............................................................

..............................................................

..............................................................

૫. 'કથા' ના કોઈપણ પાંચ લક્ષણો આપો.

(૧) ..............................................................

..............................................................

..............................................................

(૨) ..............................................................

..............................................................

..............................................................

(૩) ..............................................................

..............................................................

..............................................................

(૪) ..............................................................

..............................................................
..............................................................

(૫) ..............................................................
..............................................................
..............................................................

૬. મિશ્ર લક્ષણોને કારણે ‘દશકુમાર ચરિતમ્’ કઈ રીતે ઓળખાય છે ?

ઉત્તરઃ ..............................................................
..............................................................
..............................................................

૭. ‘દશકુમારચરિતમ્’ શીર્ષક ક્યા આધારે પડયું છે.

ઉત્તરઃ ..............................................................
..............................................................
..............................................................

૮. દશકુમારોના નામ ક્યા-ક્યા છે ?

| | | |
|---|---|---|
| ઉત્તર : | (૧) | (૨) |
| | (૩) | (૪) |
| | (૫) | (૬) |
| | (૭) | (૮) |
| | (૯) | (૧૦) |

૯. ઉચ્છ્વાસ-૬ નું નામ શું છે ?

ઉત્તરઃ ..............................................................
..............................................................
..............................................................

૧૦. ઉચ્છ્વાસ-૬ માં રાક્ષસના ઉત્તરરૂપે કેટલી વાર્તા મિત્રગુપ્ત કરે છે ?

ઉત્તરઃ ..............................................................
..............................................................
..............................................................

એકમ ૧૫

# ગોમિની કથા મૂળપાઠ

## રૂપરેખા

૧૫.૦ ઉદ્દેશ
૧૫.૧ પ્રસ્તાવના
૧૫.૨ બ્રહ્મરાક્ષસના પ્રશ્નો અને ચાર વાર્તાઓ
15.૩ ગોમિનીકથા :મૂળ...ાઠ-શબ્દાર્થ-દીર્ઘસંધિ વિસ્તાર-ભાષાંતર
૧૫.૪ ગોમિની કથા : આકૃતિ—વાર્તાસાર
૧૫.૫ ગોમિની કથાનો સાર
૧૫.૬ બોધપ્રધાન કણિકાઓ
૧૫.૭ તમારી પ્રગતિ ચકાસો (ટૂંકા પ્રશ્નો)

## ૧૫.૦ ઉદ્દેશ :

આ એકમના અભ્યાસથી નીચેની બાબતો જાણશો-

- કથાઓમાં આવતા પાત્રો માનવ સ્વભાવના પ્રતિનિધિઓ છે.
- કથાઓમાં સંઘર્ષતત્ત્વને વધારવા દૈવી, રાક્ષસી અને ચમત્કાર ભરેલી ઘટનાઓ રજૂ થાય છે.
- મનોરંજન દ્વારા વ્યવહારિક શાણપણ શીખવવાનો પણ હેતુ છે.
- આદર્શમાં રાચતા ભદ્ર સમાજને એ પણ બતાવવાનું છે કે તમારી વચ્ચે દુર્જનો પણ વસે છે.


## ૧૫.૧ પ્રસ્તાવના :

આ જગતમાં વસતી સઘળી પ્રજાઓ માટે કથા સાહિત્ય મૂળે મનોરંજનનું હાથવગું સાધન હતું. તેમાંથી ડાહ્યા લોકો સાહસ, શૌર્ય, પરાક્રમને ઉપદેશ તરીકે સ્વીકારતા, તેમજ તેમાંથી છળ, કપટ, દગાખોરી, વ્યભિચાર, લગ્નેતર સંબંધો, ચોરી વગેરે બાબતોને રક્ષણાર્થે સ્વીકારીએ તો કથા સાહિત્યની વાર્તાઓ ‘ખૂંચશે’ નહીં.

## ૧૫.૨ બ્રહ્મરાક્ષસના પ્રશ્નો અને ચાર વાર્તાઓ :

છઠ્ઠા ઉચ્છ્વાસમાં યવનોની સામે સમુદ્રમાં થયેલા યુધ્ધમાં જીતીને, યવનો દ્વારા જ ભીમધન્વાને બેડીએ બંધાયેલા જોઈને, પાછા દરિયાઈ સફર કરતાં મિત્રગુપ્ત એક બેટ પર આવી પડે છે. ત્યાં એક બ્રહ્મરાક્ષસ સાથે તેનો ભેટો થઈ જાય છે. આ બ્રહ્મરાક્ષસના ચાર પ્રશ્નોના ઉત્તરરૂપે ચાર વાર્તાઓ કહેવાઈ છે. તેમાંની એક વાર્તા એટલે ગોમિનીની કથા.

તેને આપણે આ રીતે સમજીશું.




**તારણો :**

- છઠ્ઠા ઉચ્છ્વાસ અંતર્ગત બ્રહ્મરાક્ષસના પ્રશ્નોના જવાબરૂપે ચાર કથાઓ મિત્રગુપ્ત કહે છે.
- આ ચાર કથાઓ 'અવાન્તર કથા' (પેટાકથાઓ) ઓ તરીકે ઓળખાય છે.
- ચારે-ચાર કથાઓ સ્ત્રી વિષયક છે. પરિણામે મુખ્ય નાયિકાઓ છે.
- સ્ત્રીચરિત્રોની છાયામાં પુરૂષોના સ્વભાવનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે.

## 15.૩ ગોમિનીકથા :મૂળ...ઠ-શબ્દાર્થ-દીર્ઘસંધિ વિસ્તાર-ભાષાંતર :

મિત્રગુપ્ત દ્વારા રાક્ષસને ધૂમિનીની કથા કહેવામાં આવે છે. ત્યારબાદ બીજા પ્રશ્નના ઉત્તરરૂપે મિત્રગુપ્ત ગોમિનીની કથા રાક્ષસને કહે છે તે આ પ્રમાણે છે.

पुनरनुयुक्तो गोमिनीवृत्तान्तमारव्यातवान् – अस्ति द्रविडेषु काग्चीनाम नगरी । तस्यामनेककोटिसारः श्रेष्ठिपुत्र सोऽष्टदशवर्षदेशीयश्चिन्तामापेदे – 'नास्त्यदाराणामनुगुणदाराणां वा सुरवं नाम । तत्कथं नु गुणवद्विन्देयं कलत्रम् ? इति । अथ परप्रत्यया हतेषु दारेषु यादृच्छिकी संपत्तिमनभिसमीक्ष्य कार्तान्तिको नाम भूत्वा वस्त्रान्तपिनदहशालिप्रस्थो भुवं बभ्राम । 'लक्षणज्ञोयम्' रुत्यमुष्मै कन्याः कन्यावन्तः प्रदर्शयां भूवुः। यां कांचिल्लक्षणवर्ती सवर्णा कन्यां दृष्ट्वा स किल स्म ब्रवीति – 'भद्रे ! शक्नोषि किमनेन शालिप्रस्थेन गुणवदन्नमस्मानभ्यवहारपितुम्? इति । स हसितावधूतो गृहादगृहं प्रविश्याभ्रमत् ।

**શબ્દાર્થ :**

**पुनःअनुयुक्त** – ફરીથી પૂછવામાં આવેલો, **गोमिनी + वृत्तान्तम् + आख्यातवान्** કે

आरब्धवान् — ગોમિનીનું વૃત્તાન્ત મેં કહ્યું. द्रविडेषु — દ્રવિડ દેશમાં. तस्याम् + अनेक + कोटिसार - તેમા કોઈ કરોડોપતિ. श्रेष्ठि + पुत्र— શેઠિયાનો દીકરો. नाम + आसीत् — એ નામનો હતો. सः अष्टादशवर्षदेशीय + चिन्ताम् + उपेदे — તે અઢારવર્ષનો થયો ત્યારે વિચારવા લાગ્યો. नास्त्यदाराणां...सुखं नाम — સ્ત્રી વગરનાને અને અવગુણી પત્નીવાળાને સુખ હોતું નથી. तत् — તેથી. गुणवत् + विन्देयं— ગુણવાળી મેળવું. कलत्रम् — પત્ની. कार्तान्तिकः - જ્યોતિષી. वस्त्रान्त + पिनवद्ध + शालि प्रस्थो — વસ્ત્રનો છેડે એકપ્રસ્થ ડાંગર બાંધીને. सवर्णाम् — પોતાની જ્ઞાતિની. हसितावधूत — મશ્કરી કરીને કાઢી મૂકાયેલો.

**ભાષાંતર :**

ફરીથી પૂછવામાં આવતાં મેં ગોમિનીનું વૃત્તાન્ત કહ્યું, ''દ્રવિડદેશમાં કાંચી નામે નગરી છે. તે કાંચી નગરીમાં અનેક કરોડોની સંપત્તિવાળો શક્તિકુમાર નામે એક શેઠિયાનો પુત્ર રહેતો હતો. તે જ્યારે અઢાર વર્ષનો થયો, ત્યારે વિચાર કરવા લાગ્યો કે 'સ્ત્રી વગરનાને અને અવગુણી સ્ત્રીવાળાને સુખ મળતું નથી. તેથી કેવી રીતે ગુણવાન સ્ત્રી મેળવવી ? બીજાના વિશ્વાસે લાવેલ સ્ત્રીમાં ઈચ્છીએ તેવી ગુણસંપત્તિ નથી હોતી.' એમ વિચારીને તે 'જ્યોતિષી' બનીને, વસ્ત્રના છેડે એકપ્રસ્થ ડાંગર બાંધીને પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. 'આ લક્ષણ જાણનારો (જ્યોતિષી) છે' —એવું માની કન્યાવાળાઓ તેને પોતાની કન્યાઓ બતાવવા લાગ્યા. પોતાની જ્ઞાતિની સુલક્ષણા કન્યાને જોઈને તે પૂછતો, હે કલ્યાણિ ! આ એકપ્રસ્થ ડાંગરથી અમને ઉત્તમ ભોજન જમાડી શકે છે ?'' (આમ પૂછવાથી) મશ્કરી કરીને કાઢી મૂકાયેલો તે ઘેર-ઘેર પ્રવેશ કરી ભટકવા લાગ્યો.

एकदा तु शिबिषु कावेरीतीरपत्तने सह पितृभ्यामवसितमहर्द्धिमवशीर्णभवसारां घात्र्या प्रदर्श्यमानां कांचन विरलभूषणां कुमारी ददर्श । अस्यां संसक्तचक्षुश्चातर्कयत् — 'अस्याः खलु कन्यकायाः सर्व एकावयवा नाति स्थूला नातिकृशा नातिहस्वा न विकटा मृजावन्तश्च । रक्तलाङ्ली यवमत्स्यकमलकलशाद्यनेक पुण्यलेखालाञ्छितौ करौ, समगुल्फसंधी मांसलावशिरालौ चाङ्घ्री, जङ्घे चानुपूर्ववृत्ते, पीवरोरुग्रस्ते इव दुरुपलक्ष्ये जानुनी, सकृद्विभक्तश्चतुरस्वः ककुन्दविभागशोभी रथाङ्गकार संस्थितश्च नितम्बभागः, तनुतरमीषन्निम्नं गभ्भीरं नाभिमण्डलं, वलित्रयेण चालंकृतमुदरम्, उरोभागव्यापिनावुन्मग्नचूचुकौ विशालारम्भशोभिनौ पयोधरौ, धनधान्यपुत्रभूयस्त्वचिह्नलेखा लाञ्छिततले स्निग्धोदग्रकोमलनखमणी ऋज्वनुपूर्ववृत्तताम्राङ्गुली संनतांसदेशे सौकुमार्यवत्यौ निमग्नपर्वसंधी च बाहुलते, तन्वी कम्बुवृत्तबन्धुरा च कंधरा, वृत्तमध्यविभक्तरागाधरम् असंक्षिप्तचारुचिबुकम् आपूर्णकठिनगण्डमण्डलम् असंगतानुवक्रनीलस्निग्धभूलतम् अनति प्रौढतिलकुसुमसदृशनासिकम्असितधवलरक्तविभाग भासुरमधुराधीरसंचारमन्थरायतेक्षणम् इन्दुशकलसुन्दरललाटम् इन्द्रनीलशीलाकाररम्यालकपङ्क्तिर्द्विगुणकुण्डलितम्लाननालीकनाल ललितलम्बश्रवणपाशयुगलमानन- कमलम् अनतिभङ्गुरो बहुलः पर्यन्तेऽप्यकपिलरुचिरा- यामवानेकैकनिसर्गसमस्निग्धनीलो गन्धग्राही च मूर्धजकलापः ।

**શબ્દાર્થ :**

एकदा-એક દિવસ, शिबिषु-શિબિ દેશમાં, पत्तने-શહેરમાં/નગરમાં, कावेरीतीर-કાવેરી નદીના કાંઠે, पितृभ्याम्+अवसीत+महर्द्धि+अवशीर्ण+भवनम्+असाराम्-માતા પિતા વગરની, વૈભવવગરની, જીર્ણશીર્ણ ઘરવાળી, विरलभूषणां-થોડા ઘરેણાવાળી, संसक्त

+ **चक्षुषा**-ઠરેલી નરજવાળો, **विकटा**-કદરૂપા, **मृजावन्त**-સુંવાળા છે. **रक्त+तल+आङ्गुले**-હાથના તળિયાં અને આંગળિયો લાલ. **गुल्क**-ઘૂંટી, **अशिरालो**-નસ વિનાના, **अङ्ध्री** -પગ, **पीवर**-ભરાવદાર, **जानुनी**-ઢીંચણો, **सकृद**-સરખાભાગે, **नितम्बस्थितकूपद्वयम्**-નિતંબ પરના ખાડા, **तनुतरम्**-અત્યંત પાતળો, **वलित्रयेण**-ત્રણ રેખાઓથી, **भूयस्त्व**-વિપુલતા, **उदग्रे**-ઉંચા, **सम्+नतांस+देशे**-ઝૂકેલા ખભાવાળા, **पर्वसंधी**-સાંધા, **कम्बवृत्त**-શંખ સમાન ગોળ, **कन्धरा**-ગરદન, **माध्यविघक्त**-વચ્ચેથી વહેંચાયેલ, **असंक्षिप्त**-પહોળી, **कठिन**-ભરાવદાર, **असंगत**-ભિન્ન, **अनुवक**-વાંકી, **स्निग्ध**-સુંદર, **अनतिप्रौ**-નાજુક, **भासुर्**-શોભતી, **अधीर**-ચંચળ, **संचार**-ક્ટાક્ષ, **रुन्दुशकलन्**-અર્ધચંદ્ર, **अलकपंक्ति**-વાંકડિયા વાળ, **द्विगुणकुण्डलित**-બેવડાવવામાં આવેલ, **म्लान**-કરમાઈ ગયેલ, **नालिक**-કમળ, **नाल**-નાળ, **पर्यन्तेडपि**-છેડે પણ, **मूर्धजकलाप**-કેશકલાપ

**મોટી સંધિવાળા શબ્દો :**

रक्त+तलः+आङ्गुलीः+यव+मत्स्य+कमलःकिंलशादि+अनेक+पुण्यलेखा

धन+धान्य+पुत्र+भूयस्त+चिह्न+लेखा

स्निग्धत+अग्र+कोमलः+नरवमणी+ऋजु+अनुपूर्व+वृत्तम्+ताम्रम्+अगुंली+असंक्षिप्त+चारु +चिबुकम् असति+धवल+रक्त+त्रिभागः+भासुर+मधुरा+धीर+संचार+मन्थरायते+रुक्षणम्।रुन्द्र+नीलः+शीलाकारा+रम्या+अलक+पङ्किकत+द्विगुण+कुण्डलित+म्लान+नालः+ललित+लम्ब+श्रवणपाश+युगलम्+ आनन+कमलम्।

**ભાષાંતર :**

એક સમયે તેણે શિબિ દેશમાં કાવેરી કિનારે આવેલા નગરમાં, માતા-પિતા વગરની વૈભવહીન બનેલી, જીર્ણશીર્ણ ઘરવાળી, થોડાં આભૂષવાળી તથા ઉપમાતાએ બતાવેલી કન્યા જોઈ. આ કન્યા તરફ સ્થિર થયેલા નેત્રવાળો તે વિચાર કરવા લાગ્યો. આ કન્યાનાં બધા અંગો અતિશય જાડાં કે પાતળાં નથી, વધારે ટૂંકા અથવા વધારે લાંબા નથી, વળી કદરૂપા પણ નથી. બધા કાંતિવાળા છે. આના હાથ યવ, માછલી, કળશ આદિ અનેક માંગલિક નિશાનીઓથી યુકત, લાલ હથેળી, રતાશ ભરી આંગળીઓવાળા છે. પ્રમાણસર ઘૂંટીઓવાળા પુષ્ટ તથા નસ વગરના પગ છે. બે જાંઘ ગોળ છે, તથા ભરાવદાર સાથળોથી ઢંકાઈ જતા ઢીંચણો જાણે કે ભાગ્યે જ દેખાય છે. બધી તરફથી સરખા ભાગમાં વહેંચાયેલ નિતંબ પરના ખાડાથી સુશોભિત અર્ધચન્દ્રકાર નિતંબ ભાગ છે. ખૂબ જ પાતળો, કંઈક નીચે ઊંડો તેનો નાભિ પ્રદેશ છે, ત્રિવલીઓથી સુંદર તેનું ઉદર છે, છાતીના પ્રદેશને ઢાંકતા, ગાઢ કુચાગ્ર ભાગવાળા, વિશાળ આરંભથી શોભતા સ્તનો છે. ધન, ધાન્ય તથા પુત્રની વિપુલતા બતાવતા ચિન્હોની રેખાઓથી શોભતી હથેળીવાળા ખભામાંથી ઝૂકેલા તથા ઢંકાઈ ગયેલ સાંધાવાળા, સુકોમળ હાથ છે. પાતળી શંખ જેવી ઊંચી ગોળ ગરદન છે. મધ્ય ભાગમાંથી વિભક્ત ગોળાકાર તથા લાલ હોઠ છે. પહોળી અને સુંદર દાઢી છે. માંસલ તેમજ ભરાવદાર ગાલ છે. ભિન્ન વક્ર, શ્યામ,શ્વેત તથા લાલ રંગોના વિભાગોથી શોભતી, મધુર-ચંચળ-કટાક્ષયુક્ત વિશાળ આંખો છે. સુંદર અર્ધચંદ્રકાર કપાળ છે, બેવડાવવામાં આવેલ કરમાઈ ગયેલા કમળના નાળની સમાન સુંદર વાંકડિયા વાળ છે. થોડો વાંકડિયો, વિપુલ પણ શ્યામ એક એક વાળવાળો સુગંધિત કેશકલાપ છે.

सेयमाकृतिर्न व्यभिचरति शीलम् । आसज्जति च मे हृदयमस्यामेव । तत्परीक्ष्यैनामुद्धहेयम्। अविस्मृश्यकारिणां हि नियतमनेकाः पतन्त्यनुशयपरम्पराः' इति । स्निग्धदृष्टिराचष्ट – 'भद्रे! कच्चिदस्ति कौशलं शालिप्रस्थेनानेन संपन्नमाहारमस्मानभ्यवहारयितुम् ?' इति । ततस्तया वृद्धदासी साकूतमालोकिता । तस्य हस्तात्प्रस्थमात्रं धान्यमादाय क्वचिदलिन्दोदेशे सुसिक्तसंमृष्टे दत्तपादशौचमुपावेशयत् । सा कन्या तान्गन्धशालीन्संक्षुद्य मात्रया विशोष्यातपे मुहुर्मुहुः परिवर्त्य स्थिरसमयां भूमौ नालीपृष्ठेन मृदुमृदु घट्टयन्ती तृषैरखण्डैस्तण्डुलान्पृथक्चकार ।

**શબ્દાર્થ :**

**तत्त**-તેથી, **परीक्ष्य**-પરીક્ષા કરીને, **एनाम**-એની સાથે, **उद्वहेयम्**-લગ્ન કરું, **अविमृश्य+कारिणां**-અવિચારી કાર્ય કરનારને, **नियतम्**-ચોક્કસ, **आपतन्ति**-આવી પડે છે. **अनुशय**-પસ્તાવો, **साकूतम्+ आलोकिता**-આશ્ચર્યચક્તિ બની જોયું, **अलिन्द**-આંગણું, **संक्षुध**-છડીને, **स्थिरसमायां**-કઠણ અને સરખી, **परिवर्त्य**-હલાવીને

**મોટી સંધિવાળા શબ્દો :**

**संपन्नम्+आहारम्+अस्मान+अभ्यवहारयितुम्+दत्त+पाद+शौय+उपावेशयत् । तृषैः+खण्डैः+ तण्डुलान्+पृथक्र+चकार ।**

**ભાષાંતર :**

આ તે આકૃતિ છે, જે ચારિત્ર્ય ભ્રષ્ટ ન હોય, મારું મન પણ તેની ઉપર આસક્ત બનેલું છે, તો આની પરીક્ષા કરી તેની સાથે લગ્ન કરું. કારણકે વગર વિચારે કામ કરનારને અવશ્ય અનેક પશ્ચાત્તાપોની હારમાળા આવી પડે છે. (આમ વિચારી) સ્નેહભરી નજરથી કહ્યું – આ એક પ્રસ્થ (=ખોબા) ડાંગરમાંથી બનાવેલું યોગ્ય તેમજ સ્વાદિષ્ટ ભોજન મને જમાડવાની તારામાં કુશળતા છે ? ત્યારે આશ્ચર્યચકિત બની વૃધ્ધદાસી તરફ જોયું. કન્યાએ તેના હાથમાંથી ડાંગરની પ્રસ્થ લઈને, લીંપીને સાફ કરેલા આંગણામાં, પગ ધોવા માટે જળ વગેરે પાણી આપી તેને બેસાડયો. તે કન્યાએ તે સુગંધિત ડાંગર છડી નાંખી તથા થોડો સમય તડકે મૂકી, અનેકવાર હલાવી, કઠણ તથા સરખી જમીન પર સાંબેલાથી છોડામાંથી આખા ચોખા જુદા પાડયા.

जगाद च धात्रीम् – 'मातः ! एभिस्तुषैरर्थिनो भूषणमृजाक्रियाक्षमैः स्वर्णकाराः । तैभ्य रुमांदत्त्वा लब्धाभिः काकिणीभि स्थिरतराज्यनत्यार्द्राणि नातिशुष्काणि काष्ठानि मितंपचा स्थालीमुभे शरावे चाहर' इति । तथाकृते तथा तांस्तण्डुलाननतिनिम्नोत्तानविस्तीर्णकुक्षौ ककुभोलूखले लोहपत्रवेष्ठितमुखेन समशरीरेण विभाव्यमानमध्यतावनेन व्यायतेने गुरुणा खादिरेण मुसलेन चतुरललितोत्क्षेपणायासितभुजम सकृदङ्गुलीभिरुद्धत्यावहत्य शूर्पगोधितकणकिंशारुकांस्तण्डुलान सकृद्भिः प्रक्षाल्य क्वथितपञ्चगुणे जले दत्तचुल्लीपूजा प्राक्षिपत्।

**શબ્દાર્થ :**

**जगाद**-કહ્યું, **तुषै**-છોડાથી, **स्वर्णकारः**-સોની, **अर्थिन**-ઈચ્છાવાળા હોય છે. **काकिणीभिः कपर्दिकाभि**-કાકિણીથી પુરાણા સમયનું ચલણ, **स्थिरतराणि**-વધુ મજબૂત, **मितंपाचयति**-જેમાં થોડું રાંધી શકાય તેવી, **स्थालीम्**-હાંડી, **शरावे**-બે કોડીયા, **निम्नः**-ઊંડી, **उत्तान**-છીછરા, **उखले**-ખાંડણીમાં, **मध्ये कृशत्वम्**-વચમાંથી સાંકડા, **खदिर**-બાવળ, **मुसलेन**-

સાંબેલાથી, **चतुर**-ઝડપથી, **ललित**-કોમળતાથી, **उत्क्षेपण**-ઉપર હલાવવું, **अवक्षेपण**-નીચે હલાવવું, **शूर्प**-સૂપડું, **किंशारुक**-ફોતરાં

**મોટી સંધિવાળા શબ્દો :**

ताम्+तण्डुलान+न+अतिनिम्न+उत्तान+विस्तीर्ण+कुक्षौ ।

शूर्पगोधित+कण+किंशारुक+तण्डुलानः+सकृदम्दि

**ભાષાંતર :**

અને ઉપમાતાને કહ્યું, "માતા ઘરેણાં સાફ કરવા માટે ઉપયોગી બનનારાં આ છોડા સોની માટે જરૂરી છે. તે છોડાં તેમને આપી, તેમાંથી મળેલી કાકિણીથી વધારે મજબૂત, બહુ ભીનાં તેમજ બહુ સુકાં પણ નહીં તેવા લાકડાં, થોડું રાંધી શકાય તેવી હાંડી તેમજ બે શરાવ લઈ આવો." ઉપમાતાએ તેમ કર્યુ. પછી તે ચોખાને ખૂબ જ પહોળી, પણ ખૂબ જ ઊંડી નહીં તેમજ છીછરી પણ નહીં, એવી અર્જુનવૃક્ષની ખાંડણીમાં, લાંબા વજનદાર, લોખંડ જડિત આગળના ભાગવાળા, સમાન તથા વચમાં સાંકડા બનેલા બાવળના સાંબેલાથી છડયા. ઝડપથી તથા ધીમેથી ઉપર-નીચે હલાવવાથી તેના હાથ થાકી જતા હતા, વારંવાર પોતાની આંગળીઓથી ઊંચા-નીચા કરીને, સુપડાથી નાના કણ તેમજ કણકી દૂર કરી, પાણીથી ધોઈ નાંખી, ચૂલાની પૂજા કરી, ઉકળતા પાંચ ગણા પાણીમાં ઓર્યા.

प्रश्लथावयवेषु प्रस्फुरत्सु तण्डुलेन मुकुलावस्था-मतिवर्तमानेषु स क्षिप्यानलमुपहितमुखपिधानया स्थाल्यान्नमण्डमगालयेत् । दर्व्याचावघट्टय मात्रया परिवर्त्य समपक्केषु सिक्थेषु तां स्थालीमधोमुखीमवापितिष्ठित् । रुन्धनान्यन्त सारण्यम्भसा समभ्युक्ष्य प्रशमिताठनीनि कृष्णाड्ग़रीकृत्य तदर्थिभ्यः ग्राहिणोत् – 'एभिर्लब्धाः काकिणीर्दत्त्वा शाकं धृतं दधि तैलमामलक निञ्चाफलं च यथालाभमानय' इति ।

**શબ્દાર્થ :**

**प्रश्लथाः अवयवाः येषां ते तेषु**-જ્યારે તેના અવયવો ગળવા લાગ્યા અર્થાત્ ચડી જવા લાગ્યા, **मुकिलावस्थामतिंतमानेषु**-કળીની અવસ્થા ઓળંગી ગયા, **संक्षीप्य**-મંદ કરી, **अंत-मण्डम्**-કાઢી લેવું પડે છે, **दर्व्या**-કડછીથી, **अवघट्य**-હલાવીને, **अधोमुखी**-ઊંધુ, **अन्तः साराणि**-ઉપર ઉપરથી જ બળેલાં, **कृष्णाड्ग़रीकृत्य**-કોલસા બનાવીને, **आमलकम्**-આમળાં, **चिञ्चाफलम्**-આંબલી, **यथालाभम्**-જેટલા મળે તેટલા, **आनय**-લઈ આવો.

**મોટી સંધિવાળા અક્ષરો :**

**संक्षिप्य+अनलम्+उपहितमुखम्+अपिधानया ।**

**स्थाल्याम्+अन्नम+अण्डम+अगालयेत्**-ભાતને થાળીમાં (પાત્રમાં) ગાળી લીધાં.

**ભાષાંતર :**

જ્યારે તે (ચોખા) ગળવા લાગ્યા અને ચઢવા આવ્યા ત્યારે અગ્નિ ધીમો કરી, ઢાંકણાથી તપેલી ઢાંકી દઈને, ભાત ઓસાવી લીધા. ત્યારબાદ કડછીથી આમતેમ

હલાવી, જ્યારે તે ભાત બરાબર થઈ ગયા ત્યારે તે વાસણને ઊંધુ ઢાંકી દીધું. ઉપરથી બળેલા લાકડાને પાણીથી ઠારી, અગ્નિ બૂઝાવી કોલસા બનાવી, તેની જરૂરવાળાને મોકલ્યા અને દાસીને કહ્યું – "આ વેચીને, આવેલા પૈસાથી, શાકભાજી, ઘી, તેલ, આમળા તથા આંબલી વગેરે જેટલા મળે તેટલા લઈ આવ.

तथानुष्ठिते च तथा द्वित्रानुपदंशानुपपाद्यतदन्नमण्डमार्द्रवलुकोपहितनवशरावगतमति मृदुना तालवृन्तानिलेन शीतलीकृत्य सलवणं संभारं दत्ताङ्गधूपवासं च संपाद्य, तदप्यामलकं श्लक्ष्णयिष्टमुत्पलगन्धिकृत्वा धात्रीमुखेन स्नानाय तमचोदयत् । तथा च स्नानशुद्धया दत्ततैलामलकः क्रमेण सस्नौ । स्नातःसिक्तमृष्टे कुट्टिमे फलकमारुह्य पाण्डुहरितस्य त्रिभागशेषलूनस्याङ्गण्कद लीपलाशस्योपरि दत्तशरावद्वयमार्दमथिभृशन्नतिष्ठ्त् । सा तु तां पेयावेमाग्रे समुपाहरत् । पीत्वा चापनीयत्वाध्यक्ल्मः प्रहृष्टः प्रक्लिन्नसकलगात्रः स्थिरोऽभूत् ततस्तस्य शाल्योदनस्य दर्वीर्द्वयं दत्त्वा सर्पिमात्रा सूपमुपदशं चोपजहार । इमं च दध्ना च त्रिजातकावचूर्णितेन सुरभिशीतलाभ्यां च कालशेयकाञ्जिकाभ्यां शेषमन्नमभोजयत् । सशेष एवान्धस्थसावतृप्यत् ।

**શબ્દાર્થ :**

**उपदंशः**-શાક, **तालवृन्त**-પવનથી, **शीतलीकृत्य**-ઠંડુ કરીને, **श्लक्ष्णपिष्टम्**-ચૂરો કરીને, **सस्नौ**-સ્નાન કર્યુ, **सिक्तमृष्टे**-પાણી છાંટીને સાફ કરેલી, **कालशेय**-છાશ, **कुट्टिमे**-જગ્યા ઉપર, **प्रक्लिन्न**-થાક, **सकलगात्र**-આખા શરીરનો, **सर्पि**-ઘી.

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

इ+त्रान्+उपदेशान्+उपयाद्यम्+तत्+अन्नम्+अण्डम्+आर्दवम्+उलक+उपहित+नव+शरावगत+ अतिमृदुना । तालवृन्ताल+अनिलेन । दत्त+तैलम्+अमलकः । त्रिभागशेष+लूनस्या+आङ्गणः+ क्दलीपलारास्च+उपरि। दत्त+शराव+द्वयम+आर्दव+अभिभृशनम्+अतिष्ठत्।चूर्णितेन+सुरभि+ शीतलाभ्याम् । शेषम्+अन्नम्+भोजयेत् ।

**ભાષાંતર :**

તેમ કર્યા બાદ તેણે (કુમારીએ) બે ત્રણ જાતનાં શાક બનાવ્યાં, પછી ભાતના ઓસામણને ભીની રેતીવાળા નવા કોડિયામાં મૂકી, ધીરે ધીરે પવન નાંખી, ઠંડુ કરીને, તેમાં મીઠાનો મસાલો કરીને અગ્નિ ઉપર તેલ-ધૂપથી સુગંધવાળુ બનાવ્યું તથા તે આંબળાના ચૂર્ણને કમળની સુગંધવાળું બનાવવા ધાત્રી દ્વારા તેને સ્નાન માટે જણાવ્યું. સ્નાનથી સ્વચ્છ થયેલ ધાત્રી દ્વારા આપવામાં આવેલ તેલ તથા આંબળાથી માલિસ કરી તેણે સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી પાણી છાંટીને સાફ બનાવેલા સ્થળે પાટલા ઉપર તેને બેસાડયો તથા આંગણામાંથી લાવવામાં આવેલા પીળા અને લીલા, ત્રીજા ભાગ સુધી કાપેલા કેળના પાન ઉપર ધોઈને રાખેલા બે ભીના કોડિયાને સાફ કરતો તે બેઠો. કન્યાએ પહેલાં પીવાલાયક ઓસામણ જ આપ્યું. જે પીવાથી તેનો થાક દૂર થતાં તે પ્રસન્ન થતા, આનંદી અંગવાળો બન્યો. ત્યારબાદ કડછી ભાત, થોડું ઘી, ઓસામણ તેમજ શાક વગેરે પીરસ્યાં. ત્યારબાદ મરી, તજ તેમજ સૂંઠ મિશ્રિત દહીં તથા સુગંધિત ઠંડી છાશ તેમજ મઠ્ઠા સાથે બાકીનો ભાત જમાડયો (પીરસેલી) વાનગીઓ બાકી હતી અને તે તૃપ્ત થયો.

अयाचत च पानीयम्। अथ नवभृङ्गरसभृतमगुरूधूपपितमभिनवपाटलाकुसुमवासितमु-
-त्फुल्ला- त्पलग्रथितसौरभं वारिनालीधारात्मना पातयां बभूव। सोऽपि मुखापहितशरावेण हिमशिशिरकणकरालि-तारुणायमानाक्षिपक्ष्मा धारारवाभिनन्दितश्रवणः स्पर्शसुखोद्भिन्नरोमञ्चर्क-
-शकपोलः परिमलप्रवाहोत्पीडफुल्लघ्राणरन्ध्रो माधुर्यप्रकर्षविवर्जितरसनेन्द्रियस्तदच्छं पानीयमाकण्ठं पपौ। शिरः कम्पसंज्ञावारिता च पुनरपरकरकेणाचमनदत्त कन्या। वृद्धया तु तदुच्छिष्टमपोह्य हरितगोमयोपलिप्ते कुट्टि मेस्वमेवोत्तरीयकर्पटं व्यवधाय क्षणमशेत।

### શબ્દાર્થ :

**अभिनव**-તાજા, **मुखोपहित**-મોંઢે માંડેલ, **अक्षयक्ष्मा**-આંખની પાંપણોવાળા, **धारारव**-પાણીની ધારાનો અવાજ, **उच्छिष्टम्**-એઠું, **भृङ्ग़र**-ચંબુ

### દીર્ઘ સંધિવાળા શબ્દો :

**नवभृगार+रसभृतम्+अगुरुधूप+धूपितम्+अभिनव+पाटला+कुसुम+वासितम्+उत्कुल्लात्यल+ग्रथित+सौरभम् ।**

**हिमशिशिर+कण+तारुणायमाना+अक्षिपक्ष्मा**(આંખોવાળા)।

**स्पर्शः+सुखोद+भिन्न+रोमात्र्च+ कर्कश+कपोलः ।**

**परिमल+प्रवाहः+उत्पीडः+फुल्ल+घ्राण+रन्ध्रो । तद्+उच्चिष्ठ+अपोह ।**

**हरित+गोमयो+लिप्ते । स्वयं+एव+उत्तरीयः कर्पटं** (વસ્ત્ર) ।

**क्षणम्+अशेत ।**

### ભાષાંતર :

તેણે જળ માંગ્યું. કુમારીએ નવા ચંબૂમાંથી અગુરૂધૂપથી સુગંધિત તાજા પાટલ ફૂલોની સુગંધવાળું તથા ખીલેલા કમળ-સુગંધ મિશ્રિત જળ નાળચા દ્વારા રેડયું. મોઢે માંડેલા કોડિયાથી, બરફ સમાન ઠંડા જળકણોથી લાલ બનતી આંખોવાળા જળધારાથી પ્રસન્ન બનેલ કાનવાળા, સ્પર્શ-સુખથી કપાળ પર સ્પષ્ટ જણાઈ આવતા રોમાંચવાળા, સુગંધથી ભરપુર બનેલ નાકવાળા વિશેષ મધુરતાને કારણે ઉત્તેજીત બનેલ જીભવાળા, તેણે ધરાઈને પાણી પીધું. માથુ હલાવીને સંકેત દ્વારા અટકાવવામાં આવેલી કન્યાએ બીજા વાસણમાંથી આચમન માટે જળ આપ્યું. પછી વૃદ્ધ દાસી દ્વારા છાંડેલુ સાફ કરીને લીલા છાણથી લીંપેલ તે જ સ્થળ પર પોતાનો ખેસ પાથરીને થોડીવાર સુતો.

परितुष्टश्य विधिवदुपगम्य कन्यां निन्ये । नीत्यवैतदनपेक्षः कामपि गणिकामवरोधमकरोत्। तामप्यसौ प्रियसखीमिवोपाचरन्। पतिं च दैवतमिव मुक्तन्द्रा पर्यचरत्। गृहकार्याणि चाहीनमन्वतिष्ठत् । परिजनं च दाक्षिण्यनिधिरात्माधीनमकरोत्। तद्गुणवशीकृतश्च भर्ता सर्वमेव कुटुम्बं तदायत्तमेव कृत्वा तदेकाधीनजीवित शरीरस्त्रिवर्ग निर्विवेश। तद्ब्रवीमि – 'गृहिणः प्रियहिताय दारगुणाः' इति।

### શબ્દાર્થ :

**मुक्तन्द्रा**-આળસ રહિત બનીને, **उपयम्य**-પરણીને, **अनपेक्ष**-દરકાર કર્યા વગર, **अहीनम्**-સંપૂર્ણપણે, **दाक्षिज्यनिधि**-સૌજન્યનો ભંડાર, **आत्माधीन**-પોતાને વશ.

**દીર્ઘ સંધિવાળો શબ્દો :**

नीत्वै+तद+अनपेक्ष-લઈ આવ્યા બાદ બેદરકારી બતાવીને.

गणिकामि+अवरोध+अकरोत-ગણિકા સાથે સંબંધ રાખ્યો.


प्रियसखीम्+रूप+उपाचरत् । दाक्षिण्यनिधि+आत्माधीन+अकरोत् ।

तद+एकाधीन+जीवित+शरीरः+त्रिवर्गः (ધર્મ, અર્થ અને કામ)

**ભાષાંતર :**

સંતુષ્ટ બનેલો શક્તિકુમાર કન્યા સાથે વિધિપૂર્વક લગ્ન કરીને, તેને ઘરે લઈ ગયો. લઈ આવ્યા પછી તેના તરફ બેદરકારી બતાવીને, શક્તિકુમારે એક ગણિકા સાથે સંબંધ બાંધ્યો. ગોમિની તે ગણિકા સાથે પણ પ્રિય બહેનપણી જેવો વ્યવહાર કરવા લાગી. આળસ વગરની બની, તે દેવીની માફક પોતાના પતિની સેવા કરવા લાગી. તે બધું જ ઘરકામ કરતી. સૌજન્યના ભંડાર સમાન તેણે સેવકગણને પોતાને આધીન કરી લીધો. તેના ગુણોથી વશ બનેલા પતિએ કુટુંબની સઘળી જવાબદારી તેને સોંપી પોતાના જીવન તથા શરીરને સુપરત કરી ધર્મ, અર્થ તથા કામ એ ત્રિવર્ગ સિદ્ધ કર્યો. તેથી હું કહું છું કે, ''સ્ત્રીના ગુણો જ ગૃહસ્થના પ્રિય અને હિત માટે હોય છે.''

## ૧૫.૪ ગોમિની કથા : આકૃતિ વાર્તાસાર



## ૧૫.૫ ગોમિની કથાનો સારઃ

- ભારતીય સ્ત્રીઓની ચતુરાઈ, કરકસર, ચીવટ અને સમર્પણને દંડીએ દર્શાવ્યું છે.
- દક્ષિણ ભારતીય લોકોની જીવનશૈલી જોવા મળે છે. કારણ કે ચોખામાંથી સુગંધિત ભાત ત્યાં બનાવાય છે.
- સંસ્કૃત કવિઓ બાહ્ય સુંદરતાની સાથો સાથ આંતરિક સૌંદર્યનો મહિમા કરે છે.
- લગ્ન પાછળનો મૂળ હેતું ધર્મ-અર્થ-કામ 'ત્રિવર્ગ' નો છે.
- કુતૂહલ તત્ત્વ એ કથાની મહત્ત્વની શરત છે, જેમાં દંડી ખરા ઉતરે છે.

## ૧૫.૬ બોધપ્રધાન કણિકાઓ :

(१) **त्यदाराणमननुगुणदाराणां वा सुखं नाम ।**

પત્ની વગરનાને તેમજ અવગુણી પત્નીવાળાને સુખ મળતું નથી.

(२) **सेयमाकृतिर्नव्यभिचरति शीलम् ।**

આ તે આકૃતિ છે, જે ચારિત્ર્યભ્રષ્ટ ન હોય.

(३) **अविमृश्यकारिणां हि नियतमनेकाः पतन्त्युनशय परम्पराः।**

કારણ કે વગર વિચાર્યે કાર્ય કરનારને ચોક્કસ અનેક પસ્તાવાની પરંપરા ભોગવવી પડે છે.

(४) **गृहिणः प्रियहिताय दारगुणाः।**

સ્ત્રીના ગુણો જ ગૃહસ્થના પ્રિય અને હિત માટે હોય છે.

## ૧૫.૭ તમારી પ્રગતિ ચકાસો :

(૧) શક્તિકુમાર કયા દેશનો હતો ? કોનો પુત્ર હતો ?

ઉત્તર : ............................................................

............................................................

............................................................

(૨) શક્તિકુમાર પત્નીની પસંદગી કરવાનો જાતે નિર્ણય કેમ કરે છે ?

ઉત્તર : ............................................................

............................................................

............................................................

(૩) પત્ની પસંદગી અંગે શક્તિકુમારની શી શરત હતી ?

ઉત્તર : ............................................................

............................................................

............................................................

(૪) શક્તિકુમારને પોતાની પસંદગીની કન્યા ક્યા દેશમાંથી મળી ?

ઉત્તર : ............................................................

............................................................

............................................................

(૫) ગોમિનીના હાથમાં કેવા પ્રકારના ચિહ્નો હતાં ?

ઉત્તર : ..........................................................

..........................................................

..........................................................

(૬) ગોમિનીની સુંદરતા જોઈ શક્તિકુમારને શું લાગ્યું ?

ઉત્તર : ..........................................................

..........................................................

..........................................................

(૭) એકપ્રસ્થ ડાંગરમાંથી (અર્થાત્ એક ખોબો ડાંગરમાંથી) ગોમિનીએ કઈ રીતે ભોજન બનાવ્યું?

ઉત્તર : ..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

(૮) શક્તિકુમારના ગણિકા સાથેના સંબંધને ગોમિનીએ કેવો ગણ્યો ?

ઉત્તર : ..........................................................

..........................................................

..........................................................

(૯) ગોમિનીના કયા-કયા ગુણોને કારણે શક્તિકુમારે સમગ્ર કુટુંબનો તાર સોંપ્યો ?

ઉત્તર : ..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

★ ગોમિનીનું પાત્રાલેખન કરો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**એકમ ૧૬**

# નિમ્બવતી કથા મૂળપાઠ

## રૂપરેખા


૧૬.૦ ઉદ્દેશ

૧૬.૧ પ્રસ્તાવના

૧૬.૨ નિમ્બવતી કથા : મૂ¤...ાઠ – શÇદાર્થ – દીર્ઘ સંધિ વિસ્તાર – ભાષાંતર

૧૬.૩ નિમ્બવતી કથા : આકૃતિ – વાર્તાસાર

૧૬.૪ નિમ્બવતી કથાનો ઉદ્દેશ

૧૬.૫ બોધપ્રધાન કણિકાઓ

૧૬.૬ તમારી પ્રગતિ ચકાસો


### ૧૬.૦ ઉદ્દેશ :

- આ કથામાં આવતા પાત્રો પણ માનવ સ્વભાવની આંતરિક ગડમથલને વાચા આપે છે.
- સહજીવનની શરૂઆત કરનારા દંપતિની વાત કરનારી કોઈ કથા હોય તો નિમ્બવતીની કથા છે.
- દંડીકાલીન સમાજ વ્યવસ્થામાં આ પ્રકારની વાર્તાઓ 'સ્ત્રી સલાહ' ના કેન્દ્ર તરીકે હતી.
- પોતાના માણસો મારફત જો થોડો ચતુરાઈપૂર્વકનો રસ દાખવવામાં આવે તો કેટલાય નવદંપતિના પ્રશ્નો હલ થઈ શકે.
- આ પ્રકારના અર્થમાં નિમ્બવતી પ્રાચીનતાની સાથે આધુનિક કથાનો દરજ્જો ધરાવે છે.

ઉપર્યુક્ત બાબતો પ્રસ્તુત એકમથી આપ સમજી શકશો.

### ૧૬.૧ પ્રસ્તાવના :

દશકુમારચરિતમ્ ના છઠ્ઠા ઉચ્છ્વાસમાં મિત્રગુપ્તવૃત્તાંતમાં ચાર પેટા કથાઓમાંની ત્રીજી અને તમારા અભ્યાસક્રમમાં બીજી કથા એટલે 'નિમ્બવતી' ની કથા. આ કથા પણ અનેક રીતે માનવ સ્વભાવના નાજુક બિંદુને ઉદ્ઘાટિત કરે છે.

### ૧૬.૨ નિમ્બવતી કથા : મૂ¤...ાઠ – શÇદાર્થ – દીર્ઘ સંધિ વિસ્તાર – ભાષાંતર :

રાક્ષસના ત્રીજા પ્રશ્નના ઉત્તરરૂપે મિત્રગુપ્ત દ્વારા નિમ્બવતીની કથા કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે.

**ततस्तेनानुयुक्ते निम्बवतीवृत्तमाख्यतवान् – 'अस्तिसौराष्ट्रेषु वलभी नाम नगरी।**

तस्यां गृहगुप्तनाम्नो गुह्यकेन्द्रतुल्यविभवस्य नाविकपतेर्दुहिता रत्नवती । तां किल मधुमत्याः समुपागम्य बलभद्रो नाम सार्थवाहपुत्रः पर्यणमैषीत् । तथापि नववध्वा रहसि रभसविध्नितसुरतसुखो झटिति द्वेषमल्पेतरं बबन्ध। न तां पुन र्द्रर्ष्टुमिष्टवान् । तद्नुग्रहागमनपि सुहृद्वाक्यशतार्तिवर्ती लज्जया परिजहार । तां च दुर्भगा तदाप्रमृत्येव 'नेयं रत्नवती, निम्बवतीचेयम् इति स्वजनः परजनश्च परिबभूव ।

**શબ્દાર્થ :**

अनुयुक्त-કહેવાતાં, सौराट्रेषु-સૌરાષ્ટ્રમાં, वलभी-વલભી (આજનું વલભીપુર) गुह्यकेन्द्र-ગુહ્યોના સ્વામી, કુબેર, नाविकपति-નાવિકોનો નાયક, मधुमत्या-મધુમતી નગરથી, पर्यणैषीत्-પરણ્યો, रहसि-એકાંતમાં, रभस-એકાએક, अल्पेतरम्-બહુ, सुहृद-મિત્રોની, वाक्यशतातिवर्ती-સેંકડો સલાહોનું ઉલ્લંઘન કરી, निम्बवती-લીંબોળી

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

रभस+विध्नित+सुरतसुखो । सुहृद+वाक्य+शततिवर्ती

**ભાષાંતર :**

ત્યારબાદ તે બ્રહ્મરાક્ષસ દ્વારા આગ્રહ કરવામાં આવતાં મેં નિમ્બવતીનું વૃત્તાંત કહ્યું, ''સૌરાષ્ટ્રમાં વલભી નામનું નગર છે. ત્યાં કુબેર જેવા સંપત્તિશીલ, નાવિકોના નાયક ગૃહગુપ્તને રત્નવતી નામની પુત્રી હતી. મધુમતી નગરથી આવીને બલભદ્ર નામના એક વણિકપુત્રે તેની સાથે લગ્ન કર્યુ. તે નવવધૂ દ્વારા એકાંતમાં, અચાનક રતિક્રીડાના સુખમાં વિધ્ન કરવાથી બલભદ્રને તેના માટે ઘણો દ્વેષ ઉત્પન્ન થયો. તેણે તેને (રત્નવતી) ફરીથી જોવાની ઈચ્છા પણ ન કરી. મિત્રોની સેંકડો સલાહ ઓળંગીને બલભદ્રે લજ્જાથી તેને ઘેર જવાનું પણ છોડી દીધું. ત્યારથી જ તે કમનસીબ સ્ત્રીની ''આ રત્નવતી નથી, પણ નિમ્બવતી (લીંબોળી) છે.'' એવા વાક્યોથી તેના સ્નેહી લોકો તથા સંબંધીઓ મશ્કરી કરવા લાગ્યા.

गते च कस्मिंश्चित्कालान्तरे सा त्वनुतप्यमाना 'का मे गतिः ?' इति विमृशन्ती कामपि वृद्धप्रव्राजिकां मातृस्थानीयां षकुसुमैरुपस्थितामपश्यत् । तस्याः पुरो सकरुणं रुदोद । तयाप्यश्रुमुख्रा बहुप्रकारमनुनीय रुदितकारणं पृष्टा त्रयमाणापि र्यगौरवात्कथंचिदब्रवीत् – 'अम्ब! किं ब्रवीमि । दौर्भाग्यं नम जीवन्मरणमेवङ्गनानां, विशेषतश्च कुलवधूनाम् । तस्याहमस्युदाहरणभूता । मातृप्रमुख्रोऽपि ज्ञातिवर्गो मामवज्ञयैव पश्यति । तेन सुदुष्टां मां कुरु । न चेत्त्यजेयमद्यैव निष्प्रयोजनांप्राणान् । आविरामाच्च मे रहस्यं नाश्राव्यम्' रुति पादयोः पयात् ।

**શબ્દાર્થ :**

अनुतप्यमाना-સંતાપ પામતી, विमृशन्ती-વિચારતી, मातृस्थानीयाम्-માતા સમાન, देवशेषकुसुमैः-દેવતાના વધેલા ફૂલો, अनुनीय-મનાવીને, त्रपया-લજ્જાના કારણે, कथंचित्-મહાપ્રયત્ને, दौर्भाग्यम्-ખરાબ નસીબ,

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

**कस्मिन्+चित्+कालान्तरे । देव:+शेष+कुसुमै । तथा+अपि+अश्रु+मुखया । कार्यगौरवात्+ कथंचित्+ अब्रवीत् । जीवन:+मरणम्+एव+अङ्गनानाम् । चेत्+त्यजेयम्+अद्यैव+ निष्प्रयोजनान् + प्राणान् । आ विरमात्**-હું જીવતી રહું ત્યાં સુધી

**ભાષાંતર :**

થોડા સમયબાદ પસ્તાવો કરતી, ‘‘હવે મારું શું થશે ? એમ વિચાર કરતી તેણે, માતા સમાન, દેવતાના બાકી પુષ્પો લઈને આવેલી એક વૃદ્ધ-સંન્યાસિનીને જોઈ. તેની સમક્ષ એકાંતમાં તે રડવા લાગી. તે જોઈને આંસુ ભરેલ આંખોવાળી વૃદ્ધ (સંન્યાસિની) દ્વારા અનેક રીતે સમજાવીને તેનાં રડવાનું કારણ પૂછવામાં આવતાં, લજ્જાળું હોવા છતાં કામ મહત્ત્વનું હોવાથી તે મહાપ્રયત્ને બોલી, હે માતા શું કહું ? સ્ત્રીઓને માટે ખરાબ નસીબ (પતિ સુખ ન હોવું) ખરેખર જીવતું મરણ છે. તેમાં પણ ખાસ કરીને કુળવાન સ્ત્રીઓને માટે. હું જાતે જ તેનું ઉદાહરણ બની છું. માતા સહિત બધો જ્ઞાતિવર્ગ મારા તરફ તિરસ્કારથી જુએ છે. તેથી તેની(પતિની) નજરમાં સારી રીતે વસું, તેવું કંઈક કરો. નહીંતર કારણ વગર મારા પ્રાણનો હું આજે જ ત્યાગ કરીશ અને હું જીવતી રહું ત્યાં સુધી આ રહસ્ય કોઈને ન કહેવું. આમ કહી તે સંન્યાસિનીના પગમાં પડી.

**सैनामुत्थाप्योद्बाष्पोवाच – ‘वत्से! माऽध्यवस्य: साहसम् ।रूपमस्मि त्वन्निदेशवर्तिनी । यावति ममोपयोगस्त्व तावति भवाभ्यनन्याधीना । यद्येवासि निर्विण्णा तपञ्चर: त्वं मदधिष्ठिता पारलौकिकाय कल्याणाय । नन्वयमुदर्क: प्राकौतनस्य दुष्कृतस्य, यदनेनाकारेणेदृशेन शीलेन जात्या च्यैवं भूतया समनुगता सत्यकस्मादेव भतृद्वेष्यतां गतासि। यदि कश्चिदस्त्युपाय: पतिद्रोहप्रतिक्रियायै दर्शयामुम् । मतिर्हि ते पटीयसी’ – इति।**

**શબ્દાર્થ :**

**मा अध्यस्व**-આચરીન નહિ, **निदेश**-આજ્ઞા, **अन्याधीना**-બીજાને આધીન નહિ, **तप: चर**-તપ કર, **मति**-બુદ્ધિ, **पटीयसि**-તુ ચતુર છે, **अदर्क**-ફળ

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

**सा+एनम्+उत्थायात्+ +बाष्पा:+उवाय । इयम् + अस्मि + त्वत् निदेश+वर्तिनी । यत्+अनेन+ कारणेन+तादृशेष । प्राक्तनस्य**-પૂર્વજન્મના

**ભાષાંતર :**

સંન્યાસિનીએ તેને ઊભી કરી. આંસુ વહેવડાવતાં તેણે કહ્યું – પુત્રી, એવું સાહસ ન કર. તારી ઈચ્છા મુજબ હું કરવા તત્પર છું. મારો જે રીતે ઉપયોગ કરવો હોય તેટલો તું કર. હું તને આધીન છું. સાચે જ, જો તને દુઃખ થયું હોય તો મારે આધીન રહીને લોક-કલ્યાણ માટે તપશ્ચર્યા કર. ખરેખર પૂર્વ જન્મના પાપોનું ફળ ઉદય પામેલું છે. એથી જ આવી ચારિત્ર્યશીલ તેમજ કુળવાન સ્ત્રી હોવા છતાં તુ એકાએક પતિનું દ્વેષપાત્ર બનેલી છે. પતિદ્રોહનો પ્રતિકાર કરી શકાય તેવો કોઈ ઉપાય હોય તો તું બતાવ. કારણ કે તારી બુદ્ધિ ચતુર છે.

अथासौ कथंचित्क्षणमधोमुखी ध्यात्वा र्धोष्णश्वासपूर्वमवोचत् 'भगवति! पतिरेव दैवतं वनितानाम्, विशेषतश्च कुलजानाम् । अस्त्यस्मत्प्रातिवेश्यो वणिगभिजनेन विभवेन राजान्तरङ्गभावेन च सर्वपौरानतीत्यवर्तते । तस्य कन्या कनकवती नाम मत्समानरुपायववा ममातिस्निग्धा सखी । तया सह तद्विमानहर्म्यतले ततोऽपि द्विगुणमण्डिता विहरिष्यामि । त्वया तु तन्मातृप्रार्थनं सकरुणमभिधाय मत्पतिरेहगृहं कथंचनानेयः ।

**શબ્દાર્થ :**

**ध्यात्वा**-વિચાર કરવા લાગી, **वनितानाम्**-સ્ત્રીઓ માટે, **पतिः+एव**-પતિ જ, **दैवतम्**-દેવતા, **कुलजानाम्**-કુળવાન સ્ત્રીઓ માટે, **प्रातिवेश्यः**-પાડોશી, **अभिजनेन**-ઉત્તમ કુળથી, **राजान्तरङ्गभावेन**-રાજાનો ખાસ મિત્ર હોવાથી, **अतीत्य वर्तते**-આગળ પડતો રહે છે.

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

अथ+असौ । कथंचित+क्षणम्+अधोमुखी । दीर्धः+उष्णः+श्वासः+पूर्वम्+प्रवोचतः । तद्+विमान+हर्म्यतले (આગાશી પર) । तत्+मातृः+प्रार्थनम्+सकरुणः+अभिधाय ।

**ભાષાંતર :**

પછી તે (રત્નવતી) કેટલાક સમય સુધી મોઢું નીચું કરી વિચાર કરવા લાગી અને લાંબા તથા ગરમ નિસાસા નાખતાં બોલી, "હે ભગવતી, સ્ત્રીઓ માટે અને ખાસ કરીને કુલીન સ્ત્રીઓ માટે પતિ જ દેવતા છે. તેથી એવું કંઈક કરવું જોઈએ કે જે તેની સેવા કરવામાં ઉપાયરૂપ હોય. અમારો પાડોશી વાણિયો છે, જે ઉચ્ચકુળથી, સંપત્તિથી રાજાની નિકટનો હોવાથી સર્વે નગરવાસીઓ કરતાં આગળ પડતો અને ચડિયાતો છે. મારા જેવા જ રૂપ અને અવયવોવાળી તેમની કનકવતી નામની પુત્રી મારી પ્રિય સખી છે. તેનાથી બમણો શણગાર સજી તેની સાથે તેના મહેલની અગાસીમાં હું તેની સાથે રમીશ. તેની (કનકવતી) માતાની નમ્રતાપૂર્વક વિનંતી કરી ગમે તે રીતે મારા પતિને કરૂણાપૂર્વક કહી, કોઈપણ પ્રકારે આને ઘેર તેડી લાવવો.

समीपगतेषु युष्मासु क्रीडामत्ता नाम कन्दुकं भ्रंशयेयम् । अथ तमादाय तस्य हस्ते दत्त्वा वक्ष्यसि – 'पुत्र ! तवेयं भार्यासखी निधिपतिदत्तस्यसर्वश्रेष्टिमुख्यस्य कन्या कनकवति नाम । त्वामियमनस्थो निष्करणश्चेति रत्नवतीनिमित्तमत्यर्थ निन्दति तवैष कन्दुकोविपक्षघनं प्रत्यर्पणीयम्' इति स तथोक्त्ते नियतमुन्मुखीभूयतामेव प्रियसखीं मन्यमानो मां, बद्धञ्जलिं याचमानायै मह्यं भूयस्त्वत्प्रार्थितः साभिलाषमर्पयिष्यति । तेन रन्ध्रेणोपश्लिष्य रागमुज्जवलीकृत्य यथासौ कृतसंकेतो देशान्तरमादाय मां गमिष्यति तथोपवादनीयम्' इति। हर्षाभ्युपेतया चानया तथैवा संपादितम् ।

**શબ્દાર્થ :**

**युष्मासु**-તમે, **समीप+गतेषु**-નજીકમાં હશો ત્યારે, **भ्रंशयेयम्**-પાડી દઈશ, **तम+आदाय**-તેને આપીને, **वक्ष्यसि**-તમારે કહેવાનું, **रन्ध्रेण**-છિદ્રથી/બહાના તળે, **रागम्**-પ્રેમ, **उज्जवलीकृत्य**-ઉજ્જવળ કરીને, વાપરીને, **कृतसंकेत**-સમય નક્કી કરી, **संपादितम्**-કર્યું, **विपक्षधनं**-સામેવાળું ધન (રમતમાં સામેવાળાનો દડો)

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

**निधिपतिदतस्य+सर्वश्रेठिमुख्यस्य । त्वाम+रूपम्+अनवस्था:+निष्करुण:+च+इति। रत्नवती+निमित्तम्+इत्यर्थः । बद्धः+अञ्जलिं । साभिलाषम+अर्पयिष्यति ।**

**ભાષાંતર :**

તમે નજીકમાં હશો ત્યારે રમતમાં રહેલી હું દડો પાડી દઈશ. તેના(બલભદ્રના) હાથમાં દડો આપી તમારે કહેવાનું, "હે પુત્ર, બધા વણિકોમાં શ્રેષ્ઠ નિધિપતિદત્તની સુપુત્રી કનકવતી તારી પત્નીની બહેનપણી છે. રત્નવતીની બાબતમાં તું ચંચળ તથા નિર્દય બની છે. એમ (કહેજે) તારી ખૂબ જ નિંદા કરે છે. માટે આ દડો પ્રતિસ્પર્ધીની વસ્તુ હોવાથી પાછો આપવો જરૂરી છે." આથી આ પ્રમાણે કહેવાથી પણ ફરીથી જરૂર ઊંચુ મોઢું કરીને હું તે જ પ્રિયસખી છું. એમ માનનારો તમારાથી પણ ફરીથી દડો આપવાની વિનંતી કરતો, તે પ્રણામ કરીને માગનારી મને અભિલાષાપૂર્વક દડો પાછો આપશે. હું આ તકનો લાભ ઊઠાવીને તેને આલિંગન આપીશ. પ્રેમ વધારીને, સમય નક્કી કરીને જે પ્રમાણે તે મને બીજા દેશમાં લઈ જાય તેમ કરવાનું છે. આનંદિત થયેલી તેણે તે પ્રમાણે કર્યુ.

**अथेतां कनकवतीं वृद्धतापसीविप्रलब्धो बलभद्रः सरत्नसाराभरणामादाय निशि नीरन्ध्रे तमसि प्रावसत् । सा तु तापसी वार्तामापादयत् – 'मन्देन मया निर्निमित्तमुपेक्षया रत्नवती श्चशुरौ च परिभूतौ, सुहदश्चातिवर्तिता । तदत्रैव संसृष्टो जीवितुं जिह्रमीति बलभद्र पूर्वेद्युर्मामकथयत् । नूनमसौ तेन नीता वयक्तिश्चाचिरादभविष्यति' इति । तच्छुत्वा तद्बान्धवास्तदन्वेषणं प्रति शिथिलयत्नोस्तस्थुः ।**

**શબ્દાર્થ :**

**विप्रलब्ध**-છેતરાયેલ, **नीरन्ध्रे तमसि**-ગાઢ અંધકારમાં, **प्रा+अवसत्**-બીજે ચાલ્યો ગયો/પરદેશમાં વસ્યો, **वार्ताम्+अपादयेत**-વાતને વહેતી મૂકી, **मन्देन**-મુર્ખે, **नि:+निर्मितम्+उपेक्षया**-કારણ વગરની બેદરકારી (ઉપેક્ષા) કરી, **परिभूतौ**-અપમાન કર્યુ, **जिह्रेमि**-શરમ આવે છે, **अन्वेषणम्**-શોધ કરવી.

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

**सरत्न** (રત્ન સાથે)+**सारा** (ધન) + **आदाय । सुहदाः च + अतिवर्तिता** (સલાહને અવગણી), **व्यक्तिः** (પ્રસિદ્ધ) + **च + अचिरात् + भविष्यति । शिथिः + यत्ना + तस्थु**(પૂરા થયાં / પડી ગયાં)

**ભાષાંતર :**

હવે વૃદ્ધ સંન્યાસિની દ્વારા છેતરાયેલો તે બલભદ્ર આને (રત્નવતીને) કનકવતી (સમજી) રત્ન, ધન અને ઘરેણાઓ સહિત રાત્રે ગાઢ અંધારામાં પરદેશ ચાલ્યો ગયો. પેલી તાપસીએ વાત વહેતી મૂકી કે તે બલભદ્રે ગઈકાલે મને કહ્યું હતું, "મેં મૂર્ખાએ વગર કારણે રત્નવતી તરફ બેદરકારી દાખવી, સાસુ-સસરાનું અપમાન કર્યુ, મિત્રોની સલાહ ન માની. હવે તેની સાથે અહીં જ રહીને જીવન જીવવામાં મને શરમ આવે છે. ખરેખર આવા જ કારણથી તેને (રત્નવતી) ને લઈ ગયો છે. જેની ટૂંક સમયમાં પ્રસિદ્ધિ

થશે. આ સાંભળીને તેનાં સગાસંબંધીઓ તેની શોધ કરવાના પ્રયત્નમાં ઢીલાં પડી ગયાં.

**रत्नवतीं तु मार्गे कांचित्पण्यदासीं संगृह्य तयोह्यमानपाथेयाद्युपस्करा खेटकपुरमगमत्। अमुत्र च व्यहवारकुशलो बलभद्र स्वल्पैनेव मूलेन महद्धनमुपार्जयत् । अमुत्र च व्यहवारकुशलो बलभद्र स्वल्पैनेव मूलेन महद्धनमुपार्जयत् । पौराग्रगण्यश्चासीत् । परिजनश्च भूयानर्थवशात्मसमाजगाम ।ततस्तां प्रथमदासीं 'न कर्म करोषि, दृष्टं मुष्णासि, अप्रियं ब्रवीषि' रूति परुषमुक्त्वा बह्वताडयत् । चेटी तु सादकालापाख्यातरहस्यस्यवृत्तान्तै कदेशमात्तज्ञेषां निर्बिभेद । तच्छुत्वा लुब्धेन तु दण्डवाहिनीपौरवृद्ध-संनिधौ निधिपतिदत्तस्य कन्यां कनकवतीं मीषेणापहृत्वास्मत्पुरे निवसत्येष दुर्मतिर्बलभद्रः । तस्य सर्वस्वहरणंन भवद्भिः प्रतिबन्धनीयम्' इति नितरामभर्त्सयत ।**

**શબ્દાર્થ :**

**पण्यदासी**-પગારદાર દાસી, **पाथेय**-ભાથું, **व्यवहारकुशलः**:- વેપારમાં ચતુર, **अमुत्र**-રહીને, **स्वल्प**-થોડી, **मुलेन**-મૂડીથી, **मुष्णासि**-તુ ચોરી કરે છે, **परुषम+उक्त्वा**-કઠોર બોલીને, **बहवः+ताडयेत्**-ખૂબ માર માર્યો

**દીર્ઘ સંધિ વિસ્તાર :**

तयो+ह्यमान+पाथेयादि+उपस्करा । महत्+धनम्+उपार्जयेत् । प्रसादकालः+उपाख्यात+रहस्य+अस्य ।तान्तैः।+एकदेशम्+आत्मज्ञः एषां । दवाहिनी+पौरः+वृद्धः+संनिधौ । मीषेण+अपहत्य+अस्मात्+पुरे । निवसत्+एषः ।

**ભાષાંતર :**

રસ્તામાં રત્નવતીએ પગારદાર દાસી રાખી અને તેની પાસે ભાથું વગેરે સામાન ઉપડાવી ખેટકપુર પહોંચી ગઈ. ત્યાં વેપારમાં ચતુરાઈથી બલભદ્ર થોડી મૂડીથી ઘણું કમાયો. નગરમાં શ્રેષ્ઠ બન્યો અને ધન આવતાં સગાઓ પણ વધ્યા. ત્યારબાદ પહેલી આવેલી દાસીને, "તું કામ કરતી નથી, નજરે પડતી વસ્તુની ચોરી કરે છે, અપ્રિય બોલે છે." એમ કઠોર બોલી (રત્નવતીએ) ખૂબ મારી. આ કારણથી ભરાયેલી તે દાસીએ મહેરબાનીના સમયે રત્નવતી દ્વારા કહેવામાં આવેલ કેટલાક રહસ્યોમાંથી એક ભાગ પ્રકટ કર્યો. તે સાંભળી લોભી દંડનાયકે નગરના વૃદ્ધો સમક્ષ એક ભાગ પ્રકટ કર્યો. આ દુષ્ટબુદ્ધિ બલભદ્ર નિધિપતિદત્તની કન્યા કનકવતીનું ચોરીથી અપહરણ કરી આ નગરમાં રહે છે, તેનું બધું જ હરી લેવામાં આવે તો તમારે ના ન પાડવી. આમ (બોલી) ખૂબ જ ધમકી આપી.

**भीतं च बलभद्रमभिजगाद रत्नवती – 'न भेतव्यम् । ब्रूही नेयं निधिपतिदत्तकन्या कनकवती। वलभ्यामेव गृहगुप्तदुहिता रत्नवती नामेयं दत्तापितृभ्यां गया च न्यायोढा । न चेत्प्रतीथ प्रणिधि' प्रहिणुतास्या बंधुपार्श्वम्' इति बलभद्रास्तु तथोक्त्वा श्रेणिप्रातिभाव्येन तावदेवा तिष्ठाद्यावत्तत्पुरलेरव्यलब्धवृत्तान्तौ गृहगुप्तः खेटकपुरमागत्य सह-जामात्रा दुहितरमतिप्रीतः प्रत्यनैषीत् । तथा दृष्टवा रत्नवतीं कनकवतीति भावयतस्तयैव बलभद्रस्यातिवल्लभा जाता। तदब्रवीमिकामो नाम संकल्पः' इति ।**

**શબ્દાર્થ :**

**दुहिता**-પુત્રી, **न्यायोढा न्याय – मार्गेणोढा**-ન્યાયના માર્ગે કાયદેસરનું લગ્ન કર્યુ છે. **न चेत प्रतीथ**-વિશ્વાસ ન હોય તો, **प्रणिधिम**-દૂતને, સેવકને, **प्रतिभाव्येन**-જામીન પર, **प्रध्यनैतीत्**-લઈ ગયો, **अतिवल्लभा**-વધુ પ્રિય.


**દીર્ઘ સંધિ વિસ્તાર :**

**वलभ्याम+एव+गृह+गुप्त+दुहिता । न+चेत्+प्रतीथ+प्रणिधिः । श्रेणिप्रातिभाव्येन+तावत्+एव+ उतिष्ठत्+यावत्+पुरः+लेख्यः+लब्ध+वृत्तान्तो । दुहितरम+अतिप्रीत ।**

**ભાષાંતર :**

આથી ભયભીત બનેલા બલભદ્રને રત્નવતીએ જણાવ્યું. ભયભીત થવાની કોઈ જરૂર નથી. એમ જણાવજો કે આ નિધિપતિદત્તની કનકવતી છે જ નહીં. આ તો વલ્લભીના ગૃહગુપ્તની પુત્રી રત્નવતી છે. એના માતા પિતાએ મને કન્યાદાન આપેલું છે. તમને જો વિશ્વાસ ન પડતો હોય તો તમારા ગુપ્તચરને (રત્નવતીના) સગાને ત્યાં મોકલો. બલભદ્રનો આવો જવાબ (સાંભળી) બીજા વૈશ્યોના જામીન ઉપર છોડવામાં આવેલ બલભદ્ર આ નગરમાં ત્યાં સુધી રહ્યો કે આ શહેરમાંથી મળેલા લેખિત સંદેશાથી ગૃહગુપ્ત ખેટકપુરમાં આવીને અત્યંત આનંદસહિત જમાઈ સાથે પુત્રીને તેડી ગયો. આ રીતે જેને કનકવતી માનતો હતો તે રત્નવતીછે. એમ ખબર પડતાં બલભદ્ર તેને વિશેષ પ્રેમથી ચાહવા લાગ્યો. માટે હું કહું છું કે, ઈચ્છવા યોગ્ય (હોય તો) સંકલ્પ છે.

## ૧૬.૩ નિમ્બવતી કથાઃ આકૃતિ વાર્તાસાર



**૧૬.૪ નિમ્બવતી કથાનો સાર :**

- સ્ત્રી બીજી સ્ત્રીની સાચી મિત્ર બને તો વિચિત્ર પ્રશ્નો પણ હલ થઈ જાય. રત્નવતી-કનકવતી- બૌદ્ધ સાધ્વીના પાત્ર દ્વારા આ જોઈ શકાય છે.
- સામાન્ય અને નાજુક પ્રશ્નો સામાન્ય સમજણના અભાવે કેટલું મોટું સ્વરૂપ ધારણ કરે છે. તે જોઈ શકાય છે.
- બલભદ્ર-રત્નવતી જે નાદાનિયતથી જુદા પડે છે, તે જ નાદાનિયતથી ભેગા થાય છે, એ આ કથાની વિશેષતા છે. જેને સાહિત્યમાં 'રસકેન્દ્ર' અથવા 'રસ સ્થાન' કહેવાય છે.
- અહીં સંયોગ શ્રૃંગાર-વિયોગ શ્રૃંગાર-સંયોગ શ્રૃંગાર નો ઉપક્રમ રચાયો છે. જે મિત્રગુપ્તવૃત્તાતની ચારેય વાર્તાઓમાં જળવાય છે.
- કથાકાર દંડીને સામાન્ય માણસોના જીવનમાં કેવો રસ પડે છે, તે જોઈ શકાય છે.

**૧૬.૫ બોધપ્રધાન કણિકાઓ :**

(૧) **दौर्भाग्य नाम जीवन्मरणमेवाङ्गनानां, विशेषतश्च कुलवधूनाम् ।**

પતિથી અળખામણા થવાનું દુર્ભાગ્ય સ્ત્રીઓને માટે જીવતા મૃત્યુ સમાન છે, ખાસ કરીને કુલવધુઓ માટે.

(૨) **भगवति ! पतिदेव दैवतं वनितानाम्, विशेषतश्च कुलजानाम् ।**

હે ભગવતી, સ્ત્રીઓમાટે, ખાસ કરીને ખાનદાન સ્ત્રીઓ માટે તો પતિ જ દેવતા છે.

**૧૬.૬ તમારી પ્રગતિ ચકાસો :**

(૧) રત્નવતી કોણ હતી ?

ઉત્તર : ............................................................
............................................................
............................................................

(૨) બલભદ્ર કોણ હતો ?

ઉત્તર : ............................................................
............................................................
............................................................

(૩) બલભદ્રને રત્નવતી પ્રત્યે કેવી લાગણી હતી ?

ઉત્તર : ............................................................
............................................................
............................................................

(૪) રત્નવતીના સગાઓ રત્નવતીને શું કહેવા લાગ્યા?

ઉત્તર : ............................................................
............................................................
............................................................

(૫) નિમ્બવતીએ બૌદ્ધ સાધ્વીને શી યોજના બતાવી ?

ઉત્તર : ............................................................

...........................................................................

...........................................................................

(૬) બલભદ્ર રત્નવતીને લઈ ગયો પછી સાધ્વીએ કેવી વાત વહેતી મૂકી ?

ઉત્તર : ......................................................................

...........................................................................

...........................................................................

(૭) રત્નવતી સાથે બલભદ્ર ક્યા નગરમાં ગયો ? ત્યાં તેણે શું કર્યુ ?

ઉત્તર : ......................................................................

...........................................................................

...........................................................................

(૮) બલભદ્રનું રહસ્ય કોણે જાહેર કર્યુ ? શા માટે ?

ઉત્તર : ......................................................................

...........................................................................

...........................................................................

(૯) ખેટકપુરના લોભી નાયકે નગરના અગ્રણીઓને શું કહ્યું ?

ઉત્તર : ......................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(૧૦) બલભદ્રને રત્નવતીએ શી સલાહ આપી ?

ઉત્તર : ......................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(૧૧) કથાના અંતે બલભદ્રના પક્ષમાં કેવું પરિણામ આવ્યું ? કેવી રીતે ?

ઉત્તર : ......................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

★ રત્નવતીનું પાત્રાલેખન કરો :

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

એકમ ૧૭

# સમીક્ષાત્મક પ્રશ્નો

## રૂપરેખા


૧૭.૦ ઉદ્દેશ

૧૭.૧ પ્રસ્તાવના

૧૭.૨ દંડીની શૈલી

૧૭.૩ દંડીની વર્ણનકલા

૧૭.૪ દંડીની વાર્તાકલા

૧૭.૫ દંડીનું ...ાત્રાલેખન

૧૭.૬ દંડીના સમયનું સમાજદર્શન

૧૭.૭ તમારી પ્રગતિ ચકાસો


### ૧૭.૦ ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ

- દંડી કાવ્યકલાને સમજશે.
- દંડીની શૈલીનો પરિચય મેળવી તેની વાર્તાકલા તથા વર્ણનકલાને જાણશે
- દંડીના સમયના સમાજને ઓળખશે.
- દંડીએ કરેલું પાત્રાલેખન સમજશે.

### ૧૭.૧ પ્રસ્તાવના :

સંસ્કૃત સાહિત્યમાં દંડી એક એવો ગદ્યકાર છે કે શુધ્ધ, નિર્મળ, વાસ્તવિક આલેખન કરે છે. કોઈ પંડિતાઈ સિધ્ધ કરવાનો તેનો ધ્યેય નથી, પરંતુ શુધ્ધ મનોરંજન પૂરું પાડવા તે કટિબદ્ધ છે. જે કામ લોકકથા મારફત સમાજ ઘડતરનું થયું, તેવું કાર્ય દંડીએ આ વાર્તાઓ મારફત કર્યુ છે. તેમાંથી વાચક તરીકે પસાર થતાં વિશિષ્ટ પાસાઓ જોવા મળે છે.

### ૧૭.૨ દંડીની શૈલી :

કવિ દંડી એક સાહિત્યશાસ્ત્રી પણ છે. એટલે આપણને ઉત્તમ કવિ અને શ્રેષ્ઠ વિવેચક બંનેનો મેળાપ આ ‘દશકુમાર ચરિતમ્’ ની કથાઓમાં જોવા મળે છે, જે આ પ્રમાણે છેઃ

- દંડી તેની વાર્તાનું કથાવસ્તુ જે રીતે કલ્પે (વિચારે) છે, તેને જે રીતે રજૂ કરે છે, તે બંનેની વચ્ચે સારી સમતુલા જાળવે છે.
- દંડી સરળ, સહજ અને વિશિષ્ટ શબ્દો આલેખે છે. તેનો શબ્દ નવો અને નવા અર્થને જન્માવે છે. તેના કારણે ચિત્રાત્મક દ્રશ્યો વાંચનારની સામે ખડા થાય છે.

- વાર્તા આલેખનમાં શબ્દ પસંદગી, ભાષા પર અદ્દભુત પ્રભાવ, વાર્તાના વાતાવરણ પ્રમાણેની માવજત, બિનજરૂરી વર્ણનોનો અભાવ એ દંડીની ખાસિયત છે.
- આ બધા લક્ષણો 'વૈદર્ભી' શૈલીના છે. તેમજ દંડી પણ કાવ્યાદર્શમાં વૈદર્ભીના વખાણ કરે છે. છતાંય લાંબા-લાંબા વાક્યોમાં ગૌડીંના દર્શન તો થાય છે.

## ૧૭.૩ દંડીની વર્ણનકલા :

આ કવિને મુખ્ય રસ વાર્તા કહી દેવામાં છે. તેથી તે નિષ્ઠાપૂર્વક અને જડબેસલાક તેને વળગી રહે છે. દંડીની કાબેલિયત વાર્તાને ભાવકના ગળે ઉતારવામાં રહી છે. તે જ તેની સફળતા છે. જેમકે —

- 'દશકુમાર ચરિતમ્' ની કથાઓ વાંચતા હોઈએ ત્યારે વાંચવા કરતા કોઈ વાર્તા કહેતું હોય તેવું વધારે લાગે છે.
- વાર્તા એક બાજુ રહી જાય અને વર્ણનોનો ઠઠારો થઈ જાય તેવું બનતું નથી.
- ગોમિનીની સુંદરતાનું વર્ણન, એકપ્રસ્થ ડાંગરમાંથી સુંદર, સ્વાદિષ્ટ અને પૂરતું ભોજન બનાવવાનું વર્ણન, નિમ્બવતીની ચતુરાઈનાં વર્ણનમાં પૂરેપૂરી ઝીણવટ અને ચોક્સાઈ જોવા મળે છે.
- પછી શું ? પછી શું થશે ? — ની જિજ્ઞાસા દંડી સતત જગાડતો જાય છે, અને વાર્તા કરતો જાય છે.
- જરૂર પૂરતા જ વિસ્તારવાળા, કથાને કંટાળાજનક ન બનાવતા માત્ર સ્વાભાવિકતા ખાતર જ વિગત આપતા કવિ દંડીના વર્ણનો આંખોને ખટકતા નથી; પણ શીતળતા આપે છે.

## ૧૭.૪ દંડીની વાર્તાકલા :

દંડી એમના સમયના અત્યન્ત લોકપ્રિય અને સફળ વાર્તાકાર છે. તેની સંવેદના, સ્પર્શ અને અનુભવ વાર્તાને આગવી કલાત્મકતા આપે છે. આ કલાત્મકતાના મુખ્ય બિંદુ આ પ્રમાણે છે :

- છઠ્ઠા ઉલ્લાસમાં આવતી ચારેય વાર્તાઓ પોત-પોતાની રીતે સ્વતંત્ર છે, વળી પાછી મુખ્ય કથાઓ સાથે જોડાયેલી છે.
- મનોરંજનની સાથો-સાથ ભાવકના ચિત્તને આકર્ષવામાં દંડી સફળ રહ્યો છે.
- પ્રારંભમાં જિજ્ઞાસા પછી કુતૂહલજનક પરિસ્થિતિ અને જેમ-જેમ વાચક આગળ વધે તેમ-તેમ સતત ઉત્તેજના દંડીની કથાઓમાં જોવા મળે છે.
- દંડીની કથામાં દરેક નાયકને રાજ્ય અને કન્યાની પ્રાપ્તિ થાય છે. આ માટે સાહસ-પ્રેમ-ત્યાગ-સમર્પણ-સાહસ એવા ક્રમમાં વાર્તાઓ રચાઈ છે.
- પ્રયોગશીલ વાર્તાકાર તરીકે નાયિકા પણ બુદ્ધિચાતુર્યથી નાયકને મેળવે છે. જેમકે 'નિમ્બવતી', 'ગોમિની' આ નાયિકાની ચતુરાઈ પણ 'શૌર્ય' જેટલી જ મહત્વની છે.
- દરેક વાર્તામાં પાર વગરની વિવિધતા, વાસ્તવનું દર્શન, ભારતીય માનસની છબી જોવા મળે છે.
- બ્રહ્મરાક્ષસના જવાબમાં પદ્ય-કાવ્ય પંક્તિની સફળતા કે સિદ્ધિ બતાવવા દંડી વાર્તા કહે છે. નાયકની સફળતા એ જાણે બ્રહ્મરાક્ષસનો જવાબ છે. આ પદ્ધતિ તેને સફળ વાર્તાકાર બનાવે છે.

## ૧૭.૫ દંડીનું ...ાત્રાલેખન :

દંડી તેના વિવિધતાપૂર્ણ અને સજીવ પાત્રનિરૂપણ માટે જાણીતા છે. દશકુમાર ચરિતના છઠ્ઠા ઉલ્લાસનો મુખ્ય નાયક મિત્રગુપ્ત છે. આ કથાના નાયક તરીકે તે અનેક ગુણો ધરાવે છે. વાર્તાઓનો કહેનારો મિત્રગુપ્ત છે, જે ચાર વાર્તાઓ કહે છે. આ ચાર વાર્તાના ચાર સ્ત્રીપાત્રો અને પુરુષપાત્રો પોત-પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે.

દશકુમારોમાં અને આ ઉચ્છ્વાસમાં (છઠ્ઠા) મુખ્ય અને મહત્વનું પાત્ર મિત્રગુપ્તનું છે. આ પાત્ર

- સોહામણું, શારીરિક રીતે બળવાન, પરાક્રમી, ધારદાર બુદ્ધિવાળું છે.
- પરાક્રમની સાથે તરત જ ઉત્તર આપી શકે તેવો હાજર જવાબી છે.
- બ્રહ્મરાક્ષસના પ્રશ્નના જવાબમાં સુંદર વાર્તા કહી શકે છે. તેથી બ્રહ્મરાક્ષસ પણ ખુશ થાય છે.
- બીજાને મદદ કરવાનો પરાક્રમી સ્વભાવ ધરાવે છે.

આ સિવાય ચારેય વાર્તાઓના મુખ્ય પાત્રો અને ગૌણપાત્રો પણ પોતાના નામ પ્રમાણે ગુણ ધરાવે છે. તેમાં મુખ્ય બે વાર્તા 'ગોમિની' અને 'નિમ્બવતી' ની પાત્રસૃષ્ટિ પર એક નજર કરીએ. –

**ગોમિની કથાના પાત્રો**

| **શક્તિકુમાર** | **ગોમિની** |
|---|---|
| • ધનપતિ વાણિયાનો દિકરો છે. | • પહેલા ધનિક પછી માતા-પિતાનું મૃત્યુ થવાથી ગરીબ બનેલી કન્યા છે. |
| • જાતે જ ઉત્તમ ગુણોવાળી પત્નીની શોધમાં નીકળ્યો છે. | • આ પણ યુવાન, અનાથ અને ઉપમાતાના આશ્રયે પડેલી હોવાથી સારા પતિની કામના કરે તે સ્વાભાવિક છે. |
| • વાતોડિયો અને બોલકો છે. | • અંતર્મુખી, સમજુ અને શાંત છે. |
| • જ્યોતિષીનો વેશ ધારણ કરી સુંદર કન્યા શોધવા જાય છે. | • જ્યોતિષશાસ્ત્ર મૂજબ જ યવ, માછલી, કળશ વગેરે નિશાનીઓ જેના હાથમાં છે, તેવી કન્યા જુએ છે. |
| • એકપ્રસ્થ ડાંગરમાંથી સ્વાદિષ્ટ અને પૂરતું ભોજન બનાવવાની શરત મૂકે છે. | • એકપ્રસ્થ ડાંગરમાંથી સ્વાદિષ્ટ અને પૂરતું ભોજન બનાવવાની શરત મૌન રહીને પણ સ્વીકારી લે છે. |
| • સ્વભાવે ચંચળ, રંગીલો છે. તેથી ગણિકા સાથે સંબંધ ધરાવે છે. | • ગોમિની ઠરેલ, ખાનદાની ગુણોવાળી હોવાથી ગણિકાની સાથે પણ સખી જેવો વ્યવહાર કરે છે. |
| • ચંચળ, ચાલાક, દૂરનું જોનાર, મહત્વકાંક્ષી પાત્ર છે. | • મૂઠી ઉચું પાત્ર છે. |

**નિમ્બવતી કથાના પાત્રો**

| બલભદ્ર | રત્નવતી |
|---|---|
| • વાણિયાનો પુત્ર છે. | • અતિધનિક પિતાની પુત્રી છે. |
| • 'રતિસુખ' જેવી બાબતને મોટું સ્વરૂપ આપી દે છે. | • 'રતિસુખ' માં પોતાને કારણ માની લજ્જા અનુભવે છે. |
| • ખૂબ જિદ્દી અને અક્કડ પાત્ર છે. | • ખૂબ શરમાળ અને લવચીક પાત્ર છે. |
| • સરેરાશ બુદ્ધિનો અભાવ છે. | • ચતુર, ચાલાક અને આપબળે ચાલનારી છે. |
| • પત્નીના પૈસે વેપાર કરે છે. | • પતિને પોતાની મૂડીથી વેપાર કરાવે છે. |
| • સમસ્યાને હલ કરવાની શક્તિ નથી ધરાવતો. | • સમસ્યાને બીજાની મદદથી; પણ પોતાની બુદ્ધિથી દૂર કરે છે. |
| • ગુસ્સાદાર છે; પણ નકારાત્મક | • ગુસ્સાદાર છે; પણ હકારાત્મક |
| • ત્રણ સમસ્યા | ત્રણ સમસ્યા જાતે દૂર કરે છે. |
| (અ) 'રતિસુખ' નું રીસામણું | (અ) 'રતિસુખ' નું રીસામણું-કન્દુક ક્રિડા દ્વારા |
| (બ) 'બેકાર અવસ્થા' | (બ) 'પતિનું બેકારપણું-પોતાની મૂડીથી વેપાર કરાવીને |
| (ક) પોતાની પત્નીની ઓળખ ન હોવી. | (ક) 'પોતાની ઓળખ'-કનકવતીનો ભ્રમ દૂર કરીને |
| -આ ત્રણથી પીડાય છે. | |
| • ખોટા પુરુષપણાના અભિમાનમાં રાચતું પાત્ર છે. | • સાચા સ્ત્રીપણાના સ્વાભિમાનમાં રાચતું પાત્ર છે. |

## ૧૭.૬ દંડીના સમયનું સમાજદર્શન :

સાહિત્ય એ સમાજનું દર્પણ છે. કોઈ સમાજ, યુગ કેવો હતો ? તે જો જોવું હોય તો તે સમયની લોકપ્રિય કૃતિ જોઈએ તો આપોઆપ પરિચય મળી જાય. દંડી વાસ્તવવાદી લેખક છે તેથી તેણે જે જોયું છે તે આલેખે છે. આ રીતે જોઈએ તો –

### (૧) ભૌગોલિક ચિત્ર :

દંડીના સાહિત્યમાં :

- દામલિપ્ત, શૂરેસનનું મથુરા, સૌરાષ્ટ્રનું વલભીપુર, કાંચી (કાંજીવરમ) જેવા નગરો.
- ત્રિગર્ત, જનપદ, મધુમતી, ખેટકપુર જેવા ગામડાઓના ઉલ્લેખો જોવા મળે છે.

**(૨) રાજકીય ચિત્ર :**

- ત્યારે દેશ નાના રાજ્યો, પરગણાઓમાં વહેંચાયેલો હતો.
- રાજાશાહી અને સામંત વ્યવસ્થા અસ્તિત્ત્વમાં હતાં.
- સુંદર રાજકન્યાઓ કે સુંદરીને પરણવા છળ-કપટ થતાં.
- મોટા ભાગના રાજાઓ વિવેકહીન, બેદરકાર, ભોગવિલાસી અને અસાવધ હતાં.
- ગુનેગારોને કડક સજા થતી.

**(૩) ધાર્મિક સ્થિતિ :**

- સમાજના તમામ વર્ગો કોઈને કોઈ ધર્મના રંગે રંગાયેલા હતાં.
- બૌદ્ધધર્મનો વિશેષ પ્રભાવ જણાય છે.
- બૌદ્ધ સાધ્વીઓ ક્યારેક કોઈકને ફસાવે છે તો ક્યારેક કોઈને ઉગારે પણ છે.
- વિંધ્યવાસિની દેવીની લોકપ્રિયતા વધારે જોવા મળે છે.
- સમાજ ચાર વર્ણોમાં વહેંચાયેલો હતો. તે વર્ણો પ્રમાણે પણ જુદા જુદા દેવતાઓની પૂજા થતી.

**(૪) સામાજિક સ્થિતિ :**

- ચારેય વર્ણો પોતાના વર્ણો પ્રમાણે કામ-ધંધો કરતાં હતાં.
- વાણિયા બીજા દેશો સાથે દરિયાઈ માર્ગે વેપાર કરતાં. દરેક નગરમાં વેપારીઓનું એક મંડળ મહાજન રહેતું.
- નિમ્બવતીની કથામાં મહાજન જ બલભદ્રનું જામીન થાય છે.
- સમાજમાં મદ્યપાન, જુગાર, વેશ્યાગમન, ચોરી વગેરે દૂષણો વ્યાપેલા હતાં.

**(૫) ઉત્સવો અને રમતો :**

- લોકો તહેવારો, ઉત્સવો ઉજવતા. મદનોત્સવ, તીર્થયાત્રા, ગીત-સંગીત-નૃત્યના સમારંભો યોજાતા.
- કંદુકક્રીડા, જલક્રીડા, નૌકાદોડ, કૂકડાઓની લડાઈ, જાતુ, કુસ્તીદાવ, નટ-બજાણિયાના ખેલોમાંથી નિર્દોષ આનંદ મેળવતા.
- લોકો સુખવાદી અને મોજશોખમાં રમમાણ રહેતાં.

**(૬) શિક્ષણ અને કલા :**

તે સમયમાં ઉજ્જયિની મોટું વિદ્યાધામ ગણાતું. ત્યાં બ્રાહ્મણોને વેદ, વેદાંગ, આન્વીક્ષિકી (=અર્થાત્ ન્યાયવિદ્યા), ચોસઠ કલાઓનું શિક્ષણ અપાતું.

- ક્ષત્રિયો હાથી, ઘોડા, ધનુષ્યબાણ, ગદા વગેરેનો અભ્યાસ શીખતા.
- વૈશ્યો પણ વણિજ વેપાર શીખતા, ખાસ કરીને વંશ પરંપરાગત વેપાર-ધંધો શીખતા.
- નૃત્ય, સંગીત, કલા, ચિત્રકલા જેવી ચોસઠ કલાઓના શિક્ષણની વ્યવસ્થા પણ

હતી.

(૭) **સ્ત્રીઓની સ્થિતિ :**

- સંયુક્ત કુટુમ્બની પ્રથા જોવા મળે છે. બહુ પત્નીત્વની પ્રથા પણ હતી.
- અનુલોમ-પ્રતિલોમ બંને પ્રકારોના લગ્નો પ્રચલિત હતાં.
- પસંદગીથી થયેલાં પ્રેમલગ્નોનું પ્રમાણ સારું એવું હતું.
- પતિવ્રતા, કુટુંબભાવનાવાળી સ્ત્રીઓ પ્રત્યે લોકોને સમ્માન હતું.
- સ્ત્રીઓ કરકસરના સ્વભાવવાળી તથા કંઈક કરી છૂટવાની ઈચ્છાવાળી હતી.
- ભાત-ગોળ-ઘીની વાનગીઓનો મહિમા દક્ષિણ ભારતમાં હતો.

(૮) **અંધશ્રદ્ધા અને વહેમો :**

- લોકોમાં ભાગ્યવાદી માન્યતા વ્યાપક હતી. તેથી જ્યોતિષીઓ અને ગ્રહપીડા નિવારણમાં લોકોને ખૂબ શ્રદ્ધા હતી.
- શુકન-અપશુકન, દૈવી ચમત્કારો, ભૂતપ્રેત, ડાકણ, વળગાડ વગેરેના વહેમો હતાં.
- આ માટે મંત્ર, તંત્ર, યજ્ઞો, ચમત્કારો, તપ, વ્રત વગેરેનો પણ મહિમા ખૂબ હતો.

(૯) **લોકોની સ્થિતિ :**

- આજના જેમ જ સમાજ ગરીબ-મધ્યમવર્ગ-ધનિક એવા વિભાગોમાં વહેંચાયેલ હતો.
- લોકો સાદા-સીધા અને નાની વાતોને મોટું સ્વરૂપ આપનરા હતાં, પણ ભૂલ સમજાતાં પાછા ભેગા પણ થઈ જતાં.
- લોકોમાં ભોળપણનું પ્રમાણ વધારે હતું. પુરુષો કરતાં સ્ત્રીઓ ખૂબ ચતુર હતી.
- સ્ત્રીઓ પરણ્યા પછી પતિનો વિકાસ થાય તે માટે પ્રયત્નો કરતી.
- ખાનગી વાતોને યોગ્ય સમયે જ જાહેર કરવા જેટલો સમાજ પુખ્ત હતો.
- પતિથી તરછોડાયેલી સ્ત્રીઓની સમાજ તથા તેના સગાવહાલાં મશ્કરી કરતાં.

આ રીતે બારીકાઈથી જોઈએ તો દંડીના સમયનો સમાજ આજના સમય સાથે સામ્ય ધરાવે છે.

**૧૭.૭ તમારી પ્રગતિ ચકાસો :**

(૧) દંડીની શૈલી વિષે નોંધ લખો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

............................................................
............................................................
............................................................
............................................................

(૨) દંડીની વર્ણનકલા વિષે વિસ્તૃત નોંધ લખો.

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

(૩) ‘દંડીના પાત્રો વિવિધ પ્રકારના છે’ – સમજાવો.

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

(૪) દંડીના સમયનું સમાજદર્શન કરો.

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**